


સિદ્ધસેનદિવાકરસૂરિ વિરચિત


# શક્રસ્તવ


: લેખિકા :

**સાધ્વી પદ્મલતાશ્રીજી**

જગમાં તીરથ દો વડા,
એક ગઢ ઋષભ સમોસર્યા,




શત્રુંજય ગિરનાર,
એક ગઢ નેમકુમાર.



ગુરૂકૃપા

ગુરૂ ગુરૂ ઝંખું સદા, ગુરૂ દીપક સમ હોય,
જેહના યોગ વિના નવિ, પામીએ મારગ સોય.
જગતગુરૂ ઓળખાવિયા, ધન્ય તે શુભ ગુરૂરાય,
ભવ અટવીને ઉતરતાં, જેહની અનુપમ સહાય.

# શક્રસ્તવ

—: લેખિકા :—

સા.શ્રી પદ્મલતાશ્રીજી

—: લાભાર્થી :—

પ્રેમિલાબેન જયંતીલાલ શાહ પરિવાર
(પાટણવાળા)

**લાભાર્થી** : પ્રેમિલાબેન જયંતીલાલ શાહ પરિવાર
(પાટણવાળા)

**પુસ્તકનું નામ** : શક્રસ્તવ

**પ્રથમ આવૃત્તિ** : ઈ.સ. ૨૦૧૨, વિ.સં. ૨૫૩૮, વિ.સં. ૨૦૬૮

**નકલ** : ૧૦૦૦

**પ્રાપ્તિસ્થાન** : **લાલભાઈ ફૂલચંદ ઘીયા**
૧૪, ભાવિક સોસાયટી, ફતેહપુરા પોલીસ સ્ટેશનની સામે,
ભઠ્ઠા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
ફોન : ૨૬૬૪૩૩૬૪

**પ્રકાશ એચ. શાહ**
એફ/૨, સિદ્ધાંત એપાર્ટમેન્ટ, મેઘદૂત એપાર્ટમેન્ટની બાજુમાં,
રાજકોટ બેંકની સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : (૦૭૯) ૨૬૪૪૭૨૧૧

**મુદ્રક** : **કિરીટ ગ્રાફિક્સ,**
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ-૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧



# અર્પણ-સમર્પણ

શાશ્વતગિરિને અર્પણા...

દો શાશ્વતગિરિ ગોદમાં, શક્રસ્તવ મહિમા લાધ,
શુદ્ધાતમ ગુણ ગાવતાં, આતમ કારજ સાધ...
એહ ચિંતન કેડીએ, આવજો માહરી સાથ,
તુમ તણી એ ભાવના, સફળ કીધી જગનાથ...
કલમ તણું પરિણમન, આદિ-નેમિ ચરણે દીધ,
દો શાશ્વત તીરથ તણા, અપર્ણે કારજ કીધ...

# શક્રસ્તવ :

# ભક્તહૃદયનું મધુર ગાન

શક્રસ્તવ એવું તો મધુરું ગાન છે કે એના શ્રવણ પછી લાગે : 'ગાનાત્ પરતરં નહિ ।'

લયથી પણ ઊંચી પ્રતિષ્ઠા ગાનની શી રીતે છે, તે શક્રસ્તવના ગાન પછી સમજાય. આવા સ્તવોનું ગાન હૃદયને મધુર ઝંકૃતિથી ભરી દે છે.

પરંપરામાં આવેલો પ્યારો શ્લોક યાદ આવે :

જપકોટિસમં ધ્યાનં, ધ્યાનકોટિસમો લયઃ ।
લયકોટિસમં ગાનં, ગાનાત્ પરતરં નહિ ॥

કરોડો જપ જેટલું મૂલ્ય ધ્યાનનું. ધ્યાનકોટિ સમ મૂલ્ય લયનું. લયકોટિ સરખું મૂલ્ય છે ગાનનું. ગાનથી ચઢિયાતું કંઈ જ નહિ. આવા સ્તવોનું ગાન અનેક ભક્તોને – શ્રોતાઓને સમાધિદશામાં મૂકી દે.

○○

વિદુષી, સાધિકા સાધ્વીજી પ્રફુલ્લતાશ્રીજીએ

આ ગાનને આગવા લયમાં, આગવા શબ્દોમાં ગાયું છે.

સ્તોત્ર સાંભળતાં જઈએ અને એનો મધુર ઝંકાર ભીતર ઊતરતો જાય છે. ગુજરાતીમાં અપાયેલી સંવેદના વંચાયેલ હોઈ પરમાત્માના એક એક વિશેષણ સાથે ભાવકના હૃદયનો તાર સંધાય છે.

૦ ૦

આ.ભ. શક્રસ્તવને છેડે આવેલ શ્લોકનો સ્વાધ્યાય કરતાં પ્રભુ સાથેની અનન્યતાને અનુભવીએ.

લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ,
ત્વં શાશ્વતં મઙ્ગલમપ્યધીશ !
ત્વામેકમર્હન્ શરણં પ્રપદ્યે
સિદ્ધર્ષિસદ્ધર્મમયસ્ત્વમેવ ॥

પ્રભુ છે લોકોત્તમ.

પ્રભુ લોકને વિષે ઉત્તમ. આપણા માટે તો અત્યન્ત ઉપકારી. આપણું યોગ-ક્ષેમ કરનાર પ્રભુ જ છે. કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય મહારાજ કહે છે: 'ભવત્પ્રસાદેનૈવાહમિયતીં પ્રાપિતો ભુવમ્'. મહોપાધ્યાય યશોવિજય મહારાજે આ જ લયમાં કહ્યું: 'ઈતની ભૂમિ પ્રભુ! તુમ હી આણ્યો...'

૦ ૦

પ્રભુ છે નિષ્પ્રતિમ. અપ્રતિમ.

તમે કોની જોડે સરખાવો પ્રભુને ?

મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ પરમતારક શ્રી શાન્તિનાથ પ્રભુના

સ્તવનમાં કહે છે :

દેખી રે અદ્ભુત તાહરું રૂપ,
અચરિજ ભવિક અરૂપી પદ વરે જી;
તાહરી ગત તું જાણે હો દેવ!
સમરણ ભજન તે વાચક જસ કરે જી..

પ્રભુ! તારું અદ્ભુત રૂપ જોઈને ભાવકો અરૂપી પદને - મોક્ષને પામે છે. જો કે, તારી લીલા મારી બુદ્ધિમાં, આમ પણ, શી રીતે ઊતરી શકે ? તારી વાત તું જાણે. હું તો તારું સ્મરણ અને ભજન કરીશ.

આવી જ એક અદ્ભુતતાની, અપ્રતિમતાની વાત પૂજ્ય કાન્તિ વિજય મહારાજે પરમતારક શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં કરી છે :

ત્રિગડે રત્ન સિંહાસન બેસી,
ચિહું દિશિ ચામર ઢળાવે;
અરિહંત પદ પ્રભુતાનો ભોગી,
તો પણ યોગી કહાવે રે.

પ્રભુ સમવસરણમાં રત્નજડિત સિંહાસન પર બેસી દેશના આપી રહ્યા છે. ચામરો ઢોળાઈ રહ્યા છે. તીર્થંકર પદની પ્રભુતાનો / ઐશ્વર્યનો ભોગ એક બાજુ છે અને બીજી બાજુ છે આવું પરમ ઔદાસીન્ય !

પ્રભુ અપ્રતિમ છે ને !

• •

પ્રભુ છે શાશ્વત મંગલ.

બીજા મંગલો થોડા સમય માટે હોય. તમારું નામ. તમારું સુમિરન. સતત

અમારા માટે આરોગ્ય. મંગળ જ મંગળ.

૦૦

પ્રભુ! તારા જ શરણમાં હું છું. 'મેં આયો શરણ તિહારી.' હું અસહાય છું. પ્રભુ! વિષય-કષાયથી અત્યન્ત ત્રસ્ત છું. તું મને તારા સુરક્ષાચક્રમાં લપેટી લે.

એક મઝાનું વર્તુળ અહીં સમજવા જેવું છે: આપણું સમર્પણ. પ્રભુનું સુરક્ષાચક્ર. સમર્પણની આગળ કાળજી.

એવું નહિ કે પરમચેતનાની બહુ કોઈ ભેદભાવ છે. જીવવાની સમજના આયખામાં આવી, ને પ્રભુની કૃપાવર્ષાનો અનુભવ થાય.

૦૦

સિદ્ધ, ઋષિ (સાધુ) અને સદ્ધર્મ શરણ પણ તમે જ છો! ચાર મંગળમાં અરિહંત પરમાત્મા પછીનાં ત્રણે મંગળો પણ અરિહંત પ્રભુમાં જ આવી ગયા!

'વીતરાગસ્તોત્ર'ના એક શ્લોકમાં આ વાત આ રીતે કહેવાઈ છે:

ત્વાં ત્વત્ફલભૂતાન્ સિદ્ધાન્,
ત્વચ્છાસનરતાન્ મુનીન્ ।
ત્વચ્છાસનં ચ શરણં
પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ॥

પ્રભુ! તમને, તમારા ફળ રૂપ (અરિહંત પ્રભુએ સ્થાપેલ શાસનને પામીને

પધારેલા) સિદ્ધ ભગવંતોને, તમારા શાસનમાં અજુરાત મુનિવરોને અને તમારા શાસનને હું ભાવથી નમસ્કરું છું.

૦ ૦

ત્વં મે માતા પિતા નેતા,
દેવો ધર્મો ગુરુઃ પરઃ।
પ્રાણાઃ સ્વર્ગોઽપવર્ગશ્ચ,
સત્ત્વં તત્ત્વં ગતિર્મતિઃ ॥

પ્રભુ છે માતા.

મા કેડે હોય ત્યારે બાળકે શું કરવાનું ? બાળકે પ્રવાસે જવાનું છે. એ શું તૈયારી કરશે ? તૈયારી મા કરશે. ભાતું મા તૈયાર કરશે. પાણીનો કુંજો મા ભરશે. બાળક ને ભૂખ લાગે ત્યારે કહેશે : મા ! ભૂખ લાગી છે. અને મા તેને સુખડી અને પીવાનું આપશે.

સાધનામાર્ગમાં જે પણ જોઈએ, તે મારે માત્ર પ્રભુને કહેવાનું છે. તમે ઇચ્છો અને સાધનાનો અગ્રિમ પડાવ તમારી પહોંચમાં !

૦ ૦

પ્રભુ છે પિતા.

માતા સ્નેહથી પુત્રને નવડાવે. પિતા પુત્રને અનુશાસિત કરે.

પ્રભુ ! તું એક બાજુ મને સ્નેહ-નીરથી ભીંજવે છે અને બીજુ બાજુ મને

ઘડે પડ્યા છે.

સંત કબીર યાદ આવે:

ગુરુ કુમ્હાર શિષ્ય કુંભ હૈ, ઘડિ ઘડિ કાઢે ખોટ;
અંદર હાથ સંવાર દે, બાહિર મારે ચોટ.

તું આવું જ કરે છે ને, પ્રભુ! તારું માતૃત્વ સાધકને — મને ભીંજવે છે અને તારું પિતૃત્વ તેને આકાર આપે છે.

o o

મોક્ષમાર્ગે અહીંની મારી યાત્રામાં તું જ છે મારો માર્ગદર્શક. તારા નેતૃત્વ નીચે ચાલતાં મને આનંદ જ આનંદ છે. 'તું લઈ જાય જહીં ત્યાં મારે, તું મારું સુકાન છે.

o o

તું જ મારો દેવ. મારો આરાધ્ય. બસ, પ્રભુ! એવું કંઈક કર કે તારા સિવાય બીજે ક્યાંય મારું મન ઠરે જ નહિ. નારદ ભક્તિ કહે છે તેમ, 'તસ્મિન્ અનન્યતા, તદ્વિરોધિષૂ-દાસીનતા ચ'... એ મારો જીવનમંત્ર બની રહો! તારા વિશે મારું મન અનન્ય, એકાકાર થઈ જાય અને તારા સિવાયના બીજા બધાંને વિશે મન ઉદાસીન થઈ રહે.

o o

તું જ છે ધર્મ. તારી આજ્ઞાને પાળવી, તારા

એક એક શબ્દને પ્રાણપ્રિય બનાવી ગાઈને ચાલવું એ જ મારો ધર્મ. એ જ મારી સાધના.

સદ્ગુરુ દેવ પાસેથી તારી આજ્ઞાને જાણું અને એ પ્રમાણે કદમ ભરું.

○ ○

શ્રેષ્ઠ એવા ગુરુ પણ તમે જ છો, પ્રભુ!

'ગુરુ: પર:' વાંચતાં આંખો છલછલાયેલી. પ્રભુ તો ઘણા દૂર લાગે. આ તો પ્રભુ ગુરુ તરીકે પાટ પર આવી બિરાજમાન થઈ ગયા! પાટ પર ગુરુમા. અને તેમનાં વચનોને પંચાંગના સાધક. કેવી તો આ નજીકતા! કેવી મઝા!

'પડિચોયણા'ના અવસરે ગુરુ થપ્પડ પણ લગાવે. પ્રભુની નિકટતા આવી જ હોય ને! થપ્પડ પણ એની. મીઠી જ લાગે ને!

○ ○

પ્રભુ છે પ્રાણ.

'પ્રાણ' વિના એક ક્ષણ પણ કેમ જીવાય? યાદ આવે પૂજ્ય આનંદઘનજી મહારાજ: 'આનંદઘન જિન પ્રાણ ન રહે છિન, કોટિ જતન કરી લીજે..' પ્રભુ! તારા વિના એક ક્ષણ રહી ન શકાય.

વેણીશંકર પુરોહિત કહે છે પ્રભુને:

'તમારા વિનાના અમે અમારા વિનાના..'

યાદ આવે સિદ્ધર્ષિ. ઉપમિતિમાં તેઓ

કહે છે :

વિલોકિતે મહાભાગ !
ત્વયિ સંસારપારગે ।
આસિતું કુળમધ્યેઽં,
સંસારે નાસ્તિ મે રતિઃ ॥

પ્રભુ ! તને જોયા પછી સંસારમાં એક ક્ષણ પણ રતિભાવ નથી આવતો. સંસાર અસાર લાગે છે.

૦ ૦

સ્વર્ગ અને મોક્ષ પણ તમે છો, પ્રભુ ! સ્વર્ગનું કારણ શુભ ભાવો. એ આપનાર પણ પ્રભુ. મોક્ષનું કારણ સ્વાનુભૂતિ. એ આપનાર પણ પ્રભુ.

૦ ૦

તમે છો મારું સત્ય. મારા જીવનનું સાતત્ય પણ. તમારા વિના તો હું સાવ નિર્બળ છું, પ્રભુ ! સાધનામાર્ગે એક ડગલું માંડવા પણ હું અસમર્થ છું, મારા નાથ ! તમારી કૃપાથી જ હું અહીં સુધી આવ્યો છું અને એ કૃપાના હાથોમાં વિશ્વાસથી જ હું આગળ ધપવાનો છું.

ગીતની પંક્તિઓ યાદ આવે :

મેરી ધામ હૈ નામ ઔર પથ હૈ વિશ્રામ

હર કદમ પે મુસીબત હૈ, અબ તો સંભાલ;
પૈર મેરે થકે હૈં, અબ ના ચાલે,
તુમ્હી તેરા સહારા સદા ચાહિએ..

○○

તું જ તત્ત્વ છો, પ્રભુ !

મારે તને જ જાણવો છે... મારે તારામાં જ સમાવું છે. તું જ, તું જ, તું જ... અને બીજું કોઈ જ નહિ, કંઈ જ નહિ. તત્ એટલે 'તે'. ત્વ એટલે 'પણું'. તત્ત્વ એટલે તેપણું, તન્મયતા, તન્મયતા. પ્રભુ ! મારે માટે ત્રીજા પુરુષમાં તું એક જ છે. પહેલા પુરુષમાં રહેલ 'હું'ને મારે 'તે'માં — તારામાં ઓગાળી દેવું છે.

○○

તું જ છે ગતિ.

પેલું પ્રસિદ્ધ સૂત્ર યાદ આવે: પંગું લંઘયતે ગિરિમ્. પાંગળાને — અસહાયને પ્રભુ સાધનાનો ગિરિ કુદાવે છે. હું એ સૂત્રમાં એક 'જ'-ઉમેરું છું: પંગુમેવ લંઘયતે ગિરિમ્. જ્યારે તમારી ગતિ પર વિશ્વાસ ન હોય તો જ પ્રભુ તમને ચલાવે.

સંત કબીરજીએ એટલે જ કહ્યું: 'નિરાધાર ભયે પાર..' સાધના માર્ગમાં

જેમણે પોતાના પર આધાર રાખ્યો, તેઓ ડૂબી ગયા. પ્રભુ પર, પ્રભુશક્તિ પર જેમણે આધાર રાખ્યો તે તરી ગયા.

૦ ૦

## પ્રભુ જ છે મતિ, બુદ્ધિ.

બહુ મજાની વાત પવનાર+ શ્રી સુવિધિનાથ પ્રભુની સ્તવનામાં મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કરી છે:

લઘુ પણ હું તુમ મન નવિ માવું રે,
જગગુરુ! તુમને દિલમાં લાવું રે;
કુણને એ દીજે શાબાશી રે,
કહો શ્રી સુવિધિ જિણંદ વિમાસી રે.

પ્રભુ! હું નાનો છું, તોય તમારા હૃદયમાં હું સમાતો નથી. અને તમે આવડા મોટા, તોય તમને હું મારા હૃદયમાં રાખું છું. પ્રભુ, બોલો તો, કોને શાબાશી ઘટે?

જવાબ તેમણે જ સરસ આપ્યો છે: 'જેહનાં ચિત્તે બુદ્ધિ પ્રકાશી રે, તેહને દીજે એહ શાબાશી રે.' પ્રભુ, તારી કૃપાથી, તારા પ્રભાવથી તો આ વિચાર આવ્યો છે.

ઉપનિષદ્ કહે છે: 'યસ્ય ભાસા વિભાતિ ઇદં સર્વમ્'. તેના તેજથી આ બધું પ્રકાશે છે.

૦ ૬

જિનો દાતા જિનો ભોક્તા,
જિનઃ સર્વમિદં જગત્ ।
જિનો જયતિ સર્વત્ર,
યો જિનઃ સોઽહમેવ ચ ॥

પ્રભુ દાતા, પ્રભુ ભોક્તા.

નિશ્ચય નયની દૃષ્ટિએ સ્વનું દાન સ્વને હોય છે. સ્વની પ્રાપ્તિ, સ્વનો ભોગ. આનંદ જ આનંદ.

સાધકના સ્તર પર આ વાતને આ રીતે સમજી શકાય: સાધક પોતાનો ઉદાસીનભાવ ભગવાનને આપે અને એ રીતે ભગવાનમાં નિર્લેપ દશાને ઉતારી તેનો લાભ ઉઠાવે.

૦૦

આખું જગત પ્રભુમય છે. પ્રભુતામય. આર્હન્ત્યમય. યાદ આવે કલિકાલ સર્વજ્ઞ શ્રી: 'ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીશાનમાર્હન્ત્યં પ્રણિદધ્મહે..' અહીં ભુવન પર શાસન ચાલે છે આર્હન્ત્યનું.

મહોપાધ્યાય શ્રી યશોવિજયજીએ 'પંચવિંશતિકા'માં પરમશક્તિને લોકવ્યાપિની કહી છે: 'વ્યક્ત્યા શિવપદસ્થોઽસૌ, શક્ત્યા જયતિ સર્વગઃ'. વ્યક્તિ રૂપે પરમાત્મા સિદ્ધશિલા પર અથવા મહાવિદેહમાં છે. શક્તિ રૂપે પરમાત્મા પૂરા બ્રહ્માંડમાં વ્યાપીને રહ્યા છે.

પ્રભુના પૂરા બિંબમાં વિલીયમાન લાગે છે. આમ પ્રભુના નિર્મળ આત્મરૂપ જેવું જ મારું નિર્મળ આત્મરૂપ છે.

૦૦

યત્કિંચિત્ કુર્મહે દેવ !<br>
સદા સુકૃતદુષ્કૃતમ્ ।<br>
તન્મે નિજપદસ્થસ્ય,<br>
હું ક્ષઃ ક્ષપય ત્વં જિન ॥

જે કંઈ સુકૃત કે દુષ્કૃત અમારાથી થાય તેને આપ નષ્ટ કરજો. પુણ્ય અને પાપના પેલે પારના મારા પદમાં — મારા સ્વરૂપમાં લઈ જાઓ.

હા, હું નિશ્ચયથી મારા સ્વરૂપમાં અત્યારે પણ છું જ. પણ એ ભાન પણ આપે જ આપ્યું છે ને !

ગુહ્યાતિગુહ્ય ગોપ્તા ત્વં,<br>
ગૃહાણાસ્મત્કૃતં જપમ્ ।<br>
સિદ્ધિઃ શ્રયતિ માં યેન,<br>
ત્વત્પ્રસાદાત્ ત્વયિ સ્થિતમ્ ॥

ગુહ્યોમાં પણ અતિગુહ્ય આપ છો. આપના સ્વરૂપને કોણ કળી શકે ? આપ રક્ષક છો. અને ભિતરની ધારામાં જ્યાં આપ જ વસાવો

છો ને !

પ્રભુ ! મેં કરેલ પાપને સ્વીકારો. જેથી તમારા સ્વરૂપમાં જ જેનું મન લાગેલ છે એવો હું તમારી કૃપાથી મારા શુદ્ધ સ્વરૂપને મેળવું.

૦૦

અદ્ભુત છે આ પદ; 'ગૃહાણાસ્મત્કૃતં પાપમ્..' પ્રભુ ! મેં કરેલ પાપને તું સ્વીકારી લે ! જે દ્વારા થયેલ નિર્જરા આદિ ભલે મારી પાસે રહે; પણ આવું કર્તૃત્વ મારી પાસે ન રહે. સાધનાની પ્રભુકર્તૃત્વની આ કેવી મઝાની વાત !

૦૦

મહાતાર્કિક, પ્રસિદ્ધ દાર્શનિક, વિદ્વાન સ્તુતિકાર સિદ્ધસેન દિવાકર સૂરિ મહારાજ રચિત 'શક્રસ્તવ' શ્રી સંઘમાં બહુ જ ભાવથી રટાતું સ્તોત્ર છે. તેના પરની આ મઝાની કૃતિ — ગૂઢ શબ્દોનો આરપાર લઈ જઈ તેના ભાવોને ખુલ્લી કરતી — સાધકો અને ભક્તો માટે ખૂબ જ ઉપકારક નીવડશે જ.

આચાર્ય યશોવિજય સૂરિ

જૈન ઉપાશ્રય,
રીસાલા,
ડીસા (ઉત્તર ગુજરાત)

પ્ર. ભાદ્રપદ શુક્લા પ્રતિપદા,
વિ. ૨૦૫૮

# વર્ધમાન શક્રસ્તવ એટલે મહાસાગરના મોતી

જૈન શાસનમાં જ્ઞાની ભગવંતોએ ક્ષપકશ્રેણી દ્વારા મોક્ષની પ્રાપ્તિ માટેના અસંખ્ય યોગો બતાવ્યા છે. અન્ય દર્શનકારોએ મોક્ષની પ્રાપ્તિ માટે એક એક યોગ બતાવ્યો છે જેમ કે સાંખ્ય, વેદાંત વગેરેએ જ્ઞાનથી જ મોક્ષની પ્રાપ્તિ માની. તો વલ્લભાચાર્ય, રામાનુજ વગેરેએ ભક્તિમાર્ગને જ આગળ કરીને મોક્ષની પ્રાપ્તિ બતાવી. તો વળી બીજા કોઈએ ક્રિયાથી મોક્ષ, કોઈકે વિનયથી, કોઈકે તપથી, કોઈકે ત્યાગથી મોક્ષની પ્રાપ્તિ માની.

આમ અન્યદર્શનકારોએ બતાવેલ તે તે યોગ એ મોક્ષની પ્રાપ્તિ માટેનો કેડી માર્ગ છે જ્યારે જૈનદર્શન એ વિતરાગ સર્વજ્ઞ પ્રણિત વિતરાગ વિજ્ઞાન સ્વરૂપ હોવાથી તેણે જે જે માર્ગથી વિતરાગત્વ પ્રાપ્ત થાય તે બધાજ માર્ગોને મોક્ષની પ્રાપ્તિના કારણ તરીકે સ્વીકાર્યા. જૈન દર્શન એક જ વાત કહે છે કે યોગ ગમે તે પકડો, તમને તેમાં સ્વરૂપનો રસ પરાકાષ્ઠાએ રેડતાં આવડે તો ક્ષપકશ્રેણી માંડી શકાય છે. તે માટે જ્ઞાતિ, જાતિ, વેષ, લિંગ, સંપ્રદાય તેમજ ક્રિયાના ભેદો આડે આવતાં નથી. વિતરાગતાને પામવાની તીવ્ર અભિલાષા પ્રચંડ તલસાટવાળો કોઈપણ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય સાધના અને ઉપાસનામાં પોતાનું પ્રચંડ વીર્ય ફોરવીને અધ્યાત્મના માર્ગે આગળ વધી તેના અંતિમ શિખરને સાધી શકે છે. એટલા જ માટે થઈને જૈન શ્વેતાંબર આમ્નાયમાં પંદર-પંદર લિંગે મોક્ષની પ્રાપ્તિ બતાવી છે અને તેના દ્વારા જૈનદર્શનની વિશાળતા, ઉદારતા, મૌલિકતા, સર્વગ્રાહિતા, સમન્વયવાદિતા, અનેકાન્તતાને ઉદ્યોતિત કરી છે. સંકુચિતતા, ક્ષુદ્રતા, તુચ્છતા, સ્વાર્થતા, ચંચળતા, ચપળતા, મલિનઆશયતા, એકાંતઆગ્રહ, પકડ, ખેંચતાણ, મારામારી, બોલાચાલી, હુંસાતુંસી, નિંદા, કુથલી, વૈર, વિરોધ, ખંડન, વાદ, વિવાદ, જલ્પ, વિતંડા, અસંસ્કાર, મમત્વ, મિથ્યાભિમાન, માયા, પ્રપંચ, દગા, ફટકા, વિશ્વાસઘાત, પ્રવચન હીલના વગેરેને આ શાસન એકાંતે વર્જ્ય ગણે છે. આ બધામાંથી એકપણ તત્ત્વ હોતે છતે અધ્યાત્મના પહેલા પગથિયે પણ જીવ આવી શકતો નથી.

અનેકાંત એ વૈભવ છે જ્યારે સમ્યગ્ એકાન્ત એ મહાસત્તા છે. સ્વભાવ દશા છે. મનુષ્યભવમાં પુણ્યના ઉદયથી મળેલા મન-વચન-કાયા સ્વરૂપ ત્રણે યોગોનો તેમજ બાહ્ય સાધનનો વિવેકપૂર્વક સદુપયોગ કરવાનો છે તેના દ્વારા મતિજ્ઞાનના ઉપયોગમાંથી વિકારીભાવો દૂર કરી પોતાનું પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કરી સ્યાદ્‌માંથી અસ્યાદ્ બનવાનું છે એટલે કે પોતાના ઉપર જે પુદ્‌ગલની ભાત પડી છે તેને કાઢી નાંખી વિતરાગ બની પરમાત્માની જાતના બનવાનું છે.

જૈન શાસને બતાવેલા અસંખ્ય યોગોમાંથી ભક્તિ-બહુમાનનો યોગ એ તરવા માટેનો શ્રેષ્ઠ યોગ છે. સરળ યોગ છે અને શોર્ટકટ પણ છે જેમાં જીવે પોતાની બુદ્ધિના દ્વાર ઉપર ખંભાતી તાળુ મારી દઈ પરમાત્માને સર્વેસર્વા સમર્પિત થઈ જવાનું છે. બહુમાન અને સમર્પણભાવની સાધના એ ભક્તિમાર્ગના પ્રાણ છે. આ ભક્તિમાર્ગે આગળ વધવા માટે જૈન-જૈનેતર આમ્નાયમાં અનેક મહાપુરુષોએ અનેક અનેક સ્તોત્રો, સ્તુતિઓ, સ્તવનોની રચના કરી છે તે દરેક રચનાઓમાં **આચાર્યદેવશ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી વિરચિત વર્ધમાન શક્રસ્તવ** એ શિરમોરપણાને પામે છે.

જેમાં અગિયાર આલાવા છે અને ૨૭૩ વિશેષણોથી પરમાત્માની જુદા જુદા પ્રકારે સ્તવના કરવામાં આવી છે. જેમાં ઉપમાવાચક, સ્વરૂપવાચક, ઉપકારીવાચક વિશેષણોથી પ્રભુને સ્તવ્યા છે અને એક જ વાત બતાવવામાં આવી છે કે જો પ્રભુ છે તો જ બધું છે જો પ્રભુ નથી તો કાંઈજ નથી. પ્રભુજ સર્વેસર્વા છે.

સિદ્ધસેન દિવાકરસૂરિજીની અસાધારણ વિદ્વત્તાને કારણે તે પછીના આચાર્યોએ તેમની પ્રતિભાને આગળ કરીને પોતાની ગૌણતા બતાવી છે તે તેમની લઘુતા છે. અયોગ વ્યવચ્છેદ દ્વાત્રિંશિકામાં કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય તેમના માટે લખે છે કે-

क्व सिद्धसेनस्तुतयो महार्था, अशिक्षितालापकला क्व चैषा ।

ગંભીર અર્થવાળી શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિની સ્તુતિઓ કયા અને અભ્યાસ વિનાની બોલવાની મારી આ કળા ક્યાં ?

તેમજ શબ્દાનુશાસનમાં 'अनुसिद्धसेनं कवयः' કહીને તેમની સ્તુતિ કરી છે.

વળી ઉપાધ્યાયજી મહારાજે સમકિતના ૬૭ બોલની સજ્ઝાયમાં 'સિદ્ધસેન પરે રાજી રીઝવે, અટ્ઠમ વર કવિ તેહ' કહીને આઠ પ્રભાવકમાંના એક પ્રભાવક તરીકે તેમની સ્તુતિ કરી છે.

આમ સિદ્ધસેન દિવાકરસૂરિજીની સર્વતોમુખી પ્રતિભાથી જૈનશાસનમાં સૌ કોઈ પરિચિત છે. તેમની આ કૃતિ સર્વસ્તોત્રોમાં સર્વોપરિતાને પામી છે. પરમાત્મા પ્રત્યેનો. અનહદ પ્રેમ, અનન્ય ભક્તિભાવ, અસાધારણ બહુમાન એ તેમની વિશેષણ ગર્ભિત સ્તુતિ દ્વારા જ ખ્યાલ કરી શકાય છે. જુદા જુદા વિશેષણો દ્વારા પ્રભુને સ્તવવાથી સાધક અને ઉપાસક એવા આત્માને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમ સાથે મોહનીયનો ક્ષયોપશમ જાગે છે. જ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી બોધ સૂક્ષ્મ થાય છે તો મોહનીયના ક્ષયોપશમથી બોધ સ્વચ્છ અને નિર્મળ બને છે. પરમાત્માના એક એક વિશેષણોનું જો અર્થની વિચારણાપૂર્વક ગંભીર ચિંતવન કરવામાં આવે તો એક એક વિશેષણ ગારૂડિક મંત્રનું કામ કરે છે. પરમાત્માના શુદ્ધસ્વરૂપની ઓળખ એ જુદા જુદા વિશેષણોથી અર્થ સભર ચિંતન કરવા પૂર્વક છે. વર્ધમાન શક્રસ્તવ એ જૈનશાસનનો અમૂલ્ય ખજાનો છે. સિદ્ધસેન દિવાકરસૂરિજીએ જૈનશાસનને આપેલી મહામૂલી ભેટ છે એના પદે પદે અમૂલ્ય મૌક્તિકો વેરાયેલા છે. એનું મૂલ્ય સોના, ચાંદી, હીરા, મોતી કે રત્નોથી થઈ શકે તેમ નથી.

જેને એકને એક માત્ર આત્મા જ પામવો છે તેના માટે આની તોલે આવી શકે તેવું વર્તમાનમાં બીજું કોઈ સ્તોત્ર જોવામાં આવતું નથી. આ સ્તોત્રના મર્મને પામીને અનેક આત્માઓ પોતાનું ભવ ભ્રમણ અટકાવે અને શીઘ્ર મુક્તિ સુખના ભોક્તા બને એવા એક માત્ર કલ્યાણકારી આશયથી આ સ્તોત્ર ઉપર વિસ્તારથી વિવેચના લખનાર છે બાપજી મહારાજાના સમુદાયના વિદુષી સાધ્વીજી શ્રી પદ્મલતાશ્રીજી.

જગતના જીવોની ભાવદયાથી પ્રેરાઈને તેમણે આ સ્તોત્ર ઉપર કલમ ચલાવી છે. લેખિકા પોતે આત્માની અનુભૂતિ કરી ચૂકેલા છે તે વાત તેમણે પોતે લખેલ સાધકનો અંતર્નાદમાં '....નેમિ પસાયે લાધ્યો અનુભવ કણ'ની પંક્તિથી જાણી શકાય છે.

જૈન શાસનમાં મોટા મોટા ધુરંધરોને પણ દ્રવ્યાનુયોગ ઉપર કલમ ચલાવવી એ કઠિન લાગે છે ત્યારે એક સાધ્વીજી પોતે દ્રવ્યાનુયોગ ઉપર ધારદાર કલમ ચલાવે અને મરજીવીયા બનીને અધ્યાત્મ મહાસાગરમાંથી અનુભૂતિના રત્નો લઈ આવે એ વાત અતિ-અતિ-અતિ આનંદ સાથે આશ્ચર્ય ઉપજાવે છે.

તેઓશ્રીનું જીવન સાદું, સરળ, સંયમી, પવિત્ર, જ્ઞાન-ધ્યાનની સાધના અને ઉપાસનાથી મઘમઘાયમાન હતું. નવકારમંત્રના આરાધક સ્વ. પૂજ્ય પંન્યાસજી શ્રીભદ્રંકરવિજયજી મ.સા. પ્રત્યે તેઓશ્રીનું બહુમાન પરાકાષ્ઠાનું હતું તો સ્વ. પૂ. બાપજી મ.સા. પ્રત્યેનો તેમનો સદ્દ્ભાવ જરા પણ ઉતરતો નહોતો. આ બન્ને મહાપુરુષોની કૃપા પામી, ગિરનાર તીર્થમાં રહી, તીર્થ પ્રત્યેના અનુરાગથી ત્યાં ઉછળતા ભાવોથી સાધના કરી, નેમિ પ્રભુની ઉપાસના કરી આત્માને અનુભૂતિનું ભાજન બનાવ્યો હતો. તેઓશ્રીએ આ સ્તોત્ર ઉપર માર્મિક, તાત્ત્વિક, સાત્ત્વિક વિવેચના લખી છે તેમાં કેટલાક મૌક્તિકો ઠેર ઠેર વિખરાયેલા જોવા મળે છે તે આ પ્રમાણે છે.

**परमज्योतिषे विशेषणम** મા આ પરતત્ત્વ પરમ જ્યોતિ છે કારણ કે જ્યોતિ તો પ્રકાશરૂપ છે. શુદ્ધાત્મદ્રવ્ય જ્યોતિરૂપ પ્રકાશ નથી પરંતુ અદૃશ્ય-અતીન્દ્રિય જ્યોતિ છે. અર્થાત્ આ જ્યોતિનું સ્વરૂપ અરૂપી છે તેથી તે દૃશ્ય નથી. છતાં જ્યોતિરૂપ અનુભવાય છે માટે પરમ જ્યોતિ છે. આ જ્યોતિમાં મળવું એટલે જ્યોતિ સ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્યમાં ઉપયોગથી અભેદ થવું તે પરમાનંદની અનુભૂતિ કરાવે છે. જ્યોતિ સ્વરૂપ આત્મા એટલે તેમાં પ્રકાશની કલ્પના કરવાની જરૂર નથી. પણ જેમ શીતળતાની કલ્પનામાં તે ગુણ ઠંડકની અનુભવરૂપ કલ્પના કરીએ છીએ તેમ અત્રે આનંદ સ્વરૂપે જ્યોતિનો અનુભવ કરવો એ અર્થ લેખિકાની ઉત્કૃષ્ટ પ્રતિભાનું દર્શન કરાવે છે.

**परमेश्वराय** વિશેષણમાં શુદ્ધાત્મદ્રવ્યનું ઐશ્વર્ય સૌથી ઉત્કૃષ્ટ છે. શુદ્ધાત્મદ્રવ્ય નથી તો આ જગત નથી તેથી આખુ જગત તેની જ ઠકુરાઈ છે અહીંયા શુદ્ધાત્મ દ્રવ્યને જગતની ઠકુરાઈ તરીકે ઓળખાવી લેખિકા સાધકની સાધનામાં પ્રાણ પૂરે છે.

**समूलोन्मूलितानादि सकल क्लेशाय** આ શુદ્ધાત્મદ્રવ્યને કૃત્રિમ પર્યાયોને ઉત્પન્ન કરવાનો અનાદિકાળથી જે ક્લેશ હતો તે સઘળો મૂળમાંથી ઉખડી ગયો છે કારણ કે તે સહજ પર્યાયયુક્ત છે.

કૃત્રિમપર્યાયો ક્લેશરૂપ દેખાડીને સાધકને વૈરાગ્યવંત બનાવવા તરફનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

**सर्व तीर्थोपनिषदाय** સર્વ તીર્થ એટલે સર્વ દર્શનો તેના ઉપનિષદ્ એટલે જ્ઞાનનું રહસ્ય. એટલે સર્વ દર્શનો બધા મતોનું રહસ્ય અરિહંત પરમાત્માં છે. દરેક દર્શનો-મતોમાં જુદી જુદી રીતે એકાંતથી પરમાત્મ સ્વરૂપની વાતો છે. તેનો સાર

શુદ્ધ આત્મ સ્વરૂપની પ્રાપ્તિ છે એટલે પરમાત્મ સ્વરૂપની પ્રાપ્તિ છે. સર્વ દર્શનકારોના મતો ભેગા કરીને નિચોડ કાઢીએ તો દ્રવ્ય-ગુણ-પર્યાયથી શુદ્ધ પરમાત્મતત્ત્વ પ્રાપ્ત થાય છે અને જિનાગમાનો સાર પણ એ જ છે માટે અરિહંત પરમાત્મા સર્વતીર્થોપનિષદ્ છે. અહીંયા લેખિકાએ અરિહંત પરમાત્મામાં સર્વતીર્થોનું ઉપનિષદ્પણું ઘટાવ્યું છે તે તેમના દૃષ્ટિના ઉઘાડનું સૂચક છે.

**सर्व पाषण्ड मोचिने** અરિહંત પરમાત્મા પોતાના નિર્મળ જ્ઞાનથી અને પુણ્ય પ્રકર્ષથી પોતાની વિરુદ્ધ બોલનારા પાખંડીઓની પાખંડતાને શુદ્ધ બોધ દ્વારા છોડાવી દે છે. પાખંડીઓ શુદ્ધ ધર્મથી વિરુદ્ધ પોત-પોતાના મતો ચલાવે છે અને તે મત પ્રમાણે જીવોને દોરે છે. આ પાખંડ પરમાત્મા સિવાય કોઈ છોડાવી શકે તેમ નથી. અન્ય દ્વારા પ્રભુની અધમ જીવો ઉપર પણ પરમોપકારિતા બતાવી છે. પાપીઓ ઉપર પણ પ્રભુ જેવો ઉપકાર કરે છે તેવો ઉપકાર જગતમાં કોઈ કરી શકે તેમ નથી. આ વિચારતા પ્રભુ ઉપર અનહદ બહુમાન પ્રગટે છે.

**परमकारुणिकाय** પરતત્ત્વ પરમ કારુણિક છે કેમ કે તે કોઈ જીવને મુશ્કેલીમાં મૂકતું નથી. તે કર્મ મળથી રહિત હોવાના કારણે કોઈના સંબંધમાં આવતું નથી. પોતે એક છે, સ્વતંત્ર છે, સ્વાધીન છે તેથી તેને કોઈનો સંપર્ક થતો નથી, માટે જડ-ચેતન દ્રવ્યોથી અલિપ્તતાને કારણે જે કોઈને નડતર રૂપ બનતું નથી તેજ તેનું પરમ કારૂણિક સ્વરૂપ છે.

પરમાત્મામાં પરમ કારૂણિત્વ ઘટાડવાનો લેખિકાનો આ અભિગમ અનુમોદનીય અને અનુકરણીય લાગે છે ! પદાર્થને કોઈ જુદાજ દૃષ્ટિકોણથી જોવાનો અભિગમ વાંચનારને આનંદ આવે છે.

વળી સમોવસરણમાં બેસીને પ્રભુએ દેશનાનો ધોધ વહેવડાવ્યો જેથી પરમ કારૂણિક બન્યા. આ અર્થ ઘટન પણ સરસ છે.

**तथागताय** પરતત્ત્વ જે પ્રકારે છે તે પ્રકારે સદા રહેલું છે. અર્થાત્ જે તથાતા છે તે પરતત્ત્વમાં જ ઘટે છે કેમ કે સત્ય સ્વરૂપે તો તે જ તથાતા છે, તે અવિચલિત છે. તે તેની ત્રિકાળ ધ્રુવસત્તા છે. આ ત્રિકાળ ધ્રુવસત્તા ઉપર વારંવાર ઉપયોગ મૂકવાથી પર્યાયમાં પૂર્ણતા પ્રગટે છે માટે ત્રિકાળ ધ્રુવસત્તા રૂપે રહેલ પરતત્ત્વ એ જ તથાતા છે અને તેને ઓળખાવનાર એક માત્ર અરિહંત પરમાત્મા છે માટે તે જ તથાતા શબ્દથી વાચ્ય બને છે. બૌદ્ધો પોતાના ભગવાનને તથાતા શબ્દથી સંબોધે છે પણ તે

વાસ્તવિક ઘટતું નથી કારણ કે તે એકાંતે ક્ષણિકતાનો જ ઉપદેશ કહે છે જે જૈનદર્શનમાં પર્યાયાર્થિક નયની અપેક્ષાએ ઘટે છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ તો પરતત્ત્વ કૂટસ્થ નિત્ય છે. આવો નય સાપેક્ષ બોધ જયાં બતાવવામાં આવ્યો છે તેજ તથાતા છે.

**મહાહંસાય** પરતત્ત્વ નિષ્ક્રિય હોવાથી કેવળ સ્વ-રૂપે સ્થિત છે. પરત્ત્વ પોતે નિષ્ક્રિય હોવાથી અને એવી રીતે જોવાનું છે કે જે પોતાના જ્ઞાનાદિ ગુણોના ભોગવટાથી પણ દૂર રહેલું છે. પ્રભુને નિષ્ક્રિયતા રૂપે જોતાં એ દર્શન શક્ય છે.

વળી જેમ હંસ મોતીનો જ ચારો ચરે છે તેમ પરતત્ત્વ તો પરભાવ રૂપ પદાર્થમાં તો જ્યાં ત્યાં મુખ નાંખતું નથી પણ પોતાના સ્વભાવ પ્રત્યે પણ ઉદાસીન છે. અર્થાત્ પરતત્ત્વ જાણે એમ કહેતું હોય કે હું તો મારાથી ત્રિકાળ પૂર્ણ છું. મારે પર્યાયની પૂર્ણતા કે અપૂર્ણતા સાથે કોઈ નિસ્બત નથી. એમ કરીને તે પર્યાયથી પણ ઉદાસીન બની પોતાનામાં સમાઈ ગયેલ છે માટે તે પરતત્ત્વ મહાહંસ સ્વરૂપ છે આમ કહેવાનો આશય લેખિકાનો હોય તેવો ભાવ સમજાય છે.

આવા તો કેટલાય મૌક્તિકો આ વિવેચનામાં ઠેર ઠેર વેરાયેલા જોવા મળે છે જે સારી રીતે અવલોકન કરવાથી જ જાણી શકાય.

આ સ્તોત્ર ઉપરની વિવેચનાને જે એકાંતમાં કુદરતના ખોળે, શાંત વાતાવરણમાં, સ્થિરાસન અને મૌનપૂર્વક વારંવાર વિચારી આત્મસાત કરશે તે પ્રત્યેક આત્મા આ લેખિકાની જેમ મરજીવા બનીને આ ગ્રંથરત્નમાંથી મહાસાગરના મોતી મેળવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે ક્ષમા ચાહુ છું.

એજ.

પરમાત્મ પદ ઈચ્છુક
પં. મુક્તિદર્શનવિજય

વિ. સં. ૨૦૬૮
આશ્વિન શુક્લા સપ્તમી,
રવિવાર,
પો. હે. જૈન ઉપાશ્રય,
જૈન નગર - અમદાવાદ-૭

• • •

## "અધ્યાત્મરવિ ઉગ્યો મુજ ઘટ"

રાત્રિના પ્રગાઢ અંધકારનો નાશ કરતો...

સહસ્ત્ર કિરણો વડે હાસ્ય રેલાવતો...

સમગ્ર વિશ્વને દર્શનમાત્રથી પ્રમોદિત કરતો...

એવો આભની અટારીયે ઉગેલો સુરજ !

જેમ પૃથ્વીને સજીવન બનાવે છે.

તેમ-

મોહરૂપ અંધકારમાં અટવાયેલા...

સુખ-દુઃખના દ્વન્દ્વોમાં અથડાતા...

રાગ-દ્વેષના નિબિડ ભ્રમમાં ભરમાયેલા...

આ વિશ્વના જીવોના... ઘટ ઘટમાં જ્યારે અધ્યાત્મનો સુરજ ઉગે છે ત્યારે ક્યારેય ન અનુભવી હોય તેવી અપૂર્વ શાંતિ, અદ્વિતીય આનંદ અને અનુપમ સુખ, ચેતનામાં પ્રગટતા આત્મદેવ સપ્રાણ બને છે. એટલે જ તો ભક્ત હૃદયી પૂ. ઉપા. વિમલવિજય મ.ના શિષ્ય રામવિજયજી મહારાજ સોલમાં શાંતિનાથ ભ.ના સ્તવનમાં ગાયું છે-

"અધ્યાત્મ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે"

આવો અધ્યાત્મસુરજ ! વિશિષ્ટ કોટિના મહાપુરુષોના આત્મરૂપી ઘટમાં ઉગે છે

તેની જેમ મહાપુરુષોને છાજે તેવા ઉચિત ગુણોવાળા ગુરૂમાના આત્મારૂપી ઘટમાં અનુભવ સુરજ ઉગ્યો.

પૂ. ગુરુમા વિ.સં. ૨૦૧૯ના કડીના ચાતુર્માસ બાદ વિહાર કરીને ભોયણી પધાર્યા. ત્યારે પ.પૂ. અધ્યાત્મયોગી પં. પ્રવર ભદ્રંકર વિ. ગણિવર્યશ્રીના આદેશથી સુશ્રાવક બાબુભાઈ કડીવાળાએ ભોયણી તીર્થપતિ મલ્લિનાથ ભગવાનના સાન્નિધ્યમાં શક્રસ્તવ મહાસ્તોત્રનો નિત્યપાઠ શરૂ કરાવ્યો. સમય જતાં પરમાત્માના

વિશેષણોના અર્થોમાં મન રમવા લાગ્યું. તે દરમિયાનમાં વિ. સં. ૨૦૪૫ શત્રુંજય ગિરિરાજના ગામમાં ચાતુર્માસમાં સાધનાનો વેગ વધ્યો.

ત્યારે આ સ્તવના ૭ માં આલાવામાં **'નિર્દ્વન્દ્વાય'** પદને મમરાવતાં – શુદ્ધાત્મા દ્વન્દ્વ રહિત છે. દ્વન્દ્વ યુક્ત જગત રાગ-દ્વેષ યુક્ત છે. નિર્દ્વન્દ્વ આત્મા વિતરાગ સ્વરૂપી છે. તથા આ પદની સાથોસાથ **'નિસ્તરંગાય'** પદમાં પરમાત્મા એટલે કે તરંગ રહિત છે. આ ચૈતન્યનો મહાસાગર નિસ્તરંગ છે. આ ભાવનામાં આગળ વધતા પોતાના આત્માને ચૈતન્યના મહાસાગરમાં ભળી ગયેલો... ડુબી ગયેલો... નિર્દ્વન્દ્વ... નિસ્તરંગ સ્વરૂપવાળો અનુભવ્યો એટલે કે આત્મસાક્ષાત્કાર થતાં અનુભવ સુરજ ઉગ્યો અને તેનાં ઝળહળતાં પ્રકાશમાં પરમાત્માના વિશેષણોનો ગુણગર્ભિત શુદ્ધ બોધ ! લેખનમાં ઢાળી દીધો. વિ.સં. ૨૦૪૬ના આ.સુ.પ.ના ગિરનાર ચાતુર્માસમાં આ લેખનકાર્ય પૂર્ણ કર્યું.

તેમાં સવિશેષ રીતે છઠ્ઠા-સાતમાં આલાવામાં ધ્રુવસત્તાએ પરમાત્માનું વર્ણન ગિરિરાજમાં કર્યું અને અવાન્તરસત્તાએ પરમાત્માનું વર્ણન ગિરનારમાં ઝળહળાવ્યું. એટલેકે એક એક વિશેષણમાં પોતાના અનુભવ બોધને સ્પષ્ટ રીતે પ્રતિત કર્યો છે. આવા પરમાત્માના શુદ્ધ સ્વરૂપને સરળ રીતે સમજાવતી આ ચિંતન કર્ણિકાની સુવાસ તમને સૌને મળે. તમો પણ તમારા આત્માને પરમાત્મા સ્વરૂપે નિહાળો. એટલે કે તમારા ઘટમાં અધ્યાત્મ સુરજ પ્રગટાવો.

પરમાત્માના શુદ્ધ ગુણોનો પ્રકાશ પાથરતું સ્તવ **'શક્રસ્તવ'** પુસ્તકરૂપે પરિણમન પામેલું આ ભાવનાનું પુષ્પ શ્રીસંઘના ચરણમાં મુકતાં કૃતકૃત્યતા અનુભવું છું.

પ.પૂ. પરમાત્મા સંનિષ્ઠ યોગીપુરુષ ગુરુદેવશ્રી યશોવિજયસુરીશ્વરજી ભગવંતે પૂ. ગુરુમાના ચિંતનની ઝેરોક્ષ જોતાં કહ્યું કે - 'આ ચિંતન રૂપે વરસેલી પ્રભુ કૃપા ! સાધકવર્ગને સિંચવા માટે પ્રભુએ વરસાવી છે. માટે આ ચિંતનને છપાવવું જોઈએ.' આવા પૂ. ગુરુદેવશ્રી ના આદેશને પૂ.ગુરુમા એ સહર્ષ ઝીલ્યો અને અમને જણાવ્યું કે, "મારી હયાતિ બાદ છપાવજો." આ રીતે સંમતિ આપી. કાળક્રમે પૂ. ગુરુમાના વિ.સં. ૨૦૬૪ના કારતક વદ-૯ ના પરમપદ પ્રયાણ બાદ પૂ. ગુરુમાની ભાવનાનુસાર 'શ્રીનવપદ અનુભૂતિ', 'તે ગિરિવરને સેવતાં આતમ નિરમલ થાય', તથા 'સાધકનો અંતર્નાદ' ભાગ-૧, ૨ છપાઈ ગયા છે. હાલમાં આ 'શક્રસ્તવ' પુસ્તકરૂપે સંપાદન પામ્યું છે.

ગુરુમા જે સદ્‌ગુરુજનોનાં સાંનિધ્યથી, તેમની વાણીના પાનથી, તેમની કૃપાદૃષ્ટિથી આંશિક સહજ અવસ્થાને પામ્યા તે જ સદ્‌ગુરુના નામ સ્મરણથી આપણે પણ તેમના માર્ગે આગળ વધીએ...

- કુટુંબના કુલગુરુ પરમપૂજ્ય યોગનિષ્ઠ શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.

- પરમપૂજ્ય સંઘસ્થવીર દાદાગુરુદેવશ્રી આ. સિદ્ધિસૂરીશ્વરની મ.સા. (બાપજી મ.સા.)

- દિક્ષાપ્રદાતા પરમપૂજ્ય સરળસ્વભાવી શ્રી મનોહરસૂરીશ્વરજી મ.સા.

- સંયમજીવનનું ઘડતર કરનારા પરમપૂજ્ય મુનીમહંત શ્રી સુમિત્રવિજયજી મ.સા.

- જેમણે પૂજ્યગુરુમાને પોતાના હૃદયમાં ચોથાઆરાના સાધ્વીજી સદૃશ સ્થાન આપ્યું છે તેવા સંયમના પાલનહારાં પરમપૂજ્ય વર્ધમાનતપોનિધિ, શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.સા.

- અધ્યાત્મધન આપનાર પરમપૂજ્ય પં. પ્ર. અધ્યાત્મયોગી શ્રી ભદ્રંકરવિજયજી મ.સા.

- પરમપૂજ્ય તપસ્વીસમ્રાટ શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ.સા.

- તત્વજ્ઞાનગોષ્ઠી કરાવનારા પરમપૂજ્ય શાંતસ્વભાવી શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મ.સા.

- પરમપૂજ્ય શ્રુતપ્રવર્તક મુનિરાજ શ્રી જંબૂવિજયજી મ.સા.

- આ ચિંતનકર્ણિકાને શ્રી સંઘ સમક્ષ પ્રદાન કરવાની પ્રેરણા કરનાર પરમપૂજ્ય ભક્તિયોગાચાર્ય આ. યશોવિજયસૂરીશ્વરજી મ.સા.

- સદ્‌ગુણોની સુવાસથી સુવાસિત પરમપૂજ્ય પં.પ્ર. શ્રી વ્રજસેનવિજયજી મ.સા.

- પરમપૂજ્ય પ્રખરપ્રવચનકાર શ્રી નરરત્નસૂરીશ્વરજી મ.સા.

- સંયમદાતા ગુરુમાતા પરમપૂજ્ય વિદૂષી સાધ્વીજી શ્રી પ્રભાશ્રીજી મ.સા.

આ સાથે પરમપૂજ્ય સ્વસંયમનિષ્ઠ પ. પૂ. શ્રી હરિશ્ચંદ્રવિજયજી મ.સા. તથા અધ્યાત્મપ્રવચનકાર પરમપૂજ્ય આ. હેમસુંદરસૂરીશ્વરજી મ.સા.ના ઉપકારોનું પણ સ્મરણ કરું છું.

પ.પૂ. ગુરુદેવશ્રી યશોવિજયસૂરીશ્વરજી ભગવંતે પૂ. ગુરુમાનું શક્રસ્તવ ચિંતન વાંચી તેના ભાવાર્થોને ખોલી આપતી પ્રસ્તાવના લખી આપીને અમારી ઉપર અનન્ય ઉપકાર કર્યો છે. તેમજ અધ્યાત્મમાર્ગોપદેશક પ. પૂ. પં. પ્રવર મુક્તિદર્શન વિ. મહારાજે પૂ. ગુરુમાનું શક્રસ્તવ ચિંતન વાંચી ને શક્રસ્તવની ગરિમાને વધારતાં બે બોલ લખીને અમારી ઉપર મહાન ઉપકાર કર્યો છે. આ બન્ને પૂજ્યવર્યોની સદા માટે હું ઋણી બની છું. તથા ૯૦ વર્ષની જૈફ વયે સુશ્રાવિકા સુનંદાબેન વોરાએ પૂ. ગુરુમાના ચિંતનને પુસ્તકરૂપે પરિણમાવવામાં સહકાર આપ્યો અને ભક્તિથી બે શબ્દ લખી આપ્યા છે. તેમનો ખૂબ ખૂબ આભાર માનું છું તથા કિરીટ ગ્રાફિક્સવાળા સુશ્રાવક શ્રેણિકભાઈએ પણ ખૂબ સુંદર મહેનત કરીને પુસ્તક છપાવી આપ્યું છે તે બદલ તેમનો ખૂબ આભાર માનું છું.

આ પુસ્તકના પ્રુફરિડિંગમાં અનભિજ્ઞપણે જે પણ કાંઈ ક્ષતિ રહી હોય તો ક્ષમા આપશો તથા આત્મિયભાવે ક્ષતિ પ્રત્યે ધ્યાન દોરવા કૃપા કરશો.

હે તત્વરૂચીધારક જિજ્ઞાસુ સાધક આત્માઓ !

તમો સર્વે શુદ્ધ સ્વરૂપને ઓળખી વારંવાર ચિંતન-મનન-ધ્યાન દ્વારા અનુભવની કેડીએ આગળ વધો ! સર્વે આત્માનુભવ પામી નિકટમોક્ષગામી બનો ! એ જ શુભાભિલાષા...

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈપણ લખાયું હોય તેની ક્ષમા માગું છું.

પ. પૂ. અધ્યાત્મમગ્ન ગુરુમાતા પદ્મલતાશ્રીજી
મ.સા.ની ચરણસેવિકા ભાવપૂર્ણાશ્રીજી

• • •

# અંતરનો અહોભાવ

પ્રસ્તુત ગ્રંથના લેખિકા પૂ. શ્રી પદ્મલત્તાજીની અંતર્મુખ ચિંતનની મૌલિકતાનું દર્શન ગ્રન્થમાં થાય છે.

શક્રસ્તવનો મહિમા અપરંપાર છે. પૂ. સિદ્ધસેન દિવાકરસૂરીશ્વરજીના શ્રીમુખે રચાયેલું અને ભક્તિવંત શકેન્દ્રના મુખે ગવાયેલું. વળી અસંખ્ય ભાવિકોના હૃદયમાં કંડારાયેલું આ નમુત્થુણં સ્તોત્ર અનુપમ અને ચમત્કારિક છે.

એવા અનુપમ સ્તોત્ર પર પૂજ્યશ્રીએ અંતરના ભાવોને સહજપણે લેખનમાં ઉતાર્યા છે. તેમાં રહેલા ગૂઢાર્થ અહોભાવ પેદા કરે છે. તેઓના રગેરગમાં પરમાત્મ ભક્તિ કેટલી ગુંથાઈ ગઈ છે તે તેમના ભાવોથી સમજાય છે.

"પરમાત્મા કેવા છે ? મહામૈત્ર છે. આ પરતત્ત્વ મહામૈત્ર સ્વરૂપ છે. પરમતત્ત્વ એ કોઈપણ સંપર્કથી પર છે તેમજ સર્વે સાથે સંબંધવાળું પણ છે. પર એટલા માટે કે તે કેવળ શક્તિરૂપે સત્તાને ધારણ કરે છે. માટે કોઈના સંબંધમાં આવતું નથી. છતાં સર્વમાં તે પરત્વ અનુસ્યૂત છે. માટે સર્વમાં એકરૂપ અસ્તિત્વ ધરાવતું હોવાથી અભેદત્તાથી રહેલું હોવાથી મૈત્રી નહિ પણ બધી મૈત્રીથી કોઈ અગમ્ય મિત્રત્વને ધારણ કરતું હોવાથી મહામૈત્ર છે."

આવા ગૂઢરહસ્યો પાને પાને જોવા મળે છે. ધન્ય છે તેમની ચિંતન અને ભાવનાંને. આપણે પણ એમાં ભાવિત થઈએ.

આ ગ્રંથના પ્રકાશન પહેલા પણ આવા મૌલિક પ્રકાશનો પ્રકાશિત થયા છે. તેમાં તેમની આંતરિક ઝળહળતી પ્રભુ ભક્તિની ગરિમા પ્રગટ થાય છે.

અલ્પ ભાષી, અલ્પપરિચયી તેવું આ છૂપું રત્ન તેમના લેખન દ્વારા પ્રકાશમાં આવ્યું. ભલે હાલ તેમની અનઉપસ્થિતિ હોય છતાં પણ તેઓ ભાવથી પ્રગટ જ છે.

આત્મા પરમાત્માની અભેદ દશાને તેમણે ચિંતન દ્વારા ઓળખાવી છે તે સાધકો માટે ઉપકારી છે.

વિશેષ શું લખું ? તેઓની આ અનુપમ ચિંતનિકા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરું છું. મને આ અવસર મળ્યો તેનો આનંદ માનું છું.

"આ સ્તવનો પ્રભાવ એવો છે કે તેને ગણનારની પાસેની અધમ વસ્તુ પણ ઉત્તમ બની જાય છે."

લી. સુનંદાબેન

• • •

# અનુક્રમણિકા


| | પેજ નં. |
|---|---|
| પ્રાક્કથન | ૧ |
| ૧લો આલાવો | ૫ |
| ૨જો આલાવો | ૧૦ |
| ૩જો આલાવો | ૨૦ |
| ૪થો આલાવો | ૩૧ |
| ૫મો આલાવો | ૪૨ |
| ૬ક્રો આલાવો | ૫૩ |
| ૭મો આલાવો | ૬૮ |
| ૮મો આલાવો | ૯૫ |
| ૯મો આલાવો | ૧૦૩ |
| ૧૦મો આલાવો | ૧૦૮ |
| ૧૧મો આલાવો | ૧૩૬ |
| લોકોત્તમો.....શ્લોકો | ૧૪૪ |
| ઇતિમં.... (સ્તોત્રનો ફલાદેશ) | ૧૪૯ |
| ૧૨. સિદ્ધસેન દિવાકરસૂરિ વિરચિત વર્ધમાન શક્રસ્તવ | ૧૫૮ |


• • •

# પ્રાક્કથન

**सर्वे जीवा उपादेया, शक्तिरुपाः शिवात्मकाः ।**
**व्यक्तिरुपोल्लसन् मोक्षाः पञ्चभिः परमेष्ठिनः ॥**

*શક્રસ્તવના અગિયાર આલાવા છે તે લગભગ શુદ્ધાત્મદ્રવ્ય ઉપર જ વધુ ઘટે છે. તેમાં આત્માની ધ્રુવસત્તાનું ચિંતન છે. ધ્રુવસત્તામાં કેવળ દ્રવ્યનું ચિંતન ગુણ-પર્યાયની ગૌણતા રાખીને કરવાનું છે અને જે આત્માની અવાન્તર સત્તા છે તેમાં ગુણ - પર્યાય યુક્ત દ્રવ્યનું ચિંતન છે. અવાંતર સત્તામાં પર્યાયને મુખ્ય રાખીને દ્રવ્યનું ચિંતન છે.*

*કેવળ દ્રવ્યના ચિંતનમાં પર તત્ત્વના સ્વરૂપની વિચારણા કરવાની હોય છે જે નિષ્ક્રિય છે. પર્યાયયુક્ત દ્રવ્યની વિચારણામાં દ્રવ્યની સક્રિયતા જે પર્યાયને કારણે છે તે વિચારવાની છે તેથી અરિહંતાદિ નવપદનું ચિંતન તેનાથી થાય છે.*

*શક્રસ્તવમાં ત્રીજા-ચોથા આલાવામાં અવાન્તર-સત્તાના ખ્યાલપૂર્વક અરિહંતાદિ સ્વરૂપનું ચિંતન છે એ દષ્ટિએ લખાણ થયું છે.*

આ શક્રસ્તવ સિદ્ધસેન દિવાકર વિરચિત છે. તે મંત્ર ગર્ભિત છે. અનેક રહસ્યોથી ભરેલું શુદ્ધાત્મસ્વરૂપ પરમાત્માનું આ સ્તવ છે. મંત્રરાજોપનિષદ્ગર્ભ આ વિશેષણથી સ્પષ્ટ થાય છે.

આ શક્રસ્તવનો અર્થ અતિ ગંભીર છે, તેનો તાગ પામી અરિહંત તથા સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે. આ બે દેવ તત્ત્વ છે. તેની આરાધના કરવા માટે તેમની ગુણસ્તુતિરૂપ આ સ્તવનું યથાશક્તિ યત્કિંચિત્ ચિંતન કરી કૃતાર્થતા અનુભવીએ.

જગતમાં છ દ્રવ્યો છે, તેમાં એક જીવ દ્રવ્ય અને બાકીના પાંચ અજીવ દ્રવ્યો છે, અર્થાત્ એક ચેતન દ્રવ્ય અને શેષ જડ દ્રવ્યો છે. જે ચેતન દ્રવ્ય છે તેની બે પ્રકારની સત્તા છે. એક ધ્રુવ સત્તા, બીજી અવાન્તર સત્તા. 'गुण-पर्यायवद् द्रव्यम्' દ્રવ્ય ગુણ - પર્યાયયુક્ત હોય છે. ગુણ - પર્યાયને ગૌણ રાખીને જ્યારે દ્રવ્યની વિચારણા કરવામાં આવે છે ત્યારે દ્રવ્યની ધ્રુવસત્તા જે અવિચલિત છે તે સ્વરૂપ ઓળખાય છે.

ગુણ - પર્યાયને સાથે રાખીને વિચારણા કરવામાં આવે છે ત્યારે દ્રવ્યની અવાન્તરસત્તા જે પરિવર્તન પામતું છે તે સ્વરૂપ ઓળખાય છે.

ચેતન દ્રવ્યમાં બે પ્રકાર છે. જીવાત્મા અને પરમાત્મા. જ્યારે ગુણ - પર્યાયને ગૌણ રાખીને દ્રવ્યની વિચારણા કરીએ ત્યારે દ્રવ્યની ધ્રુવસત્તા તો બંને (જીવાત્મા અને પરમાત્મા)ની સમાન જ ઓળખાય છે, અર્થાત્ કેવળ દ્રવ્યની (શુદ્ધ) વિચારણામાં જીવાત્મા કે પરમાત્માનો ભેદ પડી શકતો નથી. ભેદ પાડનાર અશુદ્ધ ગુણ-પર્યાય છે. અર્થાત્ જીવાત્માને શુદ્ધ ગુણ - પર્યાય અપ્રગટ છે, પરમાત્માને પ્રગટ છે.

સિદ્ધ પરમાત્માને શુદ્ધ ગુણ - પર્યાય પ્રગટ છે અરિહંત પરમાત્માને શુદ્ધ ગુણ - પર્યાય પ્રગટ છે સાથે ચાર અઘાતી કર્મનો ઉદય વર્તતો હોવાથી તથા તીર્થંકર નામકર્મના વિપાકને ભોગવતા હોવાથી શુભ ઔદયિક પર્યાય યુક્ત છે.

આ પ્રમાણે ગુણ - પર્યાય સાથે અરિહંત તથા સિદ્ધ પરમાત્માનું આત્મ દ્રવ્ય ચિંતવીયે તે પણ દ્રવ્યની અવાન્તરસત્તા છે.

શુક્લધ્યાનના પહેલા પાયામાં ગુણ - પર્યાય યુક્ત દ્રવ્યની વિચારણામાંથી પ્રગટેલું ધ્યાન હોય છે. અને બીજા પાયામાં ગુણ - પર્યાયની ગૌણતા રાખીને કેવળ શુદ્ધઆત્મદ્રવ્યનું ધ્યાન હોય છે.

શક્રસ્તવમાં પરમાત્માના વિશેષણોથી સ્તવના કરવામાં આવી છે. તેમાં આ બંને પાયાના ધ્યાનના આલંબનરૂપ પરમાત્માની સ્તવના છે.

કેટલાક વિશેષણો કેવળ શુદ્ધઆત્મદ્રવ્યના છે. જેમાં તેમના ગુણ - પર્યાયને ગૌણ રાખવામાં આવેલાં છે.

કેટલાક વિશેષણો શુદ્ધ ગુણ - પર્યાયયુક્ત આત્મદ્રવ્યના છે અને કેટલાક વિશેષણો શુભ અને શુદ્ધ ગુણયુક્ત આત્મદ્રવ્યના છે.

શુદ્ધ આત્મદ્રવ્ય જેની ધ્રુવસત્તા છે તે કેવળ પરતત્ત્વ સ્વરૂપ છે. તેને કોઈ વિશેષણ નથી. જે નિર્વિકલ્પ ધ્યાનના આલંબનભૂત થઈ શકે છે. અવિચલિત, અસ્ખલિત, નિસ્તરંગ, નિષ્પ્રકંપ, નિર્વિકાર, નિરાકાર, નિરંજન, એક, અખંડ આદિ તેના જે વિશેષણો છે તે બીજા ચેતન શુદ્ધ દ્રવ્યથી ભેદ પાડનાર નથી. માટે તે વિશેષણ નહિ પણ શુદ્ધાત્મદ્રવ્યનું સ્વરૂપ બતાવનાર શબ્દો છે. આ અક્ષરોથી અવાચ્ય એવું શુદ્ધાત્મદ્રવ્યનું સ્વરૂપ સમજવા માટે પ્રયત્ન કરવાનો છે.

ગુણ - પર્યાયયુક્ત શુદ્ધાત્મદ્રવ્ય - જેની અવાન્તર સત્તા છે જેથી સિદ્ધ પરમાત્મા શુદ્ધ પર્યાયને ભોગવે છે.

શુભ અને શુદ્ધ ગુણ - પર્યાયયુક્ત આત્મદ્રવ્ય - આ પણ દ્રવ્યની અવાન્તર સત્તા છે તેથી અરિહંત પરમાત્મા શુદ્ધ પર્યાય તથા શુભ ઔદયિક પર્યાયને ભોગવે છે.


ધ્રુવસત્તા - સકલ જીવરાશિમાં છે. જે સત્તા અનાદિ અનંત છે.

અવાન્તરસત્તા - જે સાદિ અનંત છે.

હવે શક્રસ્તવમાં ગૂંથેલા પરમાત્માની ગુણરૂપ સ્તુતિમાં વર્ણવેલું સ્વરૂપ વિચારીએ.

• • •







**ॐ नमोऽर्हते भगवते परमात्मने परमज्योतिषे परमपरमेष्ठिने परमवेधसे परमयोगिने परमेश्वराय तमसःपरस्तात् सदोदिता-दित्यवर्णाय समूलोन्मूलिता-नादि-सकल-क्लेशाय ॥ १ ॥**

ॐ પ્રણવાક્ષર છે. તેમાં પાંચે પરમેષ્ઠિઓ છે. પાંચ પરમેષ્ઠિઓના આદિ અક્ષરથી તે બનેલો છે. અરિહંતનો अ, સિદ્ધ એટલે અશરીરી તેનો अ આ બે अ મળીને અને આચાર્યનો आ મળીને आ, તેમાં ઉપાધ્યાયનો उ મળવાથી ओ, અને મુનિનો म મળીને ઓમ્ થાય છે. તેને 'ॐ' આ રીતે લખી શકાય છે. તે કોઈ પણ મંત્રની આદિમાં મૂકવામાં આવે છે.

અહીં શક્રસ્તવમાં અગિયાર મંત્રો છે. એ દરેક મંત્રની આદિમાં ॐ મૂકવામાં આવે છે. અગિયારે મંત્ર પૂર્ણ થાય છે તેમાં છેલ્લા મંત્રમાં સ્વાહા પદ આપવામાં આવ્યું છે.

## શબ્દાર્થ

**ॐ नमोऽर्हते** – અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ

**भगवते** – તે કેવાં છે ? ભગવાન

**परमात्मने** – પરમાત્મા

**परमज्योतिषे** – પરમજ્યોતિ સ્વરૂપ

**परमपरमेष्ठिने** – પરમ પરમેષ્ઠિ

**परमवेधसे** – પરમ વિધાતા

**परमयोगिने** – પરમયોગી

**परमेश्वराय** – પરમેશ્વર

**तमसःपरस्तात्** – અંધકારને ઓળંગી ગયેલા હોવાથી

**सदोदिता-दित्यवर्णाय** – સદા ઉદયપામેલા સૂર્ય સમાન

**समूलोन्मूलिता-नादि-सकल-क्लेशाय** – જેમણે મૂળમાંથી અનાદિના સકલ ક્લેશો ઉખેડી નાંખ્યા છે.

**રહસ્યાર્થ :**

**ॐ नमोऽर्हते** – અહીં પ્રથમ પરતત્ત્વસ્વરૂપની સ્તુતિ કરી છે. પરમતત્ત્વ એટલે શુદ્ધ આત્મદ્રવ્ય. અર્હ એટલે પૂજ્ય - યોગ્ય. પૂજવા યોગ્ય અથવા યોગ્ય. સૌથી મોખરે એવા શુદ્ધાત્મદ્રવ્યને નમસ્કાર હો અથવા નમસ્કાર કરૂં છું.

**भगवते** - આ પ્રથમ મંત્રમાં પરતત્ત્વના સ્વરૂપને જણાવનારા વિશેષણો છે. આ પરતત્ત્વ કેવું છે ? પૂજ્ય છે અથવા યોગ્ય છે. વળી તે કેવું છે ? ભગવાન છે. ભગ એટલે ઐશ્વર્ય વિગેરે અર્થ થાય છે. આ પરતત્ત્વનું ઐશ્વર્ય જગતની કોઈ વસ્તુ સાથે સરખાવી શકાય તેવું નથી. અનુપમ છે ઐશ્વર્યથી યુક્ત છે. પરતત્ત્વનું ઐશ્વર્ય શક્તિ સ્વરૂપ છે. એ શક્તિ બીજા કોઈ તત્ત્વમાં નથી માટે તે ભગવાન છે.

**परमात्मने** - વળી આ પરતત્ત્વ કેવું છે ? પરમાત્મા છે. કારણ કે શુદ્ધાત્મદ્રવ્ય આત્માનું પરમ સ્વરૂપ છે. આત્માની ઉત્કૃષ્ટ અવસ્થા છે. માટે પરમાત્મા છે.

**परमज्योतिषे** - આ પરતત્ત્વ કેવું છે ? પરમજ્યોતિ છે કારણ કે જ્યોતિ તો પ્રકાશરૂપ છે. શુદ્ધાત્મદ્રવ્ય જ્યોતિરૂપ પ્રકાશ નથી. પરંતુ અદૃશ્ય જ્યોતિ છે. અર્થાત્ આ જ્યોતિનું સ્વરૂપ અરૂપી છે તેથી તે દૃશ્ય નથી છતાં જ્યોતિરૂપ અનુભવાય છે માટે પરમ જ્યોતિ છે. આ જ્યોતિમાં જ્યારે લીનતા આવે છે, મળી જવાય છે ત્યારે પરમ આનંદનો અનુભવ થાય છે આ છે, પરમ જ્યોતિ. તે શુદ્ધાત્મદ્રવ્યનું એક સ્વરૂપ છે. જ્યોતિમાં મળવું એટલે જ્યોતિ સ્વરૂપ શુદ્ધાત્મ-દ્રવ્યમાં ઉપયોગથી અભેદ થવું. તે પરમાનંદની અનુભૂતિ કરાવે છે. જ્યોતિ સ્વરૂપ આત્મા એટલે તેમાં પ્રકાશની કલ્પના કરવાની જરૂર નથી પરંતુ જેમ શીતળતાની કલ્પનામાં ગુણ-ઠંડકની અનુભવરૂપ કલ્પના કરીએ છીએ તેમ જ્યોતિરૂપે અનુભવ કરવો.

**परमपरमेष्ठिने** - આ પરતત્ત્વ કેવું છે ? પરમ પરમેષ્ઠિ છે. એટલે પરમેષ્ઠિઓમાં પરમ છે. પરંમેષ્ઠીઓ પાંચ છે તેમાં શુદ્ધાત્મદ્રવ્ય પરમ છે. કારણ કે પાંચે પરમેષ્ઠિ આત્માની પર્યાય છે તેમાં આ શુદ્ધાત્મદ્રવ્ય પરમ છે. દ્રવ્ય એ ગુણ - પર્યાયમાં મુખ્ય છે માટે શુદ્ધાત્મદ્રવ્ય પંચ પરમેષ્ઠિઓમાં મુખ્ય હોવાથી પરમ છે.

**परमवेधसे** - આ પરતત્ત્વ કેવું છે ? પરમ વેધસ્ - એટલે પરમ વિધાતા છે. કારણ કે દ્રવ્યને પર્યાયો હોય છે. શુદ્ધાત્મદ્રવ્ય એ આત્મદ્રવ્યની બધી પર્યાયોનું મૂળ છે. જેમ વિધાતાએ જગત બનાવ્યું કહેવાય છે પણ આ શુદ્ધાત્મદ્રવ્ય તો સમગ્ર પર્યાયોનું મૂળ છે. તેણે જ આખું જગત બનાવ્યું છે. જે કોઈ દૃશ્ય - અદૃશ્ય પર્યાયો છે તે સઘળી પર્યાયોનો વિધાતા શુદ્ધાત્મદ્રવ્ય છે. તે આ રીતે. આત્મદ્રવ્ય

સત્તાએ શુદ્ધ છે. પરંતુ અનાદિ કાળનો સ્વભાવ - સહજમલ છે. તેના કારણે તેને રાગ દ્વેષની ચિકાશ ચોંટેલી છે તેથી નવી કર્મ રજ ચોંટ્યા કરે છે. તે કર્મના બંધનથી જન્મ - મરણરૂપ સંસારમાં પર્યટન કરે છે ત્યારે પુદ્ગલ ગ્રહણ કરી અશુદ્ધ પર્યાય ઉત્પન્ન કરે છે, તે પર્યાયને છોડતો નથી ગ્રહણ કરતો ફરે છે. છોડેલા પુદ્ગલો પછી પુદ્ગલની પર્યાય બની જાય છે પરંતુ તેનો મૂળ સર્જનહાર આત્મા હતો. અરે ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયની પર્યાયો પણ આત્માએ છોડેલા પુદ્ગલ પર્યાયોના આકારની અપેક્ષાએ જ થયેલી છે. માટે સમગ્ર પર્યાયોનો વિધાતા શુદ્ધાત્મદ્રવ્ય છે માટે પરમ વિધાતા છે.

**परमयोगिने** - વળી આ પરતત્ત્વ કેવું છે ? પરમયોગી છે. સયોગી કેવળી સુધીના બધા યોગીઓ છે તે પણ આત્માની પર્યાય છે. શુદ્ધાત્મદ્રવ્ય પરમ યોગી છે કારણ કે, તેમાંથી સર્વ યોગીઓ થયેલા છે માટે સત્તાએ શુદ્ધ જે આત્મદ્રવ્ય રહેલું છે તે પરમ યોગી છે માટે જ સમ્યક્ત્વથી માંડીને સયોગી કેવળી સુધીના બધા યોગીઓ ચોંટેલી કર્મ રજનો હ્રાસ થતાં સ્વ-રૂપ (શુદ્ધાત્મસ્વરૂપ) પ્રગટ થતું જાય છે તેમ તેમ તે તે યોગીને યોગ્ય આત્માની શુદ્ધતા બતાવનારું યોગીપણું પ્રગટે છે. જ્યારે સહજમલનો હ્રાસ થઈ જાય છે ત્યારે શુદ્ધાત્મદ્રવ્યનું પરમયોગિપણું અનુભવાય છે.

આ પરતત્ત્વ યોગને ઓળંગી ગયેલું છે માટે યોગીઓમાં પરમ-ઉત્કૃષ્ટ છે. એમ પણ અર્થ લઈ શકાય.

**परमेश्वराय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? પરમેશ્વર છે. ઈશ્વર તે ઐશ્વર્યયુક્ત હોય. શુદ્ધાત્મદ્રવ્યનું ઐશ્વર્ય સૌથી ઉત્કૃષ્ટ છે. શુદ્ધાત્મદ્રવ્ય નથી તો આ જગત નથી. આખું જગત તેની જ ઠકુરાઈ છે માટે પરતત્ત્વ પરમ ઐશ્વર્યયુક્ત હોવાથી પરમેશ્વર છે. પરમ ઈશ્વર છે અથવા ઈશ્વરોમાં પરમ-ઉત્કૃષ્ટ છે.

**तमसःपरस्तात्सदोदिता-दित्यवर्णाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? તમસઃ પરસ્તાત્ સદોદિતાદિત્યવર્ણ છે. એટલે તમસ્ - અંધકાર વ્યાપેલો હોય અને તેની પેલે પાર કોઈ તેજ હોય તેની જેમ જગતના તમસોને ઓળંગી ગયેલું પેલે પાર રહેલું છે.

તેથી સૂર્યનો અસ્ત થાય છે પણ આ શુદ્ધાત્મદ્રવ્ય તો હંમેશાં ઉદય પામેલા સૂર્ય જેવું અદશ્ય પ્રકાશરૂપ છે.

**समूलोन्मूलिता-नादि-सकल-क्लेशाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? સમૂલ ઉન્મૂલિત કર્યા છે અનાદિ સકલ કલેશ જેણે તેવું છે.


જેણે અનાદિકાળના સઘળા કલેશો મૂળમાંથી ઉખેડી નાખ્યા છે. આ શુદ્ધાત્મદ્રવ્યને કૃત્રિમ પ્રર્યાયોને ઉત્પન્ન કરવાનો અનાદીકાળથી જે કલેશ હતો તે સઘળો મૂળમાંથી ઉખડી ગયો છે કારણ કે તે સહજ પર્યાયયુક્ત છે.



ॐ नमोऽर्हते भूभुर्वःस्वस्त्रयी-नाथ-मौलि-मन्दारमाला-र्चित-क्रमाय सकल-पुरुषार्थ-योनि-निरवद्य-विद्याप्रवर्तनैक-वीरायनमः-स्वस्ति-स्वधास्वाहा-वषऽर्थै-कान्त-शान्त-मूर्त्तये भवद्-भावि-भूत-भावा-वभासिने कालपाश-नाशिने सत्त्व-रजस्तमो-गुणातीताय अनन्तगुणाय वाङ्-मनोऽगोचर-चरित्राय पवित्राय करण-कारणाय तरण-तारणाय सात्त्विक-दैवताय तात्त्विक-जीविताय निर्ग्रन्थ-परम-ब्रह्म-हृदयाय योगीन्द्र-प्राणनाथाय त्रिभुवन-भव्य-कुलनित्योत्सवाय विज्ञाना-नन्द-परब्रह्मै-कात्म्यसात्म्य-समाधये हरि-हर-हिरण्यगर्भादि-देवतापरिकलित-स्वरूपाय सम्यक्-श्रद्धेयाय सम्यग्ध्येयाय सम्यक्-शरण्याय सुसमाहित-सम्यक्-स्पृहणी-याय ॥ २ ॥

**અર્થ : ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. તે પરમાત્મા કેવા છે ?

**भूभुर्वः-स्वस्त्रयी-नाथ-मौलि-मन्दार-माला-र्चितक्रम** - જેમના ચરણ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ એ ત્રણે લોકના સ્વામીઓના મુકુટ પર રહેલી કલ્પવૃક્ષની પુષ્પમાલાથી પૂજાયેલા છે.





**सकल-पुरुषार्थ-योनि-निरवद्य-विद्या-प्रवर्तनैक-वीर** - સઘળા પુરુષાર્થનું મૂળ સ્થાનરૂપ નિરવદ્ય વિદ્યાને પ્રવર્તાવવા માટે એક વીર.

**नमः-स्वस्ति-स्वधा-स्वाहा-वषडर्थै-कान्त-शान्त-मूर्त्ति** - નમઃ, સ્વસ્તિ, સ્વધા, સ્વાહા, વષટ્‌ને માટે એકાન્તે શાંત મૂર્તિસ્વરૂપ.

**भवद्-भावि-भूत-भावा-वभासिन्** - વર્તમાન, ભવિષ્ય અને ભૂત એ ત્રણે કાળના ભાવો જેમાં અવભાસરૂપે - પ્રકાશરૂપે પડેલા છે.

**कालपाश-नाशिन्** - કાલરૂપ પાશને નાશ કરનાર.

**सत्त्व-रजस्तमो-गुणातीत** - સત્ત્વ, રજસ્‌, તમસ્‌ ગુણને ઓળંગી ગયેલા.

**अनन्तगुण** - જેમાં અનંતગુણ છે.

**वाङ्-मनोऽगोचर-चरित्र** - જેમનું ચરિત્ર વાણી અને મનને અગોચર છે.

**पवित्र** - જે પવિત્ર છે.

**करण-कारण** - જે કરણનું કારણ છે.

**तरण-तारण** - જે તરણનું તારણ છે.

**सात्त्विक-दैवत** - જે સાત્ત્વિક દેવતા સ્વરૂપ છે.

**तात्त्विक-जीवित** - જેનું જીવિત તાત્ત્વિક છે.

**निर्ग्रन्थ-परम-ब्रह्म-हृदय** - જે નિર્ગ્રંથોનું પરમબ્રહ્મ સ્વરૂપ હૃદય છે.

**योगीन्द्र-प्राणनाथ** - જે યોગીન્દ્રોના પ્રાણનાથ છે.

**त्रिभुवन-भव्य-कुल-नित्योत्सव** - ત્રણ ભુવનમાં જે ભવ્યજીવોનો સમુદાય છે તેને હંમેશાં ઉત્સવરૂપ છે.

**विज्ञाना-नन्द-परब्रह्मै-कात्म्यसात्म्य-समाधि** - વિજ્ઞાન, આનંદ અને પરબ્રહ્મ એ ત્રણના એકત્વરૂપ આત્મ સમાધિરૂપ જે છે.

**हरि-हर-हिरण्यगर्भादि-देवता-परिकलित-स्वरूप** - જેમનું સ્વરૂપ હરિ-કૃષ્ણ, હર-મહાદેવ અને હિરણ્યગર્ભ દેવોથી ઓળખાયું નથી. અર્થાત્ નહિ કળાયેલું એવું આ સ્વરૂપ છે.

**सम्यक्-श्रद्धेय** - સારી રીતે શ્રદ્ધા કરવા લાયક.

**सम्यग्ध्येय** - સારી રીતે ધ્યાન કરવા યોગ્ય.

**सम्यक्-शरण्य** - સારી રીતે શરણ કરવા લાયક.

**सुसमाहित-सम्यग्-स्पृहणीय** - એકાગ્ર ચિત્તે સમ્યક્ સ્પૃહા કરવા લાયક છે. ઝંખના કરવા લાયક છે.

આ બીજા મંત્રનો શબ્દાર્થ છે.

**રહસ્યાર્થ :**

**भूर्भुवः-स्वस्त्रयी-नाथ-मौलि-मन्दार-माला-र्चित-क्रमाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? ભૂર્ભુવઃ સ્વસ્ત્રયીનાથમૌલિમન્દાર માલાર્ચિતક્રમ છે.

આ પરતત્ત્વ - ત્રણે લોકના સ્વામીઓ, અસુરેન્દ્રો, સુરેન્દ્રો, ચક્રવર્તિ વગેરે નરેન્દ્રોના મુકુટ ઉપર રહેલી મન્દારમાળા - કલ્પવૃક્ષોના પુષ્પોની માળાથી જેના ચરણ પૂજાયા છે.

આ પરતત્ત્વ શરીરધારી નથી, અરૂપી છે પરંતુ દેવેન્દ્રો, અસુરેન્દ્રો, નરેન્દ્રો ભાવ નિક્ષેપે રહેલા પરમાત્માના ચરણમાં નમસ્કાર કરે છે ત્યારે પરમાત્મામાં રહેલા શુદ્ધાત્મદ્રવ્યને મુકુટમાં રહેલી મન્દારમાલા (પ્રતિકરૂપ) થી પૂજે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો પરમાત્માના ચારે નિક્ષેપામાં તેમના શુદ્ધાત્મદ્રવ્યને જુએ છે, પૂજે છે, ધ્યાવે છે. એ રીતે દર્શન - પૂજન ધ્યાન કરવાથી જ સ્વ આત્માનું શુદ્ધ સ્વરૂપ સ્મરણમાં આવે છે અને પરતત્ત્વના આલંબન દ્વારા પ્રગટ કરે છે.

**सकल-पुरुषार्थ-योनि-निरवद्य-विद्या-प्रवर्तनैक-वीराय** -
વળી આ પરતત્ત્વ કેવું છે ? સકલપુરુષાર્થયોનિ નિરવદ્ય વિદ્યાનું પ્રવર્તન કરવામાં એક વીર છે.

સઘળા પુરુષાર્થનું મૂળ ઉત્પત્તિ સ્થાન આત્મદ્રવ્ય છે. પરંતુ જે પુરુષાર્થનું પ્રવર્તન જે વિદ્યાથી થાય છે તે વિદ્યા આ શુદ્ધાત્મદ્રવ્યમાં નથી. આ શુદ્ધાત્મદ્રવ્ય તો સકલ પુરુષાર્થની યોનિ જ નિરવદ્ય વિદ્યા - શુદ્ધ વિદ્યા છે. તેનું પ્રવર્તન કરવામાં એક વીર છે. પરાક્રમવાળું છે.

આત્મામાં બેય વિદ્યા છે સાવદ્ય અને નિરવદ્ય.

પુરુષાર્થ એટલે પુરુષ - આત્મા - અર્થ તેનું પ્રયોજન. આત્માનું પ્રયોજન તે પુરુષાર્થ.

પુરુષાર્થ ચાર છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. તેમાં બે હેય છે બે ઉપદેય છે. જે હેય-છે તે સાવદ્ય વિદ્યાના પ્રવર્તનથી સધાય છે. જે ઉપાદેય છે તે નિરવદ્યવિદ્યાના પ્રવર્તનથી સધાય છે.

પરતત્ત્વ નિષ્ક્રિય છે માટે નિરવદ્ય વિદ્યાનું પણ પ્રવર્તન તે કરતું નથી પરંતુ શુદ્ધ પર્યાય યુક્ત હોવાથી સહજભાવે નિરવદ્ય વિદ્યાનું પ્રવર્તન થઈ રહ્યું છે. જેના દ્વારા મુક્તાવસ્થાના આનંદનો વિલાસ થાય છે. માટે તેની તેમાં વીરતા છે એમ બતાવવામાં આવ્યું છે. શુદ્ધ પર્યાય શુદ્ધ વિદ્યાનું પ્રવર્તન કરે છે. આ વિદ્યાથી સકલ પુરુષાર્થનું મૂળ કારણ મોક્ષ છે તેના માટેની શુદ્ધ - નિરવદ્ય વિદ્યાને પ્રવર્તાવવામાં એક વીર છે.

**नमः-स्वस्ति-स्वधा-स्वाहा-वषऽथैं-कान्त-शान्त-मूर्त्तये** -
વળી આ પરતત્ત્વ કેવું છે ? નમઃસ્વસ્તિસ્વધાસ્વાહાવષટ્‌ને માટે એકાન્તે શાન્ત મૂર્તિમાન છે.

નમઃ સ્વસ્તિ સ્વધા સ્વાહા વષટ્ આ બધા મંત્રના બીજાક્ષરો છે. नमः - સંપત્તિકર બીજ છે, स्वस्ति - કલ્યાણકર બીજ છે, स्वधा - તુષ્ટિકર બીજ છે અને वषट् - વશ્યકર બીજ છે. આ પાંચે બીજાક્ષરોનું મૂર્તિમાન સ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્ય છે તે પણ એકાન્તે શાન્ત છે. એટલે આ પરતત્ત્વમાં જ પાંચે બીજો એકાન્તે શાન્ત છતાં મૂર્તિમાન સ્વરૂપે છે. આ બીજો તો અક્ષરરૂપે છે પરંતુ તે બીજોનું મૂર્તિમાન્ સ્વરૂપ પરતત્ત્વ છે. પણ તે એકાન્તે શાન્ત છે. તેથી બીજાક્ષરની જેમ તે કાંઈ કરતું હોય તેમ અનુભવાય નહિ. પણ આ પરતત્ત્વ સંપત્તિકર, તુષ્ટિકર, પુષ્ટિકર, વશ્યકર, સ્વસ્તિકર છે. જે તેની સેવના કરે છે તે અનુભવે છે.

**भवद्-भावि-भूत-भावा-वभासिने** - વળી આ પરતત્ત્વ કેવું છે ? ભવદ્ભાવિભૂતભાવનું અવભાસિ છે. શુદ્ધાત્મદ્રવ્યમાં વર્તમાન, ભવિષ્ય અને ભૂતકાળના સઘળા ભાવો અવભાસિત - પ્રકાશિત છે. અર્થાત્ શુદ્ધાત્મદ્રવ્ય ભાવોને પ્રકાશનારું છે કારણ કે તે આત્મદ્રવ્ય શુદ્ધ-નિર્મળ છે, માટે તેમાં ત્રણે કાળના ભાવો પ્રતિબિંબિત થાય છે. સકલ વિશ્વનું અરીસાની જેમ તેમાં પ્રતિબિંબ પડે છે.

**कालपाश-नाशिने** - વળી આ પરતત્ત્વ કેવું છે ? કાલ પાશ નાશી છે. શુદ્ધાત્મદ્રવ્યને કાળનું બંધન નથી. પરતત્ત્વ સ્વરૂપને કોઈ કાળ નડતો નથી. સ્વતંત્ર છે માટે તેમને કાળનું પાશ-બંધન નષ્ટ થઈ ગયું છે અર્થાત્ ત્રિકાલાબાધિત છે, એટલે કોઈ કાળ તેને સ્પર્શતો નથી. કાળના બંધન રહિત છે, ત્રણે કાળમાં અબાધિત છે.

**सत्त्व-रजस्तमो-गुणातीताय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? સત્ત્વ, રજસ્, તમસ્ ગુણને ઓળંગી ગયેલું છે. સાત્ત્વિક, રાજસિક અને તામસિક ગુણોથી અતીત આ શુદ્ધાત્મદ્રવ્ય છે. તેથી તે નિર્ગુણી છે.

**अनन्तगुणाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? અનંતગુણ સ્વરૂપ છે. શુદ્ધાત્મદ્રવ્ય અને ગુણ બંને જુદા નથી, ઐક્યતાને પામેલા હોવાથી અનંતગુણનો સમૂહ તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે. માટે તે અનંતગુણ સ્વરૂપ છે.

**वाङ्-मनोऽगोचर-चरित्राय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? વાઙ્મનોઽગોચરચરિત્રવાળું છે. આ શુદ્ધાત્મદ્રવ્ય વાણી અને મનનો વિષય બની શકતું નથી, મન વચનથી અગોચર છે. તે કેવળ આત્માનુભવનો વિષય બની શકે છે. અર્થાત્ યોગીઓ નિર્વિકલ્પ ધ્યાનમાં આત્માનુભવ કરી શકે છે પણ તેનું ચરિત્ર તો કેવલી ભગવંતો જ્ઞાનથી જ જાણી શકે છે. પણ તે મન વચનનો વિષય બનતું નથી અર્થાત્ તેનું ચરિત્ર મનથી ચિંતવી શકાતું નથી, વચનથી કહી શકાતું નથી તેવું અગોચર એ શુદ્ધાત્મદ્રવ્ય છે.

**पवित्राय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? પવિત્ર છે. તે એવું પવિત્ર છે કે જે તે તત્ત્વને મનથી કે વચનથી સ્પર્શ કરે છે તે પણ પવિત્ર બની જાય છે અને જે આત્માથી સ્પર્શે છે તે તો તે સ્વરૂપે પવિત્ર બની જાય છે. શુદ્ધાત્મદ્રવ્યને કોઈ કર્મરૂપ મલ સ્પર્શતો નથી, સ્પર્શ્યો પણ નથી તેથી તે તો ત્રણે કાળ પવિત્ર જ છે. માટે જ જે કર્મમલથી મલીન છે તે તેના સ્પર્શથી પવિત્ર બને છે. અશુદ્ધ પર્યાયમાં રહેલો આત્મા મલીન છે. તે પોતાની સત્તાએ રહેલી શુદ્ધ પર્યાયને ઉપયોગથી સ્પર્શે તો પવિત્ર બને છે. અર્થાત્ જેને શુદ્ધ પર્યાય પ્રગટી છે તેનું આલંબન લે તો પવિત્ર બને છે.

**करण-कारणाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? કરણનું કારણ છે કરણ એટલે સાધન તેનું પણ આ પરતત્ત્વ કારણ છે.

પર્યાયો માત્ર સાધન છે તેનું કારણ શુદ્ધાત્મદ્રવ્ય છે પરમાત્માના ત્રણે નિક્ષેપા (નામ, સ્થાપના, ભાવ) તે પર્યાય છે તેનું કારણ

શુદ્ધાત્મદ્રવ્ય છે. માટે કરણરૂપ (સાધનરૂપ - નિમિત્તરૂપ) પર્યાયો છે તેનું કારણ તેમનું દ્રવ્ય છે તે શુદ્ધાત્મદ્રવ્ય છે.

**तरण-तारणाय** - વળી પરતત્ત્વ કેવું છે ? તરણનું તારણ છે. જે તરતું હોય તેને તારવાનું કામ કરે છે - તારનારું છે. જો કે નિષ્ક્રિય એવું આ શુદ્ધાત્મદ્રવ્ય તારવાની કાંઈ ક્રિયા કરતું નથી, પણ જેમ માછલીને જળમાં તરવા માટે જળ નિમિત્ત છે તેમ ભવસમુદ્રને તરણમાં તારણરૂપ શુદ્ધાત્મદ્રવ્ય છે. અર્થાત્ આ ભવસમુદ્રથી તરવામાં નિમિત્તરૂપ છે. માટે તરણનું તારણ આ તત્ત્વ છે.

**सात्त्विक-दैवताय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? સાત્ત્વિક દૈવત સ્વરૂપ છે એટલે સત્તારૂપ દૈવત છે. શુદ્ધાત્મદ્રવ્ય - કેવળ આત્મદ્રવ્ય તે શક્તિરૂપ છે માટે તેની સત્તા છે એજ એનું શક્તિ સ્વરૂપ છે આત્મા પરમાત્મા સ્વરૂપ છે તે દેવ સ્વરૂપ છે પરંતુ આ પરતત્ત્વ પર્યાયની ગૌણતાથી જોવાય છે ત્યારે દ્રવ્ય એ શક્તિસ્વરૂપ સત્તાથી ઓળખાય છે માટે પરતત્ત્વનું દૈવત (દેવતા સ્વરૂપ) સત્તા (શક્તિ) સ્વરૂપ છે. માટે શુદ્ધાત્મદ્રવ્યનું સાત્ત્વિક (સત્તારૂપ) દૈવત (દેવતાસ્વરૂપ) છે.

**तात्त्विक-जीविताय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? તાત્ત્વિક જીવિત છે. આ પરતત્ત્વનું જીવિત (જીવવું) તાત્ત્વિક છે. પરતત્ત્વનું જીવિત સત્‌રૂપે અખંડ અવિનાશી હોવાથી તાત્ત્વિક (રહસ્યાત્મક) છે. અર્થાત્ તાત્ત્વિક એટલે તે પણાથી તેનું અસ્તિત્વ છે તે જ તેનું જીવિત છે માટે શુદ્ધાત્મદ્રવ્ય તાત્ત્વિક જીવિતરૂપ છે.

**निर्ग्रन्थ-परम-ब्रह्म-हृदयाय** - વળી પરતત્ત્વ કેવું છે? નિગ્રન્થપરમબ્રહ્મહૃદય છે. જેની રાગદ્વેષની ગ્રન્થિ નીકળી ગઈ છે. અર્થાત્ સમ્યગ્‌દૃષ્ટિ વગેરેને આ શુદ્ધાત્મદ્રવ્ય પરમ બ્રહ્મરૂપ હૃદય છે. અર્થાત્ નિર્ગ્રંથોનું તો આ પરમબ્રહ્મસ્વરૂપહૃદય છે. પ્રાણ છે જેમ

હૃદય-પ્રાણ વિના જીવી ન શકાય તેમ નિર્ગ્રંથોની નિર્ગ્રંથતા આ પરમબ્રહ્મસ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્યરૂપ પ્રાણ સિવાય ટકી શકતી નથી. માટે નિર્ગ્રંથો સદા પરબ્રહ્મ સ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્યમાં લીન રહે છે. માટે નિર્ગ્રંથોનું તે હૃદય છે અથવા જેમાંથી રાગદ્વેષ ટળી ગયા છે એવા પરમબ્રહ્મસ્વરૂપનું આ શુદ્ધાત્મદ્રવ્ય રહસ્ય છે.

**योगीन्द्र-प्राणनाथाय** - પુનઃ કેવા પ્રકારનું આ પરતત્ત્વ છે ? યોગીન્દ્રો, ભગવંતો વગેરેના પ્રાણનાથ એવું આ તત્ત્વ છે એટલે કે તેમના પરમાત્મ સ્વરૂપને જીવાડનાર આ દ્રવ્ય નાથના સ્થાને છે માટે યોગીન્દ્રોના પ્રાણનાથ છે અથવા યોગીન્દ્રો-યોગીઓમાં ઈન્દ્ર જેવા જેઓ છે તેમના પ્રાણ જે યોગ સાધના છે તેના નાથ. યોગનું યોગક્ષેમ કારક આ પરતત્ત્વ છે.

**त्रिभुवन-भव्य-कुल-नित्योत्सवाय** – વળી આ પરતત્ત્વ કેવું છે ? ત્રિભુવનભવ્યકુલનિત્યઉત્સવ છે. ત્રણ ભુવનમાં જે ભવ્યજીવો છે સિદ્ધ થવાને યોગ્ય છે તે જીવોના સમુદાયને આ પરતત્ત્વ હંમેશાં ઉત્સવરૂપ છે. કારણ જે ભવ્યજીવો છે તેને પરતત્ત્વ પર બહુમાન વગેરે થાય છે. જેથી આ તેમના જીવનમાં હંમેશાં ઉત્સવરૂપ બને છે તેનું સ્મરણ પણ આનંદ ઉપજાવે છે માટે ભવ્યકુલને હંમેશાં ઉત્સવ છે.

**विज्ञाना-नन्द-परब्रह्मै-कात्म्यसात्म्य-समाधये** - વળી આ તત્ત્વ કેવું છે ? વિજ્ઞાનાનન્દપરબ્રહ્મૈકાત્મ્યસાત્મ્ય સમાધિ છે.

વિજ્ઞાન-આનન્દ અને પરબ્રહ્મની એકતારૂપ આત્મ સમાધિ સ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્ય છે. અર્થાત્ વિજ્ઞાન, આનંદ અને પરબ્રહ્મ એ ત્રણેની એકતારૂપ - એક સ્વરૂપ જે આત્મસમાધિ છે તે રૂપ શુદ્ધાત્મદ્રવ્ય છે.

આત્માની સમાધિ એટલે આત્માને અવ્યક્ત ચિન્માત્રમાં ધારી રાખનારું - ધારણ કરી રાખનારું આ દ્રવ્ય છે. સત્ ચિત્ આનંદ એ જ વિજ્ઞાન આનન્દ અને પરબ્રહ્મ છે. તે ત્રણેની એકતા એટલે એ ત્રણે એક સ્વરૂપ અનુભવાય ત્યારે આત્મ સમાધિ જેને અવ્યક્ત ચિન્માત્ર સમાધિ કહેવાય છે તે પ્રાપ્ત થાય છે. આ સમાધિ સ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્યનું છે. માટે આ પરતત્ત્વ વિજ્ઞાનાનન્દપરબ્રહ્મૈકાત્મ્યસાત્મ્ય સમાધિરૂપ છે.

**हरि-हर-हिरण्यगर्भादि-देवता-परिकलित-स्वरूपाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? હરિહરહિરણ્યગર્માદિ દેવતાપરિકલિત સ્વરૂપ છે. હરિ - કૃષ્ણ, હર-મહાદેવ અને હિરણ્યગર્ભદેવતા જે મોટા દેવો જગતમાં પ્રસિદ્ધિને પામેલા છે તે દેવોથી પણ અપરિકલિત જેનું નહિ કળાયેલું સ્વરૂપ છે અર્થાત્ આવા દેવો જે પોતાને જગતમાં ભગવાન તરીકે પૂજાવે છે તેઓ પણ આ પરતત્ત્વના સ્વરૂપને કળી શક્યા નથી.

તેવું આ શુદ્ધાત્મદ્રવ્ય કેવું છે ?

**सम्यक्-श्रद्धेयाय** - સારી રીતે શ્રદ્ધા કરવા યોગ્ય છે.

**सम्यग्ध्येयाय** - સારી રીતે ધ્યાન કરવા યોગ્ય છે એટલે આવા સ્વરૂપવાળા શુદ્ધાત્મદ્રવ્યને ઉપયોગમાં લાવીને એકાગ્ર થવા યોગ્ય છે.

**सम्यक्-शरण्याय** - સારી રીતે શરણ કરવા લાયક છે એટલે બીજી આળપંપાળ છોડીને તેનું જ શરણું લેવા જેવું છે.

**सुसमाहित-सम्यक्-स्पृहणीयाय** - સારી રીતે સમાહિત ચિત્તે એકાગ્રચિત્તે સ્પૃહા કરવા યોગ્ય છે અર્થાત્ ઝંખના કરવા યોગ્ય છે. આ શુદ્ધાત્મદ્રવ્યનું જ નિરંતર રટન કરવા યોગ્ય છે જે સોઽહં પદની રટનાથી થઈ શકે છે. આ રટના માટે શ્રદ્ધા, ધ્યાન, શરણ અને

ઝંખના પણ તે શુદ્ધાત્મદ્રવ્યની જ કરવાની છે કારણ કે જગતમાં શ્રદ્ધેય, ધ્યેય, શરણ્ય અને સ્પૃહણીય હોય તો આ જ એકતત્ત્વ છે તેનું શ્રદ્ધાન, ધ્યાન, શરણ અને સ્પૃહા કરનાર તે તત્ત્વને પ્રગટ કરી શકે છે.

**અહીં સુધી આત્મદ્રવ્યની ધ્રુવસત્તાને મુખ્ય રાખીને પરમાત્માની સ્તવના કરી છે. હવે આત્મદ્રવ્યની અવાન્તરસત્તાને લક્ષ્યમાં રાખીને સ્વતના કરે છે.**

અવાન્તરસત્તામાં પંચ પરમેષ્ઠિ આદિ તેમાં બે પ્રકાર પડે છે. એક શુદ્ધ પર્યાય પ્રાપ્ત કરે છે, બીજું શુભ - અશુભ પર્યાય ગ્રહણ કરે છે.

શુદ્ધ પર્યાય પ્રગટ છે તે સિદ્ધાત્માની પર્યાય, શુદ્ધ શુભ પર્યાય છે તે અરિહંત પરમાત્માની પર્યાય. અરિહંત પરમાત્માની શુભકર્મના ઉદયથી અને ઘાતિ કર્મના ક્ષયથી પ્રગટેલી પર્યાય છે.

ધ્રુવસત્તામાં આત્મદ્રવ્યની નિષ્ક્રિયતા વિચારાય છે કેમ કે કેવળ દ્રવ્યની વિચારણા છે કેવળ દ્રવ્ય કાંઈ કરતું નથી. અવાન્તરસત્તામાં દ્રવ્યની સક્રિયતા વિચારાય છે કેમ કે આ સત્તામાં ગુણ પર્યાયયુક્ત દ્રવ્યની વિચારણા છે. પર્યાયયુક્ત દ્રવ્ય સક્રિય છે.

સિદ્ધ પરમાત્મા પણ જ્ઞાન ગુણથી જોવાની જાણવાની ક્રિયા કરે છે માટે તેમની શુદ્ધ પર્યાયના કારણે સિદ્ધાત્મા સક્રિય છે.

અરિહંત પરમાત્મા પણ જ્ઞાનાદિ ગુણથી જોવાની જાણવાની ક્રિયા કરે છે અને તીર્થંકર નામ કર્મરૂપ શુભ કર્મના ઉદયથી તીર્થસ્થાપના વગેરે ક્રિયા કરે છે માટે હવે અરિહંત તથા સિદ્ધ પરમાત્માની સ્તવના દ્રવ્યની શુદ્ધ અને શુભ પર્યાયને લક્ષ્યમાં રાખીને કરવામાં આવી છે.



मूल - ॐ नमोऽर्हते भगवते आदिकराय तीर्थंकराय स्वयंसंबुद्धाय पुरुषोत्तमाय पुरुषसिंहाय पुरुषवरपुण्डरीकाय पुरुषवर-गन्धहस्तिने लोकोत्तमाय लोकनाथाय लोकहिताय लोकप्रदीपाय लोकप्रद्योतकारिणे अभयदाय दृष्टिदाय मुक्तिदाय मार्गदाय बोधिदाय जीवदाय शरणदाय धर्मदाय धर्मदेशकाय धर्मनायकाय धर्मसारथये धर्म-वर-चातुरन्तचक्रवर्तिने व्यावृत्तच्छद्मने अप्रतिहत-सम्यग्ज्ञान-दर्शन-सद्मने ॥३॥

**અર્થ : ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ. તે પરમાત્મા કેવા છે ?

**भगवान** - ભગવાન છે.

**आदिकर** - ધર્મની આદિ કરનારા છે.

**तीर्थंकर** - તીર્થને કરનારા છે.

**स्वयंसंबुद्ध** - સ્વયં પોતાનીમેળે બોધ પામેલા છે.

**पुरुषोत्तम** - પુરૂષોને વિષે ઉત્તમ છે.

**पुरुषसिंह** - પુરુષોને વિષે સિંહ જેવા છે.





**पुरुषवरपुण्डरीक** - પુરુષોને વિષે પુંડરીકકમળ સમાન છે.

**पुरुषवर-गन्धहस्ति** - પુરુષોને વિષે ગન્ધહસ્તિ સમાન છે.

**लोकोत्तम** - લોકને વિષે ઉત્તમ છે.

**लोकनाथ** - લોકના નાથ છે.

**लोकहित** - લોકનું હિત કરનારા છે.

**लोकप्रदीप** - લોકને વિષે પ્રદીપ છે.

**लोकप्रद्योतकारी** - લોકમાં પ્રદ્યોતને કરનારા છે.

**अभयद** - અભય આપનારા છે.

**दृष्टिद** - દૃષ્ટિને આપનારા છે.

**मुक्तिद** - મુક્તિને આપનારા છે.

**मार्गद** - માર્ગને આપનારા છે.

**बोधिद** - બોધિને આપનારા છે.

**जीवद** - જીવન આપનારા છે.

**शरणद** - શરણને આપનારા છે.

**धर्मद** - ધર્મને આપનારા છે.

**धर्मदेशक** - ધર્મને બતાવનારા છે.

**धर्मनायक** - ધર્મના નાયક છે.

**धर्मसारथि** - ધર્મના સારથિ છે.

**धर्म-वर-चातुरन्तचक्रवर्ति** - ધર્મના શ્રેષ્ઠ ચાતુરન્ત ચક્રવર્તિ છે.

**व्यावृत्त-च्छद्म** - જેમનું છદ્મ ટળી ગયું છે.

**अप्रतिहत-सम्यग्ज्ञान-दर्शन-सद्म** - જે અપ્રતિહત એવા સમ્યગ્-જ્ઞાન-દર્શનના ઘર છે.

**રહસ્યાર્થ :-**

હવે અરિહંત પરમાત્માની સ્તુતિ કરતાં કહે છે કે **नमोऽर्हते भगवते** અરિહંત પરમાત્માને નમસ્કાર હો.

તે પરમાત્મા કેવા છે ?

**आदिकराय** - ધર્મની આદિને કરનારા છે. ધર્મ અનાદિકાળથી પ્રવાહથી ચાલ્યો આવે છે છતાં તે તે કાળમાં તે ધર્મની શરૂઆત અરિહંત પરમાત્માઓ કરે છે. અઢાર કોડાકોડી સાગરોપમથી જે ધર્મનો વિરહ હતો તેની આદિ-શરૂઆત કરનાર આદિનાથ તીર્થંકર ભગવાન હતા. ત્યારબાદ આ ભરત ક્ષેત્રમાં અજિતનાથ આદિ ત્રેવીસ તીર્થંકર ભગવંતોએ ધર્મની આદિ - શરૂઆત કરી છે તેથી જેટલા તીર્થંકર ભગવંતો છે તે સઘળા આદિકર કહેવાય છે.

તીર્થંકર પરમાત્માના આ બધા વિશેષણો તેમની ભાવ પરોપકારિતાને બતાવનાર છે કારણ કે તેઓ પરોપકાર ગુણના ભંડાર છે. તેમના આત્મદ્રવ્યમાં અનાદિકાળથી આ અવાન્તરસત્તા પડેલી હતી તે પ્રગટ થતાં સક્રિય બની. તેમની સક્રિયતા જગતના જીવોના ઉપકારરૂપ છે કેમકે અરિહંત પરમાત્માના દ્રવ્યનો આ સહજ સ્વભાવ છે. જ્યારે તે સત્તા પ્રગટે છે ત્યારે પ્રગટ સક્રિયતા હોય છે. જ્યારે અપ્રગટ હોય ત્યારે પરોપકાર ક્રિયા અપ્રગટ હોય છે. જ્યારે તીર્થંકર નામ કર્મનો ઉદય હોય છે ત્યારે ત્રીજા ભવમાં સવિ-જીવ કરું શાસન રસી એ ભાવનાથી નિકાચિત કરેલા તે કર્મનો ઉદય થતાં જીવોનો ઉપકાર કરવા માટેની સઘળી બાહ્ય અભ્યંતર સામગ્રી પ્રાપ્ત થાય છે અને સમવસરણમાં બેસી દેશના આપે છે, જીવો બોધ પામી ધર્મ પામે છે. તેથી ધર્મના આદિકર તીર્થંકર પરમાત્મા છે.

**તીર્થંકરાય** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? અરિહંત પરમાત્મા તીર્થને કરનારા છે. પરમાત્મા દેશના આપીને ધર્મનો બોધ આપે છે પણ એ ધર્મને ચલાવવા માટેની વ્યવસ્થા શું ? તો તેના માટે તીર્થની-ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે કારણ કે ધર્મ બે પ્રકારનો બતાવ્યો છે. સાધુ ધર્મ (સર્વવિરતિ ધર્મ) અને શ્રાવક ધર્મ (દેશવિરતિ ધર્મ). સાધુ ધર્મને સ્વીકારનારા પુરુષ અને સ્ત્રી વર્ગને શ્રમણ અને શ્રમણી તરીકે સ્થાપે છે અને શ્રાવક ધર્મને સ્વીકારનારા પુરુષ અને સ્ત્રી વર્ગને શ્રાવક અને શ્રાવિકા તરીકે સ્થાપે છે. આ રીતે સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે તેને તીર્થ કહેવાય છે. તેને કરનારા છે માટે તીર્થંકર છે.

**સ્વયંસંબુદ્ધાય** - પુનઃ અરિહંત પરમાત્મા કેવા છે ? સ્વયંસંબુદ્ધ છે પોતાની મેળે સમ્યક્ બોધ પામેલા છે. અનેક ભવની સાધના તે પણ પરોપકારની ભાવના સાથે કરેલી છે. જેથી આ છેલ્લા ભવમાં સ્વયં સંબુદ્ધ થયા. પોતાની મેળે જ આત્મા જાગી ગયો. તેમને બીજાંના કરેલા બોધની જરૂર પડતી નથી. પોતે જ જગત્‌ગુરુ થાય છે. અનેક ભવોમાં ગુરુની સેવા કરીને એવી સાધના કરી કે હવે તેમને ગુરુની કે ગુરુના બોધની જરૂર નથી. અર્થાત્ તીર્થંકર પરમાત્માનું આત્મતત્ત્વ એવું છે કે તે પોતે સ્વયં સંબુદ્ધ થાય છે.

**પુરુષોત્તમાય** - વળી પરમાત્મા કેવા છે ? પુરુષોત્તમ છે. પુરુષોમાં ઉત્તમ છે. અધમાધમ, અધમ, મધ્યમ, વિમધ્યમ, ઉત્તમ, ઉત્તમોત્તમ એમ જગતમાં છ પ્રકારના પુરુષો (આત્માઓ) હોય છે. તેમાં તીર્થંકર પરમાત્મામાં ઉત્તમોત્તમનું લક્ષણ ઘટે છે. ઉત્તમતા ગુણોથી ગણાય છે. પરમાત્મામાં વ્યવહારિક ગુણો પણ સૌથી ટોચના હોય છે. જેની સમાનતામાં આ જગતમાં બીજો કોઈ આત્મા

આવી શકતો નથી. સામાન્ય પુરુષમાં તો તેમના ગુણનો એક અંશ હોય તો પણ ઉત્તમ ગણાય છે. અર્થાત્ પરમાત્માના ગુણો પછી આગળ કોઈ વિશેષ ગુણો નથી. ઔચિત્યતા, નમ્રતા વિગેરે વિવિધ ગુણો જે વ્યવહારિક જીવનમાં આકર્ષણ કરનારા છે તે ગુણો પરમાત્મામાં સૌથી ટોચના હોવાથી ઉત્તમોત્તમ પુરુષોમાં તેમની ગણના થાય છે માટે પ્રભુ પુરુષોત્તમ છે.

**पुरुषसिंहाय** - વળી પરમાત્મા કેવા છે ? પુરુષસિંહ છે પુરુષોમાં સિંહ જેવા છે. સિંહની ઉપમા તેના પરાક્રમ ગુણથી આપી છે. સિંહ વનનો રાજા છે તે કોઈથી ડરે નહિ પણ નિર્ભય રીતે ફરે. તેમ પરમાત્મા કર્મોથી ડરતા નથી પરંતુ પોતાના પરાક્રમથી કર્મોનો નાશ કરે છે અને વિજય મેળવે છે. સામાન્ય પુરુષો કર્મથી પરાભવ પામેલા કર્મને આધીન બની જાય છે. નિર્બળ બનેલા તેને આધીન જીવન જીવે છે. જ્યારે પરમાત્મા તેનો નાશ કરી પોતાની સત્તા (આત્મસત્તા) સ્થાપે છે. તેવું આત્મપરાક્રમ હોવાથી પુરુષોમાં સિંહ જેવા છે.

**पुरुषवरपुण्डरिकाय** - વળી પરમાત્મા કેવા છે ? પુરુષવર-પુન્ડરીક છે. પરમાત્મા પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીકકમળ સમાન છે. જેમ કમળોમાં પુંડરીકકમળ શ્રેષ્ઠ છે કેમ કે તેની સુગંધી, કોમળતા વગેરે વિશેષ પ્રકારે હોવાથી બધા કમળોમાં પુંડરીકકમળ શ્રેષ્ઠ છે. તેમ તીર્થંકર પરમાત્મા સામાન્ય પુરુષોમાં શ્રેષ્ઠતાને વરેલા છે. જેમ પુંડરીકકમળ આગળ બીજા કમળો નિસ્તેજ અલ્પ સુગંધીવાળા દેખાય છે તેમ પરમાત્માની આગળ સામાન્ય પુરુષો ગુણની અલ્પતાના કારણે નિસ્તેજ લાગે છે માટે પરમાત્મા પુરુષોમાં શ્રેષ્ઠ પુંડરીકકમળ સમાન છે.

**पुरुषवर-गन्धहस्ति** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? પુરુષવરગન્ધહસ્તિ છે પરમાત્મા પુરુષોને વિશે શ્રેષ્ઠ ગન્ધહસ્તિ સમાન છે. ગન્ધહસ્તિ આગળ બીજા હાથીઓ ઊભા રહી શકતા નથી. અર્થાત્ ગન્ધહસ્તિના મદની સુગંધીથી પણ સામાન્ય હાથીઓ નાસી જાય છે તેમ પરમાત્માની આગળ કુવાદિઓ ટકી શકતા નથી. તેમના અસ્તિત્વ માત્રથી તેઓ દૂર ભાગી જાય છે.

**लोकोत्तमाय** - વળી પરમાત્મા કેવા છે ? લોકને વિષે ઉત્તમ છે. લોક એટલે ચૌદ રાજલોક અથવા ત્રણ લોક. (સ્વર્ગ, મૃત્યુ, પાતાળ) તેમાં સૌથી ઉત્તમ હોય તો અરિહંત પરમાત્મા છે. ત્રણ લોકમાં તીર્થંકર પરમાત્માનો જોટો નહિ મળે. ત્રણ લોકમાં અનેક પદાર્થો છે તેમાં ઉત્તમમાં ઉત્તમ જો કોઈ હોય તો તીર્થંકર પરમાત્મા છે.

**लोकनाथाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? નાથ એટલે યોગ અને ક્ષેમ કરે તે: યોગ એટલે અપ્રાપ્ત વસ્તુને મેળવી આપે અને ક્ષેમ એટલે જે પ્રાપ્ત વસ્તુ છે તેનું રક્ષણ કરે તે. યોગ અને ક્ષેમ કરે તે નાથ. સામાન્ય માણસો પોતાના કુટુંબનું યોગ ક્ષેમ કરે છે તો તે કુટુંબનો વડો કહેવાય છે પરંતુ પરમાત્માને તો 'વસુધૈવ-કુટુમ્બકમ્' સમગ્ર પૃથ્વી ઉપર રહેલા જીવો કુટુંબ છે. સમગ્ર જીવ-રાશિને પોતાની માની છે એટલે ત્રણ લોકના જીવોનું યોગ અને ક્ષેમ કરનારા હોવાથી લોકનાથ છે.

**लोकहिताय** - વળી પરમાત્મા કેવા છે ? લોકનું હિત કરનારા છે. બીજાનું હિત પરોપકારથી થાય છે. પરમાત્મા ષડ્જીવનિકાયનું હિત કરનારા છે. ષડ્જીવનિકાયથી ભરેલો આ લોક છે તે ષડ્જીવનિકાય ઉપર પરમાત્માનો 'સવિ જીવ કરું શાસન રસી' એ ભાવનાથી સતત ભાવોપકાર છે. તેથી પરમાત્મા પોતે જ લોક હિત

છે કેમ કે ભાવોપકારમય જેમનું ચૈતન્ય નિરંતર ધબકી રહ્યું છે તે જ લોકહિત છે.

**लोकप्रदीपाय** - વળી પરમાત્મા કેવા છે ? પરમાત્મા લોકને પ્રકાશિત કરવામાં પ્રદીપ સમાન છે. પરમાત્માએ લોકને કેવળજ્ઞાનથી જોયા પછી આપણી આગળ પ્રકાશિત કર્યો છે. આપણે ષડ્ દ્રવ્યરૂપ લોકને જોયો નથી પરંતુ પરમાત્માએ પ્રદીપ સમાન બનીને આપણને તે પદાર્થો દેખાડ્યા છે અથવા લોકના પ્રદીપ પરમાત્મા છે. ત્રણે લોકને પરમાત્માએ પોતાના જ્ઞાન દ્વારા આપણી સામે પ્રકાશિત કર્યો છે. માટે પરમાત્મા લોક પ્રદીપ છે.

**लोकप्रद्योतकारिणे** - વળી પરમાત્મા કેવા છે ? લોકનો પ્રદ્યોત કરનારા છે. દ્યોત એટલે પ્રકાશવું. ચંદ્રની જેમ લોકને ઠંડક આપનાર અરિહંત પરમાત્મા હોવાથી તે લોક પ્રદ્યોતકારી છે. ચંદ્રનો પ્રકાશ જેમ લોકોને ઠંડક આપનાર હોવાથી આલ્હાદ ઉપજાવે છે તેમ અરિહંત પરમાત્માનો જ્ઞાન પ્રકાશ લોકોના સંતાપને હરનાર હોવાથી તેમના આત્માને ઠંડક આપનાર છે માટે જ આલ્હાદ ઉપજાવે છે. તે કારણે અરિહંત પરમાત્મા લોક પ્રદ્યોતકારી છે.

**अभयदाय** - વળી પરમાત્મા કેવા છે ? અભય પદ છે. अभयं ददाति (અભયં દદાતિ) ઈતિ અભયદ. જગતમાં અભયને આપનાર એક પરમાત્મા જ છે. ભય સાત છે ઇહલોક ભય, પરલોક ભય, આજીવિકા ભય, અપયશ ભય, મૃત્યુ ભય, અગ્નિભય, જલભય.

આવા અનેક ભયોનો સમાવેશ કરીને મુખ્ય સાત ભય કહ્યા છે. પરમાત્માનું શરણ પામેલા જીવને આવો કોઈપણ પ્રકારનો ભય હોતો નથી. ઉપરાંત આવા ભયો કોઈપણ તરફથી જીવને ઉભા થયા હોય તો પરમાત્માનું શરણ લેનારને અભય પ્રાપ્ત થાય છે. અર્થાત્ જીવ આવા પ્રકારના કોઈપણ ભયમાં હોય છે તો પરમાત્મા અભય

આપે છે. પરમાત્માના સાનિધ્યમાં રહેનારને કોઈપણ પ્રકારનો ભય સતાવતો નથી અર્થાત્ નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

**દૃષ્ટિદાય** - વળી પરમાત્મા કેવા છે ? પરમાત્મા દૃષ્ટિ આપનારા છે. દૃષ્ટિ એટલે ચક્ષુ. દ્રવ્ય ચક્ષુ તો આપણને પ્રાપ્ત થયા છે પણ ભાવ ચક્ષુ પરમાત્મા આપે છે. દ્રવ્ય ચક્ષુથી વસ્તુ દેખાય છે. ભાવ ચક્ષુથી અગોચર વસ્તુનું દર્શન થાય છે. દૃષ્ટિ બે પ્રકારની છે. (૧) મિથ્યા (૨) સમ્યગ્. આપણામાં જે ઊંધી મિથ્યાદૃષ્ટિ છે તેનો ત્યાગ કરાવીને સાચી દૃષ્ટિ આપે છે. જેથી પદાર્થનું સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્ દૃષ્ટિ પરમાત્મા આપે છે. (દેશના દ્વારા સત્ય વસ્તુનું ભાન કરાવે છે ત્યારે સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે.) તેના વડે અગોચર એવા આત્મા, પુદ્ગલ, પરમાણુ વિગેરેનું ભાન થાય છે. માટે પરમાત્મા દૃષ્ટિદ છે.

**મુક્તિદાય** - વળી પરમાત્મા કેવા છે ? પરમાત્મા મુક્તિને આપનારા છે. જો કે કર્મથી મુક્તિ આત્મા પોતાના પુરુષાર્થથી મેળવે છે પરંતુ તેમાં પુષ્ટ આલંબન અરિહંત પરમાત્મા છે. તે સ્વરૂપથી અને વાણીથી આલંબન આપે છે ત્યારે જ જીવાત્મા પુરુષાર્થ કરે છે. કોઈપણ કાર્ય સિદ્ધિમાં બે કારણ હોય છે. નિમિત્ત અને ઉપાદાન. ઉપાદાન આપણો આત્મા છે પણ જો પુષ્ટ નિમિત્તરૂપ પરમાત્મા ન મળ્યા હોત તો કર્મ મુક્તિરૂપ કાર્ય સિદ્ધ ન થાત. માટે નિમિત્ત કારણરૂપ પરમાત્માએ મુક્તિ આપી હોવાથી તે મુક્તિદ છે.

**માર્ગદાય** - વળી પરમાત્મા કેવા છે ? માર્ગ આપનાર છે. મુક્તિની વાટ બતાવનાર પરમાત્મા હોવાથી માર્ગ આપનાર છે. પોતે જ્ઞાનચક્ષુથી સિદ્ધિનો માર્ગ જોઈને આપણને પણ દેખાડ્યો છે અથવા પોતે તે વાટે ચાલીને બતાવ્યો છે. અર્થાત્ પોતેજ માર્ગ સ્વરૂપ છે કેમ કે ભવ્યાત્માઓને તે માર્ગરૂપ બને છે. તેમનું જીવન

જ માર્ગ છે. તે પ્રમાણે ચાલવાથી મુક્તિની વાટે જઈ શકાય છે. માર્ગ સ્વરૂપ પરમાત્મા આપણને તે સ્વરૂપ પ્રગટ કરવામાં નિમિત્તરૂપ બને છે માટે માર્ગદ છે.

**बोधिदाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? બોધિપદ છે. બોધિ એટલે સાચો બોધ - સમજ. જે સમજમાં સમ્યક્ત્વ હોય તે સાચી સમજ કહેવાય છે. આપણે અત્યાર સુધી અજ્ઞાન અને મિથ્યાત્વ (મોહ)ના કારણે અંધ હતા જેથી રસ્તો જ હાથ આવ્યો ન હતો. જ્યારે અરિહંત ભગવંત મળ્યા ત્યારે તેમણે સાચી સમજ આપી જેથી અજ્ઞાનરૂપી અંધાપો ટળી ગયો. અરિહંત પરમાત્માએ આપણામાં રહેલા મિથ્યાત્વયુક્ત જ્ઞાન કે જેને જ્ઞાન હોવા છતાં અજ્ઞાન કહેવાય છે તેને બોધ આપવા દ્વારા એટલે કે સાચી સમજ આપવા દ્વારા દૂર કરી દીધું માટે પરમાત્મા બોધિદ છે.

**जीवदाय** - વળી પરમાત્મા કેવા છે ? જીવ આપનારા છે. જીવ દશ પ્રાણોને ધારણ કરે છે.જે પ્રાણોને ધારણ કરે તે જીવ. સંસારીજીવ દશ દ્રવ્ય પ્રાણોને ધારણ કરે છે, મુક્તિના જીવ ભાવપ્રાણોને ધારણ કરે છે. દ્રવ્ય અને ભાવ બંને પ્રકારના પ્રાણો પરમાત્માના નિમિત્તે રક્ષાય છે. જીવ પ્રાણોનું રક્ષણ પરમાત્માની વાણીના બોધથી કરી શકે છે. માટે પરમાત્મા જીવદ છે.

**शरणदाय** - વળી પરમાત્મા કેવા છે ? પરમાત્મા શરણ આપનાર છે. આ જગતમાં માતા-પિતા, સ્વજનવર્ગ તથા જડ વસ્તુ છે. તેનું શરણ જીવે લીધું પણ તેઓ જ અશરણ છે માટે શરણ આપી શકતા નથી. શરણ આપવા માટે એક પરમાત્મા જ સમર્થ છે કેમકે તેમનામાં વિશાળતા, વિરાટતા વગેરે અનંતાનંત ગુણો છે. જેથી આખું જગત પોતાનામાં સમાવી લે છે અને સર્વને આશરો આપે છે. જે બીજાને આશ્રયસ્થાન આપે છે તે જ શરણાગતને શરણ

આપી શકે છે. પરમાત્મા સકલ જીવરાશિને પોતાનામાં સ્થાન આપે છે માટે શરણદ છે.

**धर्मदाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? ધર્મ આપનારા છે. પરમાત્માએ સમવસરણમાં બેસીને દેશનામાં બે પ્રકારનો ધર્મ પ્રરૂપ્યો અને ભવ્યજીવોએ તેને ઝીલ્યો. જીવોને ધર્મના સ્વરૂપનું ભાન ન હતું તેનું ભગવાને ભાન કરાવ્યું. ભવ્યજીવોએ યથાશક્તિ સ્વીકાર્યો અને આત્મસ્વરૂપ પ્રગટ કર્યું. માટે દેશવિરતિ અને સર્વવિરતિ ધર્મ દ્વારા પ્રગટ થતો આત્મધર્મ (વસ્તુ સ્વભાવરૂપ) તેને આપનાર અરિહંત પરમાત્મા છે માટે ધર્મદ છે.

**धर्मदेशकाय** - વળી પરમાત્મા કેવા છે ? ધર્મ દેશક છે. પરમાત્માએ ધર્મ બતાવ્યો છે. કેવળજ્ઞાન થયા પછી દેવોએ રચેલા સિંહાસન ઉપર બેસીને પરમાત્મા એ બે પ્રકારનો ધર્મ ઉપદેશ્યો છે. ધર્મના આદિ દેશક પરમાત્મા છે. તે પછી તેમના ગણધરોએ તે ઉપદેશ ઝીલ્યો. ઉપન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા એ ત્રિપદીમાં સમગ્ર વિશ્વનું સ્વરૂપ બતાવ્યું. ગણધર ભગવંતોએ તે રૂપ ઉપદેશ ગ્રહણ કરી આચાર્ય ભગવંતોને તે સ્વરૂપ બતાવ્યું. એ પ્રમાણે પરંપરાએ આપણને ધર્મ જાણવા મળ્યો છે માટે ધર્મના દેશક અરિહંત પરમાત્મા છે.

**धर्मनायकाय** - વળી પરમાત્મા કેવા છે ? ધર્મનાયક છે. કારણ કે સૌથી પ્રથમ ધર્મને સ્વીકારીને પરમાત્માએ આત્મ ધર્મ પ્રગટ કર્યો છે. જે અગ્રેસર હોય તે નાયક કહેવાય. પરમાત્મા ધર્મ પ્રગટ કરવામાં અગ્રેસર હતા માટે ધર્મનાયક છે.

**धर्मसारथये** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? ધર્મરૂપી રથને ચલાવવામાં સારથિ છે. આ રથને દેશવિરતિ અને સર્વવિરતિરૂપ બે ચક્ર છે. એવો આ ધર્મરથ પરમાત્માએ ચલાવ્યો

છે. તથા તીર્થંકર બનીને ધર્મની સ્થાપના કરી અને ધર્મ ચાલુ રહે તે માટે કરેલી ચતુર્વિધસંઘની સ્થાપનાના પોતે સારથિરૂપ બન્યા. જેથી તે ધર્મ પરંપરાએ અદ્યાપિ વિદ્યમાન છે. જેના આધારે જીવો સ્વરૂપ પ્રાપ્તિ માટે ઉદ્યમ કરી રહ્યા છે માટે પરમાત્મા ધર્મ સારથિ છે.

**धर्म-वर-चातुरन्तचक्रवर्तिने** - વળી પરમાત્મા કેવા છે ? ધર્મવરચાતુરન્તચક્રવર્તિ છે. પરમાત્મા ચાર છેડા પર્યંતની પૃથ્વી સુધી ધર્મને ફેલાવ્યો હોવાથી ધર્મ વર ચાતુરન્ત ચક્રવર્તિ છે. જેમ ચક્રવર્તિ સમુદ્ર પર્યંતની ચારે છેડા સુધી પૃથ્વીને સાધે છે અને પોતાની આણ વર્તાવે છે તેમ અરિહંત પરમાત્માએ સમુદ્ર પર્યંતની પૃથ્વી સુધી ધર્મ ફેલાવીને ધર્મ સત્તા સ્થાપી છે, તેવા ચક્રવર્તિ છે.

**व्यावृत्त-च्छद्मने** - વળી પરમાત્મા કેવા છે ? વ્યાવૃત્તછદ્મ છે. જેમને છદ્મસ્થપણું ચાલ્યું ગયું છે અર્થાત્ જેમને છદ્મસ્થતા વિદ્યમાન નથી. જે કારણે તેઓ લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાની થયા છે. તેમનાથી હવે કોઈ વિષય છુપો નથી. જગતના સર્વ ભાવો હાથમાં રહેલા આમળાની જેમ જુએ છે. છદ્મસ્થતામાં જ્ઞાન સત્ય હોતું નથી. કેવળજ્ઞાન થતાં છદ્મસ્થતા ચાલી જાય છે.

**अप्रतिहत-सम्यग्ज्ञान-दर्शन-सद्मने** - વળી પરમાત્મા કેવા છે ? અપ્રતિહતસમ્યગ્જ્ઞાનદર્શનસદ્મ છે. જે અપ્રતિહત સમ્યગ્જ્ઞાનદર્શન ગુણના ઘર છે અર્થાત્ જેમનામાં સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન અપ્રતિહત છે એટલે કે અપ્રતિહત કોઈ કર્મરજથી આવૃત થયેલા નથી માટે જ સમ્યગ્ છે. અર્થાત્ પરમાત્મામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન રહેલા છે. જેના દ્વારા જગતનું સત્ય સ્વરૂપ જાણે છે અને દેખે છે. જગત્ એટલે છ દ્રવ્યથી ભરેલો લોક. કેવળજ્ઞાન કેવળદર્શનથી લોકના સર્વ ભાવોને જાણે છે દેખે છે.

એવા અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.







मूल - ॐ नमोऽर्हते जिनाय जापकाय तीर्णाय तारकाय बुद्धाय बोधकाय मुक्ताय मोचकाय त्रिकालविदे पारङ्गताय कर्माष्टक-निषूदनाय अधीश्वराय शम्भवे जगत्प्रभवे स्वयम्भुवे जिनेश्वराय स्याद्वादवादिने सार्वाय सर्वज्ञाय सर्वदर्शिने सर्वतीर्थो-पनिषदे सर्वपाषण्डमोचिने सर्वयज्ञफलात्मने सर्वज्ञकलात्मने सर्वयोगरहस्याय केवलिने देवादिदेवाय वीतरागाय ॥ ४ ॥

**અર્થ : ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

વળી તે પરમાત્મા કેવા છે ?

**जिन** - રાગ દ્વેષને જીતનારા છે.

**जापक** - રાગ દ્વેષને જીતાડનારા છે.

**तीर्ण** - સંસાર સમુદ્રને તરનારા છે.

**तारक** - સંસાર સમુદ્રથી તારનારા છે.

**बुद्ध** - પોતે સંસાર સ્વરૂપ સમજેલા છે.

**बोधक** - બીજાને બોધ પમાડનારા છે.

**मुक्त** - કર્મથી મુકાયેલા છે.

**मोचक** - બીજાને કર્મથી છોડાવનાર છે.

**त्रिकालविद्** - ત્રણ કાળને જાણનારા છે.

**पारङ्गत** - પાર પામેલા છે.

**कर्माष्टक-निषूदन** - આઠ કર્મનું નિષૂદન - તોડીને સાફ કરે છે.

**अधीश्वर** - ઈશ્વરના પણ ઉપરી છે.

**शम्भू** - શમ્ભુ છે.

**जगत्प्रभु** - જગતના પ્રભુ છે.

**स्वयम्भुवे** - સ્વયંભુ છે.

**जिनेश्वर** - જિનોના ઈશ્વર છે.

**स्याद्वादवादि** - અનેકાન્તને બોલનારા છે.

**सार्व** - સર્વના છે.

**सर्वज्ञ** - સર્વને જાણનારા

**सर्वदर्शि** - સર્વને જોનારા

**सर्वतीर्थो-पनिषद्** - સર્વતીર્થના ઉપનિષદ્ છે. ઉપનિષદ્ એટલે નનું રહસ્ય

**सर्वपाषण्डमोचि** - સર્વ પાખન્ડને છોડાવનાર છે.

**सर्वयज्ञफलात्मा** - સર્વયજ્ઞના ફલ સ્વરૂપ છે.

**सर्वज्ञकलात्मा** - સર્વ જાણવાની કલા સ્વરૂપ છે.

**सर्वयोगरहस्य** - સર્વ યોગનું રહસ્ય છે.

**केवली** - કેવળજ્ઞાની છે.

**देवाधिदेव** - દેવના પણ દેવ છે.

**वीतराग** - વીતરાગ છે.

રહસ્યાર્થ :-

**जिनाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? જિન છે. રાગ - દ્વેષ જેમણે જીત્યા છે. અરિહંતો અઢાર દોષ રહિત છે. એટલે દોષો તેમણે તજી દીધા છે તેમાં રાગ - દ્વેષ એ બે દોષો મુખ્ય છે. તેમાં બાકીનાનો સમાવેશ થઈ જાય છે માટે રાગ - દ્વેષ રૂપ મોહના મુખ્ય યોધ્ધાઓને પરમાત્માએ જીત્યા છે માટે જિન છે.

**जापकाय** - વળી કેવા છે ? જાપક છે. જીતાડનાર છે. આ અરિહંત પરમાત્માની ઉત્કૃષ્ટ પરોપકારિતાને સૂચવે છે. કેવળ પોતાના જ દુશ્મનોને જીતીને બેસી રહ્યા નથી પરંતુ ભવ્ય જીવોને રાગ, દ્વેષ, મોહ જીતવામાં સહાય કરીને જીતાવે છે. સહાયની અનેક રીત છે. માર્ગ બતાવીને, દેશના આપી સમજ સુધારીને, પોતાના સ્વરૂપને ધ્યેયરૂપ બતાવીને, આલંબન આપીને જીવોના રાગદ્વેષાદિ દોષો જીતાવડાવે છે.

**तीर्णाय** - વળી કેવા છે ? તીર્ણ છે. સંસાર સમુદ્રને તરેલા છે. અરિહંત પરમાત્મા પોતે પરિષહ - ઉપસર્ગો - કષ્ટો સહન કરતાં આ ભયંકર સંસાર સમુદ્રને પાર ઉતરી ગયા છે. જે સંસાર અનેક વમળો ઝંઝાવાતોથી કષ્ટે ઉતરી શકાય તેવો છે તેને પણ પાર પામી ગયા છે.

**तारकाय** - વળી તે કેવા છે ? તારક છે. એટલે બીજાઓને તારે છે. પરમાત્મા પોતે તો તરેલા છે પરંતુ પરોપકારિતાને લીધે બીજાઓને તાર્યા વિના રહી શકતા નથી માટે જ તેઓ મહાનિર્યામિકનું બિરુદ ધરાવે છે. તરણ તારણહાર છે. તરવું અને તારવું એ સ્વભાવગત છે. તરતાને ડુબવા દેતા નથી.

**बुद्धाय** - વળી પરમાત્મા કેવા છે ? બુદ્ધ છે. પોતે બોધ પામેલા છે તેવા પ્રકારના કર્મોનો ક્ષય થવાથી સંપૂર્ણ (જગતનો) બોધ પામેલ છે માટે બુદ્ધ છે.

**बोधकाय** - વળી પરમાત્મા કેવા છે ? બોધક છે. પોતે બોધ પામેલા છે અને ભવ્ય જીવોને બોધ કરનારા છે. સાચી સમજ આપીને મોક્ષ માર્ગ ચોક્ખો કર્યો છે.

**मुक्ताय** - વળી કેવા છે ? મુક્ત છે. પોતે કર્મથી છુટા થયા છે. વીર્ય ફોરવીને ક્ષપક શ્રેણિમાં કર્મોનો સમૂહ હ્રાસ કરીને આત્માને કર્મોથી છોડાવ્યો છે.

**मोचकाय** - વળી પરમાત્મા કેવા છે ? મોચક છે. પોતે કર્મથી મુક્ત થયેલા છે અને ભવ્યજીવોને કર્મોથી છોડાવે છે અર્થાત્ જીવોને કર્મની મુક્તિમાં પરમાત્મા જ પરમ આલંબન છે. તેમના આલંબન સિવાય કર્મ મુક્તિ થતી જ નથી. અરિહંત પરમાત્મા પણ ચારિત્ર અંગીકાર કરે છે તે પછી જ કેવળજ્ઞાની બને છે અને તીર્થંકર પદવી ભોગવી મુક્તે જાય છે. એ ચારિત્ર ધર્મ પરમાત્માએ બતાવેલો છે. છેલ્લા ભવમાં પોતે સ્વયં સંબુદ્ધ છે. છતાં પૂર્વે તે ચારિત્રધર્મની સાધના થઈ તેમાં અનંત તીર્થંકરો એ ઉપદેશેલો ધર્મ જ કારણ છે.

આ રીતે પરમ આલંબન આપીને પરમાત્મા ભવ્યજીવોને કર્મથી છોડાવે છે માટે પ્રભુ મોચક છે.

**त्रिकालविदे** - વળી પરમાત્મા કેવા છે ? ત્રિકાલવિદ છે. ત્રણે કાળને જાણનારા છે. અર્થાત્ ભૂતકાળમાં બની ગયેલા, વર્તમાનકાળમાં બનતા અને ભવિષ્યકાળમાં થનારા સઘળા ભાવોને-પદાર્થોને-બનાવોને અરિહંત પરમાત્મા જાણે છે. કાળના એક અણુરૂપ સમય અને તે સમયમાં થનારી, થતી અને થયેલી વસ્તુને પરમાત્મા જાણે છે. માટે તેમનું જ્ઞાન ત્રૈકાલિક કહેવાય છે.

**पारङ्गताय** - વળી પરમાત્મા કેવા છે ? પારંગત છે. પારને પામેલા છે. આ જગતથી પર થઈ ગયેલા હોવાથી પાર પામેલા છે માટે તેમને રહેવાનું સ્થાન પણ જગતથી પર સિદ્ધશિલા ઉપર છે અને તે કારણે

જ જેઓ કર્મથી મુક્ત થયા છે તેમને પારંગત કહેવાય છે. પાર પામવું એટલે છેડે પહોંચી જવું. તેથી લોકના છેડે જઈને સ્થિર થયેલા છે.

**कर्माष्टक-निषूदनाय** - વળી પરમાત્મા કેવા છે ? કર્માષ્ટકનિષૂદન છે. પરમાત્માએ આઠે કર્મનું નિષૂદન કર્યું છે. તોડીને સાફ કરી નાંખ્યા છે. જેથી ફરીથી તે સજીવન થઈ શકે નહિ. જો કે તીર્થંકર ભગવાનને ચાર ઘાતિકર્મનો ક્ષય થયો છે. ચાર અઘાતિ બાકી છે પરંતુ ઘાતિ કર્મ વિનાના અઘાતિ કર્મો તો કાળની રાહ જોઈને બેઠા હોય છે. કાળ પૂરો થાય એટલે વગર પ્રયત્ને ચાલ્યા જવાના છે માટે તે છે પણ નથી જેવા. ઘાતિ ગયા એટલે તેને મૂળમાંથી જવાનું નક્કી છે માટે પરમાત્મા કર્માષ્ટક નિષૂદન છે.

**अधीश्वराय** - વળી પરમાત્મા કેવા છે ? અધીશ્વર છે. સૌથી મોટા ઈશ્વર અર્થાત્ ઈશ્વરના પણ ઈશ્વર છે કારણ કે ઈશ્વરના ઐશ્વર્ય કરતાં કેઈ ગુણું ચઢિયાનું ઐશ્વર્ય અરિહંત પરમાત્માનું છે. આઠ મહાપ્રાતિહાર્ય, ૩૪ અતિશયથી યુક્ત, ૩૫ ગુણ યુક્ત વાણી જેમને છે એવા અરિહંત પરમાત્મા સમવસરણમાં બેસીને જ્યારે દેશના આપે છે ત્યારે તેમનું ઐશ્વર્ય ચર્મચક્ષુવાળાને દષ્ટિગોચર થાય છે અને ભવ્યરૂપી મોર નાચી ઊઠે છે. આવું ઐશ્વર્ય બીજા કોઈ દેવોમાં-ઈશ્વરમાં નહિ હોવાથી પ્રભુ અધીશ્વર છે.

**शम्भवे** - વળી પરમાત્મા કેવા છે ? શંભુ છે. સુખને ઉત્પન્ન કરનારા છે આ વિશ્વમાં જો અરિહંત પરમાત્મા ન મળ્યા હોત તો સુખ જેવી વસ્તુ પણ ન હોત. બાહ્ય કે અભ્યંતર બંન્ને પ્રકારના સુખની ઉત્પત્તિ ન હોત. બાહ્ય સુખ પણ જીવે પૂર્વે સુકૃત કર્યું હોય તો પ્રાપ્ત થાય છે. તે સુકૃતનો માર્ગ પરમાત્માએ બતાવ્યો છે. કોઈ જીવને મારવો નહિ, જુઠું બોલવું નહિ વગેરે અર્થાત્ પાપ છોડવારૂપ સુકૃત અને ધર્મ આદરવારૂપ સુકૃત પરમાત્માએ વિધિ અને નિષેધરૂપ

અનુષ્ઠાનો બતાવીને સુખ ઉત્પન્ન કર્યું છે. બાહ્ય સુખ પણ સુકૃત વિના મળતું નથી. તથા અભ્યંતરસુખમાં આત્મધર્મ પ્રગટાવવાના હેતુ ઉપાયો બતાવીને અથવા પોતાનું આલંબન આપીને માર્ગરૂપ બન્યા એવા પરમાત્મા અભ્યંતરસુખને ઉત્પન્ન કરનારા છે માટે શમ્ભુ છે.

**जगत्प्रभवे** - વળી પરમાત્મા કેવા છે ? જગત્પ્રભુ છે. ત્રણ લોકને જગત્ કહેવાય છે. જેને બીજા દર્શનમાં અખિલ બ્રહ્માંડ કહે છે. આ જગતમાં કોઈ સમર્થ હોય તો અરિહંત પરમાત્મા છે. શેમાં સમર્થ ? જેમ ઐશ્વર્ય સૌથી ચઢિયાતું છે તેમ સામર્થ્ય તેમનું આ જગતમાં અનુપમ છે. જે સામર્થ્યથી દુષ્ટ એવા કર્મોને હરાવ્યા, કામને જીત્યો, વિષય કષાયો તો નાસી જ ગયા અને પોતે સમર્થ હોવાથી ત્રણે લોકરૂપ આ જગતમાં પોતાની આણ વર્તાવી તેમની આજ્ઞા પ્રમાણે જડચેતન રૂપ છ એ દ્રવ્યો અર્થાત્ આ જગત્ ચાલે છે. અર્થાત્ આજ્ઞા લોપતા નથી. માટે જગતપ્રભુ થવા માટે તો એક અરિહંત પરમાત્મા જ સમર્થ છે.

**स्वयम्भुवे** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? સ્વયમ્ભૂ છે. પોતાની મેળે થયેલા છે. અરિહંતો પોતે સ્વયં જ ઉત્પન્ન થાય છે. તેમને કોઈના પ્રતિબોધની જરૂર પડતી નથી અને કોઈના માર્ગદર્શનની જરૂર પડતી નથી. તેઓ જન્મથી જ ત્રણ જ્ઞાનયુક્ત હોય છે માટે પ્રતિબોધ પામેલા જ છે. તેથી જન્મથી જ વૈરાગી છે પરંતુ વયને યોગ્ય વ્યવહારિક જીવન જીવીને ભોગાવલી કર્મો ખપાવવા માટે સંસારનો ત્યાગ અટકેલો છે. જ્યાં તે કર્મો ખપી રહે છે કે તરત સ્વયં સંસારનો ત્યાગ કરીને મુક્તિની વાટે નીકળી પડે છે. એ માર્ગ પણ તેમણે સ્વયં જોયેલો છે. તેથી તે દીક્ષા ગ્રહણ કરી તે માર્ગે સ્થિરતા, ધૈર્યતાપૂર્વક ચાલતા ઉપસર્ગાદિને સહન કરતા કાર્યોત્સર્ગ ધ્યાન દ્વારા ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઈને ઘનઘાતિ કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પામે છે અને

અરિહંત બને છે. આ સઘળું સ્વયં થયેલું છે અને તીર્થંકર નામ કર્મ ખપી જતાં મુક્તિ પામે છે. આ કારણથી પરમાત્મા 'સ્વયંભૂ' છે.

**जिनेश्वराय** - વળી પરમાત્મા કેવા છે ? જિનેશ્વર છે. રાગ-દ્વેષ-મોહને જીતે તે જિન. ક્ષપકશ્રેણિમાં આરૂઢ થઈને ચાર ઘાતિકર્મ ખપાવે તે સર્વજ્ઞ જિન કહેવાય છે. બીજા પણ અવધિજિન, મનઃપર્યવજિન પણ છે. તે બધા જિનોમાં અરિહંત પરમાત્મા ઈશ્વર છે કારણ કે અરિહંત પરમાત્મા સર્વજ્ઞ થાય છે તે તો સામાન્ય કેવળીની સમાનતા છે પરંતુ તે કેવળજ્ઞાનની સાથે જ પૂર્વના ત્રીજા ભવમાં ભાવેલી 'સવિ જીવ કરું શાસન રસી' ભાવનાના ફળ સ્વરૂપે નિકાચિત કરેલ તીર્થંકર નામ કર્મરૂપ પુણ્ય પ્રકૃતિનો ઉદય થવાથી અતિશયવંત તેમનું ઐશ્વર્ય ઝળહળી ઉઠે છે અને તેના પ્રભાવે તે બધા સર્વજ્ઞોમાં ઈશ્વરતાને ધારણ કરે છે માટે જિન બનતાની સાથે ઐશ્વર્ય હોવાથી જિનેશ્વર કહેવાય છે.

**स्याद्वादवादिने** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? સ્યાદ્વાદવાદિ છે. અરિહંત પરમાત્મા જિનેશ્વર - તીર્થંકર થયા પછી છ જીવનિકાય સ્વરૂપ જગતને પોતાના જ્ઞાનથી જોઈને ભવ્ય જીવોને સમજાવે છે તેમાં જે પદાર્થો - ભાવોનું જેવું સ્વરૂપ છે તેવું જ કથન કરનાર એક અરિહંત પરમાત્મા જ છે. કોઈપણ પદાર્થ એકાન્તે આમ જ છે એમ કહી શકાય નહિ, કારણ કે દરેક ભાવો-પદાર્થો પરિવર્તનશીલ છે. જે દરેકને અનુભવિત છે. માટે પરિવર્તનશીલ વસ્તુમાં બે ધર્મ હોવાથી તેની પ્રરૂપણા સામાન્ય અને વિશેષ ધર્મ એમ બે ધર્મ છે માટે બે સ્વરૂપે કરવી જોઈએ. બે સ્વરૂપ હોવાથી તેને એકાંત ધર્મથી પ્રરૂપતા વસ્તુના સ્વરૂપની હાનિ થાય છે. માટે સ્યાત્ અસ્તિ, સ્યાદ્ નાસ્તિ, સ્યાત્ નિત્ય, સ્યાત્ અનિત્ય વગેરે સ્વરૂપે પ્રરૂપણ કરનારા અરિહંત પરમાત્મા છે કારણ કે તેમણે કેવળજ્ઞાનથી વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ જાણ્યું છે. તે જાણીને કથન કરનાર હોવાથી અરિહંત પરમાત્મા સ્યાદ્વાદિ છે. સ્યાત એટલે કથંચિત્.

**सार्वाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? સાર્વ છે. એટલે સર્વના છે. અરિહંત પરમાત્મા સમગ્ર વિશ્વના છે કેમકે તેમણે જગતના સર્વ જીવોને પોતાના હૃદયમાં સ્થાન આપ્યું છે. તેમને કોઈ જીવ સાથે ભેદ નથી. જીવો અને હું જુદા એવો ભેદ તેમણે રાખ્યો નથી. માટે સર્વના હોવાથી સાર્વ છે. અર્થાત્ સકલ જીવરાશિનાં હિતની ચિંતા કરનાર હોવાથી સર્વને પોતાના માન્યા છે એમ સાબિત થાય છે માટે અરિહંત પરમાત્મા સર્વના છે માટે સાર્વ છે.

**सर्वज्ञाय** - વળી પરમાત્મા કેવા છે ? સર્વજ્ઞ છે. સર્વ એટલે જેમાં કોઈ વસ્તુ, વાત, બનાવ વગેરે બાકી નથી. એ સઘળાને જાણનાર અરિહંત પરમાત્મા છે. માટે જ સર્વજ્ઞ લોકને જાણે છે, અલોકને પણ જાણે છે. ભલે અલોકમાં આકાશ સિવાય કોઈ પદાર્થ નથી છતાં આકાશના પણ એક એક પ્રદેશને જાણે છે તેના ગુણધર્મને જાણે છે. તેમના જ્ઞાન બહાર એક પણ વસ્તુ અને તેના ધર્મો નથી. માટે પરમાત્માનું જ્ઞાન તો જગત (૧૪ રાજલોક સ્વરૂપ) ઉલ્લંઘી ગયું છે માટે કહ્યું છે કે शुभ्रागुणास्त्रिभुवनं तव लङ्घयन्ति આ પરમાત્માનો જ્ઞાન ગુણ લોકાલોક પ્રકાશક હોવાથી પરમાત્મા સર્વજ્ઞ છે.

**सर्वदर्शिने** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? સર્વદર્શિ છે. જેમ અરિહંત પરમાત્મા જાણનારા છે તેમ જોનારા પણ છે. જ્ઞાન અને દર્શન એ બંને ગુણ બોધ સ્વરૂપ છે. વસ્તુના બે ધર્મ છે સામાન્ય અને વિશેષ. જે વસ્તુના વિશેષ ધર્મને જાણ્યો તે જ્ઞાન કહેવાય છે અને સામાન્ય ધર્મને જાણે તે દર્શન કહેવાય છે. પરમાત્મા વસ્તુના બંને ધર્મને જાણનારા છે. તેથી વિશેષ ધર્મને જાણનાર હોવાથી સર્વજ્ઞ કહેવાય છે અને સામાન્ય ધર્મને જાણનાર હોવાથી (સકલ પદાર્થોના સામાન્ય ધર્મોને જાણનાર હોવાથી) સર્વદર્શી કહેવાય છે. અર્થાત્ પરમાત્મા સકલ પદાર્થોના સર્વભાવોને જુએ છે.

**सर्वतीर्थो-पनिषदे** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? સર્વતીર્થોપનિષદ્ છે. સર્વ તીર્થ એટલે સર્વ દર્શનો તેનો ઉપનિષદ્ એટલે-જ્ઞાનનું રહસ્ય. એટલે બધા દર્શનો (મતો)નું જ્ઞાનનું રહસ્ય અરિહંત પરમાત્મા છે. જુદા જુદા દર્શનોમાં જુદી જુદી રીતે એટલે કોઈ એકાંતથી આત્મસ્વરૂપની વાતો છે તેનો સાર શુદ્ધ આત્મસ્વરૂપ છે અર્થાત્ પરમાત્મા છે. સર્વ દર્શનકારોના મતો ભેગા કરીને નિચોડ કાઢીએ તો પરમાત્મતત્ત્વ શુદ્ધ પ્રાપ્ત થાય છે માટે અરિહંત પરમાત્મા તત્ત્વ સર્વતીર્થોપનિષદ્ છે.

**सर्वपाषण्डमोचिने** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? સર્વપાષન્ડમોચિ છે. અરિહંત પરમાત્મા સર્વ પાખંડોથી મૂકાવનારા છે. જીવોમાં કુમતના સંસર્ગથી કોઈ એક વસ્તુનો આગ્રહ-પક્કડની બુદ્ધિ આવી ગઈ હોય તેને અરિહંત પરમાત્મા પોતાના નિર્મળ જ્ઞાનથી અને પુણ્ય પ્રકર્ષથી પોતાની વિરુદ્ધ બોલનારાની પાખંડતાને શુદ્ધ બોધ દ્વારા છોડાવી દે છે. પરમાત્માની વાણીને પણ ખોટી ઠરાવનારા તથા તેને ખોટી ઠરાવવા માટે સાંભળવા આવનાર પણ તેમના પ્રભાવથી પોતાની હઠને છોડી દે છે. પાખંડીઓ શુદ્ધ ધર્મથી વિરુદ્ધ મત ચલાવે છે અને તે મત પ્રમાણે જીવોને દોરે છે. આ પાખંડ પરમાત્મા સિવાય કોઈ છોડાવી ન શકે માટે સર્વપાખંડ મોચિ પરમાત્મા છે.

**सर्वयज्ञफलात्मने** - વળી પરમાત્મા કેવા છે ? સર્વયજ્ઞફલાત્મા છે. સર્વ યજ્ઞોનો-પૂજાનો ફલ સ્વરૂપ છે. અર્થાત્ સર્વ જાતના યજ્ઞોનું કોઈપણ ફળ હોય તો અરિહંત પરમાત્મા છે. દ્રવ્યથી સર્વપૂજા એ અષ્ટપ્રકારી પૂજા વિગેરે અને ભાવથી સર્વપૂજા એ પરમાત્માની આજ્ઞા પાલન. આ બેમાંથી કોઈપણ પૂજાનું ફળ તીર્થંકરનામકર્મ બંધાવનાર છે. તેથી અરિહંત સ્વરૂપ ફલની પ્રાપ્તિ સર્વ પ્રકારની પૂજાથી થાય છે. માટે પરમાત્મા સર્વ યજ્ઞ ફલ સ્વરૂપ છે.

**सर्वज्ञकलात्मने** - વળી પરમાત્મા કેવા છે ? સર્વજ્ઞકલાત્મ છે. સર્વ જ્ઞાન કલા સ્વરૂપ છે. અરિહંત પરમાત્માનું સ્વરૂપ જ સર્વજ્ઞાન કલામય છે. તેમનું આત્મ સ્વરૂપ સર્વ પ્રકારના જ્ઞાનની કલાથી ભરપૂર છે અથવા જેમનો આત્મા કેવળજ્ઞાનકલા સ્વરૂપ છે. જે કલા દ્વારા જગતના સર્વ ભાવોને એકીસાથે જાણી શકે છે.

**सर्वयोगरहस्याय** - વળી પરમાત્મા કેવા છે ? સર્વયોગ રહસ્ય છે. સર્વ યોગનો સાર પરમાત્મ તત્ત્વ છે. મોક્ષની સાથે જોડી આપે તે સર્વ મન - વચન - કાયાની ક્રિયાને-વ્યાપારને યોગ કહેવાય છે. આવા યોગો જૈન શાસનમાં અસંખ્ય છે. તે સર્વ યોગનું રહસ્ય સાર હોય તો પરમ આત્મતત્ત્વ છે. મોક્ષની સાથે જોડી આપે એટલે આત્મ સ્વરૂપના પ્રાગટ્યની સાથે જોડી આપે તે યોગ. તે યોગનો સાર પરમાત્મ તત્ત્વ છે. પરમાત્મ તત્ત્વ સાથે જોડી આપનાર યોગના સારભૂત પરમ આત્મતત્ત્વ છે. માટે પરમાત્મા સર્વયોગ રહસ્ય છે.

**केवलिने** - વળી પરમાત્મા કેવા છે ? કેવલિ છે. એટલે કેવળ જ્ઞાન સ્વરૂપ છે. પરમાત્મસ્વરૂપ કેવળ જ્ઞાનમય છે. પરમાત્મા જો કે અનેક સ્વરૂપથી ઓળખાય છે પણ મુખ્યતાએ તે જ્ઞાન સ્વરૂપ હોવાથી કેવળજ્ઞાનમય છે માટે કેવલી છે.

**देवाधिदेवाय** - વળી પરમાત્મા કેવા છે ? દેવાધિદેવ છે. દેવોના પણ દેવ છે. દેવો ચાર પ્રકારના છે. તે સંસારી છે કર્મથી બદ્ધ છે. અર્થાત્ મહાદેવ વગેરે દેવો જગતમાં પૂજાય છે પરંતુ કર્મથી બંધાયેલા છે માટે તેમનામાં દેવત્વ દ્રવ્યથી કહેવાય. એવા દેવોના પણ અધિ દેવ - ઉપરી દેવ કોઈ પણ હોય તો અરિહંત પરમાત્મા છે કેમ કે અરિહંત પરમાત્મા તે દેવોને પણ પૂજ્ય છે માટે ભાવદેવ સ્વરૂપ અરિહંત પરમાત્મા દેવાધિદેવ છે.

**वीतरागाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? વીતરાગ છે. જેમનામાંથી રાગ-દ્વેષ ચાલ્યા ગયા છે તે. બીજા દેવો રાગી છે, દ્વેષી છે, મોહી છે, અરિહંત પરમાત્મામાંથી રાગ, દ્વેષ, મોહ મૂળમાંથી ખતમ થઈ ગયા છે માટે તે એક જ વીતરાગ કહેવાય છે.

એવા અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.



**मूल - ॐ नमोऽर्हते परमात्मने परमाप्ताय परमकारुणिकाय सुगताय तथागताय महाहंसाय हंसराजाय महासत्त्वाय महाशिवाय महाबोधाय महामैत्राय सुनिश्चिताय विगत-द्वन्द्वाय गुणाब्धये लोकनाथाय जित-मार-बलाय ॥ ५ ॥**

**અર્થ : ॐ नमोऽर्हते** - અરિહંત ભગવાનને નમસ્કાર થાવ.

તે અરિહંત પરમાત્મા કેવા છે ?

**परमात्मा** - પરમ આત્મસ્વરૂપ છે.

**परमाप्त** - પરમ આપ્તપુરુષ છે.

**परमकारुणिक** - પરમ કરુણાના સ્વભાવવાળા છે.

**सुगत** - સારી રીતે જાણેલું છે જેમણે આત્મસ્વરૂપ.

**तथागत** - તથા પ્રકારે જાણેલું છે જેમણે આત્મસ્વરૂપ.

**महाहंस** - મહાહંસ છે.

**हंसराज** - હંસરાજ છે.

**महासत्त्व** - મહાસત્ત્વ છે.

**महाशिव** - મહાશિવ છે.





**महाबोध** - મહાબોધ છે.

**महामैत्र** - મહામૈત્ર છે.

**सुनिश्चित** - સુનિશ્ચિત છે.

**विगत-द्वन्द्व** - વિગત દ્વન્દ્વ છે.

**गुणाब्धि** - ગુણાબ્ધિ છે.

**लोकनाथ** - લોકનાથ છે.

**जित-मार-बल** - જિત માર બલ છે.

રહસ્યાર્થઃ-

હવે આત્માની ધ્રુવસત્તા અને અવાન્તરસત્તા એ બંને સત્તાને અનુલક્ષીને પરમાત્માની સ્તવના કરાય છે.

**परमात्मने परमाप्ताय** - પરતત્વ કેવું છે ? પરમ આપ્ત છે. આપ્તજનોમાં પરમ છે. આપ્ત એટલે પૂજ્ય, પૂજ્યોમાં શ્રેષ્ઠ છે માટે પરમ આપ્ત છે. પરતત્ત્વ મુખ્યતાએ પરમ પૂજ્ય છે. માનનીય છે. આદરણીય છે, કારણ કે છેલ્લે પરતત્ત્વની જ ઉપાસના કરવાની છે ત્યારે જ ગુણ-શ્રેણિ આરોહ થાય છે. માટે ધ્યેય સૌથી પ્રથમ તેનું રાખવાનું છે. જેથી પરતત્ત્વને પ્રગટ કરવાના ધ્યેયથી જ સાધનાનો આરંભ થાય તો તે સાધના (સાલંબન સવિકલ્પ ધ્યાન) દ્વારા પર તત્ત્વની (પરતત્ત્વને ધ્યેય રાખીને સાધના થતી હતી) સાધનાથી નિર્વિકલ્પ તથા નિરાલંબન ધ્યાનથી પર તત્ત્વની ઉપાસના થાય છે ત્યારે ઘાતિ કર્મોનો ઘાત કરી કેવળજ્ઞાન પામે છે. આ રીતે પૂજ્યોમાં આ પરતત્ત્વ શ્રેષ્ઠ છે માટે જ પરમાપ્ત છે.

અરિહંત પરમાત્મા પરમાપ્ત છે. કેમકે તે આપ્તજનોમાં પરમ છે. પૂજ્યવર્ગમાં પરમાત્મા સર્વોપરી છે, મુખ્ય છે કારણ કે તેમણે જ

ભવ્ય જીવોને મુક્તિ સુખનો માર્ગ દેખાડી ઉપકાર કર્યો છે. ઉપકારીઓમાં સૌથી મુખ્ય હોવાથી તે પૂજ્યોમાં પણ સૌથી મુખ્ય છે માટે પરમાપ્ત છે.

**परमकारुणिकाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પરમકારૂણિક છે. કેમકે તે પરતત્ત્વ કોઈ જીવને મુશ્કેલીમાં મૂકતું નથી, તે કોઈના સંબંધમાં આવતું નથી પોતે એક છે અને સ્વતંત્ર સ્વાધીન છે તેથી તેને કોઈનો સંપર્ક થતો નથી માટે જડ-ચેતન આદિ દ્રવ્યોથી અલિપ્તતાનાં કારણે જે કોઈને નડતરરૂપ બનતું નથી તે જ તેનું પરમ કારૂણિક સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પરમકારૂણિક છે. કરૂણાની ટોચે પહોંચી ગયા છે. જે ભાવ કરૂણા દ્વારા જગતના સઘળા જીવોને દુઃખ મુક્ત કરવાના ભાવથી તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરી છેલ્લા ભવમાં તે કરૂણાનું સ્વરૂપ આત્મામાં સક્રિયરૂપે પ્રગટ થયું અને તે કરૂણાના ભંડાર એવા પરમાત્માએ સમવસરણમાં બેસીને દેશનાનો ધોધ વહેવડાવ્યો જેથી પરમ કારૂણિક બન્યા અર્થાત્ કરૂણા કરનારાઓમાં સૌથી પરમ મુખ્ય બન્યા. માટે પરમકારૂણિક છે.

**सुगताय** - વળી પરતત્ત્વ કેવું છે ? સુગત છે. કેમકે પરતત્ત્વ અવિચલિત, નિસ્તરંગ, નિષ્પ્રકંપ આદિ સ્વરૂપી નિષ્ક્રિય હોવા છતાં તે જડ નથી કિન્તુ સુગત-બુદ્ધ છે. તે પોતાના અસ્તિત્વ માત્રથી, સત્તામાત્રથી, શક્તિ માત્રથી છે પરંતુ તે બુદ્ધ છે જ્ઞાન-ચૈતન્ય-શક્તિવાળુ છે માટે પરતત્ત્વ તો સુ-સુષ્ઠુ ગત એટલે સારી રીતે બોધયુક્ત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સુગત છે - બુદ્ધ છે. જેટલા જગતમાં ભિન્ન ભિન્ન મતોના આદિ કરનારા ભગવાન તરીકે પૂજાય છે તે બધું ય અરિહંત પરમાત્મામાં ઘટે છે. બૌદ્ધો એમ માને છે.કે બુદ્ધ ભગવાને

જે જગતના સ્વરૂપને સમજાવ્યું છે તે સંપૂર્ણ છે પરંતુ તે અપૂર્ણ છે. જ્યારે જગતનું યથાર્થ સ્વરૂપ જેમણે જાણ્યું છે એવા બુદ્ધ તો એક અરિહંત પરમાત્મા જ છે માટે તે સુગત છે.

**तथागताय** - વળી પરતત્ત્વ કેવું છે ? તથાગત છે. પરતત્ત્વ તથા પ્રકારે રહેલું છે એટલે જે પ્રકારે તે છે તે પ્રકારે સદા રહેલું છે અર્થાત્ જે તથાતા છે તે પરતત્ત્વમાં જ ઘટે છે કેમકે સત્ય સ્વરૂપે તો તે જ તથાતા છે. જે તેની ધ્રુવસત્તા છે તે જ તથાતા છે તે અવિચલિત છે માટે તથાતાથી યુક્ત છે. તથારૂપે રહેલું આ એક પરતત્ત્વ જ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? તથાગત છે. કેટલાક તથાતાને બનાવનારને પરમાત્મા માને છે. તથાતા એટલે તેવા પ્રકારપણું. જેવું આત્મસ્વરૂપ છે તેવા પ્રકારનું સ્વરૂપ પ્રાપ્ત થયું તે તથાતા - મુક્તિ. તે તથાતાને જે જાણે છે તે તથાગત છે. પરમાત્મા તથાગત છે. યથાર્થ તથાગત અરિહંત પરમાત્મા છે. જેમણે આત્માનું મુક્ત સ્વરૂપ તથાપ્રકારે જાણ્યું છે. જેવું છે તેવું જ યથાર્થ અને સંપૂર્ણ સ્વરૂપ તો એક તીર્થંકર ભગવાન જ કેવળજ્ઞાન દ્વારા જાણી શકે છે માટે તથાગત તો અરિહંત પરમાત્મા છે.

**महाहंसाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાહંસ છે. કારણકે તે નિષ્ક્રિય હોવાથી કેવળ સ્વરૂપે સ્થિત છે. સ્વભાવને પણ સ્પર્શતો નથી (પરતત્ત્વની એવી અવસ્થા જોવાની છે.) આ પરતત્ત્વ તો મહાહંસ છે કારણ કે ઉજ્વલ વર્ણ હંસનો છે જ્યારે પરતત્ત્વ તો કર્મમળથી અલિપ્ત હોવાથી શુદ્ધ સ્ફટિક જેવું જ છે પરંતુ તે સ્વભાવ (જ્ઞાનાદિ ગુણોના ભોગવટાથી પણ દૂર રહેલું છે. નિષ્ક્રિયરૂપે જોતાં એનું દર્શન થાય છે.) માટે કેવળ સ્વચ્છ સ્વ-રૂપ ધારણ કરતું પરતત્ત્વ છે માટે મહાહંસ છે. વળી જેમ હંસ મોતીનો જ ચારો કરે છે તેમ પરતત્ત્વ પરભાવરૂપ પદાર્થમાં જ્યાં ત્યાં તો મુખ નાંખતું નથી પણ સ્વભાવ પ્રત્યે

ઉદાસીનરૂપે જે સ્થિત છે. તે તેની હંસના મોતીના ચારાની પણ ઉપમા આ રીતે ઘટાવી શકાય. વળી તે પરભાવમાં તો રમતું નથી પરંતુ સ્વભાવ તરફ પણ ગતિ કરતું નથી. કેવળ સ્વરૂપમાં સ્થિત ગતિં છે. માટે બધા નિર્મળ આત્માઓ રૂપી હંસોમાં પણ આ પરતત્ત્વ મહાન હોવાથી મહાહંસ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાહંસ છે. આત્માને હંસની ઉપમા આપવામાં આવે છે કારણ કે હંસના ગુણોનો અલ્પાંશ તેને મળતો આવે છે. હંસ વર્ણથી ઉજળો મોહક છે. આત્મા પરમ સ્વરૂપને પામેલો છે. જેમાં કર્મ મલના અંશો નાશ પામી ગયા છે માટે વર્ણે આત્મા ઉજળો છે કેમકે આત્મા કર્મ સહિત મલીનતાથી કાળો છે અને કર્મ રહિત આત્માની કલ્પનામાં નિર્મળતાથી ઉજવળ છે એમ લાગે છે માટે આત્મા પરમાત્મસ્વરૂપ નિર્મળ હંસ જેવો ઉજળો છે.

વળી હંસની ઉત્તમતા છે કે તે મોતીનો ચારો ચરે છે. જ્યાં ત્યાં તે મુખ નાંખતો નથી તેમ આત્મા ઉત્તમ એવા પોતાના જ્ઞાનાદિ ગુણોનો ભોગ કરે છે પણ પરભાવોમાં મુખ નાખતો નથી સ્વભાવમાં રહે છે તેથી પરમાત્મ સ્વરૂપી આત્મામાં એ ઉત્તમતા છે કે તે પોતાના ઘરમાં રહીને પોતાના જ ગુણોનો ભોગ કરે છે. ઉત્તમ હંસ માનસરોવરને છોડતો નથી તેને તેમાં જ પ્રીતિ હોય છે. તેમ પરમાત્મા (અરિહંત ભ.) સ્વરૂપ આત્મા સ્વભાવને છોડી પરભાવમાં જતો નથી અને સ્વભાવમાં જ રમણતા કરે છે. માટે પરમાત્મા મહાહંસ છે.

**हंसराजाय** - વળી પરતત્ત્વ કેવું છે ? હંસરાજ છે. નિર્મળ આત્માઓ રૂપી હંસોમાં પરતત્ત્વ છે તે સર્વોપરી છે. કારણ કે બીજા નિર્મળ આત્માઓ સ્વભાવમાં જ સ્થિર છે માનસરોવરને છોડી દે તેવા સામાન્ય હંસો કરતા માનસરોવરનો હંસ તેને નહિ છોડતો હોવાથી હંસરાજ છે તેમ પરતત્ત્વ સ્વરૂપને છોડતું નથી; બીજા નિર્મળ

આત્માઓ તો સ્વરૂપમાં રહીને પણ સ્વભાવને સેવે છે જ્યારે પરતત્ત્વ કેવળ સ્વરૂપમાં સ્થિત છે. તેથી બધા નિર્મળ આત્માઓમાં પણ પરતત્ત્વ સર્વોપરી રાજા છે માટે હંસરાજ છે.

વળી અરિહંત પરમાત્મા કેવા છે ? હંસરાજ છે. જે ગુણો હંસના કહ્યા છે તે ઉત્તમ હંસના છે. સામાન્ય હંસોમાં સામાન્ય ગુણો છે જેમકે તેઓ મોતીનો જ ચારો ચરે એમ નહિ, માનસરોવરમાં જ રહે એમ નહિ, થોડો ફેરફાર પણ થાય. તેમ સામાન્ય હંસ જેવા ગુણવાળા જે આત્માઓ છે જેઓ સંપૂર્ણ કર્મના ક્ષયથી નિર્મળ થયા નથી અને નિત્ય સ્વભાવમાં જ સ્થિર થયા નથી તેઓને વિશે પરમાત્મા હંસરાજ છે કારણ કે સંપૂર્ણ નિર્મળ એવા સ્વભાવમાં જ તે સ્થિર હોવાથી તથા તેમાં જ રમણ કરનાર હોવાથી નિર્મળ આત્માઓમાં પણ અરિહંત પરમાત્મા સર્વોપરી હંસરાજ છે.

**મહાસત્ત્વાય** – વળી પરતત્ત્વ કેવું છે ? મહાસત્વ છે. પરતત્ત્વ મહાસત્તા સ્વરૂપ છે. પરતત્ત્વ તે આત્માનો સામાન્ય ધર્મ છે. એ મહા સામાન્ય પરતત્ત્વનું છે કેમકે પરતત્ત્વથી આગળ કોઈ સામાન્ય ધર્મ ઘટતો નથી. 'એગે આયા' આ સૂત્રમાં બધા આત્માનો સમાવેશ થઈ જાય એવી જાતિરૂપ સામાન્ય જે સર્વમાં છે તે ધર્મની મુખ્યતાથી આત્માનું સ્વરૂપ જણાવ્યું છે. આત્મા ચૈતન્યથી એક છે. પરતત્ત્વ એ ગુણ પર્યાયની ગૌણતાથી કેવળ દ્રવ્યવિચારણામાં મહાસામાન્ય છે કેમકે તે સામાન્યનું બીજું કોઈ સામાન્ય નથી. જીવ બે પ્રકારે ત્રસ-સ્થાવર. ત્રસ ચાર પ્રકારે સ્થાવર પાંચ પ્રકારે. આમાં પ્રકાર છે તે વિશેષ છે પરંતુ પછી પછીના વિશેષથી પૂર્વ પૂર્વના વિશેષો સામાન્ય થાય છે પરંતુ ત્રસ-સ્થાવર વિશેષનો પૂર્વે વિશેષ નથી. ચૈતન્યથી આત્મા એક પ્રકારે છે તે એક વિશેષ ન કહેવાય પણ સામાન્ય છે. ચૈતન્યરૂપ સામાન્ય છે તેનું મહાસામાન્ય પરતત્ત્વ હોવાથી તે મહાસત્તા અથવા મહાસત્ત્વ છે.

આ આત્માની ધ્રુવસત્તાથી પરતત્ત્વની વિચારણામાં મહાસત્તા કહ્યું. હવે આત્માની અવાન્તરસત્તા જે અરિહંત પર્યાયરૂપ છે તેની વિચારણા કરીએ.

પરમાત્મા મહાસત્વ છે. સત્ત્વ એટલે આત્મસત્તા. તેથી જેને જેને આત્મસત્તા છે તે સર્વે કોણ ? પ્રાણીઓ, જીવો-મહાસત્ત્વ એટલે સઘળી ચેતનસૃષ્ટિમાં મહાનતા હોય તો એક અરિહંત પરમાત્મા છે કેમકે જગતના સર્વજીવો માટે જેમણે હિતની સુખની ચિંતા કરી છે મહાન ઉપકાર કર્યો છે માટે અરિહંત પરમાત્મા મહાસત્ત્વ છે.

**મહાશિવાય** – વળી પરમાત્મા કેવા છે ? મહાશિવ છે. આત્માની ધ્રુવસત્તારૂપ પરતત્ત્વ મહાશિવ છે. શિવ એટલે નિરૂપદ્રવ, કલ્યાણ વિગેરે.

પરતત્ત્વ પોતે કલ્યાણ સ્વરૂપ છે. ઉપદ્રવ રહિત છે કારણ કે પરતત્ત્વનું સ્મરણ પણ ઉપદ્રવોને હઠાવી દે છે અને કલ્યાણની પરંપરાનું સર્જન થાય છે. તે કોઈને બાધાકારક થતું નથી. તે કેવળ શક્તિ સ્વરૂપે અસ્તિત્ત્વ ધરાવે છે. માટે તે કેવળ સ્મરણીય બની શકે, ભાવથી પૂજનીય થઈ શકે. આદરણીય થઈ શકે અને યોગીઓને અનુભવ ગમ્ય બની શકે છે આવું પરતત્ત્વ તે મહાશિવ છે. અર્થાત્ મહાન કલ્યાણ સ્વરૂપ છે.

અવાન્તરસત્તા જે આત્માએ અરિહંત પર્યાય ધારણ કરી છે તે પરમાત્મા કેવા છે ? મહાશિવ છે કારણ કે તે સક્રિય હોવાથી અરિહંત પરમાત્માનું જે આલંબન લે છે તેના ઉપદ્રવોના હર્તા છે, કલ્યાણના કર્તા છે માટે અરિહંત પરમાત્મા મહાશિવ છે.

**મહાબોધાય** – વળી પરમાત્મા કેવા છે ? મહાબોધ છે. પરતત્ત્વ મહાબોધ સ્વરૂપ છે કારણ કે તેનું ચૈતન્ય સ્વરૂપ કદીયે અવરાતું નથી. બોધ એટલે સમજ પરતત્ત્વ નિષ્ક્રિય હોવાથી એ બોધનો ઉપયોગ કરતું

નથી છતાં છે બોધ સ્વરૂપ. કારણ કે બોધ સ્વરૂપ ઉપર કોઈ આવરણ નથી તેથી આ બોધ સ્વરૂપ કેવળ શક્તિરૂપે છે પણ વ્યક્ત થઈ સક્રિય થતું નથી માટે પરતત્ત્વ મહાબોધ છે. અવાન્તરસત્તા અરિહંત પર્યાયને ધારણ કરતાં પરમાત્મા પોતે મહાબોધ છે. જગતના જીવોને જે દેશના દ્વારા પ્રતિબોધ કરે છે તે તીર્થંકરનામકર્મના ઉદયથી વિશિષ્ટ બોધને ધારણ કરનાર હોવાથી અરિહંત પરમાત્મા મહાબોધ છે.

**महामैत्राय** – વળી પરમાત્મા કેવા છે ? મહામૈત્ર છે. આ પરતત્ત્વ મહામૈત્ર સ્વરૂપ છે. **मैत्रस्थ इदंमैत्रं** આ મહામૈત્ર સ્વરૂપ છે. પરતત્ત્વ એ કોઈપણ સંપર્કથી પર છે તેમજ સર્વે સાથે સંબંધવાળું પણ છે. પર એટલા માટે કે તે કેવળ શક્તિરૂપે સત્તાને ધારણ કરે છે. માટે કોઈના સંબંધમાં આવતું નથી છતાં સર્વમાં તે પરત્વ અનુસ્યૂત છે. માટે સર્વમાં એકરૂપે અસ્તિત્વ ધરાવતું હોવાથી અભેદતાથી રહેલું હોવાથી મૈત્ર નહિ પણ બધી મૈત્રીથી કોઈ અગમ્ય મિત્રત્વને ધારણ કરતું હોવાથી મહામૈત્ર છે.

તેમજ અરિહંત પર્યાયને ધારણ કરતાં પરમાત્મા મહામૈત્ર છે કેમકે તેમણે તીર્થંકરનામકર્મના ઉદયથી સક્રિયપણે જગતનો કોઈ જીવ તેમના મિત્રભાવથી બાકાત નથી. આવા સકલ જગત જીવમાં વ્યાપ્ત મિત્રભાવ-મિત્રત્વને ધારણ કરનાર આ જગતમાં હોય તો એક કેવળ અરિહંત પરમાત્મા છે. તેમની મિત્રતા ભાવ સ્વરૂપ છે. જેથી સમગ્ર જીવરાશિ સાથે ભાવથી અભેદતાને ધારણ કરતાં અરિહંત પરમાત્માનો આત્મા ત્રીજા ભવથી જ જીવો સાથે મૈત્રત્વ સાધે છે. આવી દીર્ઘકાલીન મિત્રતાને ધારણ કરનાર અરિહંત પરમાત્મા હોવાથી તે મહામૈત્ર છે.

**सुनिश्चिताय** – વળી પરમાત્મા કેવા છે ? સુનિશ્ચિત છે. ધ્રુવસત્તાને ધારણ કરતું પરતત્ત્વ સુનિશ્ચિત છે. અર્થાત્ અત્યંત નિશ્ચયતાને આ પરતત્ત્વ ધારણ કરે છે. નિશ્ચિત એટલે ગુજરાતી ભાષામાં 'નક્કી'

કહેવાય છે. આ પરતત્ત્વ સુતરામ્ નક્કી છે. નિશ્ચિત છે કોઈ પણ દર્શન એનો વિરોધ કરી શકે તેમ નથી કારણ કે આત્માની સત્તા તો દરેકને માન્ય રાખવી પડે તેમજ છે પછી ભલે તેને જુદા જુદા નામથી સંબોધતા હોય. માટે આ પરતત્ત્વ સુનિશ્ચિત સ્વરૂપવાળું છે માટે શંકા ન રાખતાં તેના અસ્તિત્વને સ્વીકારવા યોગ્ય છે.

અરિહંત પરમાત્મા જે અવાન્તરસત્તાને ધારણ કરતું પરમાત્મ તત્ત્વ છે. તે પણ સુનિશ્ચિત છે. સુતરામ્ નિશ્ચિત તેમનું સ્વરૂપ અનાદિ કાલીન છે. તે દરેક ચોવીશીમાં પ્રગટ થાય છે. પૂર્વે થઈ ગયા અને ભાવિ અનંતકાળ સુધી થશે માટે અરિહંત પર્યાય તીર્થંકરનામકર્મના ઉદયથી પ્રગટ થાય છે. તે સુનિશ્ચિત છે અર્થાત્ તીર્થંકર પરમાત્માનું અરિહંત સ્વરૂપ સુનિશ્ચિત છે. માટે પરમાત્મા સુનિશ્ચિત છે.

**विगत-द्वन्द्वाय** - વળી પરમાત્મા કેવા છે ? વિગતદ્વન્દ્વ છે. ધ્રુવસત્તાને ધારણ કરતું પરતત્ત્વ એવા પ્રકારનું છે કે જેમાંથી દ્વન્દ્વો ચાલ્યા ગયા છે. અર્થાત્ તેમાં દ્વન્દ્વો હતા અને ચાલ્યા ગયા એવું નથી પણ દ્વન્દ્વ વિગત એટલે द्वन्द्वात् विरुद्ध गत છે. દ્વન્દ્વથી વિરુદ્ધ રહેલું છે એટલે પોતે દ્વન્દ્વ બેનું જોડવું નહિ પણ એક સ્વરૂપ છે કારણ કે આત્માના સ્વરૂપમાં ભિન્નતા નથી તે એક સ્વરૂપે જ દરેકમાં રહેલું છે. માટે પરતત્ત્વ વિગત દ્વન્દ્વ છે.

તેમજ અરિહંત પરમાત્મા વિગતદ્વન્દ્વ છે. અરિહંત પરમાત્મામાંથી દ્વન્દ્વો ચાલ્યા ગયા છે. તેમને સુખ-દુઃખ, રાગ, દ્વેષ, અનુકૂળ, પ્રતિકૂળ વગેરે દ્વન્દ્વો તેમનામાં રહ્યા નથી. દ્વન્દ્વ એટલે બેનું જોડવું એ દ્વિત્વ છે તે જ જીવને સુખ, દુઃખ, રાગ, દ્વેષ એમ ભેદ પાડી બતાવે છે જે દ્વન્દ્વ રહિત છે તેમાં સુખ-દુઃખ એ બેમાંથી એકે નથી હોતું જેથી દ્વન્દ્વ રહિત એવા પરમાત્મા સહજ સુખના ભોક્તા બને છે.

**ગુણાબ્ધયે** – વળી પરમાત્મા કેવા છે ? ગુણાબ્ધિ છે. ધ્રુવસત્તાને ધારણ કરતું પરતત્ત્વ ગુણસાગર સ્વરૂપ છે. જેમ સમુદ્રમાં અનેક જલ હોવા છતાં સમુદ્રરૂપે એક સ્વરૂપી છે તેમ પરતત્ત્વ ગુણોરૂપી જલથી ભરેલું છે. છતાં તે એક ગુણ સમુદ્રરૂપ સ્વરૂપને ધારણ કરી એકત્ત્વતાને ધારણ કરે છે. તેના ગુણો પરતત્ત્વરૂપે સક્રિય નહિ (નિષ્ક્રિય) હોવાથી એક ચૈતન્યના પ્રવાહરૂપ મોટા સાગરરૂપે અસ્તિત્વ ધરાવે છે. તે પરતત્ત્વ બધા ગુણોરૂપી જલનો સમૂહરૂપે ચૈતન્યરૂપ પ્રવાહ બની તે રૂપે અસ્તિત્વ ધરાવતો ગુણાબ્ધિ ગુણસાગર છે.

અરિહંત પરમાત્મા ગુણાબ્ધિ છે. જેમ સમુદ્રમાં રત્નોનો સમૂહ રહેલો છે તેથી તે રત્નાકર કહેવાય છે તેમ અરિહંત પરમાત્મામાં અનંત ગુણોરૂપી રત્નો છે તેથી તે ગુણાબ્ધિ કહેવાય છે. પરમાત્માના ગુણો ગણી શકાય તેમ નથી માટે અનંત છે. તે ગુણો આત્મતત્ત્વ સક્રિય હોવાથી ભોગ કરતાં આનંદ અનુભવે છે. એવા અનંત ગુણોનો આસ્વાદ લેતા પરમાત્મા ગુણસમુદ્ર છે માટે તેમને ગુણાબ્ધિ કહેવાય છે.

**લોકનાથાય** – વળી પરમાત્મા કેવા છે ? લોકનાથ છે. ધ્રુવસત્તાને ધારણ કરતું પરતત્ત્વ તે લોકનું નાથ છે. ત્રણ જગત અર્થાત્ ચૌદ રાજલોક તેને લોક કહેવાય છે. પરતત્ત્વ એટલે આત્મતત્ત્વની સત્તા, જે શક્તિરૂપ છે તે લોકવ્યાપી છે. જો તે શક્તિ લોકવ્યાપી ન હોય તો લોકનું અસ્તિત્વ ન હોય, માટે લોકનું અસ્તિત્વરૂપ યોગ અને તે સત્તાનું રક્ષણ તે શક્તિથી થતું હોવાથી લોકનું યોગક્ષેમ તેનાથી થયું તેથી તે પરતત્ત્વ લોકનાથ છે.

અવાન્તરસત્તાને ધારણ કરતું પરમાત્મતત્ત્વ તે અરિહંત પરમાત્મા લોકનાથ છે. ત્રણ લોક ઉર્ધ્વ, અધો અને તિર્ચ્છાલોક તેના નાથ એટલે તેનું યોગ અને ક્ષેમ જે કરી રહ્યા છે. અર્થાત્ ત્રણ લોકના જીવોને

નિરંતર યોગ ક્ષેમ અરિહંત પરમાત્મા કરે છે. જે વસ્તુ નથી પ્રાપ્ત થઈ તે મેળવી આપે છે અને પ્રાપ્ત થયેલી વસ્તુનું રક્ષણ કરે છે.

**जित-मार-बलाय** વળી પરમાત્મા કેવા છે ? જિતમારબલ છે. જેણે કામનું બળ જીતી લીધું છે. ધ્રુવસત્તાને ધારણ કરતું પરતત્ત્વ નિષ્ક્રિય સ્વરૂપ છે. તેમને ઇચ્છા માત્રની શક્તિ (સર્વ પ્રકારની ઇચ્છારૂપ શક્તિ) ચૈતન્ય શક્તિરૂપ થઈ ગઈ હોવાથી ભિન્ન કોઈ ઇચ્છાનું સ્વરૂપ તેમની પાસે ટકી શકતું નથી. તે એક ચૈતન્ય સ્વરૂપને જ ધારણ કરે છે માટે તે જિતમારબલ છે. અવાન્તરસત્તાને ધારણ કરતું પરમાત્મ સ્વરૂપ-અરિહંત ભગવાન જિતમારબલ છે. તેમણે કામને પોતાની આત્મ શક્તિથી - પુરુષાર્થથી જીતી લીધો છે. તેથી કામ નિર્બળ થઈ ગયો છે. અરિહંત પરમાત્માને કોઈ પણ ઇચ્છા રહી નથી તૃપ્ત છે. સ્વ સ્વરૂપમાં સ્થિર છે તેથી જિતમારબલ છે. કામદેવનું બળ તેમણે જીતી લીધું છે.







मूल - ॐ नमोऽर्हते सनातनाय उत्तम-श्लोकाय मुकुन्दाय गोविन्दाय विष्णवे जिष्णवे अनन्ताय अच्युताय श्रीपतये विश्वरूपाय हृषीकेशाय जगन्नाथाय भूर्भुवः-स्वः-समुत्ताराय मानंजराय कालंजराय ध्रुवाय अजाय अजेयाय अजराय अचलाय अव्ययाय विभवे अचिन्त्याय असंख्येयाय आदि-संख्याय आदि-केशवाय आदि-शिवाय महाब्रह्मणे परमशिवाय एका-नेका-नन्त-स्वरूपिणे भावा-भाव-विवर्जिताय अस्ति-नास्ति-द्वयातीताय पुण्य-पाप-विरहिताय सुख-दुःख-विविक्ताय व्यक्ता-व्यक्त-स्वरूपाय अनादि-मध्य-निधनाय नमोऽस्तु मुक्तीश्वराय मुक्ति-स्वरूपाय ॥ ६ ॥

અર્થ : **ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

તે પરમાત્મા કેવા છે ?

**सनातन** - જે કદી ફેરફાર ન થાય તેવા છે.

**उत्तम-श्लोक** - જે ઉત્તમ પ્રશસ્ય છે.

**मुकुन्द** - મુકુન્દ છે.

**गोविन्द** - ગોપેન્દ્ર છે.

**विष्णु** - વ્યાપવાના સ્વભાવવાળા છે.

**जिष्णु** - જિતવાના સ્વભાવવાળા છે.

**अनन्त** - અન્ત રહિત છે.

**अच्युत** - જે ચ્યૂત નથી.

**श्रीपति** - લક્ષ્મીના સ્વામી છે.

**विश्वरूप** - વિશ્વરૂપ છે.

**हृषीकेश** - ઇન્દ્રિયોના ઈશ છે.

**जगन्नाथ** - જગતના નાથ છે.

**भूर्भुवः-स्वः-समुत्तार** - પાતાળ, મૃત્ય અને સ્વર્ગને સમ્યક્ પ્રકારે પાર ઉતરી ગયેલા છે.

**मानंजर** - માનને નાશ કરનાર છે.

**कालंजर** - કાલને નાશ કરનાર છે.

**ध्रुव** - નિશ્ચળ છે.

**अज** - જન્મરહિત છે. ઉત્પત્તિ રહિત છે.

**अजेय** - ન જીતી શકાય તેવા છે.

**अजर** - જરા રહિત છે.

**अचल** - અચળ સ્થિર છે.

**अव्यय** - નાશ રહિત છે.

**विभव** - વ્યાપક છે.

**अचिन्त्य** - ન ચિંતવી શકાય તેવા છે.

**असंख्येय** - સંખ્યા રહિત છે. જેની સંખ્યા ન થઈ શકે તેવા છે.

**आदिसंख्येयं** - આદિમાં જેમની ગણના થઈ શકે તેવા છે.

**आदिकेशव** - આદિ કેશવ છે.

**आदिशिव** - આદિ કલ્યાણરૂપ છે.

**महाब्रह्म** - મહાન બ્રહ્મસ્વરૂપ છે.

**परमशिव** - પરમ શિવ સ્વરૂપ છે.

**एका-नेका-नन्त-स्वरूप** - એક, અનેક અને અનંત સ્વરૂપી છે.

**भावा-भाव-विवर्जित** - ભાવ અને અભાવથી વર્જિત છે.

**अस्ति-नास्ति-द्वयातीत** - અસ્તિ અને નાસ્તિ છે અને ન અથવા સત્તા અને અભાવ એ દ્વય બંન્નેને ઓળંગી ગયેલા છે.

**पुण्य-पाप-विरहित** - પુણ્ય અને પાપથી વિરહિત છે.

**सुख-दुःख-विविक्त** - સુખ-દુઃખથી વિવિક્ત-છૂટા પડેલા છે.

**व्यक्ता-व्यक्त-स्वरूप** - જેમનું વ્યક્ત અવ્યક્ત સ્વરૂપ છે.

**अनादि-मध्य-निधन** - આદિ, મધ્ય અને અંત રહિત છે.

**नमोऽस्तु मुक्तीश्वराय मुक्ति-स्वरूपाय** - મુક્તિ સ્વરૂપ એવા મુક્તિના ઈશ્વરને નમસ્કાર હો.

**રહસ્યાર્થઃ-**

**सनातनाय** - આ પરતત્ત્વ કેવું છે ? સનાનત છે. જે કદી ફેરફાર ન થાય તેવું છે. પરતત્ત્વ ત્રણે કાળમાં એક જ સ્વરૂપ ધારણ કરે છે. તેને કોઈ પણ ફેરવી શકતું નથી. નિશ્ચલ સ્વરૂપ છે. તે નિસ્તરંગ, નિષ્પ્રકંપ, નિરાકાર, નિરંજન, શુદ્ધ, (સ્ફટિક જેવું) એક જ સ્થિતિમાં છે. તે નિષ્ક્રિય હોવાથી જે સ્થિતિ પ્રથમ હતી તે જ અંતસુધી રહેનાર છે, અર્થાત્ અનાદિ અનંત છે માટે સનાતન છે.

**उत्तम-श्लोकाय** - વળી તે પરતત્ત્વ કેવું છે ? ઉત્તમ શ્લોક છે. ઉત્તમ પ્રકારનું શ્લાધ્ય છે. પરતત્ત્વથી વિશેષ પ્રશસ્ય વસ્તુ - ઉત્તમ વસ્તુ આ જગતમાં કોઈ નથી. ઉચ્ચત્તમ વખાણવા લાયક આ પરતત્ત્વ છે કેમકે અંતે તે જ ધ્યેય શરણ્યે સ્પૃહણીય થાય છે ત્યારે કર્મો નિર્જરવા માંડે છે. ત્રણ ભુવનમાં પણ જેની સમાનતામાં આવી શકે એવી એક પણ વસ્તુ નથી માટે અતિશય ઉચ્ચતાને પામેલ તે પરતત્ત્વ જ શ્લાધ્ય હોવાથી તે ઉત્તમ શ્લોક છે.

**मुकुन्दाय गोविन्दाय विष्णवे जिष्णवे अनन्ताय अच्युताय श्रीपतये** - વળી પરતત્ત્વ કેવું છે ? મુકુન્દ છે; ગોવિન્દ છે, વિષ્ણુ છે, જિષ્ણુ છે, અનન્ત છે, અચ્યુત છે, શ્રીપતિ છે આ વિગેરે સ્વરૂપથી પરતત્ત્વનું સ્તવન કરાય છે. જે અન્ય દર્શનમાં કૃષ્ણના જ અન્ય નામોથી કૃષ્ણની સ્તુતિ કરે છે.

**मुकुन्दायः**- વળી પરતત્ત્વ કેવું છે ? મુકુન્દ છે; કૃષ્ણ મુરલીધર હતા. તેમને મોરલી વગાડવી પ્રિય હતી. માટે મુકુન્દ નામથી તેમને સંબોધતા હતા. અહીં આ પરતત્ત્વ સદા અનાહત નાદના સૂરને શ્રવણ કરાવતું રહે છે કેમકે તે નાદ તેની પ્રિય વસ્તુ છે. સહજભાવે જે પરતત્ત્વમાંથી સંગીત કરતાં પણ અતિશય આલ્હાદકારી એક મોરલીનો સૂર નીકળ્યા કરે છે. જે પરતત્ત્વમાં લીન થાય છે તેને સંભળાય છે અર્થાત્ તે લયાવસ્થામાં આત્મા પોતે જ અનુભવરૂપ શ્રવણ કરે છે. માટે આ પરતત્ત્વ મુકુન્દ છે.

**गोविन्दायः** - વળી પરતત્ત્વ કેવું છે ? ગોવિન્દ છે. કૃષ્ણને ગોવિન્દ તરીકે સંબોધે છે. ગો - એટલે ગાય તેનો પાલક ગોપ. કૃષ્ણ તેમાં ઇન્દ્ર જેવા શોભતા હતા. કૃષ્ણ ગોપને ત્યાં મોટા થયા એટલે ગાયો ચરાવતા વિગેરે ક્રિયા કરતા હોવાથી તે પણ ગોપના ઇન્દ્ર જેવા

થયા. તેમ આ પરતત્ત્વ ગો એટલે ઇન્દ્રિયો તેનો પાલક સ્વામી. આત્મા તેમાં ઇન્દ્ર સ્વરૂપે છે. ગુણ અને પર્યાય સહિત આ આત્મા છે તેમાં આત્મા આત્મદ્રવ્ય સ્વરૂપે ગુણ-પર્યાય વચ્ચે ઇન્દ્રની જેમ શોભી રહ્યું છે. માટે આત્મા ગોપ છે. આ પરતત્ત્વ ગોપેન્દ્ર હોવાથી ગોવિન્દ છે.

**विष्णावे** - વળી પરતત્ત્વ કેવું છે ? વિષ્ણુ છે. વિષ્ણુ આ જગતમાં વ્યાપીને રહેલા પરમાત્મા છે. તે પણ કૃષ્ણનો પર્યાયવાચી શબ્દ છે તેમના દર્શનમાં કૃષ્ણની બાળલીલામાં મુકુન્દ, યૌવનમાં ગોવિન્દ તરીકે પરમાત્મા મનાય છે અને ભગવાન તરીકે વિષ્ણુ સ્વરૂપ મનાય છે. વિષ્ણુ એટલે જગતમાં વિષ્ણુ વ્યાપીને રહેલા છે. માટે તેઓ માને છે 'જલે વિષ્ણુ સ્થલે વિષ્ણુ....' વિગેરે આ રીતે જગત્‌વ્યાપી કૃષ્ણ ભગવાન તરીકે વિષ્ણુ સ્વરૂપ ધારણ કરે છે.

પરતત્ત્વ જગતમાં વ્યાપીને રહેલું છે. પરતત્ત્વ આત્માનું શક્તિ સ્વરૂપ છે. જેને ચૈતન્ય નામથી સંબોધાય છે. તે અખિલ બ્રહ્માંડમાં અર્થાત્ ચૌદ રાજલોકમાં ત્રણ ભુવનમાં વ્યાપીને રહેલું છે. માટે કોઈ સ્થલ એવું નથી કે જ્યાં ચૈતન્ય શક્તિ ન હોય. આત્મા સ્વરૂપથી (શક્તિથી) જગત્‌વ્યાપી હોઈ શકે અને વ્યક્તિથી દેહવ્યાપી હોઈ શકે. આ પરતત્ત્વ શક્તિ સ્વરૂપ હોવાથી શક્તિ સમગ્ર જીવ રાશિમાં અસ્તિત્વ ધરાવે છે. અને જીવરાશિ અંજનચૂર્ણના ડાબડાની જેમ ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. માટે શક્તિ સ્વરૂપ પરતત્ત્વ વિષ્ણુ છે. વ્યાપક સ્વભાવવાળો છે.

**जिष्णावे:** - વળી આ પરતત્ત્વ કેવું છે ? જિષ્ણુ છે આ પણ કૃષ્ણના પર્યાયવાચી શબ્દથી જગતમાં-પરદર્શનમાં જે ભગવાન તરીકે સંબોધાય છે. કૃષ્ણ જયનશીલ હતા, તેમણે અસુરો વિગેરેને પણ જીતી લીધા છે. કોઈ ઠેકાણે પણ હાર ખાધી નથી તેથી તે જિષ્ણુ કહેવાય છે. આ પરતત્ત્વ જયનશીલ છે તે કર્મોથી કદી હારતું નથી. અર્થાત્ કર્મો તેના

સ્વરૂપને, શુદ્ધતાને, નિરાકારતાને, નિરંજનતાને કંઈ કરી શકતા નથી. તે પરતત્ત્વથી તો હારી ગયેલા છે કારણ કે પરતત્ત્વનો જયનશીલ સ્વભાવ સહજ છે. તે સ્વરૂપથી કદી (જડ-કર્મ) પર દ્રવ્યોથી વિરૂપતાને પામતું નથી. માટે પરતત્ત્વ જિષ્ણુ છે.

**अनन्ताय:** - વળી પરતત્ત્વ કેવું છે ? અનન્ત છે. ન અન્ત ઇતિ અનન્ત. આ પરતત્ત્વ અંત વિનાનું છે. અર્થાત્ તેનો છેડો નથી એટલે નાશ નથી માટે અન્ત રહિત છે. પરતત્ત્વ જેમ આકાશનો છેડો નથી તેમ અંત વિનાનું એક જ સ્થિતિમાં સદા સ્થિત છે. તેમાં અનંતકાળે પણ કોઈ જાતનો ફેરફાર થનાર નથી. માટે અનંત છે અર્થાત્ ગમે તેટલું માણસ ચાલે તોય આકાશનો છેડો ન આવે તેમ પરતત્ત્વનો અંત પામી શકાય તેમ નથી.

**अच्युताय:** - વળી પરતત્ત્વ કેવું છે ? અચ્યુત છે. કૃષ્ણને અચ્યુત પણ કહે છે. તે સર્વ રાજાઓમાં શિરોમણિ હોવાથી વસુદેવના પુત્ર વાસુદેવ તરીકે જગત્ પ્રસિદ્ધ થયા હતા. તે કદી પોતાના સંકલ્પથી ચ્યુત થતા ન હતા. તેમ આ પરતત્ત્વ સ્વરૂપથી કદી ભ્રષ્ટ-ચ્યુત થતું નથી. જેનું સ્વરૂપ ત્રિકાલાબાધિત છે. કાળ તેને બાળ, યુવાન કે જરા યુક્ત કરી શકતો નથી તે એક જ સ્વરૂપને ધારણ કરીને રહેલું છે. તે સ્વરૂપ છે સત્ સત્તારૂપે તે અવસ્થિત છે. માટે પરતત્ત્વ અચ્યુત છે.

**श्रीपतये:** - વળી આ પરતત્ત્વ કેવું છે ? શ્રીપતિ છે. કૃષ્ણને લક્ષ્મીના સ્વામી કહેવાય છે. અર્થાત્ ગોપીના પતિ હતા. માટે કૃષ્ણને શ્રીપતિ તરીકે સંબોધન કરતા હતા.

આ પરતત્ત્વ શ્રીપતિ છે વળી આ પરતત્ત્વ આત્મલક્ષ્મીનો સ્વામી છે. આત્માની સઘળી શોભાનું મૂળ કારણ પરતત્ત્વ જ છે. આત્મા ગુણલક્ષ્મીથી શોભી રહ્યો છે. તે સઘળી ગુણલક્ષ્મીનો સ્વામી આત્મા

જે દ્રવ્ય સ્વરૂપે છે તે છે અર્થાત્ આત્માની સકલ સંપત્તિ અનુપમ ચૈતન્ય શક્તિના કારણે છે માટે આ પરતત્ત્વ શ્રીપતિ છે.

**विश्वरूपाय** - વળી પરતત્ત્વ કેવું છે ? વિશ્વરૂપ છે. પરતત્ત્વ વિશ્વ સ્વરૂપ છે. વિશ્વ એ કોઈ છ દ્રવ્યથી ભિન્ન વસ્તુ નથી. ષડ્દ્રવ્યાત્મક આ વિશ્વમાં જે કાંઈ છે તે આત્મદ્રવ્યને આભારી છે. આત્મદ્રવ્યે જ દૃશ્ય જડ સૃષ્ટિની રચના કરી છે. બાકીના ચાર દ્રવ્યો તે જડ - ચેતનના સહાયકરૂપ છે. માટે આ છ માં સૌથી મોખરે આત્મદ્રવ્ય છે. તે વિશ્વવ્યાપી છે માટે પરતત્ત્વ કહો કે વિશ્વ કહો તે બે એક લાગે છે. માટે આ પરતત્ત્વ વિશ્વરૂપ છે.

**हृषीकेशाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? હૃષીકેશ છે. હૃષીક એટલે ઈન્દ્રિયો. તેનો સ્વામી તે હૃષીકેશ. આત્મા ઈન્દ્રિયોનો સ્વામી એટલા માટે છે કે ઈન્દ્રિયો તો આત્માને જ્ઞાન કરવા માટે સાધનરૂપ છે. જ્યાં સુધી અશુદ્ધ પર્યાયને આધીન પોતે (આત્મા) પડેલો છે. ત્યાં સુધી ઈન્દ્રિયો જ્ઞાન કરવા માટે સાધનરૂપ છે માટે ઈન્દ્રિયો આત્માનો હુકમ થતાં સાધનરૂપ બની કાર્ય કરે છે માટે તેનો સ્વામી આત્મા છે. અર્થાત્ ઈન્દ્રિયો પરતત્ત્વ છે. ચૈતન્ય શક્તિ છે તો જ પોતે સક્રિય છે તે સિવાય તો જડ એવી ઈન્દ્રિયો નકામી બને છે માટે પરતત્ત્વ ઈન્દ્રિયોનું સ્વામિત્વ ધારણ કરનાર હોવાથી હૃષીકેશ છે.

**जगन्नाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? જગન્નાથ છે. ત્રણ લોકરૂપ જગતના નાથરૂપ છે. જગતનું યોગ અને ક્ષેમ (અસ્તિત્વરૂપ) કરનાર હોય તો આ એક પરતત્ત્વ જ છે. જગતનું અસ્તિત્વ શુદ્ધાત્મદ્રવ્યને લીધે છે. આત્મદ્રવ્યની પર્યાયો - જે સ્વપર્યાયો છે તે તો શુદ્ધ પર્યાયો છે પણ તે સિવાય જે અશુદ્ધ પર્યાયો (જે પર - જડ પર્યાયોને ગ્રહણ કરી સ્વ સ્વામિત્વ સ્થાપ્યું છે તે) જે તેણે છોડી દીધી

છે તે પુદ્ગલથી ભરેલું આ દશ્ય જગત્ છે તેનો નાથ આત્મદ્રવ્ય છે કેમકે તેનું સર્જન આત્માએ કરેલું છે અને તેનું રક્ષણ પણ તે કરે છે માટે આ પરતત્ત્વ જગન્નાથ છે.

**भूर्भुवः-स्वः-समुत्ताराय** - વળી પરતત્ત્વ કેવું છે ? ભૂર્ભુવઃ-સ્વઃ-સમુત્તાર છે. સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણેથી સમ્યક્ પ્રકારે ઉતરી ગયેલું છે. અર્થાત્ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણે લોકથી પર જે સ્થાન છે ત્યાં રહેલું છે. ત્રણ લોકથી ઉપર છે તે એક પરતત્ત્વ જ છે. ત્રણેથી ઉપર ઉંચે ગયેલું છે માટે આ પરતત્ત્વ ભૂર્ભૂવઃ સ્વઃ સમુત્તાર છે.

**मानंजराय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? માનંજર છે. જેમાં માન ક્ષીણ થઈ ગયેલું છે અર્થાત્ જેનું માન-પ્રમાણ જીર્ણ શીર્ણ થઈ ગયેલું છે. અર્થાત્ માનાતીત છે. એટલે જેનું માન-પ્રમાણ મર્યાદિત થઈ શકતું નથી. આ પરતત્ત્વ માનંજર-માનને ઘસી નાંખેલું ક્ષીણ કરી નાંખતું હોવાથી પ્રમાણાતીત થઈ ગયેલું છે. માટે માનંજર છે. માનને નાશ કરનાર છે.

**कालंजराय** - વળી પરતત્ત્વ કેવું છે ? કાલંજર છે. જેણે કાલને જીર્ણ શીર્ણ કરી નાંખેલો છે. તેથી તે પરતત્ત્વ કાલાતીત છે. અર્થાત્ કાલ તેને કાંઈ કરી શકતો નથી. આમ તો કાલ વસ્તુને જીર્ણ કરે છે પરંતુ આ પરતત્ત્વ તેનાથી જીર્ણ થતું નથી. પરંતુ કાલ પોતે તેની પાસે જીર્ણ સ્વરૂપ થઈ ગયો છે. તેથી આ પરતત્ત્વ કાલંજર છે. કાલને નાશ કરનાર છે.

**ध्रुवाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? ધ્રુવ છે. એટલે નિશ્ચળ છે તેનું જે સ્વરૂપ છે તે સ્વરૂપમાં તે સ્થિર છે. તેને કોઈ ચલિત કરી શકતું નથી. આત્મદ્રવ્ય ત્રણ સ્વરૂપને ધારણ કરે છે. ઉત્પાદ, વ્યય અને

ધ્રૌવ્ય. આત્મદ્રવ્યની સત્તા આ તેના ત્રણે સ્વરૂપથી છે. તેમાં પરતત્ત્વ ધ્રૌવ્ય સ્વરૂપને ધારણ કરે છે. માટે તે ધ્રુવ છે. તેથી તે અવિચલિત કહેવાય છે. અથવા તે દ્રવ્ય જે ધ્રુવસત્તા છે તે પરતત્ત્વ છે.

**अजाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? અજ છે. એટલે તે ઉત્પત્તિ વિનાનું છે. તે ઉત્પન્ન થતું નથી પરંતુ અનાદિકાળથી તે ચૈતન્ય સ્વરૂપ પરતત્ત્વનું અસ્તિત્વ છે. आत्मद्रव्य-उत्पाद व्यय ध्रौव्य युक्तं सत् ત્રણ સ્વરૂપે આત્મ સત્તા છે. પરંતુ જેમ ઉપર ઉત્પાદ, વ્યય રહિત કેવળ ધ્રુવસત્તા પરતત્ત્વની છે તેમ અજ હોવાથી તે ઉત્પાદ રહિત છે. અર્થાત્ તેનો જન્મ થતો નથી. તે તો અનાદિકાળથી જે સ્વરૂપે છે તે સ્વરૂપે જ સ્થિત છે. તેથી તેની ઉત્પત્તિ ક્યારે થઈ ? તે મળતું નથી માટે પરતત્ત્વ અજ છે.

**अजेयाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? અજેય છે. કોઈથી ન જીતી શકાય તેવું છે. શું તે બળથી અજેય છે ? ના બળથી અજેય હોય તેની અહીં કોઈ કિંમત નથી કિન્તુ તે સત્તાથી અજેય છે. કોઈ વસ્તુ (જે પર્યાયને ધારણ કરે છે તે) એવી નથી કે આ પરતત્ત્વને જીતી શકે ! તે સત્તાથી સદા વિદ્યમાન હોવાથી નાશવંત એવી વસ્તુ - જે પર્યાયો છે તે તેને જીતી શકતી નથી. માટે દરેક વસ્તુ ઉત્પાદ, વ્યયને ધારણ કરનાર હોવાથી જેની ધ્રુવસત્તા છે. એવા આ પરતત્ત્વને જીતી શકતી નથી માટે તે પરતત્ત્વ અજેય છે.

**अजराय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? અજર છે. તે કદી જરાને ધારણ કરતું નથી કેમકે તે પોતાના સ્વરૂપમાં જ સ્થિત હોવાથી એક જ સ્વરૂપને ધારણ કરે છે પરંતુ સ્વરૂપ બદલાતું નથી. બાળ, યુવાન અને વૃદ્ધાવસ્થા એ અશુદ્ધ પર્યાયમાં રહેલા આત્મામાં ઘટે છે. પરતત્ત્વમાં તો એક જ સ્થિતિમાં સ્થિર છે માટે જે સ્વરૂપે છે તે સ્વરૂપે છે તે વૃદ્ધ થતું નથી માટે પરતત્ત્વ અજર છે.

**અચલાય** - વળી પરતત્ત્વ કેવું છે ? અચલ છે. જે સ્થિતિમાં છે તે સ્થિતિથી જરાપણ તે ડગે તેમ નથી. માટે પરતત્ત્વ અચલ-સ્થિર છે. પોતાના સ્વરૂપથી ચલાયમાન નહિ થવાથી અવિચલિત છે. મૂળ દ્રવ્ય કદી ફેરફાર થાય નહિ, ફેરફાર પર્યાયોનો થાય છે. તેથી ઉપચાર દ્રવ્યમાં કરવામાં આવે છે ત્યારે તેને દ્રવ્યનો ફેરફાર માની તેનું મૂળ સ્થિતિથી ભિન્ન એવું સ્વરૂપ વર્ણવાય છે. પરંતુ મૂળ દ્રવ્ય સ્વરૂપ પરતત્ત્વ પોતાના સ્વરૂપમાં અચલ છે માટે તે અચલ કહેવાય છે.

**અવ્યયાય** - વળી પરતત્ત્વ કેવું છે ? અવ્યય છે. જેમ ઉત્પાદ, વ્યયરહિત તેનું ધ્રૌવ્ય સ્વરૂપ છે અને ઉત્પાદ રહિત તેનું અજ સ્વરૂપ છે તેમ વ્યય રહિત તેની ધ્રુવસત્તા હોવાથી પરતત્ત્વ અવ્યય છે. મૂળ દ્રવ્યનો કદી નાશ થતો નથી. જેનો નાશ થાય તે વ્યય કહેવાય. પર્યાયો નાશવંત છે પણ આત્માનું મૂળ સ્વરૂપ કદી નાશ પામતું નથી, માટે અનાદિકાળથી અનંતકાળ સુધી અનંત પર્યાયમાં ફરતો આત્મા એનો એ જ હોય છે. તેનો નાશ કદી થતો નથી માટે આ પરતત્ત્વ અવ્યય છે.

**વિભવે** - વળી પરતત્ત્વ કેવું છે ? વિભવ છે. તે અણુથી પણ અણુ સ્વરૂપ છે અને મહત્‌થી પણ મહત્‌ સ્વરૂપ છે તેના અણુ સ્વરૂપનું ધ્યાન કરે છે ત્યારે ચિત્ત તેમાં લય પામતાં નિર્વિકલ્પ થાય છે. તેમ મહત્‌ સ્વરૂપનું ધ્યાન કરતાં તેનાથી આગળ કોઈ મહત્‌ નહિ હોવાથી તેમાં મનોલય થતાં નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે. આ જે પરતત્ત્વનું મહત્‌ સ્વરૂપ છે તે જ તેનું વિભુત્વ છે. માટે પરતત્ત્વ વિભુ છે.

**અચિન્ત્યાય** - વળી પરતત્ત્વ કેવું છે ? અચિન્ત્ય છે. આ પરતત્ત્વ મનનો વિષય બની શકતું ન હોવાથી તેનું ચિંતન થઈ શકતું નથી તે મનને અગોચર તત્ત્વ છે. તે કેવળ આત્માનો વિષય બની શકે છે. માટે

અનુભવગમ્ય છે. કલ્પનાતીત છે. તેથી ચિન્ત્વન કરી શકાય નહિ માટે અચિન્ત્ય છે.

**असंख्येयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? અસંખ્યેય છે. જેની સંખ્યાની ગણત્રી ન થઈ શકે તે અસંખ્યેય કહેવાય. આ પરતત્ત્વ અસંખ્યેય છે એટલે સંખ્યાતીત છે. જે સમ્યક્ પ્રકારે કથન કરી શકાય તે સંખ્ય. પરંતુ જે વચનનો વિષય બનતું નથી તેનું સમ્યક્ પ્રકારે ખ્યાપન કેવી રીતે થઈ શકે ? માટે આ પરતત્ત્વ મનને અગોચર છે તેથી અચિન્ત્ય છે તેમ વચનને અગોચર હોવાથી અસંખ્યેય છે અર્થાત્ સંખ્યા રહિત છે.

**आदि-संख्याय** - વળી પરતત્ત્વ કેવું છે ? આદિ સંખ્યેય છે. જેની આદિમાં ગણના થઈ શકે તેવું આ પરતત્ત્વ છે કેમકે કોઈ પણ વસ્તુનું મૂળ તપાસીએ તો આત્મતત્ત્વ છે. શરૂઆત તો પરતત્ત્વ જે દ્રવ્ય-શક્તિ સ્વરૂપ છે તેનાથી થાય છે અર્થાત્ બધાના મૂળમાં આ ચૈતન્ય શક્તિ છે માટે તે શક્તિ સ્વરૂપ પરતત્ત્વની ગણના આદિમાં છે. માટે તે આદિસંખ્ય છે.

**आदि-केशवाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? આદિકેશવ છે. જે કેશવ કૃષ્ણનું ભગવાન તરીકે નામ છે. પરદર્શનમાં ભગવાનના ૨૪ અવતાર મનાય છે. તેમાં કૃષ્ણે ભગવાન તરીકે છે તેણે અવતાર લીધો અને દુષ્ટોનું દમન કર્યું અને પૃથ્વી ઉપર સઘળું વ્યવસ્થિત કર્યું. આ તેમની માન્યતામાં એક અવતાર લીધો તે કેશવ તરીકે જાહેર થયા.

પરતત્ત્વ તો આદિકેશવ છે સઘળા પરમાત્માઓનું મૂળ હોય તો પરતત્ત્વ છે. પરમાત્માના ૨૪ અવતાર કહો કે ૨૪ તીર્થંકર પરમાત્મા કહો તે સઘળામાં આદિમાં પરતત્ત્વ રહેલું છે. આ શક્તિ સ્વરૂપ આત્મદ્રવ્ય જ પરમાત્માની (તીર્થંકર ભગવાનની) ઉત્પત્તિનું મૂળ છે. માટે પરતત્ત્વ આદિ કેશવ છે.

**आदि-शिवाय** - વળી પરતત્ત્વ કેવું છે ? આદિ શિવ છે. આ પરતત્ત્વ આદિ કલ્યાણરૂપ છે. પરતત્ત્વ પોતે કલ્યાણ સ્વરૂપ છે. માટે સર્વ કલ્યાણોની આદિમાં આ પરતત્ત્વ છે. જે કાંઈ બાહ્ય કે અભ્યંતર કલ્યાણ પ્રાપ્ત થાય છે તે પરતત્ત્વની કલ્યાણતાને જ આભારી છે. અર્થાત્ કલ્યાણનો ભંડાર પરતત્ત્વમાં ભરેલો છે. તેમાંથી જ સર્વ કલ્યાણો (બાહ્ય-અભ્યંતર) પ્રસરે છે માટે આદિ શિવ પરતત્ત્વ છે.

**महाब्रह्मणे** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાબ્રહ્મ છે. એટલે મહાન બ્રહ્મસ્વરૂપ છે. પર દર્શનમાં બ્રહ્માએ સૃષ્ટિ રચી છે એમ માને છે. તેમ આ પરતત્ત્વ મહાન બ્રહ્મસ્વરૂપને ધારણ કરીને રહેલું છે કારણ કે બ્રહ્માએ તો સૃષ્ટિ રચી પરંતુ તે બ્રહ્મા પણ પરતત્ત્વથી સર્જન પામેલો છે. અર્થાત્ આત્માનું જ આ દશ્ય જગતનું સર્જન છે માટે ગુણ-પર્યાય યુક્ત આત્મા સાચો બ્રહ્મા છે અને ગુણ-પર્યાયને પણ ધારણ કરનારું તો દ્રવ્ય છે માટે દ્રવ્ય સ્વરૂપ પરતત્ત્વ તે મહાબ્રહ્મ છે.

**परमशिवाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પરમશિવ છે. એટલે કે પરમ શિવ સ્વરૂપ છે. શિવ એટલે નિરૂપદ્રવતા અથવા કલ્યાણ. સંપૂર્ણ નિરૂપદ્રવ અવસ્થા હોય તો કેવળ પરતત્ત્વની જ છે. દ્રવ્ય અનાદિકાળથી મૂળ સ્વરૂપે શુદ્ધ સ્ફટિક જેવું નિર્મળ અને શાંત છે. તેમાં કોઈ પણ જાતના ઉપદ્રવની અર્થાત્ કર્મરૂપ કષ્ટોની શક્યતા નથી. માટે પરમ નિરૂપદ્રવ અવસ્થાને ભોગવતું પરમ કલ્યાણરૂપ કેવળ પરમતત્ત્વ હોવાથી તે પરમશિવ છે.

**एका-नेका-नन्त-स्वरूपिणे** - વળી આ પરતત્ત્વ કેવું છે ? એકાનેકાનન્તસ્વરૂપી છે. એટલે કે શક્તિથી તે એક સ્વરૂપને ધારણ કરે છે. ત્યારે તે એક છે એમ લાગે છે ભિન્ન ભિન્ન વ્યક્તિમાં પણ તે ચૈતન્યશક્તિ રહેલી છે. તેથી તે અનેક સ્વરૂપને ધારણ કરતું હોવાથી

અનેક સ્વરૂપી લાગે છે તથા અપેક્ષાએ વિવિધ અવગાહના ભેદે અનેક સ્વરૂપી લાગે છે. માંટે પરતત્ત્વ એક છે, અનેક છે અને કાળના પ્રવાહમાં અનંતા અરિહંત પરમાત્મા થયા છે અને થશે તે અપેક્ષાએ અનંત સ્વરૂપી છે.

**भावा-भाव-विवर्जिताय** - વળી પરતત્ત્વ કેવું છે ? ભાવાભાવવિવર્જિત છે. ભાવ અને અભાવ સ્વરૂપથી વિવર્જિત છે. પરતત્ત્વની સત્તાને મહાસત્તા કહેવાય છે કેમકે જે સત્તા આગળ બીજી કોઈ સત્તા નહિ હોવાથી ભાવ (સત્તા) વિવર્જિત રહિત છે. અને પરતત્ત્વ અભાવ સ્વરૂપ નથી કિન્તુ મહાસત્તાને ધારણ કરનારું છે. તેથી તે સત્ કે અસત્ અર્થાત્ ભાવ કે અભાવ સ્વરૂપ નથી કિન્તુ મહાસત્તા સ્વરૂપ છે માટે ભાવાભાવ વિવર્જિત છે.

અર્થાત્ દ્રવ્યનું પર્યાયાર્થિક નયથી ભાવાભાવ સ્વરૂપ છે. જેને કથંચિત ભાવ, કથંચિત અભાવ કહેવાય છે. દ્રવ્યાર્થિક નયથી આત્માનું સત્ સ્વરૂપ અને પર્યાયાર્થિક નયથી આત્મા અસત્ સ્વરૂપ એમ કથંચિત્ ભાવ અને કથંચિત્ અભાવ એ બંનેથી આ પરતત્ત્વ વર્જિત કરાયેલું છે એટલે પરતત્ત્વ ભાવાભાવ રહિત સ્થિર એક અવિચલિત સ્વરૂપ છે. તેથી ભાવાભાવ સ્વરૂપ નથી ભાવાભાવ વર્જિત થઈ ગયેલા છે.

**अस्ति-नास्ति-द्वयातीताय** - વળી પરતત્ત્વ કેવું છે ? અસ્તિનાસ્તિદ્વયાતીત છે. અસ્તિ અને નાસ્તિ એ દ્વયને ઓળંગી ગયેલું છે. દ્રવ્યના પર્યાયાર્થિક નયથી સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ એમ ભંગ થાય છે. પરતત્ત્વ સ્થિર, અવિચલિત હોવાથી અસ્તિનાસ્તિરૂપ જે દ્વય બે પણું છે તેને ઓળંગી ગયેલું છે કારણ કે પરતત્ત્વની વિચારણામાં ગુણ-પર્યાયની ગૌણતા રાખીને કેવળ દ્રવ્યની વિચારણા છે તેથી તેમાં ભાવાભાવ કે અસ્તિનાસ્તિ ઘટી શકે નહિ. તે તો નિષ્ક્રિય નિજ

સ્વરૂપને ધારણ કરી રહેલું છે તેમાં હોવું અને ન હોવું તે રૂપ ભાવાભાવ કે અસ્તિ અને નાસ્તિ તે રૂપ દ્વય તે રહી શકતા નથી માટે પરતત્ત્વ નિજ સત્તાને ધારણ કરતું અવિચલિત દ્રવ્ય સ્વરૂપ છે તે ભાવાભાવ વિવર્જિત તથા અસ્તિનાસ્તિ દ્વયાતીત છે.

**पुण्य-पाप-विरहिताय** - વળી પરતત્ત્વ કેવું છે ? પુણ્યપાપરહિત છે. પરતત્ત્વ પુણ્ય અને પાપ એ બંનેથી વિરહિત છે. પુણ્ય અને પાપ અશુદ્ધ પર્યાયની સાથે રહેલા દ્રવ્યને શુભાશુભ કર્મોનો સંયોગ થઈ શકે છે અને સારા નરસા ભાવોમાં તેને મુંઝવે છે. પરતત્ત્વ - શુદ્ધ આત્મદ્રવ્યને પુણ્ય, પાપનો યોગ નથી હોતો તેથી તે પુણ્ય પાપથી વિરહિત છે.

**सुख-दुःख-विविक्ताय** - વળી પરતત્ત્વ કેવું છે ? સુખ દુઃખ વિવિક્ત છે. પરતત્ત્વ સુખ-દુઃખથી વિવિક્ત-છૂટું છે. પરતત્ત્વ સુખ દુઃખ દ્વન્દ્વથી છૂટું થઈ ગયેલું છે. અર્થાત્ પરતત્ત્વ સુખ દુઃખથી ભિન્ન છે.

પરતત્ત્વને સુખ કે દુઃખ એકેયનો અનુભવ થતો નથી કારણ કે સુખ આત્માનું હોય તો પણ પર્યાય સ્વરૂપ છે તેને તે વેદે તો સુખાનુભવ કહેવાય અને સુખના અભાવમાં દુઃખાનુભવ હોય. પરતત્ત્વ કેવળ દ્રવ્યના અસ્તિત્વનું સ્વરૂપ છે તેમાં કોઈ ક્રિયા નથી માટે સુખના પણ અનુભવ રૂપ ક્રિયા નથી તેથી સુખ અને દુઃખ બંનેથી ભિન્ન છે અથવા સુખદુઃખરૂપ દ્વન્દ્વ તેનાથી જુદું પડી ગયેલું છે માટે તે સુખ-દુઃખ વિવિક્ત છે.

**व्यक्ता-व्यक्त-स्वरूपाय** - વળી તે પરતત્ત્વ કેવું છે ? વ્યક્તાવ્યક્ત સ્વરૂપ છે. પરતત્ત્વ વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપી છે. યોગીઓને તે સ્વરૂપ વ્યક્ત છે. બીજાઓને તે સ્વરૂપ અવ્યક્ત છે. અર્થાત્ તે આત્માનુભવથી વ્યક્ત છે ઈન્દ્રિયોથી અવ્યક્ત છે અથવા

પરતત્ત્વમાં બંને સ્વરૂપો છે. વ્યક્ત અને અવ્યક્ત જ્યારે વ્યક્તિ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે પર્યાયને સાથે રાખે છે જ્યારે યોગી પર્યાયથી ભિન્ન સ્વરૂપે જાણે છે ત્યારે તે અવ્યક્ત છે. પર્યાય યુક્ત દ્રવ્યનું વ્યક્ત સ્વરૂપ છે. પર્યાય ભિન્ન દ્રવ્યનું અવ્યક્ત સ્વરૂપ છે. આ બંને સ્વરૂપને ધારણ કરતું પરતત્ત્વ વ્યક્તાવ્યક્ત સ્વરૂપ છે.

**अनादि-मध्य-निधनाय** - વળી પરતત્ત્વ કેવું છે ? અનાદિ મધ્ય નિધન છે. જે પરતત્ત્વની આદિ નથી જેનું મધ્ય નથી જેનું નિધન નથી. અર્થાત્ પરતત્ત્વ આદિ, મધ્ય અને અંત વિનાનું છે. પરતત્ત્વની શરૂઆત મળતી નથી અને તેનો છેડો અથવા નાશ મળતો નથી. જેની આદિ નથી અને નાશ નથી તેનો મધ્ય ભાગ હોતો જ નથી તેથી પરતત્ત્વ આદિ, મધ્ય, નિધન રહિત હોવાથી અનાદિમધ્યનિધન છે.

વળી પરતત્ત્વ કેવું છે ?

**नमोऽस्तु मुक्तीश्वराय मुक्ति-स्वरूपाय** - તે પરતત્ત્વ કેવું છે ? મુક્તિ સ્વરૂપ છે. તેવા મુક્તિના ઈશ્વરને નમસ્કાર થાઓ.

પરતત્ત્વ મુક્તિ સ્વરૂપ છે એટલે તે કર્મથી મુક્ત સ્વરૂપી છે. શુદ્ધાત્મદ્રવ્ય કર્મથી બંધાતું નથી માટે જે બંધાતું નથી તે પોતે મુક્તિ સ્વરૂપ છે. કેવળ શુદ્ધદ્રવ્યની વિચારણામાં તેની બંધાવસ્થા ઘટે નહિ પર્યાય સહિત દ્રવ્યની વિચારણામાં બંધ સ્વરૂપ ઘટતું હોવાથી પરતત્ત્વ મુક્તિ સ્વરૂપ છે માટે મુક્તિના ઐશ્વર્યને ધારણ કરતું હોવાથી મુક્તિનું ઈશ્વરત્વ તેનામાં છે માટે મુક્તિસ્વરૂપ મુક્તિશ્વર એવા પરતત્ત્વને નમસ્કાર થાઓ.



मूल – ॐ नमोऽर्हते निरातङ्काय निःसङ्गाय निःशङ्काय निर्मलाय निर्द्वन्द्वाय निस्तरङ्गाय निरुर्मये निरामयाय निष्कलङ्काय परमदैवताय सदाशिवाय महादेवाय शङ्कराय महेश्वराय महाव्रतिने महायोगिने महात्मने पञ्चमुखाय मृत्युञ्जयाय अष्टमूर्त्तये भूतनाथाय जगदानन्दाय जगत्पितामहाय जगत्देवाधिदेवाय जगदीश्वराय जगदादिकन्दाय जगद्भास्वते जगत्-कर्मसाक्षिणे जगच्चक्षुषे त्रयीतनवे अमृतकराय शीतकराय ज्योतिश्चक्र-चक्रिणे महाज्योतिर्द्योतिताय महातमः-पारेसुप्रतिष्ठिताय स्वयंकर्त्रे स्वयंहर्त्रे स्वयंपालकाय आत्मेश्वराय नमो विश्वात्मने ॥ ७ ॥

**अर्थ : ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

તે પરમાત્મા કેવા છે ?

**निरातङ्क** - આતંક-રોગ-પીડા રહિત છે.

**निःसङ्ग** - સંગ રહિત છે.

**निःशङ्क** - શંકા રહિત છે.





**निर्मल** - ભય રહિત અથવા મલરહિત છે.

**निर्द्वन्द्व** - દ્વન્દ્વ રહિત છે.

**निस्तरङ्ग** - તરંગ રહિત છે.

**निरूर्मि** - ઉર્મિ રહિત છે.

**निरामय** - આમય - રોગ રહિત છે.

**निष्कलङ्क** - કલંક રહિત છે.

**परमदैवत** - જેનું દૈવત્વ પરમ છે.

**सदाशिव** - જે સદા-હંમેશાં કલ્યાણ સ્વરૂપ છે.

**महादेव** - જે મહાન દેવ છે.

**शङ्कर** - જે સુખને કરનાર છે.

**महेश्वर** - જે મહાન ઈશ્વર છે.

**महाव्रती** - જે મહાવ્રતવાળા છે.

**महायोगी** - જે મહાન યોગી છે.

**महात्मा** - જે મહાન આત્મા છે.

**पञ्चमुख** - જેમને પાંચ મુખ છે.

**मृत्युञ्जय** - જેમણે મૃત્યુનો જય કર્યો છે.

**अष्टमूर्ति** - જેમને આઠ મૂર્તિ છે.

**भूतनाथ** - જે ભૂતોના નાથ છે.

**जगदानन्द** - જે જગતને આનંદરૂપ છે.

**जगत्पितामह** - જે જગતના પિતામહ-દાદા છે.

**जगद्देवाधिदेव** - જે જગતમાં દેવમાં પણ અધિક દેવ છે.

**जगदीश्वर** - જે જગતના ઈશ્વર છે.

**जगदादि-कन्द** - જે જગતના આદિ કન્દરૂપ છે.

**जगद्भास्वत्** - જે જગતના સૂર્ય-તેજવાળા છે.

**जगत्कर्म-साक्षी** - જે જગતના કર્મો-કાર્યોમાં સાક્ષી છે.

**जगच्चक्षु** - જે જગતના ચક્ષુ છે.

**त्रयीतनू** - જે ત્રણ શરીરરૂપ છે.

**अमृतकर** - જે અમૃતને કરનાર છે.

**शीतकर**- જે ઠંડક કરનાર છે.

**ज्योतिश्चक्र-चक्रि** - જે જ્યોતિચક્રના ચક્રવર્તિ છે.

**महाज्योति-द्योतित** - જે મહાજ્યોતિરૂપે પ્રકાશેલું છે.

**महातमःपारेसुप्रतिष्ठित** - જે મહાતમસ્‌ના છેડે સારી રીતે પ્રતિષ્ઠિત છે.

**स्वयंकर्ता** - પોતે કર્તા છે.

**स्वयंहर्ता** - પોતે હર્તા છે. હરણ કરનાર છે.

**स्वयंपालक** - પોતાની મેળે પાલક-રક્ષણ કરનાર છે.

**आत्मेश्वर** - આત્માના ઈશ્વર છે.

**नमो विश्वात्मने** - વિશ્વ સ્વરૂપ તેમને નમસ્કાર થાઓ.

રહસ્યાર્થ :-

**અહીં પણ દ્રવ્યની ધ્રુવસત્તાને મુખ્ય રાખીને સ્તવના કરવામાં આવી છે.**

**ॐ नमोऽर्हते** - અર્હત્ સ્વરૂપ પરતત્ત્વને નમસ્કાર હો.

**निरातङ्काय** - આ પરતત્ત્વ કેવું છે ? નિરાતંક છે. પીડા જેમાં નથી. પરતત્ત્વમાં આધિ-વ્યાધિ-ઉપાધિનો અભાવ હોવાથી મન-વચન-

કાયાથી થતી પીડા તેમાં હોતી જ નથી. કેમકે પરતત્ત્વ આ ત્રણે યોગથી પર છે તેથી તેમાં પીડાને રહેવાનું કોઈ સ્થાન જ નથી માટે તે નિરાતંક છે.

**નિઃસઙ્ગાય** - વળી આ પરતત્ત્વ કેવું છે ? નિસંગ છે. તેને કોઈ સંગ નથી. તે એકલું છે. તે કોઈની સાથે સંગ કરતું નથી. કેમકે તેનામાં સંગનું કોઈ કારણ નથી. સંગ પરસ્પરનો થાય પરંતુ પરની સાથે મળવાનો તેનો સ્વભાવ નથી અને શુદ્ધ હોવાથી કોઈને તેની સાથે સંગ થતો નથી માટે પરતત્ત્વ નિઃસંગ છે.

**નિઃશઙ્કાય** - વળી પરતત્ત્વ કેવું છે ? નિઃશંક છે. તે શંકા રહિત છે. તેમાં શંકાને રહેવાનું કારણ નથી કેમકે તે શુદ્ધ છે શુદ્ધાશુદ્ધ હોય તો તેમાં શંકા રહે કે તે શુદ્ધ છે કે અશુદ્ધ? પરંતુ પરતત્ત્વ એક સ્વરૂપમાં રહે છે તેમાં ફેરફાર થતો નથી તો માટે શંકા પણ રહેતી નથી. તેથી તે નિઃશંક છે. નિઃશંક તત્ત્વ છે અર્થાત્ સ્વરૂપે નિઃશંક છે.

**નિર્મલાય** - વળી પરતત્ત્વ કેવું છે ? નિર્મલ છે. નિર્મલ અથવા નિર્ભય છે. પરતત્ત્વમાં કોઈ મલ નથી. નથી કર્મનો મલ કે નથી રાગ-દ્વેષરૂપ ચિકાશનો મલ. તે સ્વચ્છ જલ જેવું અથવા સ્વચ્છ સ્ફટિક જેવું નિર્મળ છે જેની આરપાર બધું દેખાય છે. તે સ્ફટિકનું કેવળ અસ્તિત્વ જ હોય છે તેની પાછળ રહેલી વસ્તુને જોવામાં જરાય બાધા પહોંચાડતું નથી તેવું પરતત્ત્વ નિર્મળ પારદર્શક જેવું છે. તેમાં કર્મરૂપ મલનો ડાઘ નથી. માટે નિર્મલ છે.

અથવા નિર્ભય છે. પરતત્ત્વ નિર્ભય સ્વરૂપ છે. ભય રહિત છે. ભય પર વસ્તુથી હોય છે. પરતત્ત્વને પર વસ્તુ સાથે જોડાણ નથી તે માત્ર સ્વ સત્તાને ધારણ કરતું સ્વરૂપ સ્થિત છે. તેને કોનાથી ભય હોય ? માટે સદા અવસ્થિત નિર્ભય સ્વરૂપ હોવાથી નિર્ભય છે.

**निर्द्वन्द्वाय** - વળી પરતત્ત્વ કેવું છે ? નિર્દ્વન્દ્વ છે. તે દ્વન્દ્વ રહિત છે. સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ઉંચે-નીચે, આગળ-પાછળ, મોટું-નાનું. આ બધા દ્વન્દ્વો એકબીજાના પ્રતિસ્પર્ધી વસ્તુના અસ્તિત્વથી થયેલા છે. સુખ છે તો તેનું પ્રતિસ્પર્ધી દુઃખ છે. પણ પરતત્ત્વનું પ્રતિસ્પર્ધી જોડી કોઈ મળતું જ નથી તે પોતે એક છે, નિરાળુ છે માટે પરતત્ત્વ નિર્દ્વન્દ્વ સ્વરૂપ છે.

**निस्तरङ्गाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? નિસ્તરંગ છે. તરંગ રહિત છે. જેમ સમુદ્રનો મધ્યભાગ તરંગ રહિત હોય છે તે સ્તિમિતોદધિ જેવું પરતત્ત્વ નિસ્તરંગ છે. તરંગ સ્ખલિત હોય છે.અર્થાત્ સમુદ્રમાં તરંગ-સ્ખલના પામતું જલનું વહેણ કાંઠા તરફ જતું દેખાય છે. તેવી સ્ખલના પરતત્ત્વમાં નથી. તે અસ્ખલિત હોવાથી નિસ્તરંગ છે. જેમ આકાશમાં કોઈ વસ્તુ સ્ખલિત'થતી નથી તેમ પરતત્ત્વ અસ્ખલિત છે માટે તે નિસ્તરંગ છે.

**निरुर्मये** - વળી પરતત્ત્વ કેવું છે ? નિરુર્મિ છે. ઉર્મિ રહિત છે. ઉર્મિ એટલે ઉભરાની જેમ સપાટી કરતાં બહાર આવવું તે. પરતત્ત્વ પોતાના સ્વરૂપની બહાર જરાપણ આવતું નથી. પોતાના લેવલમાં જ રહે છે. અર્થાત્ તે જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જ સદાય રહેનારું છે. તેમાંથી બહાર આવીને ઉર્મિ સ્વરૂપ ધારણ કરતું નથી માટે પરતત્ત્વ નિરુર્મિ છે.

**निरामयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? નિરામય છે. આમય રહિત છે. બાહ્ય-અભ્યંતર રોગો તેને સ્પર્શતા નથી અથવા તેમાં ઉદ્ભવતા નથી. બાહ્ય રોગો પક્ષ્માદિ. અભ્યંતર રોગો જન્મ, જરા, મરણ અને તેના કારણરૂપ કર્મો. આ બંને આમયો પરતત્ત્વને સ્પર્શતા નથી કારણ કે પરતત્ત્વ કોઈના સંબંધમાં આવતું નથી. જડવસ્તુ કર્માદિ તેની પાસે આવીને કાંઈ કરી શકતા નથી કે જેથી તે

શરીરને ધારણ કરવારૂપ જન્મ અને તેના વિયોગરૂપ મરણને કરી શકે. માટે પરતત્ત્વ નિરામય સ્વરૂપ છે.

**निष्कलङ्काय** - વળી પરતત્ત્વ કેવું છે ? નિષ્કલંક છે. કલંક રહિત છે. કલંક એટલે ડાઘ. પરતત્ત્વ કલંક રહિત નિર્મળ-સ્વચ્છ છે. કલંક માત્રને કરનાર કર્મ સમુદાય છે. કર્મ સમુદાયનો તે પરતત્ત્વ સંગ્રહ કરતું નથી. તે સ્વરૂપ સ્થિત છે તે કાંઈ કરતું નથી. **क्रियते इति कर्म** કરાય તે કર્મ. કોઈ અશુદ્ધ ક્રિયા કરે તો તે કર્મોનો સંગ્રહ થાય.

જીવની શુદ્ધ પર્યાય પણ સક્રિય છે અને અશુદ્ધ પર્યાય પણ સક્રિય છે. શુદ્ધ પર્યાયની ક્રિયાને ગુણ કહેવાય છે. અર્થાત્ તે ક્રિયા આત્માને ગુણકારી બને છે માટે તે ક્રિયાથી ગુણના ભોગમાં આનંદ હોય છે. અશુદ્ધ પર્યાય અશુદ્ધ ક્રિયા કરે છે તે મિથ્યાત્વાદિ છેવટે યોગની ક્રિયાથી પણ કર્મનો સંગ્રહ કરે છે. તે ક્રિયાથી પ્રાપ્ત થયેલા કર્મોના ભોગમાં આનંદનો અભાવ હોય છે તથા સુખ-દુઃખ ઉપચરિત ભોગ કરે છે. પરતત્ત્વ આ બંને ક્રિયાથી રહિત છે. માટે નિષ્કલંક છે.

**परमदैवताय** - વળી પરતત્ત્વ કેવું છે ? પરમદૈવત છે. પરમ દેવસ્વરૂપ છે. દેવતા સ્વરૂપ તો પરમાત્મા સિવાય ક્યાંય નથી છતાં જે દિવ્યતિ તે દેવ એ પ્રમાણે વ્યત્પત્તિનો અર્થ ઘટતાં ચાર ગતિમાં જે એક દેવગતિ છે તેમાં ફક્ત વ્યુત્પત્તિ અર્થ જ ઘટે છે પરંતુ વાસ્તવિક દૈવત પરમાત્મામાં છે કારણ કે તે આત્મગુણથી પ્રકાશિત થાય છે. તે દૈવત પણ પરમઉત્કૃષ્ટતાને પામેલું પરતત્ત્વમાં છે કારણ કે તે દ્રવ્યશક્તિ સ્વરૂપથી સ્વયં પ્રકાશિત છે માટે પરતત્ત્વ પરમ દૈવત છે.

**सदाशिवाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સદાશિવ છે. જે સદા-હંમેશાં નિરૂપદ્રવ છે અર્થાત્ કલ્યાણ સ્વરૂપ છે. તેમના શિવ સ્વરૂપમાં કદી કોઈ વિઘ્ન-અંતરાય નડતા નથી. જેથી શિવ સ્વરૂપ સ્ખલિત ન થાય. તેના જે જે સ્વરૂપો છે તે સ્થિર ફેરફાર ન થાય તેવા છે માટે

તેમાં કોઈ વિઘ્નો કારગત નીવડતા નથી. માટે તેનું શિવ સ્વરૂપ સદા અબાધિત છે. માટે તે સદાશિવ છે.

**महादेवाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાદેવ છે એટલે મહાનદેવ સ્વરૂપ છે. બધા દેવોમાં આ પરતત્ત્વ મહત્તાને પામેલું છે. માટે દેવોમાં મહાન છે કારણ કે તેને દેવત્વનો ભોગવટો પરાધીન નથી. બીજા દેવોને તે પરાધીન છે પરતત્ત્વને તો સ્વરૂપમાં રહેવું તે સિવાય કોઈ પ્રયાસ નથી અર્થાત્ સ્વરૂપમાં સહજ સ્થિત છે. એટલે દેવત્વનો ભોગવટો સહજ થઈ રહેલો છે માટે બધા દેવોમાં મહાન છે માટે તેને મહાદેવ કહેવાય છે.

**शङ्कराय** - વળી પરતત્ત્વ કેવું છે ? શંકર છે એટલે સુખકર છે. પરતત્ત્વથી બીજા જીવો સુખ પામે છે કારણ કે તે કદી કોઈને બાધારૂપ પીડા કરનારું બનતું નથી. તે જગતવ્યાપી છે છતાં જીવો સુખેથી જગતમાં સ્વેચ્છાએ વિહરી શકે છે. મોટામાં મોટું શં - પરને પીડા ન ઉપજાવવી તે છે અને આવું 'શં' તો પરતત્ત્વ સિવાય તો કોઈ કરનાર નથી. તેનું સત્તામાત્ર જીવન છે તે કોઈને આડખીલીરૂપ બનતું નથી. માટે વાસ્તવિક શંકર આ પરતત્ત્વ છે.

**महेश्वराय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? મહેશ્વર છે, મહાન છે ઈશ્વર છે. તેમનું ઐશ્વર્ય બધા કરતાં અતિશય ચઢિયાતું છે. પરતત્ત્વનું ઐશ્વર્ય અવાચ્ય છે તેથી કળી શકાય તેમ નથી. તેનું સ્વરૂપ જ એવું છે કે તેમાં જ સંપૂર્ણ ઐશ્વર્ય સમાઈ ગયેલું છે. જે તે સ્વરૂપને અનુભવે તે જ તે ઐશ્વર્યના દર્શન કરી તૃપ્તિ પામી શકે છે. આવી મહેશ્વરતા પરતત્ત્વ સિવાય બીજે ક્યાંય નથી. માટે તે મહેશ્વર છે.

**महाव्रतिने** - વળી આ પરતત્ત્વ કેવું છે ? મહાવ્રતી છે. महान् व्रतः अस्ति अस्य महाव्रती પરતત્ત્વ સ્વરૂપ સ્થિત હોવાથી સ્વાભાવિક જ મહાવ્રતી છે. તેનું વ્રત કદી દૂષિત તથા હીન થતું નથી. તે એક

જ શુદ્ધ વ્રતમાં રહેલું છે. વ્રતો વ્યવહારથી પાંચ કહેલા છે. તે પાંચેનો સમાવેશ એક સ્વરૂપ સ્થિતિમાં થઈ જતો હોવાથી પરતત્ત્વ એ જ મહાવ્રતી છે.

**महायोगिने** - વળી આ પરતત્ત્વ કેવું છે ? મહાયોગી છે. મોક્ષની સાથે જોડી આપે તે વ્યાપારને યોગ કહેવાય તે જેનામાં છે તે યોગી. પરતત્ત્વ પોતે મુક્ત છે. તેથી વ્યાપાર રહિત છે છતાં મુક્ત છે અર્થાત્ મોક્ષ સાથે યોગ થઈ ગયેલો છે માટે મહાયોગી આ પરતત્ત્વ છે.

**महात्मने** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાન આત્મા છે. અર્થાત્ મહાન સ્વરૂપ છે એવું પરતત્ત્વ સદાય સૌની મોખરે છે માટે મહાત્મા છે. તેના સ્વરૂપમાં કોઈ ઉણપ નથી. સંપૂર્ણ સોળેકળાએ ખીલી રહેલું સદા એક જ સ્થિતિમાં છે તે ચૈતન્ય સ્વરૂપે આત્માની મહાનતાને ઓળખાવે છે માટે પરતત્ત્વ મહાત્મા છે.

**पञ्चमुखाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પંચમુખ છે. શક્રસ્તવમાં - પંચમુખાય એ પરમતત્ત્વનું સ્વરૂપ બતાવ્યું છે.

પંચમુખ ગણપતિને છે અહીં પરતત્ત્વ પંચમુખ સ્વરૂપ છે. પરતત્ત્વ પાંચ ઈન્દ્રિયોથી જ્ઞાન કરતું હોવાથી પંચમુખ છે કારણ કે ચૈતન્ય પાંચ ઈન્દ્રિયોથી જણાય છે. આ દેહમાં ચૈતન્ય છે તે દેહમાં રહેલી પાંચ ઈન્દ્રિયો દ્વારા વ્યક્ત-સ્પષ્ટ થાય છે. માટે તે ચૈતન્યને જોવા માટે (ચૈતન્યરૂપ વ્યક્તિને જોવું-જાણવું હોય તો તેને) આ પાંચ ઈન્દ્રિયો તે ચૈતન્યના પાંચ મુખ છે અથવા મુખ શરીરધારીને હોય માટે પંચમુખ સ્વરૂપ ચૈતન્ય કેવું છે ? તે પાંચ ઈન્દ્રિયોરૂપ શરીર (રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દનું જ્ઞાનરૂપ શરીર) ધારણ કરે છે ત્યારે તે રૂપ જે ચૈતન્ય છે તેનું મુખ તે પાંચ સ્વરૂપે દેખાય છે કેમકે જગતમાં જડ વસ્તુનું દર્શન કરવા માટે રૂપાદિ પાંચ વિષયો જ છે.

અરૂપી એવા ચૈતન્યને મુખ ક્યાંથી હોય ? પણ તેના ચક્ષુથી દર્શન કરવા હોય તો આત્માને જ્ઞાનનું બાહ્ય સાધન એવી પાંચ ઇન્દ્રિયોના આધારે તેના દર્શન થાય છે માટે પરતત્ત્વ પાંચ ઇન્દ્રિયોરૂપ પાંચ મુખ સ્વરૂપ છે.

**मृत्युञ्जयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મૃત્યંજય છે. જેણે મૃત્યુને જીતી લીધું છે. અર્થાત્ તેનું મૃત્યુ થતું નથી કેમકે તે અમર છે. પરતત્ત્વ નિરંતર સ્વરૂપમાં જ રહેવાથી તે રૂપ અમૃતથી પુષ્ટ થયેલું છે માટે અમર છે તેને મૃત્યુ આવતું નથી. તેના પ્રાણો ધ્રુવ છે માટે તેને કોઈ હણી શકતું નથી. તેથી તેનું મૃત્યુ થતું નથી માટે તે મૃત્યુંજય છે.

**अष्टमूर्त्तये** - વળી પરતત્ત્વ કેવું છે ? અષ્ટમૂર્તિ છે. એટલે પરતત્ત્વ આઠ મૂર્તિ સ્વરૂપ છે. મૂર્તિ એટલે મૂર્ત સ્વરૂપ. પરતત્ત્વ તો અમૂર્ત છે પરંતુ તેણે આઠ મૂર્ત સ્વરૂપો ધારણ કર્યા છે. અર્થાત્

જ્ઞાનાવરણીયકર્મના ક્ષયથી જ્ઞાન સ્વરૂપ

દર્શનાવરણીયકર્મના ક્ષયથી દર્શન સ્વરૂપ

વેદનીયકર્મના ક્ષયથી અવ્યાબાધ સ્વરૂપ

મોહનીયકર્મના ક્ષયથી ચારિત્ર સ્વરૂપ

આયુષ્યકર્મના ક્ષયથી અક્ષય સ્થિતિરૂપ

નામકર્મના ક્ષયથી અરૂપીત્વરૂપ

ગોત્રકર્મના ક્ષયથી અગુરુલઘુત્વરૂપ

અંતરાયકર્મના ક્ષયથી અનંતવીર્ય રૂપ લાગે.

આ રીતે આઠ કર્મના ક્ષયથી આઠ પર્યાયરૂપ ગુણથી મૂર્તિ સ્વરૂપ જેનું છે તે કારણથી પરતત્ત્વ અષ્ટમૂર્તિ છે. આ મૂર્તિ એટલે ચાક્ષુષ પ્રત્યક્ષ થનાર મૂર્ત સ્વરૂપ નહિ પણ જે અખંડ એક સ્વરૂપ પરતત્ત્વ હતું તે. આઠ કર્મના ક્ષયથી આઠ રૂપે જણાય છે તેથી અષ્ટમૂર્તિ છે.

**भूतनाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? ભૂતનાથ છે. તે ભૂતોનો નાથ છે. ભૂત એટલે જીવની પ્રાણવાળી એક પર્યાય છે. તે પર્યાયનું યોગ ક્ષેમ પરતત્ત્વથી થઈ રહ્યું છે કારણ કે દ્રવ્ય ન હોય તો પર્યાયનું અસ્તિત્વ જ ન હોય. પ્રાણ, ભૂત, જીવ અને સત્ય આ ચાર જીવોના જ પર્યાયવાચી શબ્દ છે તેમાં ભૂત એ જીવની પ્રાણવાળી પર્યાય છે તેનું યોગ પણ પરતત્ત્વથી છે અને ક્ષેમ પણ પરતત્ત્વથી થઈ રહ્યું છે માટે પરતત્ત્વ ભૂતનાથ છે.

**जगदानन्दाय** - વળી પરતત્ત્વ કેવું છે ? જગદાનન્દ છે. એટલે જગતને આનંદરૂપ છે. જગત આખું જે આનંદ-કિલ્લોલ કરી રહ્યું છે તે આ પરતત્ત્વને આભારી છે. જો પરતત્ત્વ દ્રવ્ય શક્તિ સ્વરૂપ પરંતુ દ્રવ્ય નીકળી જાય એટલે તે પર્યાય (અશુદ્ધ) પણ જીવની મટીને જડની થઈ જાયછે. તેમાં કોઈને આનંદ નથી. સમગ્ર જગતને આનંદરૂપ આ પરતત્ત્વ છે. માટે તે જગદાનન્દ છે.

**जगत्पितामहाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? જગત્પિતામહ છે. સકલ જગતની ઉત્પત્તિ પરતત્ત્વમાંથી થઈ છે. અર્થાત્ સકલ પર્યાયો દ્રવ્યમાંથી ઉપજે છે.માટે શક્તિ સ્વરૂપ દ્રવ્ય પરતત્ત્વ તે જગત્પિતામહ છે એટલે તે જગતના દાદા છે.

**जगद्देवाधिदेवाय** - વળી આ પરતત્વ કેવું છે ? જગત્દેવાધિદેવ છે. જગતના દેવોમાં અધિક દેવ સ્વરૂપ છે. અર્થાત્ દેવોના પણ દેવ સ્વરૂપ છે. જગતમાં અનેક આત્માઓએ દેવ સ્વરૂપ ધારણ કર્યું છે. પણ પરતત્ત્વ તેના પણ દેવ છે કારણ કે શક્તિ સ્વરૂપ દ્રવ્ય જ નિર્મળ થાય છે ત્યારે તેની પરમાત્મ-દેવ પર્યાય પ્રગટે છે. માટે શક્તિ સ્વરૂપ પરતત્ત્વ તો તેનો પણ દેવ છે. તે સત્તારૂપ દ્રવ્યની નિર્મળતાને આધારે પરમાત્મ પર્યાય પ્રગટે છે માટે પરતત્ત્વ જગદ્દેવાધિદેવ છે.

**जगदीश्वराय** - વળી પરતત્ત્વ કેવું છે ? જગતનું ઈશ્વર છે. સમગ્ર જગતનું ઐશ્વર્ય એ પરતત્ત્વમાં રહેલું છે. ઐશ્વર્ય બાહ્ય અને અભ્યંતર સંપત્તિથી જણાય છે. પરતત્ત્વમાં ચિતિ શક્તિરૂપ અભ્યંતર સંપત્તિ ભરપૂર છે તે ઐશ્વર્યથી સુશોભિત એવું પરતત્ત્વ સમગ્ર જગતના ઐશ્વર્ય કરતાં અનેકગણું ઝળકી રહ્યું છે માટે તે જગદીશ્વર છે.

**जगदादि-कन्दाय** - વળી પરતત્ત્વ કેવું છે ? જગતાદિકન્દ છે. પરતત્ત્વ જગતનું આદિ કન્દસ્વરૂપ છે. કન્દ એ આખા વૃક્ષનો આધાર છે. તેમ સમગ્ર જગતનો આધાર પરતત્ત્વ છે. દ્રવ્યની સત્તાના આધારે જ સમગ્ર જગત આદિ ખડું છે. દ્રવ્યનું જ ઉત્પાદ, વ્યય સ્વરૂપ તે જગત છે. ઉત્પાદ, વ્યય હોય ત્યાં ધ્રૌવ્ય સ્વરૂપ દ્રવ્ય તો રહેલું છે માટે દ્રવ્યની સત્તા એ જગતનો આદિ કંદ છે. કંદ સિવાય વૃક્ષ સ્થિર રહી શકે નહિ. તેમ દ્રવ્યની સત્તા વિના જગત દ્રશ્યમાન હોય નહિ માટે જગતનો આદિ કંદ પરતત્ત્વ હોવાથી તે જગતાદિકંદ છે.

**जगद्भास्वते** - વળી પરતત્ત્વ કેવું છે જગત્‌ભાસ્વત્ છે. જેમ સૂર્ય જગતને પ્રકાશિત કરે છે તેમ પરતત્ત્વ જગતનું પ્રકાશસ્વરૂપ છે. અર્થાત્ પરતત્ત્વના કારણે જગત પ્રકાશવાળું છે. જગત પરતત્ત્વથી ઝળકી રહ્યું છે. ચૈતન્યના અભાવે જગતમાં ઘોર અંધારું છે. ચૈતન્ય સ્વરૂપ આત્મદ્રવ્યનું અસ્તિત્વ ન હોય તો જગત નહિવત્ છે. જેમ અલોકમાં કેવળ આકાશ છે તેમ અહીં પણ કેવળ આકાશ જ હોત. કેમકે જે કાંઈ છે તે સમગ્ર ચૈતન્ય શક્તિના લીધેજ છે. માટે જગતનો સાચો સૂર્ય આ પરતત્ત્વ છે.

**जगत्कर्म-साक्षिणे** - વળી પરતત્ત્વ કેવું છે ? જગત્‌કર્મસાક્ષી છે. જગતના કાર્યોમાં સાક્ષીરૂપ છે. જગતમાં જે કાંઈ ક્રિયા થઈ રહી છે તેની સાક્ષીરૂપ આ પરતત્ત્વ છે. સમગ્ર જગતનું સર્જન પરતત્ત્વથી છે. તેથી જગત્ રૂપ કર્મનું સાક્ષીભૂત તે પરતત્ત્વ છે. આપણું શરીરરૂપ કાર્ય

હાજર છે તો તેમાં સાક્ષીરૂપ પરતત્ત્વ રહેલું છે. તેમ જડ-ચેતન જે કાંઈ સર્જન છે તેમાં સાક્ષીભૂત પરતત્ત્વ છે. જો પરતત્ત્વ ન હોત તો પુદ્‌ગલોને ગ્રહણ કરીને શરીરની રચના કરત કોણ અને આખું જગત જે જડ-ચેતનરૂપ છે તેનું અસ્તિત્વ - સૃષ્ટિ ક્યાંથી હોત ? માટે તે સમગ્ર સૃષ્ટિમાં પરતત્ત્વ સાક્ષીરૂપ છે તેથી પરતત્ત્વ જગત્ કર્મ સાક્ષી છે.

**जगच्चक्षुषे** - વળી પરતત્ત્વ કેવું છે ? જગત્‌ચક્ષુ છે. જગતનું ચક્ષુ છે. જગતનું દર્શન પરતત્ત્વથી થાય છે. પરતત્ત્વના અભાવમાં જ્ઞાનરૂપ ચક્ષુ પ્રાપ્ત ન થાય અને તે ચક્ષુના અભાવમાં જગત દર્શન થઈ શકે નહિ. સમગ્ર જગતના દર્શન કરાવનાર પરતત્ત્વ છે. માટે પરતત્ત્વ જગતચક્ષુ છે.

**त्रयीतनये** - વળી પરતત્ત્વ કેવું છે ? ત્રયીતનૂ છે. તે ત્રણ શરીરધારી છે. તે ઉત્પાદરૂપ શરીરને ધારણ કરે છે ત્યારે તે ઉત્પત્તિરૂપે પર્યાય શરીરરૂપ છે. તે વ્યયરૂપ શરીર ધારણ કરે છે ત્યારે તે વ્યયરૂપ પર્યાય શરીરરૂપ છે અને તે જ પર્યાયરૂપ શરીરમાં તેનું ધ્રૌવ્ય સ્વરૂપ રહેલું છે માટે ધ્રૌવ્યરૂપ દ્રવ્ય શરીરરૂપ છે. આ પ્રમાણે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યયુક્ત શરીરરૂપ સત્તાને ધારણ કરતું પરતત્ત્વ છે માટે તે ત્રયીતનૂ છે.

**अमृतकराय** - વળી પરતત્ત્વ કેવું છે ? અમૃત કરનારું છે તે પરતત્ત્વ કદી મૃત સ્વરૂપને કરતું નથી. અમર સ્વરૂપે જ અસ્તિ ધરાવે છે. પરતત્ત્વ સ્વરૂપ સ્થિત છે, નિત્ય છે, શાશ્વત છે. માટે પોતાના સ્વરૂપને અમૃતકર છે તે અમૃતકર છે માટે જ તેનું સ્મરણ પણ અમૃત જેવા આસ્વાદને કરનારું છે. માટે પરતત્ત્વ અમૃતકર છે.

**शीतकराय** - વળી પરતત્ત્વ કેવું છે ? શીતકર છે. તેનું સ્વરૂપ શીતકર છે. ઠંડક કરનારું છે. શીતળ કરનારું છે જેથી તેના સ્વરૂપની

સ્મૃતિથી આત્માનો બાહ્ય-અભ્યંતર સંતાપ શીતળતાથી હરાઈ જાય છે. શીતળતાનો સ્વભાવ છે તાપને હરવાનો.

પરતત્વ સ્વયં શીતકર હોવાથી તેની નજીકમાં ઉપયોગ દ્વારા જનારના મન, વચન, કાયાના સંતાપ દૂર થઈ જાય છે. માટે પરતત્ત્વ શીતકર છે.

**ज्योतिश्चक्र-चक्रिणे** - વળી પરતત્ત્વ કેવું છે ? જ્યોતિશ્ચક્રચક્રી છે. ચક્રને ધારણ કરનાર ચક્રી છે. જ્યોતિના સમુદાયના ચક્રી છે અર્થાત્ રાજાધિરાજ છે એટલે કે સમગ્ર જ્યોતિનું અધિષ્ઠાન તેમાં છે. સર્વ જ્યોતિશ્ચક્રનું ઉત્થાન પરતત્ત્વમાંથી થાય છે. જ્યોતિ સ્વરૂપે એક છે જેનું નામ ચિદ્જ્યોતિ છે પણ તેના રૂપ અનેક છે. જેટલા ગુણ છે તે બધાં જ્યોતિનાં જ રૂપો છે માટે તે સર્વને ભેગા કરવાથી જ્યોતિચક્ર થાય છે. તે ચક્રને ધારણ કરનાર પરતત્ત્વ હોવાથી પરતત્ત્વ જ્યોતિશ્ચક્રી છે.

**महाज्योति-र्द्योतिताय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાજ્યોતિ સ્વરૂપે પ્રકાશેલું છે. પરતત્ત્વ સત્તા માત્રરૂપે રહેલું છે. અર્થાત્ તે શક્તિ સ્વરૂપે પ્રકાશિત છે. શક્તિ એ દ્રવ્ય સ્વરૂપ છે માટે મહાજ્યોતિ છે. ગુણ-પર્યાય જ્યોતિ સ્વરૂપ છે. તે અનેક જ્યોતિઓ મહાજ્યોતિમાંથી પ્રગટે છે. માટે ગુણ-પર્યાય રૂપ જ્યોતિને પ્રગટાવનાર સત્તા માત્રથી રહેલું દ્રવ્ય. સ્વરૂપ પરતત્ત્વ છે તેથી પરતત્ત્વ મહાજ્યોતિરૂપે પ્રકાશી રહેલું છે તે કારણે પરતત્ત્વ મહાજ્યોતિર્દ્યોતિત છે.

**महातमःपारेसुप्रतिष्ठिताय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાતમઃ પારે સુપ્રતિષ્ઠિત છે. મહાન્ અંધકાર છવાઈ ગયેલો છે. તેની પેલે પાર સારી રીતે પ્રતિષ્ઠિત છે. અજ્ઞાનરૂપ અંધકાર આ પરતત્ત્વથી દૂર છે અર્થાત્ અજ્ઞાનરૂપ અંધકાર પરતત્ત્વને છાઈ (ઢાંકી) શકતો નથી તે અજ્ઞાન મોટા પહાડ જેવો હોય તો પણ પરતત્ત્વ ઉપર તેની છાયા પણ પડતી નથી. પરતત્ત્વ તો મહાતમસ્‌ને ઓળંગીને પેલે પાર સુપ્રતિષ્ઠિત

છે. પરતત્ત્વ નિરાળુ હોવાથી તમસ, મહાતમસ્ સર્વથી દૂર છે માટે પરતત્ત્વ મહાતમઃ પારે સુપ્રતિષ્ઠિત છે.

**स्वयंकर्त्रे** - વળી પરતત્ત્વ કેવું છે ? સ્વયંકર્તા છે. તેનો સ્વભાવ એવો છે કે તે પોતે નહિ કરવા છતાં ઉત્પન્ન થાય છે તે રીતે કર્તૃત્વ સ્વભાવથી કર્તા બને છે. પરતત્ત્વ સ્વયં પોતે કર્તા છે. અર્થાત્ તેનો ઉત્પાદક કોઈ નથી. સ્વયંભૂ હોવાથી સ્વયંકર્તા છે. અર્થાત્ સર્વનું કર્તૃત્વ પરતત્ત્વમાં રહેલું છે. તે નિષ્ક્રિય હોવા છતાં ગુણ - પર્યાય તેમાંથી ઉત્પન્ન થાય છે માટે સમગ્ર જગતનું કર્તૃત્વ તેમાં રહેલું છે માટે પરતત્ત્વ સ્વયંકર્તા છે. કોઈ નિમિત્ત કારણની પણ તેને જરૂર નથી પડતી.

**स्वयंहर्त्रे** - વળી પરતત્ત્વ કેવું છે ? સ્વયંહર્તા છે. સ્વાભાવિકહર્તા છે. સ્વભાવ એવો છે તેથી હરણ (વ્યય) થાય છે. તે નિષ્ક્રિય હોવા છતાં સર્વનું હર્તૃત્વ પરતત્ત્વમાં રહેલું છે. સર્વ ગુણ-પર્યાયનો ઉત્પાદ, વ્યય થતો હોવાથી જ્યારે ઉત્પાદ થાય છે ત્યારે પરતત્ત્વનું સ્વયં કર્તૃત્વ જણાય છે, જ્યારે વ્યય થાય છે ત્યારે તેનું સ્વયં હર્તૃત્વ જણાય છે. તેમાં કોઈ નિમિત્ત સાધનની જરૂર નથી પડતી. અર્થાત્ ક્ષણે ક્ષણે પલાટાવાના સ્વભાવથી થતા ઉત્પાદ વ્યયમાં કોઈ કારણ નથી. તેમાં તો પરતત્ત્વ પોતે જ સ્વભાવથી કર્તા અને હર્તા બનતો હોવાથી, પરતત્ત્વ જેમ સ્વયં કર્તા છે તેમ સ્વયં હર્તા છે. અર્થાત્ પોતાની મેળે હર્તા બને છે.

**स्वंयंपालकाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સ્વયંપાલક છે. પોતે પાલક છે. પોતે પોતાનો પાલક છે. તેનું પાલન સ્વયં થઈ રહ્યું છે. સ્વભાવથી જ તે રક્ષાઈ રહ્યું છે. પરતત્ત્વને કોઈ કાંઈ કરી શકતું નથી. તે નિરાળું હોવાથી સ્વરૂપ સ્થિત તેનું રક્ષણ સહજ સ્વભાવથી છે. માટે પરતત્ત્વ સ્વયંપાલક છે.

**आत्मेश्वराय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? આત્માનું ઈશ્વર છે. આત્માનું ઐશ્વર્ય પરતત્ત્વમાં રહેલું છે માટે પરતત્ત્વ આત્મેશ્વર છે. ગુણ-

પર્યાયવાળું આત્મદ્રવ્ય અસંખ્ય પ્રદેશી જે છે તે આત્મા છે. તે શક્તિરૂપ (ચૈતન્યની) સત્તાથી શોભી રહ્યું છે. અર્થાત્ આત્મામાં રહેલી ચૈતન્ય શક્તિ તે દ્રવ્યના ઐશ્વર્યને બતાવી રહેલી છે. ચૈતન્ય શક્તિ આત્માના ઈશ્વરપણારૂપે રહેલી છે માટે પરતત્ત્વ તે આત્મેશ્વર છે.

**નમો વિશ્વાત્મને** - વળી આ પરતત્ત્વ કેવું છે ? વિશ્વ સ્વરૂપ તે પરતત્ત્વને નમસ્કાર હો. પરતત્ત્વ વિશ્વ સ્વરૂપ છે. સમગ્ર વિશ્વ પરતત્ત્વમાં સમાયેલું છે અને પરતત્ત્વ સમગ્ર વિશ્વમાં સમાયેલું છે. ચૈતન્ય શક્તિરૂપ પરતત્ત્વની મહાસત્તા આખા વિશ્વમાં વ્યાપીને રહેલી છે. માટે વિશ્વ અને પરતત્ત્વ એ બંને ભિન્ન નથી. સમગ્ર વિશ્વમાં ચૈતન્ય વ્યાપ્ત છે. માટે તેને ચૈતન્ય શક્તિ-મહાસત્તા કહો કે વિશ્વ કહો બંને એક જ છે માટે આ પરતત્ત્વ વિશ્વસ્વરૂપ હોવાથી વિશ્વાત્મા છે તેને નમસ્કાર થાઓ.

**આ પ્રમાણે છટ્ઠા અને સાતમા મહામંત્રરાજ ગર્ભિત આલાવામાં પરતત્ત્વ સ્વરૂપથી પરમાત્માની સ્તવના કરી. હવે દ્રવ્યની અવાન્તર સત્તારૂપ અરિહંત પરમાત્માના સ્વરૂપથી સ્તવનારૂપે અર્થ વિચારણા કરીએ.**

**ૐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

**सनातनाय** - અરિહંત પરમાત્મા કેવા છે ? અરિહંતત્વ-તીર્થંકરત્વ સનાતન છે. તે કદી ફેરફાર પામતું નથી. દરેક ચોવીશીમાં તે અરિહંતપણાને પામનાર ચોવીશ પરમાત્મા થાય છે. આ સિદ્ધાંતમાં કદી ફેરફાર થતો નથી. માટે અરિહંત પરમાત્મા સનાતન છે.

**उत्तम-श्लोकाय** - વળી પરમાત્મા કેવા છે ? નિષ્કારણ બંધુ એવા અરિહંત પરમાત્મા સકલજીવરાશિ પ્રત્યે નિરંતર હિતની ભાવનાયુક્ત હોય છે અને ઉપકાર પૂર્ણ પરાર્થ વ્યસનીયતાથી પ્રશસ્ય હોવાથી તેઓ ઉત્તમ રીતે પ્રશંસા કરાયેલા છે માટે ઉત્તમશ્લોક છે.

**मुकुन्दाय** - વળી તે કેવા છે ? તેઓ દેશના વખતે અમૃતવાણીને વરસાવતાં દિવ્યધ્વનિરૂપ મોરલીને વગાડતા હોય તેવા લાગે છે. માટે મુકુન્દ છે.

**गोविन्दाय** - વળી કેવા છે ? મુકુન્દ, ગોવિન્દ, વિષ્ણુ, જિષ્ણુ, અનન્ત, અચ્યુત, શ્રીપતિ વગેરે કૃષ્ણના પર્યાયવાચી શબ્દો છે. કૃષ્ણને જુદા જુદા નામથી સંબોધી તેને પરમાત્મા તરીકે પરદર્શનમાં પૂજે છે, પરંતુ આ બધા ગુણો તો અરિહંત પરમાત્મામાં ઘટે છે.

અરિહંત પરમાત્મા મુકુન્દ છે કારણ કે તે જ્યારે સમવસરણમાં બેસી ભવ્ય જીવોને દેશના આપે છે ત્યારે તેમની વાણી એવી મધુર

લાગે છે કે મોરલીનો સૂર પણ નહિવત્ છે. વળી ગોવિન્દ છે કારણ કે કૃષ્ણ ગોપ-ગાયનો સ્વામી તેમાં ઈન્દ્ર હતા. અરિહંત પરમાત્મા ગોપ-ઈન્દ્રિયોનો સ્વામી આત્મા તેમાં ઈન્દ્ર છે. સકલ આત્માઓમાં તે ઈન્દ્ર જેવા હતા કારણ કે તેમણે ઇન્દ્રિયોને કાબૂમાં લીધેલી હતી માટે સાચા ગોપ છે.

**विष्णवे** - વળી વિષ્ણુ છે. અરિહંત પરમાત્મા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ નિક્ષેપાથી ત્રણે જગતને પવિત્ર કરી રહ્યા છે માટે ત્રણે જગતમાં અરિહંત ચાર નિક્ષેપાથી વ્યાપક છે માટે વિષ્ણુ છે.

**जिष्णवे** - વળી જિષ્ણુ છે. અરિહંત પરમાત્મા કર્મોને જીતવાના સ્વભાવથી કદી તેનાથી હાર્યા નથી પરંતુ પરિષહો ઉપસર્ગોને સહન કરીને સકલ કર્મોને જીતીને સિદ્ધ થયા છે. માટે જિષ્ણુ છે.

**अनन्ताय** - વળી અનન્ત છે. અરિહંત પરમાત્મા અનંત છે. ત્રણે કાળમાં અરિહંત પરમાત્મા છે તેનો છેડો કદી આવતો નથી માટે અનંત છે.

**अच्युताय** - વળી અચ્યુત છે. અરિહંત પરમાત્મા પોતાની પ્રતિજ્ઞાથી કદી ચ્યુત થયા નથી. અર્થાત્ અરિહંત પરમાત્મા અરિહંતત્વમાં કદી ચ્યુત થતા નથી. અરિહંતનો આત્મા નક્કી અરિહંત જ થાય છે.

**श्रीपतये** - વળી શ્રીપતિ છે. અરિહંત પરમાત્મા બાહ્ય અને અભ્યંતર લક્ષ્મીપતિ છે.

**विश्वरूपाय** - વળી વિશ્વરૂપ છે. અરિહંત પરમાત્માને સકલ જીવરાશિ પ્રત્યે વાત્સલ્ય-મૈત્રી હોવાથી અભેદ છે માટે અરિહંત પરમાત્મા અને વિશ્વ બે ભિન્ન નથી માટે તે વિશ્વરૂપ છે.

**हृषीकेशाय** - વળી હૃષીકેશ છે. અરિહંત પરમાત્મા હૃષીક એટલે ઇન્દ્રિયો ઉપર પોતાનું ઈશત્વ હોવાથી તે હૃષીકેશ છે કેમકે પરમાત્મા કદી ઇન્દ્રિયોને આધીન થયા નથી.

**जगन्नाथाय** - વળી જગન્નાથ છે.અરિહંત પરમાત્મા જગતના જીવોનું યોગ અને ક્ષેમ કરનાર હોવાથી જગન્નાથ છે.

**भूर्भुवः-स्वः-समुत्ताराय** - વળી ભૂર્ભુવઃસ્વઃસમુત્તાર છે. અરિહંત પરમાત્મા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણેને સમ્યક્ પ્રકારે પાર ઉતરી ગયા છે કેમકે હવે આ ત્રણ સ્થાનમાં રહેવાનું નથી.

**मानंजराय** - વળી માનંજર છે. અરિહંત પરમાત્માએ માનને જીર્ણ કરી નાખ્યો છે. ક્ષીણ કરી નાખ્યો છે માટે માનંજર છે.

**कालंजराय** - વળી કાળંજર છે. અરિહંત પરમાત્માએ કાળને જીર્ણ કરી નાખ્યો છે. અર્થાત્ હવે તેમને કાળ કાંઈ કરી શકતો નથી. માન અને કાળ તેમના આત્મધનને લૂંટી શકતા નથી કારણ કે માનનો નાશ કર્યો છે અને કાળનું બંધન હવે રહ્યું નથી. ચાર અઘાતિ એ તો તેનો કાળ પૂરો કરીને વિદાય લેવાના છે તે માટે તેમણે કોઈ પુરુષાર્થ કરવાનો નથી માટે તે પરમાત્મા કાલંજર છે.

વળી અરિહંત પરમાત્મા કેવા છે ?

**ध्रुवाय** - ધ્રુવ છે, નિશ્ચલ છે, નિત્ય છે, તે વ્યક્તિથી અધ્રુવ છે. પરંતુ પ્રવાહથી અરિહંત પરમાત્મા ધ્રુવ છે.

**अजाय** - વળી તે અજ છે વ્યક્તિથી તે ઉત્પન્ન થાય છે પણ પ્રવાહથી અરિહંત પરમાત્મા અનાદિકાળથી છે માટે તે અજ છે.

**अजेयाय** - વળી અજેય છે. તેમનું વીર્ય અનંત છે માટે કોઈથી તે જીતી શકાય તેમ નથી માટે અજેય છે.

**अजराय** - વળી અજર છે. અરિહંત પરમાત્માને જરા આવતી નથી માટે અજર છે.

**अचलाय** - વળી અચલ છે. અરિહંત પરમાત્મા પોતાના સ્વભાવથી ચલાયમાન થતા નથી માટે અચલ છે.

**अव्ययाय** - વળી અવ્યય છે. અરિહંત પરમાત્મા પ્રવાહથી નિરંતર છે. તેનો નાશ કદી થતો નથી માટે અવ્યય છે.

**विभवे** - વળી વિભુ છે. અરિહંત પરમાત્મા વિશાળ વિરાટ છે. તેમના હૃદયમાં સમગ્ર જગત છે માટે વિભુ છે.

**अचिन्त्याय** - વળી અચિન્ત્ય છે. જે પરમાત્માના સ્વરૂપને ચિન્ત્વી ન શકાય તેવા છે. માટે અરિહંત પરમાત્મા અચિન્ત્ય છે.

**असंख्येयाय** - અરિહંત પરમાત્માના ગુણની ગણના ન કરી શકાય તેવા છે અર્થાત્ જે પરમાત્માની સંખ્યા ગણી ન શકાય તેવા છે. અથવા અનંત અરિહંતો થઈ ગયા અને થશે માટે તે અસંખ્યેય છે.

**आदि-संख्याय** - વળી તે આદિ સંખ્ય છે. અરિહંત પરમાત્મા ધર્મની આદિ કરનાર હોવાથી તેમની આદિ તરીકે ગણના થાય છે. માટે આદિસંખ્ય છે.

**आदि-केशवाय आदि-शिवाय** - વળી તે આદિકેશવ છે, આદિ શિવ છે. અરિહંત પરમાત્મા તીર્થંકરનામકર્મનો ઉદય થયા પછી તીર્થસ્થાપે છે ત્યારપછી તેના આધારે અનેક જીવો તેને આરાધી કર્મબંધનથી મુક્ત થઈ પરમાત્મસ્વરૂપ પ્રગટ કરે છે. માટે અરિહંત પરમાત્મા આદિકેશવ છે તથા સર્વકલ્યાણો અરિહંત પરમાત્માથી પ્રગટે છે માટે અરિહંત પરમાત્મા આદિશિવ છે.

**महाब्रह्मणे** - વળી અરિહંત પરમાત્મા મહાબ્રહ્મા છે. જેમને બ્રહ્મસ્વરૂપ પ્રગટ છે જેથી જગતની વ્યવસ્થિતિ કરીને સાચા માર્ગે

જગતને લઈ ગયા. કર્મોના બંધનથી કેવી રીતે છુટાય તે માટે વ્યવહાર-ધર્મ નિર્દોષ જીવનનિર્વાહની ચાવી બતાવી અને નિશ્ચયધર્મ આત્મકલ્યાણની ચાવી બતાવી તે દ્વારા જગત-સૃષ્ટિ રચી તેથી મહાબ્રહ્મા અરિહંત પરમાત્મા છે.

**परमशिवाय** - વળી પરમશિવ છે. અરિહંત પરમકલ્યાણ સ્વરૂપ છે. જેથી જીવોના પરમકલ્યાણનું કારણ છે માટે તે પરમશિવ છે.

**एका-नेका-नन्त-स्वरूपिणे** - વળી એકાનેકાનન્ત સ્વરૂપી છે. અરિહંત પરમાત્મા શક્તિરૂપે એક છે, વ્યક્તિ સ્વરૂપે અનેક છે અને કાળના પ્રવાહમાં અનંતા અરિહંત પરમાત્મા થયા અને થશે તે સ્વરૂપે અનંત છે.

**भावा-भाव-विवर्जिताय** - વળી ભાવાભાવ વિવર્જિત છે. અરિહંત પરમાત્મા ભાવના અભાવથી રહિત છે. અર્થાત્ ભાવ સ્વરૂપ છે. તેમની સત્તા સદા કાળ હોય જ છે. નામાદિ ચાર નિક્ષેપામાં કોઈ પણ નિક્ષેપે તેમની સત્તા છે. અર્થાત્ અરિહંત પરમાત્મા તીર્થંકરત્વનું કાર્ય સમવસરણમાં બેસી દેશના દેઈ પ્રતિબોધ કરતા સાક્ષાત્ બિરાજમાન ભાવ સ્વરૂપ પરમાત્મા હોવાથી ભાવાભાવ વિવર્જિત છે. અર્થાત્ ભાવ અને અભાવથી રહિત છે.

**अस्ति-नास्ति-द्वयातीताय** - વળી અસ્તિનાસ્તિદ્વયાતીત છે. અરિહંત પરમાત્મા અસ્તિનાસ્તિ એ દ્વયને ઓળંગી ગયેલા છે. અરિહંતપદ આત્મદ્રવ્યની પર્યાય છે તેમાં પર્યાયાર્થિક નયથી અરિહંતનું અસ્તિત્વ છે. દ્રવ્યાર્થિક નયથી અરિહંતનું નાસ્તિત્વ છે. તે અસ્તિનાસ્તિરૂપ દ્વયને ઓળંગીને અરિહંત પરમાત્મા નિજ સ્વરૂપની રમણતારૂપ નિજ એક સ્વભાવસ્થિત છે.

**पुण्य-पाप-विरहिताय** - વળી પુણ્યપાપ વિરહિત છે. અરિહંત પરમાત્માને પુણ્ય કે પાપ કર્મો ઉદયમાં આવેલાં ભોગવાઈ જાય છે

પરંતુ તેમને પુણ્ય કે પાપકર્મના વિપાકની કોઈ અસર નથી. તે નિજ સ્વરૂપ રમણી હોય છે માટે પુણ્યપાપ વિરહિત છે.

**सुख-दुःख-विविक्ताय** - વળી સુખ દુઃખ વિવિક્ત છે. અરિહંત પરમાત્મા કર્મજન્ય સુખ-દુઃખ એ બેમાંથી એકેયનો અનુભવ કરતા નથી તેથી સુખ-દુઃખ વિવિક્ત છે.

**व्यक्ता-व्यक्त-स्वरूपाय** - વળી વ્યક્તાવ્યક્ત સ્વરૂપ છે. અરિહંત પરમાત્મા પર્યાયથી પોતે વ્યક્ત સ્વરૂપ ધારણ કરે છે અને દ્રવ્યથી અવ્યક્ત સ્વરૂપમાં રહે છે માટે વ્યક્તાવ્યક્ત સ્વરૂપ છે.

**अनादि-मध्य-निधनाय** - વળી અનાદિમધ્યનિધન છે. અરિહંત પરમાત્માની પ્રવાહથી તેની આદિ નથી મધ્ય નથી અને અંત નથી.

**नमोऽस्तु मुक्तीश्वराय मुक्ति-स्वरूपाय** - અરિહંત પરમાત્મા ચાર અઘાતિ બાકી હોવા છતાં ઘાતિના નાશથી મુક્તસ્વરૂપ છે માટે મુક્તિના ઈશ્વર તેમને નમસ્કાર થાઓ.

**હવે સાતમા આલાવાથી અવાન્તર સત્તારૂપ અરિહંત પરમાત્માના સ્વરૂપની સ્તવના કરીએ.**

**निरातङ्काय** - અરિહંત પરમાત્મા કેવા છે ? નિરાતંક છે. આતંક-રોગ-પીડા રહિત છે. તીર્થંકરનામકર્મનો ઉદય થયા પછી બીજાના પણ સવાસો યોજન સુધી રોગ ઉપદ્રવો નાશ પામે છે અને પોતાના તો નાશ પામી જ ગયા છે.

**निःसङ्गाय** - વળી નિઃસંગ છે. અરિહંત પરમાત્મા દ્રવ્યથી અને ભાવથી સંગ રહિત હોવાથી નિઃસંગ છે. દ્રવ્યથી બાહ્ય સંગ છોડીને અણગાર બન્યા અને ભાવથી રાગ, દ્વેષ, મોહ વગેરેનો સંગ છોડીને સ્વમાં રમણતા કરતા રહ્યા માટે નિઃસંગ છે.

**निःशङ्काय** - વળી નિઃશંક છે. અરિહંત પરમાત્મા કેવળજ્ઞાનથી અલંકૃત હોવાથી શંકા રહિત છે.

**निर्मलाय** - વળી નિર્મલ અથવા નિર્ભય છે. કર્મમલ ચાર ઘાતિયા જવાથી દૂર થયો હોવાથી તેમનું આત્મસ્વરૂપ નિર્મલ અરીસા જેવું હોવાથી નિર્મલ છે અથવા નિર્ભય છે. તેમને હવે કર્મોનો પણ ભય નથી તેથી નિર્ભય છે.

**निर्द्वन्द्वाय** - વળી નિર્દ્વન્દ્વ છે કેમ કે જે જે દ્વન્દ્વો છે રાગ-દ્વેષ, સુખ-દુઃખ વગેરે તેમને કાંઈ પણ કરી શકતા નથી. માટે દ્વન્દ્વ રહિત હોવાથી નિર્દ્વન્દ્વ છે.

**निस्तरङ्गाय** - વળી નિસ્તરંગ છે. કારણ કે સમુદ્રના તરંગો સ્ખલિત છે પરંતુ અરિહંત પરમાત્મા કોઈ પણ વસ્તુમાં સ્ખલિત થતા નહિ હોવાથી નિસ્તરંગ છે.

**निरुर्मये** - વળી નિરૂર્મિ છે. અરિહંત પરમાત્માને ઉર્મિઓ નડતી નથી તેઓ સ્વરૂપમાં જ રમણતા કરતા હોય છે.

**निरामयाय** - વળી નિરામય છે. અરિહંત પરમાત્માને કોઈ રોગો ઉદ્ભવતા નથી માટે નિરામય છે.

**निष्कलङ्काय** - વળી નિષ્કલંક છે. અરિહંત પરમાત્મામાં કોઈ જાતના કર્મનો ડાઘ નથી માટે નિષ્કલંક છે.

**परमदैवताय** - વળી પરમદૈવત છે. અરિહંત પરમાત્માએ પરમદેવત્વ સ્વરૂપ ધારણ કર્યું છે કારણ કે જગતમાં તેના જેવો બીજો કોઈ દેવ નથી માટે અરિહંત પરમદેવતા સ્વરૂપ છે.

**सदाशिवाय** - વળી સદાશિવ છે. તે પોતે તો ઉપદ્રવ રહિત છે પરંતુ જગત પણ તેમના સાનિધ્યથી સદા ઉપદ્રવ રહિત અવસ્થા અનુભવે છે માટે તે સદાશિવ છે.

**महादेवाय** - વળી મહાદેવ છે. અરિહંત પરમાત્મામાં મહાદેવત્વ ઘટે છે કારણ કે તેમના કરતા બીજો કોઈ મોટો દેવ નથી.

**शङ्कराय** - વળી શંકર છે. અરિહંત પરમાત્મા સાચા શંકર છે કેમકે જગતના જીવોને તે સુખ કરનારા છે.

**महेश्वराय** - વળી મહેશ્વર છે. અરિહંત પરમાત્મા જ્ઞાનાદિ મહાન ઐશ્વર્યને ધારણ કરનાર હોવાથી સાચા મહેશ્વર છે.

**महाव्रतिने** - વળી મહાવ્રતી છે. અરિહંત પરમાત્માએ જ મહાન વ્રતો ધારણ કર્યા હોવાથી મહાવ્રતી છે.

**महायोगिने** - વળી મહાયોગી છે. અરિહંત પરમાત્મા મહાન્ યોગી છે કારણ કે તેમણે મન, વચન કાયાને સંવરીને નિજ આત્મ સ્વરૂપમાં જ તદ્રૂપ છે માટે મહાયોગી છે.

**महात्मने** - વળી મહાત્મા છે. અરિહંત પરમાત્મા કે જેમને પરમ આત્મસ્વરૂપ પ્રગટ થયેલું છે માટે મહાત્મા છે.

**पञ्चमुखाय** - વળી પંચ મુખ છે.

**मृत्युञ्जयाय** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? મૃત્યુંજય છે. તેમણે મૃત્યુને જીતી લીધું છે. મૃત્યુની કોઈ અસર તેમને નથી. સ્વરૂપ રમણી. સ્વરૂપ ભોગી એવા પરમાત્માને મૃત્યુ કાંઈ ન કરી શકે માટે મૃત્યુંજય છે.

**अष्टमूर्त्तये** - વળી પરમાત્મા કેવા છે ? અષ્ટમૂર્તિ છે. તેઓ આઠ સ્વરૂપે પરમાત્મ પદ ભોગવે છે. જેમ મહાદેવ આઠ મૂર્તિ સ્વરૂપથી આઠ નામે ઓળખાય છે તેમ અરિહંત પરમાત્મા અનંતજ્ઞાનાદિ સ્વરૂપને ધારણ કરે છે માટે અષ્ટમૂર્તિ છે.

**भूतनाथाय** - વળી ભૂતનાથ છે. અરિહંત પરમાત્મા ભૂતોના નાથ છે એટલે જીવોના નાથ છે. જીવોનું યોગ ક્ષેમ કરનાર હોવાથી ભૂતનાથ છે.

**जगदानन्दाय** - વળી પરમાત્મા જગદાનન્દ છે. અરિહંત પરમાત્મા જગતને આનંદ કરનાર છે. તેમના પાંચે કલ્યાણક વખતે સમગ્ર જગતને ત્રણે લોકમાં આનંદ - સુખ થાય છે અથવા જગતને તેમના અસ્તિત્વ માત્રથી સુખનો અનુભવ થાય છે. વૈર, વિરોધ, પીડા, ઉપદ્રવ વિગેરે દૂર ભાગી જાય છે તેથી જગત આખું આનંદમાં હોય છે માટે જગદાનન્દ છે.

**जगत्पितामह** - વળી પરમાત્મા જગત્પિતામહ છે. જગતના જીવોના દાદા છે કારણ કે સમગ્ર જગતનું પાલન રક્ષણ તેમના અસ્તિત્વ માત્રથી થઈ રહ્યું છે માટે જગત્પિતામહ છે.

**जगत्देवाधिदेव** - વળી જગત્દેવાધિદેવ છે. અરિહંત પરમાત્મા જગતના દેવો કરતાં ઉપરના દેવ છે એટલે તેમનું દેવત્વ જગતના દેવો કરતાં અતિશયવાળું ચઢિયાતું છે માટે જગત્દેવાધિદેવ છે.

**जगदीश्वर** - વળી અરિહંત પરમાત્મા જગદીશ્વર છે એટલે સમગ્ર જગતના ઈશ્વર એક અરિહંત પરમાત્મા જ છે કેમકે તેમનું જ્ઞાનાદિ ઐશ્વર્ય કોઈની તોલે આવી શકે તેમ નથી.

**जगदादि-कन्दाय** - વળી અરિહંત પરમાત્મા જગદાદિકન્દ છે. જગતના આદિકન્દરૂપ છે અર્થાત્ જગતમાં મૂળ કન્દ સ્વરૂપ અરિહંત પરમાત્મા છે તે જ જગતનું સ્વરૂપ જ્ઞાનથી જોઈને બતાવનાર છે માટે જગતના આદિ કન્દ અરિહંત પરમાત્મા છે.

**जगद्भास्वते** - વળી પરમાત્મા જગત્ભાસ્વાન્ છે. અરિહંત પરમાત્મા જગતમાં સૂર્ય જેવા છે. સૂર્ય જેમ જગતના પદાર્થોને પ્રકાશિત કરે છે તેમ અરિહંત પરમાત્મા પોતે જગતને પ્રકાશિત (જ્ઞાન દ્વારા) કરનાર હોવાથી જગત્ ભાસ્વાન્ છે.

**जगत्कर्म-साक्षिणे** - વળી જગત્કર્મસાક્ષી છે. જગતના દરેક કર્મોમાં અરિહંત પરમાત્મા સાક્ષી છે કેમકે તેમનું જ્ઞાન જગત્વ્યાપી છે. માટે તે સઘળું દેખે છે માટે જગત્કર્મસાક્ષી છે.

**जगच्चक्षुषे** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? જગત્ચક્ષુ છે. જગતની આંખ છે અર્થાત્ પરમાત્માએ જ જગતને જ્ઞાન આપ્યું છે. પદાર્થોની સમજ આપનાર પરમાત્મા હોવાથી જગત્ચક્ષુ છે.

**त्रयीतनवे** - વળી ત્રયીતનૂ છે. અરિહંત પરમાત્મા ત્રણ શરીરવાળા છે.

**अमृतकराय शीतकराय** - વળી પરમાત્મા અમૃતકર છે. શીતકર છે. જેમ ચંદ્રની જ્યોત્સનામાંથી અમૃત ઝરે છે માટે તેના કિરણો અમૃતનાં હોવાથી ચંદ્ર અમૃતકર કહેવાય છે તથા શીતળ કિરણો હોવાથી શીતકર કહેવાય છે તેમ અરિહંત પરમાત્મા પોતે જ અમૃતકર-શીતકર હોવાથી તેમના સાનિધ્યમાં આવનારને અમૃતનો અનુભવ થાય છે તથા શીતળતાનો અનુભવ થાય છે માટે અરિહંત પરમાત્મા અમૃતકર તથા શીતકર છે.

**ज्योतिश्चक्र-चक्रिणे** - વળી અરિહંત પરમાત્મા કેવા છે ? જ્યોતિશ્ચક્રચક્રી છે. જ્યોતિચક્ર જ્ઞાનજ્યોતિનો સમુદાય, તેના ચક્રવર્તી છે. અરિહંત પરમાત્મા કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને તીર્થની સ્થાપના કરે છે ત્યારબાદ અનેક આત્માઓને કેવળજ્ઞાન પ્રગટ થઈ શકે છે માટે જ્યોતિશ્ચક્રચક્રી અરિહંત પરમાત્મા છે.

**महाज्योति-र्द्योतिताय** - વળી અરિહંત પરમાત્મા મહાજ્યોતિર્દ્યોતિત છે. મહાજ્યોતિ કેવળજ્ઞાન તેના વડે પોતે પ્રકાશિત છે માટે મહાજ્યોતિર્દ્યોતિત છે.

**महातमःपारेसुप्रतिष्ठिताय** - વળી મહાતમ:પારે સુપ્રતિષ્ઠિત છે. અરિહંત પરમાત્મા મહાન અજ્ઞાનરૂપી અંધકારને ઓળંગીને રહેલા છે માટે મહાતમ:પારેસુપ્રતિષ્ઠિત છે.

**स्वयंकर्त्रे** - વળી સ્વયંકર્તા છે. અરિહંત પરમાત્મા પોતાની મેળેજ તીર્થને કરનાર હોવાથી સ્વયંકર્તા છે.

**स्वयंहर्त्रे** - વળી સ્વયંહર્તા છે. અરિહંત પરમાત્મા પોતાની મેળેજ તેમનો કાળ પૂરો થતાં અરિહંત પર્યાયનું હરણ કરનાર બને છે માટે તે સ્વયંહર્તા છે.

**स्वयंपालकाय** - વળી સ્વયં પાલક છે. તીર્થંકર પરમાત્મા પોતાના સ્વભાવથી જ રક્ષણ પાલન કરનાર હોય છે માટે સ્વયંપાલક છે.

**आत्मेश्वराय** - વળી આત્મેશ્વર છે. પોતાના આત્મા ઉપર ઐશ્વર્ય અરિહંતપણાનું હોવાથી અરિહંત પરમાત્મા આત્મેશ્વર છે.

વળી અરિહંત પરમાત્મા કેવા છે ?

**नमो विश्वात्मने** - અરિહંત પરમાત્માને જગતના જીવો સાથે અભેદ હોવાથી વિશ્વસ્વરૂપ છે તેમને નમસ્કાર થાઓ.







मूल - ॐ नमोऽर्हते सर्वदेवमयाय सर्व-ध्यानमयाय सर्वज्ञानमयाय सर्वतेजोमयाय सर्वमंत्रमयाय सर्वरहस्यमयाय सर्व-भावाभाव-जीवाजीवेश्वराय अरहस्य-रहस्याय अस्पृह-स्पृहणीयाय अचिन्त्य-चिन्तनीयाय अकामकामधेनवे असङ्कल्पित-कल्पद्रुमाय अचिन्त्य-चिन्तामणये चतुर्दश-रज्ज्वात्मक-जीवलोक-चूडामणये चतुरशीति-लक्ष-जीवयोनि-प्राणिनाथाय पुरुषार्थ-नाथाय परमार्थनाथाय,अनाथनाथाय जीवनाथाय देव-दानव-मानव-सिद्धसेनाधि-नाथाय ॥ ८ ॥

અર્થ : **ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

અરિહંત પરમાત્મા કેવા છે ?

**सर्वदेवमय** - સર્વ દેવ સ્વરૂપ છે.

**सर्वध्यानमय** - જે સર્વ ધ્યાન સ્વરૂપ છે.

**सर्वज्ञानमय** - જે સર્વ જ્ઞાન સ્વરૂપ છે.

**सर्वतेजोमय** - જે સર્વ તેજ સ્વરૂપ છે.

**सर्वमंत्रमय** - જે સર્વ મંત્ર સ્વરૂપ છે.

**सर्वरहस्यमय** - જે સર્વ રહસ્ય સ્વરૂપ છે.

**सर्व-भावाभाव-जीवाजीवेश्वर** - જે સર્વભાવ - અભાવ જીવ-અજીવના ઈશ્વર છે.

**अरहस्य-रहस्य** - જે અરહસ્યનું રહસ્ય છે.

**अस्पृह-स्पृहणीय** - જે અસ્પૃહ છે તેને સ્પૃહણીય છે.

**अचिन्त्य-चिन्तनीय** - જે અચિન્ત્ય છે તેને ચિન્તનીય છે.

**अकाम कामधेनु** - જે અકામ છે તેને કામધેનૂ છે.

**असङ्कल्पित-कल्पद्रुम** - જે અસંકલ્પિત કલ્પદ્રુમ છે.

**अचिन्त्य-चिन्तामणि** - જે અચિન્ત્યના ચિન્તામણિ છે.

**चतुर्दश-रज्ज्वात्मक-जीवलोक-चूडामणि** - જે ચૌદરાજ સ્વરૂપ લોકના મુગટ છે.

**चतुरशीति-लक्ष-जीवयोनि-प्राणिनाथ** - ચોરાશી લાખ જીવયોનિના પ્રાણીઓના નાથ છે.

**पुरुषार्थनाथ** - પુરુષાર્થના નાથ છે.

**परमार्थनाथ** - પરમાર્થના નાથ છે.

**अनाथनाथ** - અનાથના નાથ છે.

**जीवनाथ** - જીવોના નાથ છે.

**देव-दानव-मानव-सिद्धसेनाधि-नाथ** - દેવો-દાનવો માનવો અને સિદ્ધસેનના નાથ છે.

**રહસ્યાર્થ :**

આત્માની ધ્રુવસત્તાને અનુલક્ષીને પરમાત્માની સ્તવના કરાય છે.

**सर्वदेवमयाय** - શુદ્ધાત્મદ્રવ્ય (પરતત્ત્વ) કેવું છે ? સર્વદેવમય છે. સર્વ દેવોએ ચૈતન્ય સ્વરૂપ ધારણ કર્યું છે માટે જ તેમાં દેવત્વ પ્રગટ્યું

છે. જેને શુદ્ધાત્મદ્રવ્ય પ્રગટ નથી તે દેવ સ્વરૂપ થઈ શકતા નથી. અન્ય દર્શનમાં પણ નિશ્ચયથી દેવ તો ચૈતન્ય શક્તિરૂપ જ છે. તેના સ્વરૂપના ચિંતનમાં મતભેદ છે માટે સર્વના દેવ સ્વરૂપ શુદ્ધાત્મદ્રવ્ય છે અથવા સર્વે દેવોનું સ્વરૂપ પરતત્ત્વ છે માટે તે સર્વદેવમય છે.

**सर्वध्यानमयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વધ્યાનમય છે. સર્વે ધ્યાન સ્વરૂપ આ પરતત્ત્વ છે. એ જ ચૈતન્યશક્તિ પરને આધીન બનીને વિકૃત સ્વરૂપ ધારણ કરે છે ત્યારે તે આર્ત-રૌદ્રધ્યાનમય બની જાય છે. જ્યારે અંતર્મુખ બને છે અને નિજરૂપ તરફ મીટ માંડે છે ત્યારે ધર્મધ્યાન સ્વરૂપ અને નિજરૂપમાં સ્થિત હોય છે ત્યારે શુક્લધ્યાનમય હોય છે. એ રીતે ચૈતન્યશક્તિ સર્વ ધ્યાનમય બનતી હોવાથી તે પરતત્ત્વ સર્વ ધ્યાનમય છે અથવા સર્વ પદાર્થોના ધ્યાન સ્વરૂપ છે. છ એ દ્રવ્યોના સ્વરૂપનું પ્રતિબિંબ તેમાં હોવાથી તદ્રૂપતા ધારણ કરતી હોવાથી તે ચૈતન્યશક્તિ સર્વના ધ્યાનમય છે માટે પરતત્ત્વ સર્વધ્યાનમય છે.

**सर्वज्ञानमयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વજ્ઞાનમય છે. ચૈતન્ય શક્તિ સર્વના જ્ઞાનસ્વરૂપ છે અથવા સર્વ પ્રકારના જ્ઞાનનો સમૂહ તે તત્ત્વ હોવાથી પરતત્ત્વ સર્વજ્ઞાનમય છે.

પરતત્ત્વ ચિદ્શક્તિ સ્વરૂપ છે માટે તે જ્ઞાનસ્વરૂપ હોવાથી તેમાં સર્વ જ્ઞાનનો સમાવેશ છે માટે પરતત્ત્વ સર્વજ્ઞાનમય છે.

**सर्वतेजोमयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વતેજોમય છે. આ પરતત્ત્વ સર્વ તેજસ્વરૂપ છે. સર્વ તેજોનો સમાવેશ આ પરતત્ત્વમાં થાય છે. બાહ્યતેજ સૂર્યમાં છે તેવો પૌદ્‌ગલિક પ્રકાશરૂપ તેજ નહિ પરંતુ અભ્યંતરતેજ સ્વરૂપ લબ્ધિ શક્તિમય આ પરતત્ત્વ હોવાથી તથા જ્ઞાનપ્રકાશરૂપ તેજ તથા ગુણપ્રકાશરૂપ તેજ આવા સર્વ તેજો પરતત્ત્વમાં હોવાથી તે સર્વતેજોમય છે.

**सर्वमंत्रमयाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? સર્વમંત્રમય છે. સર્વમંત્ર સ્વરૂપ છે. આ પરતત્ત્વે સર્વ મંત્ર સ્વરૂપ ધારણ કરેલું છે કારણ કે તેનો જપ કે ધ્યાન કરવાથી સર્વ મંત્રોનો જાપ થઈ જાય છે. સર્વ મંત્રોનું જ તે સ્વરૂપ છે સર્વ મંત્રો તેના રટન માટે જ છે માટે તે પરતત્ત્વ પ્રાપ્ત થતાં સર્વ મંત્રો સિદ્ધ છે. માટે જ તે સર્વમંત્રમય છે.

**सर्वरहस्यमयाय** - વળી તે પરતત્ત્વ કેવું છે ? સર્વ રહસ્યમય છે. પરતત્ત્વ સર્વ રહસ્ય સ્વરૂપ છે. તેમાં સર્વ રહસ્યો રહેલા છે માટે સર્વ રહસ્યાત્મક પરતત્ત્વ છે. અર્થાત્ સર્વનો સાર આ એક શુદ્ધાત્મદ્રવ્ય હોવાથી બધાંજ રહસ્યોનું સ્વરૂપ તે છે માટે સર્વના સારરૂપ અથવા સર્વ સારરૂપ પરતત્ત્વ હોવાથી તે સર્વરહસ્યમય છે.

વળી પરતત્ત્વ કેવું છે ?

**सर्व-भावाभाव-जीवाजीवेश्वराय** - સર્વભાવ અભાવરૂપ પદાર્થના સર્વ જીવ અજીવના ઈશ્વર છે. પરતત્ત્વનું ઐશ્વર્ય જ્ઞાનાદિ તથા ચૈતન્યશક્તિરૂપ તથા મહાસત્તારૂપ હોવાથી તે ભાવ-અભાવરૂપ પદાર્થનું તથા જડ-ચેતનનું ઈશ્વર છે. ભાવ એટલે પદાર્થો. તેની સત્તા ઉપર મહાસત્તા પરતત્ત્વની હોવાથી તેના ઈશ્વર છે. વસ્તુના અભાવ ઉપર તેની મહાસત્તા છે. જેનું અસ્તિત્વ જેમાં છે બીજામાં તેનો આત્મા છે માટે તેના ઉપર આધિપત્ય મહાસત્તાનું છે માટે અભાવ ઈશ્વર છે. જડ અને ચેતન ઉપર આધિપત્ય તેનું હોવાથી જીવ-અજીવના ઈશ્વર છે. માટે પરતત્ત્વ સર્વ ભાવાભાવ જીવાજીવેશ્વર છે. સર્વ ભાવ સ્વરૂપ વસ્તુ, અભાવ સ્વરૂપ વસ્તુ જીવ અને અજીવ તેના ઈશ્વર છે.

**अरहस्य-रहस्याय** - વળી પરતત્ત્વ કેવું છે ? અરહસ્યરહસ્ય છે. આ જગતમાં રહસ્યભૂત પાંચ પરમેષ્ઠિ છે. તેનું રહસ્ય સાર હવે આગળ નહિ હોવાથી તે જેનું સાર કોઈ નથી એવા અરહસ્યભૂત પાંચ પરમેષ્ઠિ તેનું રહસ્ય આ પરતત્ત્વ છે. न रहस्य यस्य सः अरहस्य.છેલ્લા સાર ભૂત

પંચ પરમેષ્ઠિ છે તેના સારભૂત એવો શુદ્ધાત્મા તે સારનો પણ સાર હોવાથી તે અરહસ્યરહસ્ય - અરહસ્યનું પણ રહસ્ય છે.

જગતમાં પંચ પરમેષ્ઠિ સમગ્ર જીવરાશિમાં સારભૂત છે. હવે તેના પણ સારભૂત કોઈ વસ્તુ જગતમાં નહિ હોવાથી પંચપરમેષ્ઠિ અરહસ્ય છે. નાસ્તિ રહસ્ય જેનું તે અરહસ્ય. આ પંચ પરમેષ્ઠિ પર્યાયરૂપ છે તેનું પણ રહસ્ય શુદ્ધાત્મદ્રવ્ય છે માટે પરતત્ત્વ અરહસ્ય-રહસ્ય છે.

**अस्पृह-स्पृहणीयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? અસ્પૃહસ્પૃહણીય છે. જે સ્પૃહા રહિત છે. જેનામાં સ્પૃહા નથી રહી તેને સ્પૃહા કરવા યોગ્ય છે. જેને મોક્ષની પણ સ્પૃહા રહી નથી તેવા અસ્પૃહ યોગી આત્માઓને સ્પૃહા યોગ્ય છે અર્થાત્ આ પરતત્ત્વ જે સ્પૃહા રહિત હોય તેને જ તેની ઝંખના થાય છે તે જ ઝંખી શકે છે. स्पृहा कर्तुम् शक्यं તે સ્પૃહણીય માટે અસ્પૃહસ્પૃહણીય. અર્થાત્ જે સ્પૃહા રહિત છે તેને જ આ પરતત્ત્વ સ્પૃહા કરવા યોગ્ય (બને) છે. માટે અસ્પૃહ-સ્પૃહણીય છે અથવા તે પરતત્ત્વ સ્પૃહા રહિત છે તેની આપણે સ્પૃહા કરવા યોગ્ય છે.

**अचिन्त्य-चिन्तनीयाय** - વળી આ પરતત્ત્વ કેવું છે ? અચિન્ત્યચિન્તનીય છે. જે ચિન્ત્વન રહિત છે તેને આ પરતત્ત્વ ચિન્ત્વન કરવા યોગ્ય છે એટલે કે જેને વિકલ્પો શાંત થયા છે તેને જ ચિન્ત્વન કરવું શક્ય બને છે. અર્થાત્ આ પરતત્ત્વ અચિન્ત્ય છે તેનું આપણે ચિન્ત્વન કરવું યોગ્ય છે માટે અચિન્ત્ય-ચિન્તનીય છે.

**अकाम कामधेनवे** - વળી પરતત્ત્વ કેવું છે ? અકામકામધેનૂ છે. કામધેનૂ તે તો કામિત પૂરણ છે. જે ઈચ્છા હોય તે પૂરે છે અર્થાત્ કામધેનૂ પાસેથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે ત્યારે આ પરતત્ત્વ તો અકામિત ઇચ્છ્યા વગર ઇચ્છિત પૂરે છે. પરતત્ત્વનું સેવન કરનારના વગર ઇચ્છ્યે કામિત પૂર્ણ થાય છે માટે તે અકામ કામધેનૂ છે.

**असङ्कल्पित-कल्पद्रुमाय** - વળી પરતત્ત્વ કેવું છે ? અસંકલ્પિત કલ્પદ્રુમ છે. કલ્પવૃક્ષ તો માંગણી કરીએ તો વસ્તુ આપે છે ત્યારે પરતત્ત્વ તો સંકલ્પ કર્યા વગર ઈષ્ટનું પ્રદાન કરે છે. તેનું સેવન કરનારને માંગ્યા વગર સંકલ્પિત ન હોય તો પણ ઈષ્ટ વસ્તુની પ્રાપ્તિ થાય છે માટે પરતત્ત્વ અસંકલ્પિત કલ્પદ્રુમ છે.

**अचिन्त्य-चिन्तामणये** - વળી પરતત્ત્વ કેવું છે ? અચિન્ત્યચિંતામણિ છે. ચિન્તામણિ ચિંતિતને પૂરે છે. જે ચિન્ત્વ્યું હોય તે આપે છે ત્યારે પરતત્ત્વ તો ચિન્ત્વ્યા વગર ઇચ્છિત વસ્તુને આપે છે અર્થાત્ પરતત્ત્વનું સેવન કરનારના અચિન્ત્ય ચિન્ત્વ્યા વગર ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થાય છે માટે પરતત્ત્વ અચિન્ત્ય ચિંતામણિ છે.

અથવા જેઓ કામ રહિત છે (યોગીઓ) તેને માટે કામધેનૂ છે. જેઓ સંકલ્પરહિત છે (યોગીઓ) તેને માટે કલ્પવૃક્ષ છે. જેઓ અચિંન્ત્ય-ચિંતન રહિત છે (યોગીઓ) તેના માટે આ પરતત્ત્વ ચિન્તામણિ છે.

**चतुर्दश-रज्ज्वात्मक-जीवलोक-चूडामणये** - વળી પરતત્ત્વ કેવું છે ? ચતુર્દશરજ્જવાત્મક જીવલોક ચૂડામણિ છે. આ પરતત્ત્વ ચૌદ રાજસ્વરૂપ જીવલોકના મુગટના સ્થાને છે. ચૌદ રાજલોક છ દ્રવ્યોથી ભરેલો છે તેમાં આ પરતત્ત્વ ચૈતન્યશક્તિ સ્વરૂપ મુગટ જેવું છે. છ એ દ્રવ્યોમાં આ શુદ્ધાત્મદ્રવ્ય જ સૌથી મોખરે હોવાથી મુગટની શોભાને ધારણ કરે છે. જો ચૈતન્યશક્તિરૂપ આત્મદ્રવ્ય નથી તો ચૌદરાજ સ્વરૂપ જીવલોકનું સ્વરૂપ વિરૂપ છે. માટે પરતત્ત્વ ચતુર્દશરજ્જવાત્મક જીવલોક ચૂડામણિ છે. ચૌદ રાજપ્રમાણ જીવલોક (જેની અંદર જીવો રહે છે તે ચૌદરાજ)માં પરતત્ત્વ મુગટનાં સ્થાને છે. અર્થાત્ મુગટ જેવું શોભે છે.

**चतुरशीति-लक्ष-जीवयोनि-प्राणिनाथाय** વળી પરતત્ત્વ કેવું છે ? ચતુરશીતિલક્ષજીવયોનિ પ્રાણીનાથ છે. ચોરાશી લાખ જીવ યોનીના

પ્રાણીઓના નાથ છે. આ પરતત્ત્વના અસ્તિત્વથી જ ચોર્યાશી લાખ જીવયોનિના પ્રાણીઓનું યોગક્ષેમ થઈ રહ્યું છે. ચૈતન્યશક્તિરૂપ આત્મદ્રવ્ય દરેક પ્રાણીઓને ગુણ - પર્યાય જે પ્રાપ્ત નથી તેની પ્રાપ્તિ થાય છે જે પ્રાપ્ત છે તેનું રક્ષણ થાય છે.

**पुरुषार्थनाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પુરુષાર્થનાથ છે. પુરુષાર્થનો નાથ છે. સકલ પુરુષાર્થનું યોગક્ષેમ પરતત્ત્વથી થઈ રહ્યું છે. પુરુષ એટલે આત્મા, અર્થ એટલે પ્રયોજન. આત્માના બધા પ્રયોજનો-ધર્મ મોક્ષ વગેરે તેની અપ્રાપ્તની પ્રાપ્તિ અને પ્રાપ્તનું રક્ષણ પરતત્ત્વ-ચૈતન્ય શક્તિના અસ્તિત્વ માત્રથી થઈ રહ્યું છે. માટે તે પુરુષાર્થનાથ છે.

**परमार्थनाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પરમાર્થનાથ છે. પરમ અર્થ એટલે પરમ પ્રયોજન તેના નાથ છે. આત્માને પરમ પ્રયોજન જે જે વસ્તુનું છે તે તે સર્વ વસ્તુ પરમાર્થ છે. તેનું યોગક્ષેમ પરતત્ત્વથી થઈ રહ્યું છે. માટે તે પરતત્ત્વ પરમાર્થનાથ છે. ખાસ તો પરમાર્થ એટલે આત્માને પરમ પ્રયોજન મોક્ષનું છે. પરતત્ત્વ મોક્ષની પ્રાપ્તિ કરાવે છે માટે તે પરમાર્થનાથ છે.

**अनाथनाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? અનાથનાથ છે. જે નાથ વિનાના છે તેના નાથ છે. અથવા અનાથ એવા નાથ છે. પોતે નાથરહિત છે. તેના માથે કોઈ નાથ નથી. તેનું યોગક્ષેમ સહજભાવે થઈ રહેલું છે. એવું તે નાથના સ્વરૂપને ધારણ કરનારું છે.

**जीवनाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? જીવનાથ છે. પ્રાણોને ધારણ કરે તે જીવ. તેનું યોગક્ષેમ પરતત્ત્વ-ચૈતન્યશક્તિથી થઈ રહેલું છે. આત્મદ્રવ્યના અસ્તિત્વથી જ જીવ પ્રાણોને ધારણ કરે છે અને ટકાવી રાખે છે. તે જ તેનું યોગક્ષેમ છે માટે પરતત્ત્વ તે જીવનાથ છે.

**देव-दानव-मानव-सिद्धसेनाधि-नाथाय** - વળી પરતત્ત્વ કેવું છે ? દેવદાનવમાનવસિદ્ધસેનાધિનાથ છે. આ પરતત્ત્વ દેવો-દાનવો માનવો તથા સિદ્ધસેન દિવાકર આચાર્ય ભગવંત (આ શક્રસ્તવની જેમને ઇન્દ્ર વડે પ્રાપ્તિ થઈ છે.) તેમના અધિનાથ છે અથવા દેવોના, દાનવોના, માનવોના નાથના પણ નાથ છે અધિનાથ છે અને સિદ્ધસેન (બીજો અર્થ આ પણ લેવાય) સિદ્ધ ભગવંતોના સમૂહ તેના પણ અધિનાથ છે. કારણ દેવ, દાનવ, માનવ કે સિદ્ધ આત્મા તે દરેકનું યોગક્ષેમ પરતત્ત્વના કારણે જ થયું છે. સિદ્ધિ પણ તેની (પરતત્ત્વ પ્રગટ થવાથી) પ્રાપ્તિથી જ થાય છે માટે તેનું પણ પરતત્ત્વ અધિનાથ છે. તેથી દેવદાનવમાનવસિદ્ધસેનાધિનાથ છે.







**मूल - ॐ नमोऽर्हते निरञ्जनाय अनन्त-कल्याण निकेतन-कीर्तनाय सुगृहीत-नामधेयाय महिमामयाय धीरोदात्त-धीरोद्धत-धीरशान्त-धीरललित-पुरुषोत्तम-पुण्यश्लोक-शत-सहस्त्र-लक्ष-कोटि-वन्दितपादारविन्दाय सर्वगताय ॥ १ ॥**

**અર્થ : ॐ नमोऽर्हते** - અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

તે પરમાત્મા કેવા છે ?

**निरञ्जन** - જેને કોઈ પણ અંજન સ્પર્શતુ નથી.

**अनन्त-कल्याण-निकेतन-कीर्तन** - અનંત કલ્યાણનું ઘર એવા આત્માનું કીર્તન છે.

**सुगृहीत-नामधेय** - જેનું નામ સારી રીતે ગ્રહણ કરાયેલું છે.

**महिमामय** - જે મહિમા સ્વરૂપ છે.

**धीरोदात्त-धीरोद्धत-धीरशान्त-धीरललित-पुरुषोत्तम-पुण्यश्लोक-शत-सहस्त्र-लक्ष-कोटि-वन्दित पादारविन्द** - ધીર ઉદાત્ત, ધીર ઉદ્ધત, ધીર શાન્ત, ધીર લલિત પુરુષોત્તમના સેંકડો, હજારો, લાખો, કરોડો પવિત્ર શ્લોકોથી ચરણકમળ વન્દન કરાયેલા છે.

**सर्वगत** - જે સર્વમાં રહેલા છે.

**રહસ્યાર્થ :** આત્માની ધ્રુવસત્તાને અનુલક્ષીને પરમાત્માની સ્તવના કરાય છે.

**निरञ्जनाय** - પરતત્ત્વ કેવું છે ? નિરંજન છે. તે આકાશ જેવું અરૂપી શુદ્ધાત્મદ્રવ્ય સ્વરૂપ છે. જેમ આકાશ નિરંજન છે તે હાથથી પકડી શકાતું નથી અને તેમાં અંજન થઈ શકતું નથી તેમ શુદ્ધાત્મદ્રવ્ય હાથથી સ્પૃશ્ય નથી અને તેને કોઈ વસ્તુથી સ્પર્શ કરાવીને આંજી શકાતું નથી અર્થાત્ પરતત્ત્વને સ્પર્શ થતો નહિ હોવાથી અંજન થઈ શકતું નથી માટે નિરંજન છે. અરિહંત પરમાત્મા કેવા છે ? નિરંજન છે.

કેમકે તેમને કર્મરૂપી અંજન લાગતું નથી માટે નિરંજન છે.

**अनन्त-कल्याण-निकेतन-कीर्तनाय** - વળી પરતત્ત્વ કેવું છે ? અનન્ત કલ્યાણનિકેતન કીર્તન છે એટલે અનંત કલ્યાણોનું ઘર. જેમાં આત્મા તેના કીર્તન સ્વરૂપ છે. આત્મામાં જેનો અંત નથી એવા અનંત કલ્યાણો રહેલા છે કેમકે કલ્યાણ માત્ર આત્મામાં જ રહેલા છે તેમાંથી જ પ્રગટે છે માટે આત્મદ્રવ્ય કલ્યાણોનું ઘર છે તે આત્માનું કીર્તન પરતત્ત્વથી થાય છે. પરતત્ત્વનું સ્વરૂપ નિસ્તરંગ, નિષ્પ્રકંપ, નિરંજન, નિરાકાર છે. આ રીતે તે સ્વરૂપનું કથન કરતાં ખરેખર તો આત્મદ્રવ્યનું જ કીર્તન-સ્વતન થાય છે માટે પરતત્ત્વ એ અનંત કલ્યાણનું ઘર એવા આત્માનું કીર્તન છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? અનન્ત કલ્યાણનિકેતનનું ઘર એવા આત્માનું કીર્તન અરિહંત પરમાત્માની સ્તવનાથી થાય છે માટે પરમાત્મા અનંત કલ્યાણ નિકેતન કીર્તન છે.

**सुगृहीत-नामधेयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સુગ્રહીતનામધેય છે. આ પરતત્ત્વનું નામ સારી રીતે ગ્રહણ કરાયેલું છે. પરતત્ત્વને દરેક દર્શનકારો માને છે. મૂળ દ્રવ્યમાં મતભેદ નથી. મૂળ સ્વરૂપમાં ફેર નથી

મનાતો. પર્યાયની અંદર મતભેદો છે. એકાંત વચનથી તેમની માન્યતામાં ભેદ પડે છે. તેથી પરતત્ત્વ સારાયે દર્શનોમાં સારી રીતે પ્રસિદ્ધિને પામેલું ગ્રહણ કરાયેલું છે. માટે પરતત્ત્વ સુગૃહિત નામધેય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સુગ્રહીતનામધેય છે.

તેમનું નામ સારી રીતે પરમાત્મપદે ગ્રહણ કરાયેલું છે માટે સુગૃહિત નામધેય છે.

**महिमामयाय** – વળી પરતત્ત્વ કેવું છે ? મહિમામય-મહિમા સ્વરૂપ છે. મહિમાવાળું છે. પરતત્ત્વનો મહિમા સમગ્ર જગતમાં ફેલાયેલો છે, તેનો મહિમા ત્રણે ભુવનના લોકો ગાય છે. તે સર્વ વસ્તુઓથી મહાનતાને પામેલું છે. તે અગોચર, અવિનાશ, અસ્ખલિત, અવિચલિત હોવાથી તેનો મહિમા સર્વોપરિ છે. માટે તે પરતત્ત્વ મહિમાના સ્વરૂપને ધારણ કરે છે. તે પોતેજ મહિમારૂપ બની ગયેલું છે માટે તે મહિમામય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહિમામય છે. તેમનો મહિમા ત્રણ ભુવનમાં ફેલાયેલો છે કેમકે તેમનું સ્વરૂપ મહિમાવાળું છે માટે તે મહિમામય છે.

**धीरोदात्त-धीरोद्धत-धीरशान्त-धीरललित-पुरुषोत्तम-पुण्य-श्लोक-शत-सहस्त्र-लक्ष-कोटि-वन्दित-पादारविन्दाय** – વળી પરતત્ત્વ કેવું છે ? ધીર ઉદાત્ત, ધીર ઉદ્ધત, ધીર શાન્ત, ધીરલલિત પુરૂષોત્તમ પુણ્ય શ્લોક શત સહસ્ત્ર લક્ષ કોટી વન્દિત પાદારવિન્દ છે.

પરતત્ત્વ પરમાત્મ સ્વરૂપી હોવાથી તેમના ચરણકમળની સેવા સેંકડો, હજારો, લાખો, કરોડો ધીર ઉદાત્ત, ધીર ઉદ્ધત, ધીર શાન્ત, ધીર લલિત પુરુષોત્તમના પવિત્ર શ્લોકોથી સ્તવના રૂપે વન્દના દ્વારા થઈ રહી

છે. અર્થાત્ પુરુષોત્તમ એવા પરતત્ત્વ રૂપ પરમાત્માના ચરણ કમળમાં વન્દન દ્વારા પરતત્ત્વની સ્તુતિ કરાઈ છે અથવા ધીર ઉદાત્ત, ધીર ઉદ્ધત, ધીર શાન્ત અને ધીર લલિત એવા પુણ્ય શ્લોકો સેંકડો, હજારો, લાખ, કરોડોથી પુરુષોત્તમના ચરણારવિન્દ વન્દન કરાયા છે એટલે કે એવા ઉત્તમ શ્લોકોથી સ્તુતિ દ્વારા જેમનું ચરણ કમળ નમસ્કાર કરાયેલું છે.

તે શ્લોકો કેવા છે ?

ધીર + ઉદાત્ત જેમાં ધીરતા સાથેના ઉદાત્ત શબ્દો વપરાયેલા છે.

ધીર + ઉદ્ધાત. જેમાં ધીરતા સાથે ઉદ્ધત શબ્દો વપરાયેલા છે જે શબ્દો આપણી ચેતનાને જગાડી દે તેવા છે.

ધીર + શાન્ત. જેમાં ધીરતા સાથે શાન્ત શબ્દો વપરાયેલા છે જે શબ્દો આપણી ચેતનાને શાન્ત રસમાં તરબોળ બનાવી દે છે.

ધીર + લલિત જેમાં ધીરતા સાથે લલિત શબ્દો વપરાયેલા છે જે શબ્દો આપણી ચેતનાને મધુરતાનો આસ્વાદ કરાવે છે.

આવા પ્રકારના શબ્દોથી સ્તુતિ કરતા આત્મામાં અનેક રસો ઉત્પન્ન થાય છે. અનાદિકાળથી આ પૌદ્‌ગલિક નવ રસોમાં રંગાયેલોઆત્મા છે. તેને આત્માના નવ રસો ઉત્પન્ન કરાવનારા આ પુરુષોત્તમના શ્લોકો ધીર સાથે ઉદાત્ત શબ્દો હોવાથી મહાનતા સાથે શાન્ત રસ પ્રગટાવે છે જે રસાધિરાજ છે. ધીર સાથે ઉદ્ધત શબ્દ હોવાથી વીરતા સાથે શાન્ત રસ પ્રગટાવે છે. ધીર સાથે શાન્ત શબ્દ હોવાથી ધીરતા સાથે શાન્ત રસ પ્રગટાવે છે. ધીર સાથે લલિત શબ્દ હોવાથી ધીરતા સાથે હાસ્ય-મધુર રસ પ્રગટાવે છે.

આવા શ્લોકો સેંકડો, હજારો, લાખો, કરોડો છે જેનાથી આ પરતત્ત્વ સ્વરૂપ પરમાત્માના ચરણારવિન્દ વન્દાયેલા છે.

અરિહંત પરમાત્મા કેવા છે ?

ધીર ઉદાત્ત, ધીર ઉદ્ધત, ધીર શાન્ત, ધીર લલિત એવા સેંકડો, હજારો, લાખો, કરોડો પવિત્ર શ્લોકોથી પુરુષોત્તમ એવા અરિહંત પરમાત્માના ચરણકમળ વંદન કરાયા છે.

**सर्वगताय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વગત છે. આ પરતત્ત્વ સર્વમાં રહેલું છે અથવા સર્વત્ર રહેલું છે. ચૌદે રાજલોકમાં રહેલું છે.

સર્વમાં એટલે જે વ્યક્તિરૂપ (પર્યાય સ્વરૂપ) જીવદ્રવ્ય છે તે સર્વમાં શિવ સ્વરૂપ-પરમાત્માસ્વરૂપ પરતત્ત્વ રહેલું છે. સર્વત્ર એટલે કોઈ આકાશ પ્રદેશ ખાલી નથી કે જ્યાં શક્તિરૂપે ચૈતન્યશક્તિ ન હોય માટે પરતત્ત્વ સર્વગત (સર્વત્ર) છે.



मूल - सर्वसमर्थाय सर्वप्रदाय सर्वहिताय सर्वाधिनाथाय कस्मैचन क्षेत्राय पात्राय तीर्थाय पावनाय पवित्राय अनुत्तराय उत्तराय योगाचार्याय संप्रक्षालनाय प्रवराय आग्रेयाय वाचस्पतये मांगल्याय सर्वात्मनीनाय सर्वार्थाय अमृताय सदोदिताय ब्रह्मचारिणे तायिने दक्षिणीयाय निर्विकाराय वजर्षभ-नाराच-मूर्त्तये तत्त्वदर्शिने पारदर्शिने परमदर्शिने निरुपमज्ञान-बल-वीर्यतेजः-शक्त्यैश्वर्य-मयाय आदिपुरुषाय आदि-परमेष्ठिने आदिमहेशाय महाज्योतिःसत्त्वाय महार्चिर्धनेश्वराय महा-मोह-संहारिणे महासत्त्वाय महाज्ञामहेन्द्राय महालयाय महाशान्ताय महायोगीन्द्राय अयोगिने महामहीयसे महाहंसाय हंसराजाय महासिद्धाय शिव-मचल-मरुज-मनंत-मक्षय-मव्याबाध-मपुनरावृत्ति-महानन्दं महोदयं सर्वदुःखक्षयं कैवल्यममृतं निर्वाणमक्षरं परब्रह्म निःश्रेयसमपुनर्भवं सिद्धिगति-नामधेयं-स्थानंसंप्राप्तवते चराचर-मवते नमोऽस्तु श्री महावीराय त्रिजगत्स्वामिने श्री वर्धमानाय ॥१०॥

અર્થ : પરમાત્મા કેવા છે ?





**सर्वसमर्थ** - સર્વમાં સમર્થ છે.

**सर्वप्रद** - સર્વ આપનાર છે.

**सर्वहित** - સર્વના હિત સ્વરૂપ છે.

**सर्वाधिनाथ** - સર્વના અધિનાથ છે.

**कस्मैचन** - કોઈ છે.

**क्षेत्र** - ક્ષેત્ર છે.

**पात्र** - પાત્ર છે.

**तीर्थ** - તીર્થ સ્વરૂપ છે.

**पावन** - પાવન સ્વરૂપ છે.

**पवित्र** - પવિત્ર છે.

**अनुत्तर** - જેની ઉત્તરમાં કોઈ નથી.

**उत्तर** - જે સૌની ઉત્તરમાં છે સૌમાં પ્રધાન છે.

**योगाचार्य** - યોગના આચાર્ય છે. યોગની સિદ્ધિ કરીને આપણને તે યોગ બતાવવા આચાર્ય સ્વરૂપ છે.

**संप्रक्षालन** - સમ્યક્ પ્રક્ષાલન સ્વરૂપ છે.

**प्रवर** - જે શ્રેષ્ઠ છે.

**आग्रेय** - જે અગ્રે રહેલા છે.

**वाचस्पति** - જે બૃહસ્પતિ સ્વરૂપ છે.

**मांगल्य** - જે મંગલ સ્વરૂપ છે.

**सर्वात्मनीन** - જે સર્વ આત્માઓને હિત સ્વરૂપ છે.

**सर्वार्थ** - જે સર્વ પ્રયોજનરૂપ છે.

**अमृत** - જે અમૃત છે.

**सदोदित** - જે સદા ઉદય પામેલા છે.

**ब्रह्मचारिन्** - જે બ્રહ્મમાં ફરનારા છે.

**तायिन्** - જે રક્ષણ કરનારા છે.

**दक्षिणीय** - જે દક્ષિણા (સત્કાર-સન્માન)ને યોગ્ય છે.

**निर्विकार** - જે વિકાર રહિત છે.

**वज्रर्षभ-नाराच-मूर्त्ति** - જે વજ્ર ઋષભ નારાચ સંઘયણ મૂર્તિ સ્વરૂપ છે.

**तत्त्वदर्शिन्** - જે તત્ત્વને જોનારા છે.

**पारदर्शिन्** - જે પાર (સંસારના પેલે પાર)ને જોનારા છે.

**परमदर्शिन्** - જે પરમ (ઉત્કૃષ્ટ)ને જોનારા છે.

**निरुपम-ज्ञान-बल-वीर्यतेजः-शक्त्यैश्वर्य-मय** - જે ઉપમા રહિત એવા જ્ઞાન, બલ, વીર્ય, તેમજ શક્તિ અને ઐશ્વર્ય સ્વરૂપ છે.

**आदिपुरुष** - પુરુષોમાં આદિ પ્રથમ છે.

**आदि-परमेष्ठिन्** - પાંચ પરમેષ્ઠિમાં જે આદિ છે.

**आदि महेश** - મહાન ઈશોમાં જે આદિ છે.

**महाज्योतिःसत्त्व** - મહાન જ્યોતિ સ્વરૂપ જેની સત્તા છે.

**महार्चिर्धनेश्वर** - જે મહાન આજ્ઞાના મહાન ઇન્દ્રરૂપ છે.

**महा-मोह-संहारिन्** - મહામોહનો સંહાર કરનાર છે.

**महासत्त्वाय** - મહાન સત્વવાળા છે.

**महाज्ञामहेन्द्राय** - મોટી આજ્ઞા કરવામાં મહેન્દ્ર સમાન છે.

**महालय** - મહાન આલયરૂપ છે અથવા લયરૂપ છે.

**महाशान्त** - મહાન શાન્ત સ્વરૂપ છે.

**महायोगीन्द्र** - મહાન યોગીઓના ઇન્દ્ર છે.

**अयोगिन्** - યોગ રહિત છે.

**महामहीयस्** - મહાન પૂજ્ય તરીકે છે.

**महाहंस** - મહાન હંસ જેવા ઉજ્જ્વલ સ્વરૂપવાળા છે.

**हंसराज** - હંસરાજ જેવા છે, હંસોમાં રાજા સમાન હંસ જેવા છે.

**महासिद्ध** - મહાસિદ્ધ સ્વરૂપ છે.

**शिव-मचल-मरुज-मनंत-मक्षय-मव्याबाध-मपुनरावृत्ति-महानन्दं महोदयं सर्वदुःखक्षयं कैवल्यममृतं निर्वाणमक्षरं परब्रह्म निःश्रेयसमपुनर्भवं सिद्धिगति-नामधेयं स्थानं संप्राप्तवान्** - ઉપદ્રવ રહિત છે માટે શિવ, ચલાયમાન નહિ થનારું માટે અચલ, રોગરહિત છે માટે અરૂજ, અંત રહિત છે માટે અનંત, ક્ષય રહિત છે માટે અક્ષય, વ્યાબાધા - પીડા રહિત છે માટે અવ્યાબાધ, જ્યાંથી ફરી આવૃત્તિ થનાર નથી-જ્યાં ફરી આવવાનું નથી માટે અપુનરાવૃત્તિ, મહા આનંદ સ્વરૂપ માટે મહાનંદ, મહાઉદયવાળુ છે માટે મહોદય, સર્વદુઃખનો જ્યાં ક્ષય છે માટે સર્વદુઃખક્ષય, કેવળમાત્ર સ્વરૂપ જ્યાં છે માટે કૈવલ્ય, જ્યાં મરણ નથી માટે અમૃત, જ્યાં નિર્વાણ સ્વરૂપ છે માટે નિર્વાણ, જ્યાંથી ક્ષરવાનું નથી માટે અક્ષર, જે પરમબ્રહ્મસ્વરૂપ છે માટે પરબ્રહ્મ, જે નિઃશ્રયસરૂપ છે માટે નિઃશ્રેયસ્, જ્યાંથી પુનર્ભવ એટલે કે ફરીથી ઉત્પન્ન થવાનું નથી માટે અપુનર્ભવ, જેનું સિદ્ધિગતિ નામ છે એવું સ્થાન છે માટે સિદ્ધગતિનામધેયં સ્થાનં તે સ્થાનને પામેલા.

**चराचर-मवते** - જડ-ચેતન સ્વરૂપ જગતનું રક્ષણ કરનારા.

**नमोऽस्तु श्री महावीराय त्रिजगत्स्वामिने श्री वर्धमानाय** - ત્રણ જગતના સ્વામિ શ્રીમહાવીર એવા શ્રી વર્ધમાનસ્વામિને નમસ્કાર થાઓ.

**રહસ્યાર્થ:**

અહીં આત્મદ્રવ્યની ધ્રુવસત્તા તથા અવાન્તરસત્તા લક્ષ્યમાં રાખીને પરમાત્માની સ્તવના કરી છે.

**सर्वसमर्थाय** - પરતત્ત્વ કેવું છે ? સર્વ સમર્થ છે. સર્વને અથવા સર્વમાં સમ્ + અર્થ. સમ્યગ્ પ્રયોજનરૂપ છે. શુદ્ધાત્મદ્રવ્ય એટલે ચૈતન્યશક્તિ તે સર્વમાં સારી રીતે પ્રયોજનરૂપ છે. તેના સિવાય એકપણ પ્રયોજન સિદ્ધ થતું નથી અથવા સર્વમાં આ તત્ત્વ સમ્યગ્ સુંદર પદાર્થ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ?

સર્વમાં સમર્થ છે - સમ્યક્ પુરુષાર્થથી યુક્ત છે અથવા સઘળું કરવામાં સમર્થ છે. સારી રીતે શક્તિ સંપન્ન છે. તૈયાર છે.

**सर्वप्रदाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વપ્રદ છે. શાથી ? સર્વ આપવા માટે સામર્થ્ય ધરાવનાર હોવાથી તે પરતત્ત્વ જ સર્વપ્રદ છે.

પરમાત્મા કેવા છે ? સર્વપ્રદ છે તે સઘળું આપે છે. શ્વાસોશ્વાસ લઈને મૂકીએ ત્યાંથી માંડીને મોક્ષપદ પર્યંતની સઘળી વસ્તુ આપનાર એક અરિહંત પરમાત્મા જ છે.

**सर्वहिताय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વહિત છે. સર્વહિત પરતત્ત્વમાં સમાયેલા હોવાથી તે સર્વહિત સ્વરૂપ છે. પરતત્ત્વ (ચૈતન્ય શક્તિ)થી જ પ્રારંભમાં સમ્યક્ત્વથી મોક્ષ પર્યંતના હિત સધાય છે અર્થાત્ તે સર્વ હિતો તેમાંથી-ચૈતન્યશક્તિમાંથી જ પ્રગટે છે માટે પરતત્ત્વ સર્વહિત સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સર્વના હિત સ્વરૂપ છે. માટે ષડ્જીવનિકાય હિત તેમને કહેવાય છે અથવા તેમના આલંબનથી સર્વના હિત અથવા સર્વે હિતો થાય છે કારણ કે તે સર્વહિત સ્વરૂપ છે.

**सर्वाधिनाथाय** – વળી પરતત્ત્વ કેવું છે ? સર્વાધિનાથ છે. સર્વના અધિક નાથ છે. ચૈતન્યશક્તિ જ સર્વનું અધિક યોગક્ષેમ કરનાર હોવાથી સર્વાધિનાથ છે કારણ કે સર્વ પર્યાયાદિનું રક્ષણ શુદ્ધદ્રવ્ય જ કરી રહેલું છે. માટે તે સર્વાધિનાથ છે.

અરિહંત પરમાત્મા કેવા છે. સર્વાધિનાથ - સર્વ જીવોના અધિક નાથ (યોગક્ષેમ કરનારા) છે.

**कस्मैचन** – વળી પરતત્ત્વ કેવું છે ? કસ્મૈચન છે - કોઈ છે. જેનું નામ ન હોય તે કોઈ તરીકે ઓળખાય છે. પરતત્ત્વનું સ્વરૂપ અવર્ણનીય હોવાથી તેને શબ્દમાં લાવવા માટે કોઈ તરીકે ઓળખાય છે માટે કસ્મૈચન છે. અરિહંત પરમાત્મા કેવા છે ? કસ્મૈચન - જેમનું જીવન કોઈ અલૌકિક છે માટે કસ્મૈચન છે.

**क्षेत्राय** – વળી પરતત્ત્વ કેવું છે ? ક્ષેત્ર છે. દરેક પર્યાયોનો આધાર ચૈતન્યશક્તિ છે તેથી પરતત્ત્વ તે ક્ષેત્ર છે, તેમાં રહેલા પર્યાયો ક્ષેત્રી છે. માટે શુદ્ધાત્મદ્રવ્ય ક્ષેત્ર સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? ક્ષેત્ર છે. કારણ કે તે સર્વજીવોના આધારભૂત હોવાથી અર્થાત્ સર્વ જીવોને પોતાનામાં સમાવતા હોવાથી - અભેદ સ્વરૂપે પોતામાં સમાવી લેતા હોવાથી તે ક્ષેત્ર છે.

**पात्राय** – વળી પરતત્ત્વ કેવું છે ? પાત્ર છે. સમગ્ર જગતને રહેવાનું તે પાત્ર સ્વરૂપ છે. જગત જડ-ચેતન સ્વરૂપ છે કારણ કે તે પર્યાય સ્વરૂપ છે. તે ચૈતન્યશક્તિથી સર્જન થયેલું છે માટે પરતત્ત્વ જગતના પાત્ર સ્વરૂપ હોવાથી તે પાત્ર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પાત્ર છે. તેમની કરુણાનું પાત્ર સમગ્ર જગતના જીવો છે પરંતુ તેમનું હૃદય આખા જગતનું પાત્ર હોવાથી તેમણે પોતાની વિશાળતાથી જગતના જીવોને સ્થાન આપવા માટે પાત્રનું સ્વરૂપ ધારણ કરેલું છે માટે પાત્ર છે.

**तीर्थाय** - વળી પરતત્ત્વ કેવું છે ? તીર્થ છે. તારે તે તીર્થ છે. સમુદ્રને પાર ઉતારવા માટે આરો હોય છે ત્યાંથી ઉતરે તો જ તેમાં ઉતરી શકાય. તે આરાને તીર્થ કહેવાય છે.

પરતત્ત્વ સંસાર સમુદ્રને ઉતરવા માટે તીર્થ સ્વરૂપ છે. કેમકે પર્યાયોરૂપી ઊંડો અગાધ સમુદ્ર છે તે તરવા માટે દુરસ્ત છે. તેને આ પરતત્ત્વરૂપી આરાથી જ પર્યાયોને પેલે પાર જઈને તરી શકાય છે. પર્યાયો ક્ષણે ક્ષણે પલટાતી અનંતાનંત છે, તેની ગૌણતા કરીને નિજમાં સ્થિતિ કરતું પરતત્ત્વ તેને પાર ઉતરવા માટે તીર્થ સ્વરૂપ હોવાથી તીર્થ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? તીર્થ સ્વરૂપ છે કેમકે સંસાર સાગરમાંથી પાર ઉતરવા માટે જીવોને માટે તે આરારૂપ-તીર્થરૂપ બન્યા, મોક્ષનો રસ્તો બન્યા. પરમાત્મા તીર્થસ્વરૂપ બની આલંબન આપે છે. અર્થાત્ પોતે જે રીતે મોક્ષ માર્ગે ગયા તે માર્ગ બતાવ્યો. જીવો તે માર્ગે ચાલે છે. તે રીતે પરમાત્મા તીર્થ સ્વરૂપ છે.

**पावनाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પાવન છે એટલે કે જીવોને પવિત્ર કરનારું છે કારણ કે જીવો તેના સ્મરણથી પવિત્ર થાય છે. તેના ધ્યાનથી તે સ્વરૂપ બને છે એમ અનેક રીતે તે આલંબન આપીને જીવોને પવિત્ર કરે છે માટે તે પાવન છે.

પાવન એટલે પવિત્ર કરવું અને પવિત્ર એટલે પવિત્ર હોવું. નિશ્ચયથી પરતત્ત્વ કાંઈ કરતું નથી કિન્તું જીવો તેના સ્મરણ, વંદન,

પૂજન, સ્તવન, ધ્યાનથી પવિત્ર થાય છે માટે પરતત્ત્વ પોતે પાવન સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પાવન છે કારણ કે તેમના બતાવેલા માર્ગે ચાલી જીવો પવિત્ર બને છે, થાય છે, અથવા તેમના સમવસરણસ્થ સ્વરૂપના આલંબનથી જીવોને પવિત્ર કરે છે માટે પોતે પાવન છે.

પાવન એટલે પવિત્ર કરવું અને પવિત્ર એટલે પવિત્ર હોવું. નિશ્ચયથી પરતત્ત્વ કાંઈ કરતું નથી કિન્તું જીવો તેના સ્મરણ, વંદન, પૂજન, સ્તવન, ધ્યાનથી પવિત્ર થાય છે માટે પરતત્ત્વ પોતે પાવન સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પાવન છે કારણ કે તેમના બતાવેલા માર્ગે ચાલી જીવો પવિત્ર બને છે, થાય છે અથવા તેમના સમવસરણસ્થ સ્વરૂપના આલંબનથી જીવોને પવિત્ર કરે છે.

**पवित्राय** – વળી પરતત્ત્વ કેવું છે ? પવિત્ર છે. સ્વયં પવિત્ર સ્વરૂપ છે કારણ કે તેમાં કોઈ કલંક નથી, મલ નથી, લેપ નથી, અંજન નથી. કર્મનો મેલ નહિ હોવાથી નિર્મળ છે. તેમજ જે સહજ પર્યાય છે તેનેજ ભોગવે છે, તેમાં જ રમમાણ છે. કૃત્રિમ પર્યાયોથી દૂર છે માટે પવિત્ર છે. તે શક્તિ સ્વરૂપ હોવાથી અરૂપી એવા તેને કોઈ રૂપી પદાર્થોનો સ્પર્શ તાદાત્મ્ય સંબંધે નહિ હોવાથી પવિત્ર છે. તેનું સ્વરૂપ આકાશની જેમ નિરંજન, નિરાકાર, સ્ફટિકની જેમ શુદ્ધ, કમળની જેમ લેપ વિનાનું હોવાથી પવિત્ર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પવિત્ર છે. તે જડ-બાહ્ય ભાવોથી નહિ લેપાયેલા આત્મભાવમાં જ નિરંતર રમતાં ઉપયોગશીલ છે. પ્રભુ સ્વરૂપ રમણી, સ્વરૂપ ભોગી, સ્વરૂપમાં સ્થિત હોવાથી બાહ્ય ભાવરૂપ મેલ જેમને સ્પર્શતો નથી જેથી કર્મમલ રહિત હોવાથી પવિત્ર છે.

**अनुत्तराय** - વળી પરતત્ત્વ કેવું છે ? અનુત્તર છે. જેની ઉત્તરમાં કોઈ નથી માટે અનુત્તર છે. જગતમાં છેલ્લામાં છેલ્લી કોટીની ઉત્તમ પ્રધાન વસ્તુ હોય તો પરતત્ત્વ છે. તેની સમાનતામાં કોઈ પણ વસ્તુ આવી શકતી નથી. કારણ સમગ્ર જગતનું ઉત્પત્તિ સ્થાન પોતે જ છે, પછી તેની ઉત્તરમાં કોઈ આવી શકતું નથી.

અરિહંત પરમાત્મા કેવા છે ? અનુત્તર છે.

અરિહંત પરમાત્મા ગુણથી, સ્વરૂપથી, તીર્થંકરનામકર્મરૂપ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલ ઋદ્ધિબળ વિગેરેથી અનુત્તર છે.

સમવસરણસ્થ અરિહંત પરમાત્માનું સ્વરૂપ અનુત્તર છે. ત્રિલોક તેમના ગુણની ગણના કરવા બેસે તો પણ તેનો પાર પામી શકાય નહિ તેવા છે, માટે અનુત્તર છે.

જેની પછી કોઈ આત્મા કોઈપણ બાબતમાં ઉત્તર (આગળ) નથી. સંસારમાં રહેલા આત્માઓમાં સૌથી મોખરે છે. સ્વરૂપથી, ગુણથી, પુણ્યથી અનુત્તર હોવાથી પરમાત્મા અનુત્તર છે.

**उत्तराय** - વળી પરતત્ત્વ કેવું છે ? ઉત્તર છે. પરતત્ત્વ આ જગતમાં સૌથી ઉત્તર ચઢિયાતું છે કારણ કે આ જગતમાં કોઈ વસ્તુ તેનાથી ઉત્તર નથી. તે ચૈતન્યરૂપ છે, બીજા પદાર્થો જડ છે. પરતત્ત્વ શુદ્ધાત્મદ્રવ્ય રૂપ હોવાથી તેની પર્યાય સહજ છે, જડ પદાર્થોની પર્યાયો વિભાવ જનિત નાશવંત છે. આ રીતે બીજા પદાર્થોથી ભેદ પામતું સૌથી મોખરે છે માટે ઉત્તર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? ઉત્તર છે.

આ જગતમાં સૌથી મોખરે હોય તો એક અરિહંત પરમાત્મા જ છે માટે ઉત્તર છે.

**योगाचार्याय** - વળી પરતત્ત્વ કેવું છે ? યોગાચાર્ય છે. યોગના આચાર્ય છે. મન-વચન-કાયા એ ત્રણે યોગને આચરણ કરવામાં પ્રેરક પરતત્ત્વ છે. ચૈતન્યશક્તિ તે શક્તિરૂપે કાર્યશીલ છે. માટે નિષ્ક્રિય એવું પરતત્ત્વ શક્તિરૂપે અસ્તિત્વ ધરાવતું (યોગમાર્ગમાં) મોક્ષ સાથે યોગ કરવામાં આચાર્યની જેમ આચરણ કરતું નિરંતર સ્થિર છે. અર્થાત્ તે મોક્ષ તરફ ગતિ કરતું રહ્યું છે માટે આપણા પર્યાયને તે રીતે આચરણ કરાવતું તે યોગાચાર્ય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? યોગાચાર્ય છે.

યોગમાર્ગમાં લઈ જવા માટે પરમાત્મા આચાર્ય છે. પોતે યોગ સાધના કરી છે અને જીવોને ઉપદેશ આપીને યોગનું આચરણ કરાવે છે માટે યોગાચાર્ય છે.

**संप्रक्षालनाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સંપ્રક્ષાલન છે. પરતત્ત્વ સંપ્રક્ષાલન સ્વરૂપ છે. અર્થાત્ તે સમ્યક્ પ્રકારે પ્રક્ષાલન કરતું સ્વરૂપ છે અર્થાત્ પરતત્ત્વ સ્વરૂપથી સ્વચ્છ પ્રક્ષાલન થયેલું છે તેમાં કોઈ કર્મ, રજ, મલ વિગેરે નથી આવતું તેનું મૂળ સ્વરૂપ હોવાથી તે સંપ્રક્ષાલન છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સંપ્રક્ષાલન છે તેમને કર્મરજનું પ્રક્ષાલન થઈ જવાથી તે શુદ્ધ સ્વચ્છ છે. હંમેશાં તે જ સ્વરૂપ સ્થિત છે. કર્મરજ હવે લાગવાની નથી માટે સમ્યક્ પ્રકારે સ્વચ્છ થઈ ગયા હોવાથી પરમાત્મા સંપ્રક્ષાલન છે.

**प्रवराय** - વળી પરતત્ત્વ કેવું છે ? પ્રવર છે. પ્રકર્ષ વડે શ્રેષ્ઠતાને જેણે ધારણ કરી છે કેમકે જગતમાં તેના જેવી બીજી કોઈ શ્રેષ્ઠ વસ્તુ નથી. દરેકની અંદર કોઈને કોઈ ડાઘ હોય છે જ્યારે પરતત્ત્વમાં કોઈ પણ ડાઘ કે દોષ નહિ હોવાથી પ્રવર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પ્રવર છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. તેમણે મોક્ષમાર્ગની દેશના દ્વારા જે ભવ્ય જીવો ઉપર ઉપકાર કર્યો છે તે તેમનું કાર્ય જગતમાં બીજા કોઈથી થઈ શકે તેમ નથી માટે તેમની શ્રેષ્ઠતા પ્રકર્ષન્ પામેલી હોવાથી પ્રવર છે.

**आग्रेयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? આગ્રેય છે. પરતત્ત્વ અગ્રે રહેલું છે માટે આગ્રેય છે. જગતના સર્વ પદાર્થોથી આગળ રહેલું છે અથવા જગતની ટોચે જઈને સ્થિર થયેલું છે. આકાશની જેમ અદશ્ય, અરૂપી, નિરાકાર, નિરંજન, વ્યાપક છતાં જડ નહિ પરંતુ ચૈતન્ય-શક્તિ સ્વરૂપ અસ્તિત્વ ધરાવતું તે, જગતના તમામ પદાર્થોથી અગ્રે રહેલું છે માટે આગ્રેય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? આગ્રેય છે.

અગ્રે રહેલા છે, કોની ? જગતના તમામ જીવાત્માઓ અને આત્મવિકાસને પામેલા સઘળાયની અગ્રે રહેલાં છે માટે આગ્રેય છે.

**वाचस्पतये** - વળી પરતત્ત્વ કેવું છે ? વાચસ્પતિ છે. વાચસ્પતિ સ્વરૂપ છે. વાણીનો પતિ તે વાચસ્પતિ. વાણી ચાર પ્રકારે છે વૈખરી, (મુખમાં) મધ્યમા, (કંઠમાં) પશ્યંતી, (હૃદયમાં) પરા. (નાભિમાં) આ ચારમાં પરા વાણી જે અગોચર છે તેના પતિ આ પરતત્ત્વ છે કેમકે પરતત્ત્વ પરાના સ્વરૂપે રહેલું છે અર્થાત્ પરા ઉપર તેનું સ્વામિત્વ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? વાચસ્પતિ છે.

પરમાત્માની વાણી ત્રણ ભુવનના જીવોને સંસાર સાગરથી પાર ઉતારનારી છે. વૈખરી પણ તેમની અનુપમ છે. તેના પતિ પરમાત્મા છે તથા મધ્યમા, પશ્યંતી, પરા - તેમાં રહેનારા પરમાત્મા તેના પતિ છે માટે વાચસ્પતિ છે.

**માંગલ્યાય** - વળી પરતત્ત્વ કેવું છે ? માંગલ્ય છે. મંગલ સ્વરૂપ છે તેના જેવું બીજું કોઈ મંગલ નથી. મંગલોનો સમૂહ તેમાં રહેલો છે જેના સ્મરણ માત્રથી વિઘ્નોની પરંપરા નષ્ટ થઈ જાય છે કેમકે સૌથી શ્રેષ્ઠ મંગલ પરતત્ત્વ છે. મંગલોમાં શ્રેષ્ઠ તે માંગલ્ય. પરતત્ત્વ સર્વ મંગલોમાં શ્રેષ્ઠતમ મંગલ છે કારણ કે તેના નામ સ્મરણથી પણ વિઘ્નોનો નાશ થાય છે તેથી મંગલોનો પિંડ (સમૂહ) તે જ પરતત્ત્વ છે..

અરિહંત પરમાત્મા કેવા છે ?

માંગલ્ય છે. તેમનામાં સર્વમંગલ રહેલા છે. માટે જગતમાં મંગલ સ્વરૂપ હોય તો અરિહંત પરમાત્મા છે.

**સર્વાત્મનીનાય** વળી પરતત્ત્વ કેવું છે ? સર્વાત્મનીન છે. સર્વ આત્માઓને હિત સ્વરૂપ છે. પરતત્ત્વ શક્તિ સ્વરૂપ હોવાથી તેનાથી કોઈ આત્માને અહિત નહિ પણ એકાંતે હિત થાય છે, કારણ કે સમ્યક્ત્વથી માંડીને મુક્તિ પર્યંત તેના જ આલંબને જઈ શકાય છે તથા બીજી રીતે તે પરતત્ત્વ શક્તિ સ્વરૂપ હોવાથી હિત સ્વરૂપ જ છે. તેમાં જ સઘળાં હિતો સમાયેલા છે માટે જે તેનું આલંબન લે છે તેનું પણ તે હિત જ કરે છે. તે નિરાળું હોવાથી તેનાથી કદી કોઈનું અહિત થતું જ નથી માટે સર્વાત્મનીન છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સર્વાત્મનીન છે.

કારણ તેમની ભાવના સર્વ આત્માઓના હિત માટેની છે. તેમનું સઘળું જીવન જીવોના હિત માટે છે. યાવત્ કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થંકરત્વનો ઉદય થાય છે ત્યારે જીવોના હિત માટેની દેશના આપે છે. એ રીતે તેમનું સઘળુંય સર્વ જીવોના હિતને કરનારું હોવાથી, અરિહંત પરમાત્મા સર્વ આત્માને હિત કરનારા છે માટે સર્વાત્મનીન છે.

**सर्वार्थाय** વળી પરતત્ત્વ કેવું છે ? સર્વાર્થ છે. તેમાં સર્વ પ્રયોજનો રહેલા છે માટે સર્વાર્થ સ્વરૂપ છે. અર્થાત્ સર્વ પ્રયોજન સ્વરૂપ છે કારણ કે કોઈ પણ અર્થ સિદ્ધ કરવો હોય તો ચૈતન્યશક્તિની હાજરી જોઈએ. તેના વિના એક પણ પ્રયોજન સિદ્ધ થતું નથી, માટે પરતત્ત્વ સર્વ પ્રયોજન સ્વરૂપ છે તેથી સર્વાર્થ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સર્વાર્થ છે.

સર્વ પ્રયોજનો તેમના આલંબને સિદ્ધ થાય છે. ચારે પુરુષાર્થમાં સર્વ અર્થો સમાઈ જાય છે અને તે ચારેની સિદ્ધિ અરિહંત પરમાત્માના શરણે જવાથી તેમના આલંબનથી થાય છે માટે પરમાત્મા સર્વાર્થ છે, અર્થાત્ સર્વ અર્થો તેમનામાં રહેલા છે, માટે તેમના આલંબનથી તે આપણને પ્રાપ્ત થાય છે તેથી પરમાત્મા સર્વાર્થ છે.

**अमृताय** – વળી પરતત્ત્વ કેવું છે ? અમૃત છે. જે મૃત નથી અથવા જેનું નિધન થતું નથી તે અમૃત અથવા અમર છે કારણ કે પરતત્ત્વનો નાશ કદી થતો નથી. જેની ઉત્પત્તિ નથી તેનો નાશ નથી. પરતત્ત્વ અજ છે તેથી અવિનાશ છે. અવિનાશ છે માટે અમૃત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? અમૃત છે કારણ કે તે પર્યાય સ્વરૂપ છે છતાં તે પર્યાયનો નાશ કદી થતો નથી. કાળ બદલાય છે. તેથી ભૂતકાલીન, વર્તમાનકાલીન, ભવિષ્યકાલીન, કોઈ પણ પર્યાયમાં રહેલા છે. માટે તે અરિહંતત્વથી અમૃત છે અમર છે.

**सदोदिताय** – વળી પરતત્ત્વ કેવું છે ? સદોદિત છે. તે હંમેશાં ઉદય પામેલું છે. તેનો અસ્ત કદી થતો નથી કારણ કે ચૈતન્યશક્તિ એક જ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. તેનું સ્વરૂપ બદલાતું નથી. તે ઉદય સ્વરૂપે છે તો સદા ઉદિત જ છે. પર્યાયમાં ઉદય અસ્ત હોય છે. દ્રવ્ય તો ધ્રુવ જ છે. ચૈતન્યશક્તિ સ્વરૂપ હોવાથી જ્ઞાન વડે પ્રકાશિત છે માટે

ઉદય સ્વરૂપથી જ રહેલી છે. માટે તેનું સ્વરૂપ સદા ઉદિત હોવાથી પરતત્ત્વ સદોદિત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સદોદિત છે એટલે સદા કેવળજ્ઞાન પ્રકાશથી ઉદય પામેલા છે માટે સદોદિત છે.

**ब्रह्मचारिणे** – વળી પરતત્ત્વ કેવું છે ? બ્રહ્મચારી છે. બ્રહ્મ એટલે આત્મા. તેમાં ચરે તે બ્રહ્મચારી. ચૈતન્યશક્તિ બ્રહ્મમાં ફરનારી છે. રહેનારી છે. તે બીજા કોઈ પર પદાર્થમાં વિભાવોમાં જનારી નથી. નિરંતર સ્વભાવમાં બ્રહ્મનું જ સેવન કરે છે. તેમાં જ રમણ છે માટે બ્રહ્મચારી છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? બ્રહ્મચારી છે.

બ્રહ્મ એટલે આત્મા તેમાં રહેવું અર્થાત્ સ્વભાવમાં રહેવું. અરિહંત પરમાત્મા નિજ સ્વભાવમાં જ રમે છે - રહે છે માટે બ્રહ્મચારી છે.

**तायिने** – વળી પરતત્ત્વ કેવું છે ? તાયી છે.

તાયી એટલે રક્ષણ કરનાર છે. તાયતે ઈતિ તાયી. પરતત્ત્વ સકલ જગતનું રક્ષણ કરનાર છે કારણ કે જગત પર્યાય સ્વરૂપ છે. પર્યાય (દૃશ્ય) માત્રનો સર્જનહાર આત્મદ્રવ્ય છે. શુદ્ધ આત્મદ્રવ્ય ચૈતન્યશક્તિ સ્વરૂપ છે. જગત રક્ષાઈ રહ્યું છે માટે તે તાયી છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? તાયી છે.

કારણ કે તેઓ મુક્તિનો માર્ગ દેખાડી જગતને દુઃખથી રક્ષે છે માટે તાયી છે. રક્ષણ કરનાર છે.

**दक्षिणीयाय** – વળી પરતત્ત્વ કેવું છે ? દક્ષિણીય છે. દક્ષિણીય એટલે સત્કાર-સન્માનરૂપ પૂજાને યોગ્ય. કારણ કે તે પોતે પવિત્ર છે, નિર્મળ છે, શુદ્ધ છે, નિષ્કલંક છે, ઉપકારી છે માટે તેની સત્કાર-સન્માનરૂપ પૂજા કરવી જોઈએ. જેથી આપણામાં પણ તેવી

પવિત્રતા, નિર્મળતા વિગેરે પ્રગટે. પરતત્ત્વ દક્ષિણાર્હ હોવાથી દક્ષિણીય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? દક્ષિણીય છે.

અરિહંત પરમાત્માએ મુક્તિ માર્ગ બતાવીને તથા પોતે આલંબન આપીને, અર્થાત્ માર્ગરૂપ બનીને જગત ઉપર અનંત ઉપકાર કર્યો છે. માટે સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ વગેરે પાઠો દ્વારા સત્કાર-સન્માન પૂજાને યોગ્ય હોવાથી દક્ષિણીય છે.

**निर्विकाराय** - વળી પરતત્ત્વ કેવું છે ? નિર્વિકાર છે - વિકાર રહિત છે. પરતત્ત્વમાં કદી વિકૃતિ પ્રવેશતી નથી. પર્યાયો વિકૃતિ સ્વરૂપ ધારણ કરે છે પરંતુ પરતત્ત્વ તો જે સ્વરૂપે છે તે સ્વરૂપે જ સદા જીવંત છે. તેમાં કોઈ જાતનો ફેરફાર-વિકાર સ્વરૂપ પ્રવેશ પામતું નથી માટે નિર્વિકાર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? નિર્વિકાર છે.

તે સદા સ્વભાવસ્થ છે માટે તેમનો ઉપયોગ કદી વિકૃત થતો નથી. શુદ્ધ ઉપયોગસ્થ જ છે માટે તે નિર્વિકાર છે.

**वज्रर्षभ-नाराच-मूर्त्तये** - વળી પરતત્ત્વ કેવું છે ? વજ્રર્ષભનારાચમૂર્તિ છે. વજ્રર્ષભનારાચમૂર્તિ તો સંઘયણ છે. પરતત્ત્વ વજ્રાઋષભનારાચની મૂર્તિ સ્વરૂપ છે. જેમ વજ્ર ઋષભ અને નારાચ ત્રણની જેમ શરીરનું બંધારણ મજબૂત હોય છે તેમ આ પરતત્ત્વ વજ્ર જેવું મજબૂત તેના ઉપર પાટો અને તેના પર ખીલી મારે અને જે મજબૂતાઈવાળી મૂર્તિ સ્વરૂપ બને તેવું જ પરતત્ત્વનું સ્વરૂપ છે. તે કોઈથી ભેદાતું નથી, છેદાતું નથી માટે તે વજ્રાર્ષભનારાચ મૂર્તિ સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? વજ્રર્ષભનારાચમૂર્તિ છે.

પરમાત્મા વજ્રર્ષભનારાચમૂર્તિ છે. સંઘયણ-શરીરનું બંધારણ ધારણ કરનારા છે જેથી તેમનું શરીર પરીષહ, ઉપસર્ગોને સહન કરવા યોગ્ય બની રહે છે માટે વજાર્ષભનારાચમૂર્તિ છે.

**तत्त्वदर्शिने** – વળી પરતત્ત્વ કેવું છે ? તત્વદર્શી છે. તે તત્ત્વને જોનારું છે એટલે તે તત્ત્વરૂપ આંખવાળું છે. માટે તત્વદષ્ટિથી જગતને જુએ છે. તેથી 'પ્રભુ તુમ જાણંગ રીતિ, સર્વ જગ દેખતા, નિજ સત્તાએ શુદ્ધ સહુને લેખતા' પરતત્ત્વ તત્ત્વદષ્ટિથી જોનારું હોવાથી, સહુને પોતાના જેવા જોઈને, માનીને તેમાં ભળી જાય છે. તત્ત્વદષ્ટિ હોવાથી સમગ્ર જીવરાશિથી ભળીને રહે છે માટે તત્ત્વદર્શી છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? તત્વદર્શી છે.

તત્ત્વને જોનારા હોવાથી સકલ જીવરાશિને પોતાનામાં સમાવી લીધી છે. પોતાના સમાન જોઈને તેની સાથે અભેદ સાધ્યું છે માટે તત્ત્વદર્શી છે.

**पारदर्शिने** – વળી પરતત્ત્વ કેવું છે ? પારદર્શી છે. પારને જોનારું છે. કર્મથી મુક્તિ થનારનું સ્થાન તે પાર. અર્થાત્ સંસારથી છેડે રહેલું સ્થાન તે પાર. અજ્ઞાનને ઓળંગીને પ્રાપ્ત થયેલી આત્માની સ્થિતિ તે પાર. તેને જોનારું તે પારદર્શી. એટલે કે આત્માની કર્મમુક્ત અવસ્થાથી પ્રાપ્ત થયેલી જે નિસ્તરંગ, નિષ્પ્રકંપ, નિરાકાર, નિરંજન સ્થિતિ છે તેને જોનારું છે અર્થાત્ તેનું જ્ઞાન કરનારું છે. જાણનારું છે માટે પારદર્શી.

અરિહંત પરમાત્મા કેવા છે ? પારદર્શી છે.

પાર એટલે મુક્તાવસ્થા એટલે કે આત્માની શુદ્ધ અવસ્થા. તેના જોનારા અને જાણનારા હોવાથી પારદર્શી છે.

**परमदर्शिने** – વળી પરતત્ત્વ કેવું છે ? પરમદર્શી છે પરમ એટલે ઉત્કૃષ્ટ અથવા જેનાથી ઊંચે એટલે કે ચઢિયાતું કોઈ નથી તે પરમ તેને જોનારા છે. એવું પરમ શું છે ? સૌથી ઉત્કૃષ્ટ તત્ત્વરૂપ-ચૈતન્ય સ્વરૂપ-આત્મ સ્વરૂપ તેને જોનારું છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પરમદર્શી છે.

પરમ-આત્મ સ્વભાવ તેને જાણનારા અને જોનારા છે.

**निरुपमज्ञान-बलवीर्यतेजः-शक्त्यैश्वर्य-मयाय** – વળી પરતત્ત્વ કેવું છે ? નિરૂપમજ્ઞાનબલવિર્યતેજઃ શક્ત્યૈશ્વર્યમય છે. જે પરતત્ત્વ ઉપમા રહિત એવા જ્ઞાન, બળ, વીર્ય, તેજ, શક્તિ અને ઐશ્વર્ય સ્વરૂપ છે. અરૂપી એવું પરતત્ત્વ ચૈતન્યશક્તિ સ્વરૂપ હોવાથી તેમાં જ્ઞાન છે. તે જ્ઞાન કેવું છે ? ઉપમા ન આપી શકાય તેવું છે. માટે નિરૂપમ જ્ઞાનમય તે સક્રિય એવું સમગ્ર જગતના સઘળા ત્રૈકાલિક ભાવોને જાણવાનું સામર્થ્ય ધરાવે છે માટે નિરૂપમ જ્ઞાનમય છે. વળી નિરૂપમ બળમય છે. નિરૂપમ વીર્યમય છે કારણ કે પૃથ્વીને છત્ર કરવાનું સામર્થ્ય ધરાવે છે પરંતુ નિર્મળ જ્ઞાનના કારણે તેવું કદી કરતા નથી. આ તેનું બળ અને વીર્ય સમજાવવા માટે દાખલો આપવામાં આવે છે પરંતુ તેવું બળ અને વીર્ય કદી તે ફોરવતું નથી. વળી નિરૂપમ તેજોમય છે. તેનું તેજ પૌદ્ગલિક પ્રકાશરૂપ નથી પણ અભ્યંતર શક્તિરૂપ તેજમય છે. તે તેજ અદૃશ્ય છે માટે ઉપમા આપી શકાય તેમ નહિ હોવાથી નિરૂપમ તેજમય છે. તથા નિરૂપમ શક્તિમય છે. તેની શક્તિ ત્રણ ભુવનને પણ ઉલ્લંઘી ગઈ છે. અર્થાત્ તે પોતે જ શક્તિ સ્વરૂપ હોવાથી નિરૂપમ છે માટે નિરૂપમ શક્તિમય છે. પરતત્ત્વ નિરૂપમ ઐશ્વર્યમય છે. તેનું ઐશ્વર્ય સમગ્ર જગતની વસ્તુ છે. તેને ઉપમા ન આપી શકાય તેવું હોવાથી નિરૂપમ ઐશ્વર્યમય છે. આ રીતે પરતત્ત્વ નિરૂપમ જ્ઞાન, બલ, વીર્ય, તેજ, શક્તિ, ઐશ્વર્ય સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? નિરૂપમજ્ઞાનબલવિર્યતેજઃ-શક્ત્યૈશ્વર્યમય છે.

તેમનું જ્ઞાન નિરૂપમ છે. જ્ઞાનાતિશયથી શોભતું કેવળજ્ઞાન જગતના સઘળા જ્ઞાનોથી નિરૂપમ છે. બલ અને વીર્ય પણ નિરૂપમ છે. જેમણે પગના અંગૂઠા વડે મેરૂને કંપાવ્યો હતો, જેમની હાથની ટચલી આંગળીમાં જે બળ છે તે આખા જગતના બળને ભેગું કરવામાં આવે તો પણ તેટલું બળ ન થાય તેવું છે. વીર્ય તો તેમનું પૃથ્વીને પણ છત્ર કરવાના સામર્થ્યવાળું છે પરંતુ તેવું કરતા નથી. વળી તેજ પણ નિરૂપમ છે તેથી તેમનું મુખ એવું તેજસ્વી છે કે જેના તેજને સંહરી ભામંડલ બનાવવું પડે છે ત્યારે તે જોઈ શકાય છે. તેમની શક્તિ નિરૂપમ છે. જે શક્તિ ફેરવીને કર્મોનો કચ્ચરઘાણ કાઢી કેવળજ્ઞાન મેળવે છે. ઐશ્વર્ય પણ નિરૂપમ છે. જેની ત્રણ ભુવનમાં ઉપમા નથી. દેવો સમવસરણ રચે છે તેની શોભા અદ્વિતીય હોય છે. વળી કરોડો દેવો તો નિરંતર સેવામાં હાજર રહે છે. આ રીતે નિરૂપમજ્ઞાન-બલવીર્યતેજઃ-શક્ત્યૈશ્વર્યમય છે.

**आदि पुरुषाय** – વળી પરતત્ત્વ કેવું છે ? આદિ પુરુષ છે. આદિ પુરુષ તરીકે પરતત્ત્વ છે કેમ કે તે ચૈતન્યશક્તિરૂપ છે. તે દરેકમાં આદિરૂપ છે: તેના સિવાય જગત નથી અને એક પણ પુરુષાર્થ નથી. જગતના સર્જનમાં પ્રથમ ચૈતન્યશક્તિ છે. તે શક્તિ છે તો જ પુરુષાર્થ થઈ શકે છે. માટે તે આદિ પુરુષ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? આદિ પુરુષ છે.

જેમણે જગતનું સ્વરૂપ દેખાડ્યું, વ્યવહાર, બતાવ્યો, નિશ્ચય બતાવ્યો અને મુક્તિનો માર્ગ સ્પષ્ટ કર્યો તેથી તે આદિપુરુષ થયા. ત્યારપછી ગણધર ભગવંતોએ આચાર્ય ભગવંતોએ તે માર્ગ આપણા સુધી પહોંચાડ્યો માટે આદિ પુરુષ અરિહંત પરમાત્મા છે.

**आदि-परमेष्ठिने** - વળી પરતત્ત્વ કેવું છે ? આદિ પરમેષ્ઠી છે. ચૈતન્યશક્તિ (શુદ્ધાત્મા) પરમેષ્ઠિઓમાં મુખ્ય હોવાથી આદિ પરમેષ્ઠિ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? આદિ પરમેષ્ઠી છે.

તેમાં આદિ પ્રથમ પરમેષ્ઠિ અરિહંત પરમાત્મા છે કારણ કે તેમનો જગત ઉપર ઉપકાર મુખ્ય છે માટે તે આદિ પરમેષ્ઠિ છે.

**आदि महेशाय** - વળી પરતત્ત્વ કેવું છે ? આદિ મહેશ છે. પરતત્ત્વ મહાન ઈશોમાં મુખ્ય છે. મહેશ એટલે મોટા ઈશ્વર, તેમાં આદિ પરતત્ત્વ છે.

અરિહંત અને સિદ્ધ એ બંને પરમાત્મા છે તે પર્યાય સ્વરૂપ છે. પરતત્ત્વ ચૈતન્યશક્તિ દ્રવ્ય સ્વરૂપ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય એ ત્રણમાં આદિ (મુખ્ય) દ્રવ્ય છે માટે પરતત્ત્વ ચૈતન્યશક્તિ (શુદ્ધાત્મ-દ્રવ્ય) સ્વરૂપ હોવાથી તે આદિ મહેશ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? આદિ મહેશ છે.

અરિહંત પરમાત્માએ જ મોક્ષ માર્ગ બતાવ્યો છે. તે ન હોત તો સિદ્ધિની વાટે કોણ જઈ શકત ? માટે તે આદિ મહેશ છે.

**महाज्योतिःसत्त्वाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાજ્યોતિઃસત્વ છે. મહાન જ્યોતિની સત્તારૂપ છે. આ જ્યોતિ બાહ્યપ્રકાશરૂપ નથી કિન્તું આંતરજ્યોતિ જે બ્રહ્મપ્રકાશરૂપ છે. આત્મપ્રકાશ અરૂપી છે, નિરાકાર છે, તેની સત્તારૂપ (અસ્તિત્વ રૂપ) છે. પરતત્ત્વ કેવળ સત્તારૂપ દ્રવ્યને જ માનવામાં આવે છે. તે આકાશ જેવું શુદ્ધ, નિરાકાર, નિરંજન છે. માટે પરતત્ત્વ મહાન જ્યોતિની સત્તારૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાજ્યોતિઃસત્વ છે.

મહાન જ્યોતિ સત્ત્વ એટલે કે અરિહંત પરમાત્મામાં મહાન જ્યોતિની સત્તા પ્રગટરૂપે છે. અર્થાત્ તે જ્ઞાનરૂપે પ્રગટ થયેલી હોવાથી અરિહંત પરમાત્મા મહાજ્યોતિઃ સત્ત્વરૂપ છે.

**महार्चिर्धनेश्वराय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાર્ચિર્ધનેશ્વર છે. મહાન અર્ચિષ રૂપી ધન છે. તે મહાર્ચિર્ધનના ઈશ્વર છે. મહાન જ્યોતિરૂપ ધનં પરમાત્મામાં છે. તેના ઈશ્વર એ પરતત્ત્વ છે. કારણ કે મહાન જ્યોતિરૂપ ધનનું મૂળ સ્થાન પરતત્ત્વ છે. પરતત્ત્વમાંથી જ સઘળી ઉત્પત્તિ છે. તેથી તે જ્યોતિરૂપ ધનના માલિક પરતત્ત્વ હોવાથી તે મહાર્ચિર્ધનેશ્વર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાર્ચિર્ધનેશ્વર છે.

અરિહંત પરમાત્મામાં મહાન જ્યોતિરૂપ ધન રહેલું છે. તેના ઈશ્વર અરિહંત પરમાત્મા હોવાથી તે મહાર્ચિર્ધનેશ્વર છે.

**महा-मोह-संहारिणे** - વળી પરતત્ત્વ કેવું છે ? મહામોહસંહારિન્ છે. આ પરતત્ત્વ મહાન મોહનો સંહાર કરતું રહેલું છે. મહામોહ એટલે મિથ્યાત્વ - ઉંધી સમજ. ચૈતન્યશક્તિ પ્રકાશમાન હોવાથી ઉંધી સમજ ટકી શકતી નથી, તેથી મહામોહનો ત્યાં સંહાર થઈ જાય છે. માટે પરતત્ત્વ પાસે તો મહામોહનો સંહાર થયેલો જ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહામોહસંહારિન્ છે.

તે મહામોહનો સંહાર એટલે પરિષહો - ઉપસર્ગોને સહન કરવામાં ધીર, સ્થિર, ગંભીર, અડોલ, મેરૂ પરે સ્થિર હોવાથી તેમણે મહામોહનો એક ક્ષણમાં સંહાર કરી નાંખ્યો છે. માટે મહામોહસંહારીનૂ છે.

**महासत्त्वाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાસત્ત્વ છે.

તે મહાસત્તારૂપ છે. પરતત્ત્વ ચૈતન્યશક્તિરૂપ શુદ્ધઆત્મદ્રવ્ય છે તેના વિશેષો તેની પર્યાયો છે. શક્તિરૂપ દ્રવ્ય મહાસામાન્ય રૂપ હોવાથી તે ધ્રુવસત્તા ધારણ કરે છે અને મહાસત્તા તરીકે ઓળખાય છે માટે તે મહાસત્ત્વ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાસત્ત્વ છે.

જેમનામાં મહાન સત્ત્વ હોવાથી અર્થાત્ સત્ત્વ ગુણને પણ ઓળંગી ગયેલા હોવાથી તે મહાન છે માટે મહાસત્ત્વરૂપ છે.

**महाज्ञामहेन्द्राय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાજ્ઞામહેન્દ્ર છે. જે મહાન આજ્ઞાના મહાન ઇન્દ્રરૂપ છે મહાજ્ઞા એટલે જિનશાસન - જિનેશ્વર ભગવંતનું શાસન એટલે જિનાજ્ઞા.

મહાજ્ઞા એટલા માટે કે બધી આજ્ઞાઓમાં જિનેશ્વર ભગવાનનું ફરમાન મહાન છે, ઉચ્ચ સ્થિતિનું છે, ટોચનું છે. તેની સમાનતામાં કોઈ આજ્ઞા આવી શકે તેમ નથી. માટે જિનાજ્ઞા છે તે જ મહાજ્ઞા, તેના મહાન ઇન્દ્ર. ઇન્દતિ ઇતિ ઇન્દ્ર. જે શોભાવે તે ઇન્દ્ર. આ જિનાજ્ઞાની (મહાજ્ઞા) મહાન શોભાને ધારણ કરાવતું આ પરતત્વ છે કારણ કે આજ્ઞા એટલે સ્વરૂપમાં રહેવું તે છે. તેના મહાન ઇન્દ્ર તરીકે પરતત્ત્વ છે. પરતત્ત્વ સ્વરૂપમાં જ સદા સ્થિત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાજ્ઞામહેન્દ્ર છે.

કારણ કે મહાજ્ઞા જિનશાસન છે તેના મહાન ઇન્દ્ર અરિહંત પરમાત્મા છે.

**महालयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાલય છે. મહાન આલયરૂપ છે. પરતત્ત્વ મહાન આલય છે. કારણ કે તેમાં જ સર્વ જગતનો સમાવેશ થાય છે. અર્થાત્ આખું જગત તેમાં સમાઈ જાય છે. જેમ જગતમાં પરતત્ત્વ વ્યાપક છે તેમ પરતત્ત્વમાં જગત વ્યાપક છે અર્થાત્ જગતમાં ચૈતન્યશક્તિ વ્યાપીને રહેલી છે. તેમ ચૈતન્યશક્તિમાં જગત વ્યાપીને રહેલું છે કારણ કે જ્યાં જ્યાં ચૈતન્ય છે ત્યાં ત્યાં જગત અંશરૂપે રહેલું છે માટે પરતત્ત્વ મહાલય છે અથવા તે મહાન લય પામેલું છે માટે મહાલય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાલય છે.

મોટા આલય-સ્થાનરૂપ છે કારણ કે તેમણે પોતાનામાં સમગ્ર જગતને સમાવેલું છે. અભેદરૂપે રહેલા છે માટે. અર્થાત્ મહાન લય અવસ્થામાં રહેલા છે માટે મહાલય છે.

**महाशान्ताय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાશાન્ત છે. તે મહાશાન્ત સ્વરૂપ છે. કારણ કે તે નિષ્ક્રિય અને સત્તારૂપે છે તેથી શમતા સહજ છે. તેનું અસ્તિત્વ જ શાન્તરૂપે છે માટે મહાશાન્ત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાશાન્ત છે.

કારણ કે તેમણે કર્મોનો ક્ષય કરી નાંખ્યો છે તેથી મોહના અભાવના કારણે તેમણે મહાશાન્ત સ્વરૂપ ધારણ કરેલું છે.

**महायोगीन्द्राय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાયોગીન્દ્ર છે. મહા યોગીઓના ઇન્દ્ર છે. જેમણે મન-વચન-કાયાના યોગોને કાબૂમાં લઈ યોગની સાધના કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એવા મહાન યોગીઓ પરતત્ત્વને ધ્યાવે છે અર્થાત્ પરતત્ત્વ સ્વ-રૂપમાં રમે છે તેથી પરતત્ત્વ મહાયોગીઓનું પણ ઇન્દ્ર હોવાથી મહાયોગીન્દ્ર છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાયોગીન્દ્ર છે.

મહાયોગી જે કેવલીભગવંતાદિ. તેમાં ઇન્દ્ર અરિહંત પરમાત્મા છે. તે મોક્ષ માર્ગ દેખાડી ઇન્દ્રત્વને પામેલા છે. માટે મહાયોગીન્દ્ર છે.

**अयोगीने** - વળી પરતત્ત્વ કેવું છે ? અયોગી છે. તેને મન વિગેરેનો અભાવ છે. અર્થાત્ મન-વચન-કાયાના યોગનો અભાવ હોવાથી તે અયોગી છે.

પરતત્ત્વ અરૂપી છે. મન વિગેરે પુદ્ગલ સ્વરૂપ હોવાથી રૂપી છે તેથી ત્રણ યોગ પરતત્ત્વને નથી. તે તો ઉપયોગ સ્વરૂપ ચૈતન્ય-શક્તિરૂપે અસ્તિત્વ ધરાવે છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? અયોગી છે.

કારણ કે મન-વચન-કાયા એ ત્રણેની પ્રવૃત્તિ કેવળ પદાર્થો જ કરે છે. તે સિવાય ત્રણ યોગની પ્રવૃત્તિ સહજ ભાવે કર્મોની ઉદયાધીનતાથી જે પ્રવૃત્તિ થાય છે તે નહિવત્ છે. પોતે કેવળ ઉપયોગશીલ રહેલા હોય છે માટે અયોગી છે.

**महामहियसे** - વળી પરતત્ત્વ કેવું છે ? મહામહિયસ્ છે. પરતત્ત્વ મહાન તરીકે પૂજાયેલું છે કેમકે જગતમાં પૂજ્ય તરીકે ઘણી વસ્તુઓ, આત્માઓ છે પરંતુ તેમાં સૌથી ચઢિયાતું પરતત્ત્વ છે કારણ કે તે સદા અવિચલિત છે. કોઈ વસ્તુ એવી નથી કે જે ચલિત ન હોય. ચૈતન્યશક્તિ સદા એકરૂપે જ સ્થિત છે માટે મહામહિયસ્ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહામહિયસ્ છે.

કારણ કે જગતનું સ્વરૂપ બતાવી જગત ઉપર મહાન ઉપકાર કર્યો છે. જે સ્વરૂપને જાણીને અનેક જીવો વૈરાગ્ય કેળવી શુદ્ધઆત્મ-સ્વરૂપને પ્રગટ કરીને મુક્તિ ધામમાં ગયા છે. માટે અરિહંત પરમાત્મા અનેક પૂજ્યોમાં સૌથી અતિશયવાળા હોવાથી મહામહિયસ્ છે.

**महाहंसाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મહાહંસ છે. હંસોમાં પણ વિશિષ્ટતાને ધારણ કરતો જે હંસ છે તેની જેમ દરેક આત્મા કરતાં વિશિષ્ટતાને ધારણ કરતું હોવાથી પરતત્ત્વ મહાહંસ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાહંસ છે.

હંસોમાં વિશિષ્ટ ગુણોવાળો હંસ જેમ હોય છે તેમ જગતમાં રહેલા અનેક આત્માઓ કરતાં અનેકગુણા વિશિષ્ટ ગુણોને ધારણ કરતાં પરમાત્મા મહાહંસ છે.

**हंसराजाय** - વળી પરતત્ત્વ કેવું છે ? હંસરાજ છે. માનસરોવરમાં હંસોમાં રાજા સમાન હંસ હોય છે જેને રાજહંસ કહેવાય છે તેમ ગુણ

પર્યાયયુક્ત આત્મદ્રવ્ય છે તેમાં ચૈતન્યશક્તિરૂપ શુદ્ધાત્મદ્રવ્ય તે રાજા સમાન હોવાથી પરતત્ત્વ હંસરાજ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? હંસરાજ છે.

જેઓને સંપૂર્ણ કર્મક્ષય નથી થયો પરંતુ જે આત્માઓ હંસ જેવા ઉજ્જ્વલ ગુણને ધારણ કરતાં હોવા છતાં સ્વભાવમાં નિત્ય સ્થિર નથી થયા તે આત્માઓ મધ્યે અરિહંત પરમાત્મા રાજા સમાન શોભે છે. માટે હંસરાજ છે કારણ કે તેઓ ઘાતિકર્મોનો ક્ષય કરી નિજ આત્મામાં રમે છે.

**महासिद्धाय** – વળી પરતત્ત્વ કેવું છે ? મહાસિદ્ધ છે. મહાસિદ્ધ એટલા માટે છે કે જે અનાદિકાળથી સિદ્ધ જ છે માટે મહાસિદ્ધ છે. દરેક વસ્તુ પ્રથમ અસિદ્ધ હોય છે જેમ કે અનાદિકાળથી સહજમલ વ્યાપ્ત આત્મા સંસારમાં અસિદ્ધ એવો ભટકે છે. જ્યારે સહજમલનો હ્રાસ થતાં આત્મા વિકાસ પામી સંપૂર્ણ કર્મ ક્ષય કરે છે ત્યારે સિદ્ધ થાય છે પરંતુ ચૈતન્યશક્તિરૂપ શુદ્ધઆત્મદ્રવ્ય સદા શુદ્ધ જ છે તે કર્મથી લેપાતું નથી. કર્મનું આવરણ આવે છે તેથી અશુદ્ધ પર્યાયરૂપે અસિદ્ધ જે દેખાય છે તે પર્યાયના કારણે દેખાય છે. દ્રવ્યનું મૂળ સ્વરૂપ તો કદી બદલાતું નથી તે તો સદા માટે સિદ્ધ જ છે. માટે પરતત્ત્વ મહાસિદ્ધ છે.

સિદ્ધિ-અસિદ્ધિ પર્યાયની જ છે. શુદ્ધ પર્યાય પ્રગટે ત્યારે તે સિદ્ધ થયો કહેવાય છે. અશુદ્ધ પર્યાય વળગેલી હોય છે ત્યારે અસિદ્ધ કહેવાય છે. મૂળ ચૈતન્યશક્તિસ્વરૂપ આત્મદ્રવ્ય તો મહાસિદ્ધ છે કારણ કે તે તો અનાદિથી સિદ્ધ જ છે માટે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મહાસિદ્ધ છે.

કારણ કે જગતમાં અનેક સિદ્ધિઓ વિદ્યમાન છે. તેમાં અરિહંત પરમાત્માએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અરિહંતપણું (અરિહંત પર્યાય)

પ્રાપ્ત કર્યું તે તેમને મહાન સિદ્ધિ પ્રાપ્ત થઈ છે તેની આગળ જગતની અનેક સિદ્ધિઓ તુચ્છ છે માટે અરિહંત પરમાત્મા મહાસિદ્ધ છે.

**शिव-मचल-मरुज-मनन्त-मक्षय-मव्याबाध-मपुनरावृत्ति-महानन्दं महोदयं सर्वदुःखक्षयं कैवल्यं अमृतं निर्वाणमक्षरं परब्रह्म निःश्रेयसमपुनर्भवं सिद्धिगति-नामधेयं स्थानंसंप्राप्तवते** - વળી પરતત્ત્વ કેવું છે ? સિદ્ધિગતિ નામધેયં સ્થાનં સંપ્રાપ્તવાન્ છે. આત્મા સિદ્ધિગતિ નામના સ્થાનને પામે છે ત્યારે તેનું આત્મસ્વરૂપ ચૈતન્યશક્તિરૂપે જ્યોતિર્મય હોવાથી અનંત આત્માઓ જે સિદ્ધ થયા છે તેમાં મળી જાય છે. જે ચૈતન્યશક્તિરૂપ પરતત્ત્વ છે તે સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલું છે કેમકે કર્મથી મુક્ત થાય છે ત્યારે શુભાશુભ પર્યાય નાશ પામે છે અને સહજ પર્યાય જે શુદ્ધ છે તે પ્રાપ્ત થાય છે. તે વખતે આત્માનું સ્વરૂપ ચૈતન્યશક્તિરૂપ-જ્યોતિ સ્વરૂપ અનંતકાળ સુધી સિદ્ધિગતિ નામના સ્થાનમાં સ્થિતિ કરે છે માટે તે સિદ્ધિગતિ નામધેયં સ્થાનં સંપ્રાપ્તવાન્ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? નામધેયં સ્થાનં સંપ્રાપ્તવાન્ છે એટલે કે સિદ્ધિગતિ નામના સ્થાનને પામેલા છે. અર્થાત્ પ્રાપ્ત કરનાર છે કારણ કે અરિહંત પર્યાયનું ફળ જગતના જીવો ઉપર ઉપકાર અને સ્વના કર્મક્ષયથી સિદ્ધિની પ્રાપ્તિ છે. માટે તે સિદ્ધિગતિને પ્રાપ્ત કરનાર છે.

સિદ્ધિગતિ નામનું સ્થાન કેવું છે ? શિવમ્ - નિરૂપદ્રવ-ઉપદ્રવ રહિત છે, અર્થાત્ કલ્યાણરૂપ તે સ્થાન છે.

વળી અચલમ્ છે. ચલ નથી. સ્થિર છે. ચલાયમાન ન થાય તેવું છે. જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં સદા રહેલું છે રહેનારું છે.

વળી અરૂજમ્ છે. રોગ રહિત છે. તે સ્થાનમાં કોઈ રોગ નથી. બાહ્ય - અભ્યંતર રોગ ત્યાં હોતા નથી.

વળી અનંતમ્ છે. છેડા વિનાનું છે. અંત રહિત છે. સિદ્ધિગતિનો અંત કદી પણ આવનાર નથી. અનંતકાળથી આ ગતિ ચાલી જ આવી છે.

વળી અક્ષયમ્ છે. ક્ષયરહિત છે એટલે કે તે હમણાં છે અને પછી ધીમે - ધીમે અર્થાત્ ક્ષણે - ક્ષણે ક્ષય પામનાર - નાશ પામનાર નથી.

વળી અવ્યાબાધમ્ છે. જે ગતિમાં વ્યાબાધા-પીડા નથી. આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત આ સ્થાન છે. આ સ્થાનમાં કોઈ જાતની વ્યાબાધા-પીડા હોતી (થતી)નથી.

વળી અપુનરાવૃત્તિં છે. જે સ્થાનમાંથી જીવને કદી પાછું ફરવાનું નથી જે જીવ ત્યાં ગયો તે સદા માટે ત્યાં જ સ્થિર રહે છે.

વળી મહાનંદમ્ છે. આ સ્થાન મહાઆનંદ સ્વરૂપ છે કારણ કે જે સ્થાનમાં કેવળ મહાઆનંદ જ છે માટે તે સ્થાન મહાઆનંદ સ્વરૂપ છે. કેમ કે જે જીવો તે સ્થાનને પામેલા છે તેમણે પોતાનું આનંદ સ્વરૂપ પ્રગટ કરી સદા તે સ્વરૂપે ત્યાં બિરાજમાન હોવાથી તે સ્થાન મહાઆનંદમય છે. કારણ કે તે સ્થાન એટલે આકાશ પ્રદેશો તેમાં કોઈ આનંદ નથી, તે તો જડ છે પરંતુ તે સ્થાન કેવળ સિદ્ધ ભગવંતોમય હોવાથી અને તેઓ મહાઆનંદ સ્વરૂપમય હોવાથી તે સ્વરૂપમય સ્થાન પણ મહાનંદ સ્વરૂપ છે.

વળી મહોદયં છે. તે સ્થાન મહાન ઉદય સ્વરૂપ છે કારણ કે હંમેશાં ત્યાં સિદ્ધિપદને પ્રાપ્ત કરનાર જીવો સ્થિતિ કરતા જ હોય છે. કોઈક જ એવો કાળ આવે છે ત્યારે જીવોની સિદ્ધિનો અમુક કાળ વિરહવાળો હોય છે તે સિવાય મુક્તિપદને પ્રાપ્ત કરનાર જીવો હંમેશાં પધારતા હોવાથી તે સ્થાન મહાન ઉદયવંતુ છે માટે મહોદય સ્વરૂપ છે.

વળી તે સ્થાન સર્વદુઃખક્ષયં છે. તે સ્થાનમાં આવનારના સર્વે દુઃખનો ક્ષય થઈ ગયેલો હોવાથી તે સ્થાનમાં સર્વ દુઃખોનો ક્ષય-નાશ હોય છે. અર્થાત્ ત્યાં દુઃખનું નામ હોતું નથી એવું તે સ્થાન છે.

વળી કૈવલ્યમ્ છે. તે સ્થાન કેવળ છે, માત્ર છે, ફક્ત છે, અર્થાત્ તે સ્થાન સિદ્ધ ભગવંતોથી વ્યાપ્ત હોવાથી માત્ર તે સ્થાન છે ત્યાં બીજું કાંઈ નથી.

વળી તે સ્થાન અમૃતમ્ છે. એટલે કે અમૃત સ્વરૂપ છે ત્યાં મરણ નથી માટે તે સ્થાન અમરરૂપ - શાશ્વત હોવાથી અમૃત સ્વરૂપ છે.

વળી તે નિર્વાણમ્ છે. બુઝાઈ ગયેલું છે તે સ્થાનમાં સંસર્ગના બધા ભાવો બુઝાઈ ગયા છે. અર્થાત્ આઠે કર્મો નાશ પામી ગયેલા હોવાથી કેવળ આત્મા સ્વરૂપે સ્થિત છે. શરીર-આયુ વિ. સર્વ કર્મો બુઝાઈ ગયેલા હોવાથી તે આત્માનું રહેવાનું સ્થાન પણ નિર્વાણ સ્વરૂપ છે.

વળી અક્ષરમ્ છે. ક્ષર એટલે ઝરવું નાશ પામવું. સિદ્ધિગતિ નાશ પામતી નથી અર્થાત્ ધીરે - ધીરે ક્ષય પામીને પણ નષ્ટ થતી નથી માટે તે અક્ષર છે.

વળી તે સ્થાન પરબ્રહ્મ છે. એટલે કે પરબ્રહ્મ સ્વરૂપ છે. તે સ્વમાં કેવળ પરબ્રહ્મ સ્વરૂપ આત્મા જ સ્થિતિ કરતા હોવાથી તે પરબ્રહ્મ સ્વરૂપ છે ત્યાં કેવળ આ આત્માઓને રહેવા માટેનું સ્થાન હોવાથી પરબ્રહ્મસ્વરૂપ સ્થાન બની ગયેલું છે માટે તે સ્થાન પણ પરબ્રહ્મસ્વરૂપ છે.

વળી તે નિઃશ્રેયસ્ છે. આ સ્થાન અત્યંત કલ્યાણકર આત્માના કલ્યાણનું ઘર હોવાથી તે સ્થાન નિઃશ્રેયસ્ સ્વરૂપ છે.

વળી અપુનર્ભવમ્ છે. જ્યાં કદી ફરી ઉત્પન્ન થવાનું નથી. ત્યાં જે જીવો ગયા તે ગયા, ત્યાં જ સદા રહેનારા છે. ફરીથી તેની ત્યાં ઉત્પત્તિ થતી નથી માટે અપુનર્ભવમ્ છે.

આ સ્થાનનું નામ છે સિદ્ધગતિ. એવા સ્થાનને પામનારા પરતત્ત્વને અર્થાત્ તે સ્થાન જેમણે પ્રાપ્ત કરેલું છે તે પરતત્ત્વ છે.

**चराचर-मवते** - વળી તે પરતત્ત્વ કેવું છે ? ચરાચરં અવતે છે. ચરાચર જગતનું રક્ષણ કરનાર છે. ચર એટલે હાલતું ચાલતું અને અચર એટલે સ્થિર. ચરથી ચેતન જગત અને અચરથી જડ જગત. જગતમાં જડ-ચેતન બે પદાર્થો તેનું રક્ષણ કરનાર છે. અર્થાત્ ચરાચર એટલે જગત તેનું અવતે એટલે રક્ષણ કરનાર. અથવા ચર એટલે ત્રસ તથા અચર એટલે સ્થાવર. આ પ્રકારના જીવો જગતમાં રહેલા છે. માટે જગત ચરાચર કહેવાય છે. પરતત્ત્વની હાજરીથી જ જડ-ચેતન જગતનું સર્જન અને રક્ષણ છે માટે પરતત્ત્વ ચરાચરં અવત્ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? ચરાચરં અવત્ છે.

ચરાચર - જડ-ચેતન બંનેનું રક્ષણ કરનાર છે કેમકે પરમાત્માએ જડની પ્રરૂપણા જે તેનું સ્વરૂપ છે તે રીતે જ કરી છે. તેના સ્વરૂપને બાધા પહોંચાડી નથી અને ચેતનને ચેતનરૂપે પ્રરૂપણા કરી છે માટે બંનેની પ્રરૂપણા દ્વારા બાધા નહિ પહોંચાડતા રક્ષણ કરનાર છે.

**नमोऽस्तु श्री महावीराय त्रिजगत्स्वामिने श्री वर्धमानाय** - મહાવીર એવા ત્રણ જગતના સ્વામી શ્રી વર્ધમાન સ્વામિને નમસ્કાર થાઓ.



मूल - ॐ नमोऽर्हते केवलिने परमयोगिने (भक्तिमार्गयोगिने) विशाल-शासनाय सर्वलब्धि-सम्पन्नाय निर्विकल्पाय कल्पनातीताय कला-कलाप-कलिताय विस्फुर-दुरु-शुक्ल-ध्यानाग्नि-निर्दग्ध कर्मबीजाय प्राप्तानन्त-चतुष्टयाय सौम्याय शान्ताय मङ्गल-वरदाय अष्टादश-दोष-रहिताय संसृत-विश्व-समीहिताय स्वाहा ॥ ११ ॥

ॐ ह्रीँ श्रीँ अर्हं नमः

**अर्थ : ॐ नमोऽर्हते** અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ.

અરિહંત પરમાત્મા કેવા છે ?

**केवलिन्** - કેવલી છે.

**परमयोगिन्** - પરમયોગી છે.

**भक्तिमार्गयोगिन्** - ભક્તિમાર્ગમાં જોડી આપનાર છે. આ ભક્તિમાર્ગના યોગી છે.

**विशाल-शासन** - જેમનું શાસન-આજ્ઞા વિશાલ છે.

**सर्वलब्धि-सम्पन्न** - સર્વ પ્રકારની લબ્ધિથી યુક્ત છે.

**निर्विकल्प** - વિકલ્પ રહિત છે.





**कल्पनातीत** - કલ્પનાને ઓળંગી ગયેલા છે.

**कला-कलाप-कलित** - કળાના સમૂહથી યુક્ત છે.

**विस्फुर-दुरु-शुक्ल-ध्यानाग्नि-निर्दग्ध-कर्मबीज** - જેમણે સ્ફુરાયમાન (જાજવલ્યમાન) વિશાળ એવા શુક્લ ધ્યાનરૂપ અગ્નિથી કર્મના બીજ બાળી નાંખ્યા છે.

**प्राप्तानन्त चतुष्टय** - અનંત ચતુષ્ટ (અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય) જેમને પ્રાપ્ત થયા છે.

**सौम्य** - જે સૌમ્ય છે.

**शान्त** - જે શાન્ત છે.

**मंगल-वरद** - જે મંગલ વરદાનને આપનાર છે.

**अष्टादश-दोष-रहित** - જે અઢાર દોષથી રહિત છે.

**संसृत-विश्व-समीहित** - જે સંસરતા એવા વિશ્વથી સમીહિત એટલે કે સારી રીતે ઇચ્છાયેલું છે.

**રહસ્યાર્થ :**

અહીં આત્મદ્રવ્યની ધ્રુવસત્તા તથા અવાન્તરસત્તા બંનેને લક્ષ્યમાં રાખીને સ્તવના કરાય છે.

**केवलिने** - વળી પરતત્ત્વ કેવું છે ?

કેવલી છે. એટલે તે કેવળમાત્ર (એકલું) એક છે કારણ કે તે શક્તિરૂપ છે. તે દરેક આત્મામાં સ્વરૂપે એક જ છે માટે તે કેવળ - અર્થાત્ માત્ર - એક હોવાથી કેવલી છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? કેવળી છે એટલે કેવળજ્ઞાન જેમને પ્રાપ્ત થયેલું છે પ્રગટ થયેલું છે એવા તે કેવળજ્ઞાન દ્વારા સમગ્ર જગતને જોતાં અને જાણતાં થકા વિચરે છે.

**परमयोगिने** – વળી તે પરતત્ત્વ કેવું છે ?

પરમયોગી છે. યોગ ત્રણ છે. પરતત્વ તેનાથી ભિન્ન હોવાથી પરમયોગ સ્વરૂપ કર્મમુક્તાવસ્થા તેમને પ્રાપ્ત છે. અહીં યોગ એટલે મોક્ષ સાથે જોડાણ. પરતત્ત્વ મુક્તાવસ્થામાં પરમ-ઉત્કૃષ્ટ રીતે જોડાયેલું છે.

અરિહંત પરમાત્મા કેવા છે ?

પરમયોગી છે. તેમણે ઉત્કૃષ્ટ યોગની સાધના કરી છે એવા તે પરમયોગી છે અથવા તે ઉત્કૃષ્ટ યોગ (જે મોક્ષ સાથે જોડવારૂપ) સિદ્ધ થયો છે એવં તે પરમયોગી છે. (ઉત્કૃષ્ટ યોગ મોક્ષ કહેવાય છે.)

**भक्तिमार्ग-योगिने** – વળી તે પરતત્ત્વ કેવું છે ?

ભક્તિયોગી છે. તે ભક્તિમાર્ગમાં જોડી આપનાર છે કેમ કે તેનું આલંબન ભક્તિમાર્ગમાં લઈ જનાર છે અથવા જે ભક્તિમાર્ગમાં જોડાયેલું છે. જીવાત્માઓ સાથે અભેદપણે રહેવું તે જ અભેદતાની ભક્તિ છે. પરતત્ત્વ શક્તિ સ્વરૂપ હોવાથી દરેક જીવાત્માઓમાં શક્તિ સ્વરૂપે રહેલું છે, માટે ભક્તિમાર્ગયોગી છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? ભક્તિમાર્ગયોગી છે.

ભક્તિમાર્ગમાં જીવોને આલંબન આપીને જોડે છે માટે ભક્તિમાર્ગયોગી છે.

**विशाल-शासनाय** – પરતત્ત્વ કેવું છે ?

વિશાલશાસન છે જેની આજ્ઞા વિશાલ છે. જડ-ચેતન દ્રવ્યથી ભરેલું જગત તેની આજ્ઞા પ્રમાણે ચાલતું હોય છે તેમાં તેને આજ્ઞા કરવી પડતી નથી માટે વિશાલ શાસન છે.

પરતત્ત્વ ચૈતન્યશક્તિ સ્વરૂપ છે. ચૈતન્યશક્તિ વ્યાપક છે: જગત તેનું જ સર્જન છે તેથી તેની આજ્ઞામાં જ રહેલું કહેવાય. આ તેનું શાસન વિશાલ છે માટે તે વિશાલ શાસન છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? વિશાલ શાસન છે.

કેમ કે 'જૈનં જયતિ શાસનમ્' - બધાય શાસનોમાં એક જૈન શાસન જ જયવંતુ છે. બધાય શાસનોને એક જૈનશાસન જીતી લે છે.

**सर्वलब्धि-सम्पन्नाय** - વળી પરતત્ત્વ કેવું છે ? સર્વલબ્ધિ સંપન્ન છે.

સર્વલબ્ધિઓ તેમાં જ પ્રગટ છે. લબ્ધિઓ તેમાં રહેલી છે. પ્રગટે છે છતાં તે લબ્ધિનો ઉપયોગ-પ્રયોગ તે કરતું નથી કારણ કે પ્રયોગ પર્યાય દ્વારા થાય, પરંતુ પરતત્ત્વ સર્વલબ્ધિ યુક્ત છે. તેથી તે સર્વ લબ્ધિ સંપન્ન છે.

અરિહંત પરમાત્મા કેવા છે ?

સર્વલબ્ધિસંપન્ન છે. અરિહંત પરમાત્મામાં સર્વલબ્ધિઓ પ્રગટ છે. તે દેશના દ્વારા જગત ઉપર ઉપકાર કરે છે.

**निर्विकल्पाय** - વળી પરતત્ત્વ કેવું છે ? નિર્વિકલ્પ છે. તે વિકલ્પ રહિત છે. અર્થાત્ વિકલ્પ વિનાનું છે. તેમાં કોઈ વિકલ્પ નથી. જેમાં ભેદ પડે તે વિકલ્પવાળું હોય. પરતત્ત્વ સામાન્ય છે વિશેષ નથી. તેમાં ભેદ પડતા નથી માટે તે વિકલ્પ વગરનું છે તે મહાસામાન્ય હોવાથી તેમાં પછીથી પણ કદી ભેદ પડતા નથી માટે પરતત્ત્વ નિર્વિકલ્પ સ્વરૂપ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? નિર્વિકલ્પ છે.

તેમને વિકલ્પ-વિચારો હોતા નથી કેમકે તેમને પ્રત્યક્ષ જ્ઞાન - કેવળજ્ઞાન હોવાથી સર્વભાવો હથેળીમાં રહેલા આમળાની જેમ સંપૂર્ણ પ્રત્યક્ષ છે માટે તેમને મનનો ઉપયોગ જ કરવો પડતો નથી માટે તે વિકલ્પ રહિત દશામાં રહેલા આત્મરમણતામાં હોય છે અર્થાત્ સ્વભાવ સ્થિત હોય છે માટે નિર્વિકલ્પ છે.

**कल्पनातीत** - વળી પરતત્ત્વ કેવું છે ? કલ્પનાતીત છે. તેનું સ્વરૂપ કલ્પનામાં આવી શકે તેમ નથી. કલ્પનાને ઓળંગી ગયેલું છે

અર્થાત્ કલ્પનાનો વિષય બની શકતું નથી, અનુભવગમ્ય છે માટે પરતત્ત્વ કલ્પનાતીત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? કલ્પનાતીત છે.

અરિહંત પરમાત્મા કલ્પનાનો વિષય બની શકે તેમ નથી. જે કલ્પનામાં આવે છે તે તેમનું બાહ્ય સ્વરૂપ છે. અભ્યંતરસ્વરૂપ તો કેવલી ભગવંત જ જાણી શકે માટે અરિહંત પરમાત્મા કલ્પનાતીત છે.

**कला-कलाप-कलित** - વળી પરતત્ત્વ કેવું છે ? કલાકલાપકલિત છે. તે કલાના સમૂહથી કળાય તેવું છે અર્થાત્ કલાના કલાપથી તે ઓળખી શકાય તેમ છે તે પોતે કળાના સમૂહથી સક્રિયપણામાં તે પરતત્ત્વ છે એમ જણાય છે એટલે કે જ્યારે કોઈ કળા સક્રિયપણે કાર્ય કરતી હોય ત્યારે તેનો અભ્યંતર હેતુ પરતત્ત્વ છે એમ ઓળખાય છે, જણાય છે. માટે કલાકલાપયુક્ત પરતત્ત્વ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? કલાકલાપકલિત છે.

કલાના કલાપથી યુક્ત છે. સઘળી કળાઓના પ્રભુ ભંડાર છે માટે જ્યાં જેની જરૂર હતી ત્યાં તેના દર્શન થયા છે માટે કલાકલાપકલિત છે.

અર્થાત્ નાદ, બિન્દુ, કલા એ ત્રણમાં અરિહંત પરમાત્માને કલાનું સ્વરૂપ પ્રાપ્ત થયેલું છે. તેથી જ્યારે જેની જરૂર હોય તે પ્રવાહરૂપે કલામાંથી અમૃતધારા જીવોને શાંતિ આપે. અગર અગ્નિનો પ્રકાશ નીકળી તે અગ્નિ આત્માના દોષો બાળે છે. આ રીતે પરમાત્મા કળાનું સ્વરૂપ ધારણ કરી અમૃતધારા દ્વારા શાંતિ અને અગ્નિ દ્વારા દોષનું વિસર્જન કરે છે. આ રીતે કલાઓના કલાપથી યુક્ત છે.

**विस्फुर-दुरु-शुक्ल-ध्यानाग्नि-निर्दग्ध-कर्मबीजाय** - વળી પરતત્ત્વ કેવું છે ? વિસ્ફુરદુરૂશુક્લધ્યાનાગ્નિ નિર્દગ્ધકર્મબીજ છે.

સ્ફુરાયમાન એવા વિશાળ શુકલ ધ્યાનરૂપી અગ્નિથી જેમ કર્મ બીજ બાળી નાખ્યું છે. અર્થાત્ શુકલ ધ્યાનરૂપી અગ્નિ વિશાળ અને દેદીપ્યમાન રહેવાથી જે પરતત્ત્વનું કર્મરૂપી બીજ બળી ગયેલું છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? વિસ્ફુરદ્દુરૂશુક્લધ્યાનાગ્નિ નિર્દગ્ધકર્મબીજ છે.

વિસ્ફુરત્ એટલે વિશાળ એવા શુકલધ્યાનરૂપી અગ્નિથી જેમણે કર્મબીજ બાળી નાંખ્યું છે જેથી નવા કર્મ બંધાતા નથી એવા અરિહંત પરમાત્મા વિસ્ફુરદ્દુરૂશુકલધ્યાનાગ્નિનિર્દગ્ધકર્મબીજ છે.

**प्राप्तानन्त-चतुष्टयाय** - વળી પરતત્ત્વ કેવું છે ? પ્રાપ્તાનન્તચતુષ્ટયાય છે. અનંત ચતુષ્ક (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અનંત વીર્ય) જેમને પ્રાપ્ત થયેલા છે અર્થાત્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્યરૂપ ગુણો તેમાં રહેલા છે પ્રાપ્ત થયેલા છે માટે તે પ્રાપ્તાનન્તચતુષ્ટ્ય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? પ્રાપ્તાનન્તચતુષ્ટયાય છે.

તેમણે ઘોર તપ કરી ઉપસર્ગો-પરિષહો સહન કરી શ્રેણી માંડી કર્મો ખપાવતાં ઘાતિ કર્મનો ક્ષય કરી અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અનંતવીર્ય ગુણ પ્રગટ થયા તેથી તે પ્રાપ્તાનન્તચતુષ્ટ્ય છે.

**सौम्याय** - વળી પરતત્ત્વ કેવું છે ? સૌમ્ય છે. ચંદ્રની કાંતિ જેમ સૌમ્ય છે. તેમ પરતત્ત્વ સ્વરૂપે સૌમ્ય છે. જેનું સ્મરણ માત્ર શાંતિને આપનારું છે. તેમાં સૌમ્યતા સાહજિક છે કારણ કે તેને કર્મનું કૌભાંડ સતાવી શકતું નથી, જેથી તેની સૌમ્યતા હરાઈ શકે. તે સ્વમાં સ્થિત છે, પરભાવમાં જતું નથી. તે કેવળ સૌમ્યતાથી બીજાઓના મનને હરી લે છે. એવું પરતત્ત્વ સૌમ્ય છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સૌમ્ય છે.

કાંતિ, ગુણ, રૂપ, લાવણ્ય, સ્વભાવથી સૌમ્ય છે. ચંદ્રની જેમ સૌમ્ય તેમની મુદ્રા જીવોના મનને હરી લે છે. માટે સૌમ્ય છે.

**शान्ताय** - વળી પરતત્ત્વ કેવું છે ? શાન્ત છે.

તે સ્વરૂપે જ રહેલું છે, અવિચલિત-અસ્ખલિત હોવાથી શાંત છે. અરિહંત પરમાત્મા કેવા છે ? શાંત છે કારણ કે તેમના રાગ-દ્વેષ-મોહ નાશ પામ્યા છે તેથી હંમેશા શાન્ત છે.

**मङ्गल-वरदाय** - વળી પરતત્ત્વ કેવું છે ? મંગલવરદ છે. મંગલવર જે મોક્ષ છે તેને આપનારું છે. અર્થાત્ તેના ધ્યાનથી કર્મમુક્તિ થવાથી તે મંગલવરદ છે. જગતમાં ઉત્કૃષ્ટ મંગલરૂપ કર્મથી મુક્ત થયેલો શુદ્ધ આત્મા છે. તે નિર્મળ છે અને તેનું સ્મરણ માત્ર સર્વ વિઘ્નોને દૂર કરનાર છે, એવા મંગલરૂપ શુદ્ધઆત્માનું વરદાન આપનાર પરતત્ત્વ છે, માટે મંગલવરદ છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? મંગલવરદ છે.

તે મંગલ સ્વરૂપ છે તેથી તેમના નામથી વિઘ્નોનો સમૂહ નાશ પામે છે માટે પરમાત્મા મંગલવરદ છે.

**अष्टादश-दोष-रहिताय** - વળી પરતત્ત્વ કેવું છે ? અષ્ટાદશદોષરહિત છે. તેમાં અઢાર દોષોનો અભાવ છે. જેમાં અજ્ઞાન નથી, મિથ્યાત્વ નથી, અંતરાયો નથી, કષાયો નથી, અવિરતિ નથી. આ રીતે અઢારે દોષોનો અભાવ છે. કારણ કે તે કોઈને સ્પર્શતું નથી. અવિચલિત, અખંડ, શુદ્ધ સ્વરૂપસ્થિત છે માટે અષ્ટાદશ દોષ રહિત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? અષ્ટાદશદોષરહિત છે.

તેમનામાં અઢારમાંથી એક પણ દોષનો અંશ હવે રહ્યો નથી માટે અષ્ટાદશ દોષ રહિત છે.

**संसृत-विश्व-समीहिताय स्वाहा** - વળી પરતત્ત્વ કેવું છે ? સંસૃતવિશ્વસમીહિત છે. સરકતા-ગમન કરતા એવા વિશ્વને આ પરતત્ત્વ સમ્યક્ પ્રકારે ઇચ્છાએલું છે. જગત સમયે-સમયે પલટાવાના સ્વભાવવાળું છે કારણ કે દશ્ય જગત પર્યાય સ્વરૂપ છે. માટે વિશ્વ તે સંસૃત છે. આવું વિશ્વ પરતત્ત્વને ઇચ્છે છે કારણકે તેના સિવાય વિશ્વ વ્યવસ્થાનું સર્જન નથી. માટે વિશ્વ પોતે સમયે-સમયે પલટાય છે છતાં જે ધ્રુવ એવા પરતત્ત્વને સમ્યક્ પ્રકારે ઇચ્છે છે માટે પરતત્ત્વ સંસૃત વિશ્વ સમીહિત છે.

અરિહંત પરમાત્મા કેવા છે ? સંસૃતવિશ્વસમીહિત છે.

કારણ કે સંસારમાં ફરતા વિશ્વના પ્રાણીઓના શુભ ભાવ એટલે કે જીવોના સુખની - કર્મ મુક્તિની ભાવના જેમના હૃદયમાં સ્થિર થઈ ગઈ છે જેથી વિશ્વના પ્રાણીઓથી તે સમ્યક્ પ્રકારે ઇચ્છાએલા છે. માટે પરમાત્મા સંસૃત વિશ્વ સમીહિત છે. તે પરમાત્માને **स्वाहा** એટલે સમર્પણ કરું છું.

**ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः** આ મંત્ર છે.

• • •



**मूल -**


**लोकोत्तमो निष्प्रतिमस्त्वमेव,**
**त्वं शाश्वतं मंगलमप्यधीश !**
**त्वामेकमर्हन् ! शरणं प्रपद्ये,**
**सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव ॥१॥**

**અર્થ :** હે અધીશ ! તું જ નિષ્પ્રતિમ લોકોત્તમ છું. તું શાશ્વત છું, મંગલ પણ તું જ છું. હે અર્હન્ ! તારું એક શરણ અંગીકાર કરું છું. તું જ સિદ્ધ ઋષિ છે, તું જ સમ્યક્ ધર્મ સ્વરૂપ છે.

**રહસ્યાર્થ :** જગતમાં પરતત્ત્વ સમાન બીજી કોઈ વસ્તુ નહિ હોવાથી નિષ્પ્રતિમ એવું લોકોત્તમ છે અર્થાત્ લોકને વિષે પરતત્ત્વ જેવી ઉત્તમ બીજી કોઈ વસ્તુ નથી.

વળી હે અધિક સામર્થ્ય ધરાવતું પરતત્ત્વ ! તું શાશ્વત છે. કદી તારો નાશ થવાનો નથી અને તું જ મંગલ સ્વરૂપ છું. જગતના સઘળા વિઘ્નોનો અંત લાવનાર એક તું જ છું. તે કારણથી હે પૂજ્ય ! તારું જ હું શરણ અંગીકાર કરું છું. અર્થાત્ તું જ મારે એક શરણ્ય છે, વળી સિદ્ધ ઋષિ તું જ છું. કારણ સઘળી સિદ્ધિઓ તને જ વરેલી છે અથવા સર્વ સિદ્ધિઓનો પૂંજ તારામાં રહેલો છે માટે તું સિદ્ધ ઋષિ છું. વળી સમ્યક્ ધર્મ જે આત્મ સ્વભાવરૂપ તું જ છું કારણ કે તું સ્વરૂપમાં જ





રહેલો છું માટે હે પૂજ્ય ! હું તારું શરણ લઉં છું. અર્થાત્ તારા સ્વરૂપમાં મળી જાઉં છું. કારણ કે પરવસ્તુનું શરણ ગ્રહ્યું એટલે હું એકમેક થઈ ગયો તેથી નિજ સ્વરૂપને ભૂલી ગયો છું.

આજે શક્રસ્તવ દ્વારા તાહરું સ્વરૂપ જાણ્યું અને તેથી મારું ભૂલાઈ ગયેલું નિજ સ્વરૂપનું સ્મરણ થયું હવે હું હે લોકોત્તર શાશ્વત્ ! મંગલ સ્વરૂપ પૂજ્ય ! હે અર્હન્ ! તારી સાથે મળી જાઉં છું. અભેદ થાઉં છું અને તારા સ્વરૂપાનંદને આસ્વાદું છું.

**मूल –**

**त्वं मे माता पिता नेता,**
**देवो धर्मो गुरुः परः**
**प्राणाः स्वर्गोऽपवर्गश्च,**
**सत्त्वं तत्त्वं गतिर्मतिः ॥ २ ॥**

**અર્થ :** તું મારી માતા છે, મારા પિતા છે. નેતા ઉપરી છો, પરમ દેવ પણ તુમે છો, પરમ ધર્મ તું છે, પરમગુરુ તું છે. મારા પ્રાણો તું છે, સ્વર્ગ અને મોક્ષ તું છે, સત્પણું તત્પણું (સત્તા-તત્તા)તું છે, મારી ગતિ તું છે, મારી મતિ તું છે.

**રહસ્યાર્થ :** પરતત્ત્વે મને જન્મ આપ્યો છે. આ મનુષ્ય પર્યાય આત્મદ્રવ્યની ઉત્પાદ પર્યાય છે માટે માતા છે, પરતત્ત્વ મારું પાલન કરે છે માટે પિતા છે, ચૈતન્યશક્તિ વિદાય થાય તો અસ્તિત્વ ટકી શકે નહિ માટે તે પિતા છે. પરતત્ત્વ નેતા છે. તેના રક્ષણ તળે મારું અસ્તિત્વ છે, માટે નેતા છે. પરતત્ત્વ પરમ દેવ સ્વરૂપ છે, ધર્મ સ્વરૂપ છે, ગુરુ સ્વરૂપ છે.

બધા દેવોમાં પરતત્ત્વ પરમ છે, બધા ધર્મોમાં આત્મધર્મ પરમ છે, બધા ગૌરવવંતોમાં પરતત્ત્વ પરમ છે માટે પરમગુરુ છે, માટે પરતત્ત્વ પરમ દેવ, ધર્મ અને ગુરુ છે.

પરતત્ત્વ એજ પ્રાણો છે, પરતત્ત્વ એ જ સ્વર્ગ અને મોક્ષ છે કારણ કે પરતત્ત્વની હાજરીમાં જ જીવન ટકે છે, માટે પ્રાણો છે.

પરતત્ત્વ કર્મના બંધન વિનાનું હોવાથી સ્વતંત્ર વિહારી હોવાથી સ્વર્ગ છે અને પરતત્ત્વ કર્મના ક્ષયથી તદ્દન શુદ્ધ હોવાથી અપવર્ગ સ્વરૂપ છે. તે સત્ સ્વરૂપ છે તે તત્ સ્વરૂપ છે માટે સત્તા અને તત્તા પણ તે જ છે. વળી પરતત્ત્વ પ્રતિ મારી ગતિ શરણ હોવાથી તે મારી ગતિ છે અને મારી મતિરૂપ પણ તે જ છે કેમ કે તે જ સર્વસ્વ છે માટે મારી મતિ છે.

**मूल –**

**जिनो दाता जिनो भोक्ता,**
**जिनः सर्वमिदं जगत् ।**
**जिनो जयति सर्वत्र,**
**यो जिनः सोऽहमेव च ॥ ३ ॥**

**અર્થ :** જિનેશ્વર ભગવાન તે દાતા છે, જિન તે ભોક્તા છે. આ સર્વ જગત જિન છે. સર્વ ઠેકાણે જિન જય પામે છે અને જે જિન છે તે હું જ છું.

**રહસ્યાર્થ :** પરતત્ત્વ એ ચૈતન્યશક્તિરૂપ આત્મદ્રવ્ય છે. તે જ જિન છે. કારણ કે રાગ-દ્વેષને જીતે તે જિન. શુદ્ધાત્માને રાગ-દ્વેષ હોતા નથી. તેને કર્મ લાગતા નથી માટે જિન છે. તે આત્મદ્રવ્યને ગુણનું દાન

કરે છે અર્થાત્ સહજ ગુણરૂપ પર્યાય પ્રગટ થાય છે. તેને જ ગુણનું દાન કહેવાય છે આ રીતે જિન દાતા છે.

જિન ભોક્તા છે. શુદ્ધાત્માએ દાન કરેલા ગુણનો ભોક્તા આત્મદ્રવ્ય છે. તે ગુણનું પર્યાયનું દાન કર્યું એટલે આત્મા ગુણને પર્યાયને ભોગવે છે માટે જિન ભોક્તા છે.

**जिनः सर्वमिदं जगत्** આ સમગ્ર જગત્ જિન છે કારણ કે સમગ્ર જગતની જીવસૃષ્ટિ (પર્યાયરૂપ) ચૈતન્યશક્તિ યુક્ત છે. તે ચૈતન્યશક્તિ એ જ શુદ્ધાત્મદ્રવ્ય છે. એ શક્તિ જગતમાં વ્યાપીને રહેલી છે માટે આ જગત સર્વ (સમગ્ર-સઘળું) જિન છે.

**जिनो जयति सर्वत्र** તે ચૈતન્યશક્તિરૂપ જિન સર્વ ઠેકાણે જય પામે છે. તે જ જીતે છે કેમકે જગતમાં તે જ સર્વોપરી સર્વોત્તમ વસ્તુ છે. તેના વિના જગતનું અસ્તિત્વ નથી. માટે જિન સર્વત્ર જય પામે છે અને જે જિન છે તે હું જ છું કારણ કે ચૈતન્ય શક્તિવંત આત્મદ્રવ્ય તે હું જ છું. **सोऽहं सोऽहं सोऽहं**

**मूल -**

**यत्किञ्चित्कुर्महि देव,**
**सदा सुकृतदुष्कृतम् ।**
**तन्मे निजपदस्थस्य,**
**हुं क्षः क्षपय त्वं जिन ! ॥ ४ ॥**

**અર્થ :** હે દેવ ! જે કાંઈ અમે સુકૃત દુષ્કૃત કરીએ છીએ તે નિજ પદમાં રહેલા મારા સુકૃત દુષ્કૃતને હે જિન ! તું હુંકાર કરવાથી (કરીને) ક્ષીણ થયેલા તે ખપાવી દે.

**રહસ્યાર્થ :** સુકૃત અને દુષ્કૃત એ બંને મુક્તિમાં બાધક છે માટે હે દેવ ! હે આત્મદેવ ! પર્યાયમાં રહેલા અમે જે કાંઈ પુણ્ય-પાપ કરીએ છીએ તે સર્વને હે જિન ! હે વીતરાગ ! હે શુદ્ધાત્મા ! નિજ સ્થાનમાં રહેલા અર્થાત્ આત્મભાવમાં રહેલા મારા તે કર્મને તું હુંકારપૂર્વક ક્ષીણ કરતો ભગાડી મૂક અથવા ખપાવી દે.

**मूल -**

**गुह्यातिगुह्य गोप्ता त्वं,**
**गृहाणास्मत्कृतं जपम् ।**
**सिद्धिः श्रयति मां येन,**
**त्वत्प्रसादात्त्वयि स्थितम् ।।५।।**

**અર્થ :** તું ગુહ્યથી પણ અતિગુહ્ય રક્ષણ કરનાર છું. અમારા કરેલા જપને તું ગ્રહણ કર, જેથી તારી મહેરબાનીથી તારે વિષે રહેલા મને સિદ્ધિ આશ્રય કરે.

**રહસ્યાર્થ :** હે જિન ! ચૈતન્ય શક્તિરૂપ આત્મદેવ ! તું જગતનું રક્ષણ કરે છે પરંતુ કોઈ કળી શકતું નથી માટે તું ગુહ્યમાં પણ અતિગુહ્ય રક્ષિતૃ છું. મારા રક્ષણ કરનાર એવા આપનું હું કેવી રીતે ઋણ ચૂકવું ? કેમ કે તું ગુહ્યથી પણ અતિશય ગુહ્ય છું ! માટે તું અમારા કરેલા તારા નામના જાપને ગ્રહણ કર ! જેથી ઋણમુક્ત થયેલા એવા મારા ઉપર તારો પ્રસાદ થવાથી-કૃપા થવાથી તારામાં રહેલા મને (અર્થાત્ તારામાં અભેદરૂપ રહેલા મને) સિદ્ધિની પ્રાપ્તિ થાય.

• • •



( १ ) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्राजोपनिषद्गर्भ, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, चराचरेऽपि जीवलोके सद्वस्तु तन्नास्ति यत्करतलप्रणयि न भवतीति । किं च

અર્થ :

**इती** - એ પ્રમાણે.

**इमं** - ઇમં - આ.

**पूर्वोक्तं** - પૂર્વે કહેલું.

**इन्द्रस्तवैकादश मंत्राजोपनिषद्** - શક્રસ્તવના અગિયાર મંત્રરાજના ઉપનિષદ્.

**गर्भ** - સિદ્ધાંતથી ગર્ભિત ઇન્દ્રસ્તવ (શક્રસ્તવ) કેવું છે ?

**अष्टमहासिद्धिप्रदं** આઠ મહાસિદ્ધિને આપનારું છે.

પુનઃકીદૃશં

**सर्वपापनिवारणं** - સર્વ પાપનું નિવારણ કરનારું છે.

**सर्वपुण्यकारणं** - સર્વ પુણ્યનું કારણ છે.

**सर्वदोषहरं** - સર્વ દોષને હરનારું છે.

**सर्वगुणाकरं** - સર્વ ગુણની ખાણ છે.

**महाप्रभावं** - મહાન પ્રભાવવાળું છે.

**अनेक सम्यग्दृष्टिभद्रक देवताशतसहस्त्रसुशुषितं** - અનેક લાખો સમ્યગ્દષ્ટિ ભદ્રક (**भद्र** - સરળ પરિણામી) દેવતાઓથી સેવાયેલું છે અથવા સાંભળવાને ઇચ્છાએલું છે.

**भवान्तरकृतासंख्यपुण्यप्राप्यं** - પૂર્વ ભવોમાં કરેલા અસંખ્ય પુણ્યથી પ્રાપ્ત કરી શકાય તેવું.

આવા પ્રકારના આ ઇન્દ્ર સ્તવ - શક્રસ્તવને

**सम्यक् जपतां** - સમ્યક્ પ્રકારે જાપ કરનારને

**पठतां** - સમ્યક્ પ્રકારે પઠન કરનારને

**गुणयतां** - સમ્યક્ પ્રકારે ગુણન કરનારને

**श्रृण्वतां** - સમ્યક્ પ્રકારે શ્રવણ કરનારને

**समनुप्रेक्षमाणानां** - સમ્યક્ પ્રકારે અનુપ્રેક્ષણ કરનારને

**भव्यजीवानां** - ભવ્યજીવોને

**चराचरेऽपि ( जीवलोके )** આ ચરાચર જીવલોકમાં પણ

**सद्वस्तु तन्नास्ति यत् करतल प्रणयि न भवतीति** - એવી કોઈ વસ્તુ વિદ્યમાન નથી કે જે હસ્તતલમાં પ્રાપ્ત ન થાય.

**રહસ્યાર્થ :** આ શક્રસ્તવ એ ધ્રુવસત્તા સ્વરૂપ પરતત્ત્વ (ચૈતન્યશક્તિ - શુદ્ધાત્મદ્રવ્ય)ની સ્તવના છે અને અવાન્તરસત્તા સ્વરૂપ અરિહંત પરમાત્માની સ્તવના છે. તે પણ

ૐ નમોऽर्हते - સ્વાહા વગેરે મંત્રરાજના ઉપનિષદ્ (સિદ્ધાંતથી) ગર્ભિત હોવાથી મંત્ર સ્વરૂપ છે માટે આ શક્રસ્તવનું જે કોઈ ભવ્યાત્મા જપ કરે, ભણે, ગણે, ચિંતન કરે તેને આ ચરાચર જીવલોક સ્વરૂપ જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે તેના કરતલમાં પ્રાપ્ત ન થાય.

કારણ કે આ સ્તવ અણિમા, લધિમા આદિ આઠ મહાસિદ્ધિને આપનાર છે. વળી સર્વ પાપનું નિવારણ આ શક્રસ્તવના ગુણનથી થઈ જાય છે.

તથા સર્વ પુણ્યોનું કારણ (હેતુ) આ સ્તવ છે. આ સ્તવ સર્વજાતના દોષોને હરી લે છે.

વળી આ સ્તવ સર્વ ગુણોની ખાણ છે કારણ કે જેનું સ્તવન છે તે પરમાત્મા સર્વ ગુણોનો ભંડાર છે માટે આ સ્તવમાં સર્વ ગુણો ભરેલા છે.

વળી મહાપ્રભાવશાળી આ સ્તવ છે. તે અનુભવથી સમજાય તેમ છે.

આ સ્તવ ને લાખો ભદ્રક પરિણામી સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ સાંભળવા ઈચ્છે છે અથવા દેવતાઓથી સેવાએલું છે. વળી પૂર્વ ભવોમાં અસંખ્ય પુણ્ય ભેગું કર્યું હોય તો આ સ્તવ પ્રાપ્ત થાય છે.

(૨) **इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य-पुण्य-प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां भव्यजीवानां भवनपति-व्यंतर-ज्योतिष्क-वैमानिकवासिनो देवाः सदा प्रसीदन्ति व्याधयो विलीयन्ते ।**

**અર્થ :** આ શક્રસ્તવનો જે કોઈ ભવ્યાત્મા જાપ કરે, પઠન કરે, ગુણન કરે, ચિંતન કરે તેના પ્રત્યે ભવનપતિ દેવો, વ્યંતર દેવો, જ્યોતિષ્ક દેવો અને વિમાનવાસી દેવો હંમેશાં પ્રસન્ન રહે છે તથા વ્યાધિઓ નાશ પામે છે.

**રહસ્યાર્થ :** આ સ્તવના પ્રભાવથી ચારે પ્રકારના દેવો તેને જપનાર ગણનાર, ચિંતન કરનાર ભવ્યાત્માનું કાંઈ પણ વિરુદ્ધ કરતાં નથી કિન્તું હંમેશાં પ્રસન્ન રહે છે જેથી તેને સહાય કરે છે તથા વ્યાધિઓ દૂર થઈ જાય છે.

**( ३ ) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, पृथिव्यप्-तेजो-वायु-गगनानि भवन्त्यनुकुलानि ।**

**અર્થ :** આ શક્રસ્તવનો જે કોઈ ભવ્યાત્મા જાપ કરે, ગણે, ચિંતન કરે તેને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ આ પાંચ ભૂતો અનુકૂળ થાય છે.

**રહસ્યાર્થ :** આ શરીર પાંચ ભૂતોથી બનેલું છે તે ભૂતો વિષમ બને તો શારીરિક ધાતુઓ વિષમ બની જાય છે. જેથી મન, વચન, કાયા સ્થિર બનતા નથી. આ સ્તવના પ્રભાવથી પાંચે ભૂતો અનુકૂળ થાય છે જેથી ત્રણે યોગો સમતાથી સ્થિર થઈ શકે છે.

**( ४ ) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं,**

**सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, सर्वसंपदां मूलं जायते जिनानुरागः ।**

**અર્થ :** આ શક્રસ્તવના જાપ, ગુણન અને ચિંતનથી સર્વ સંપત્તિઓનું મૂળ જિનેશ્વર ભગવંત પ્રત્યે અનુરાગ થાય છે.

**રહસ્યાર્થ :** જિનેશ્વર ભગવંત પ્રત્યે અનુરાગ તે સર્વ સંપત્તિનું મૂળ છે અને તે અનુરાગ શક્રસ્તવના જાપ વિગેરેથી થાય છે.

**( ५ ) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, साधवः सौमनस्येनानुग्रहपरा जायन्ते ।**

**અર્થ :** આ શક્રસ્તવનો જાપ, ગુણન અને ચિંતનથી સાધુઓ (સજ્જનો) સારા મનવડે અનુગ્રહમાં તત્પર થાય છે.

**રહસ્યાર્થ :** સજ્જન પુરુષો (સાધુ ભગવંતો)ના મન અનુગ્રહ કરવામાં તત્પર (કૃપા વર્ષાવનારા) થાય છે. એટલે કે આ સ્તવના પ્રભાવે સત્પુરુષોનો અનુગ્રહ મળે છે અથવા મહાપુરુષો પ્રસન્ન મનવાળા થવાથી અનુગ્રહ કરવા માટે તત્પર રહે છે.

**( ६ ) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-**

**सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, खलाः क्षीयन्ते ।**

**અર્થ :** આ સ્તવના જાપ, ગુણન, ચિંતનથી ખલ પુરુષો ક્ષય પામે છે.

**રહસ્યાર્થ :** આ સ્તવના પ્રભાવથી ખલ પુરુષો તેમની ખલતાનો (શઠપણાનો) ઉપયોગ તેના ઉપર કરતા નથી અર્થાત્ ખલ પુરુષો આ સ્તવનો જાપ કરનારા પાસે ટકી શકતા નથી.

**(७) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं; सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, जल-स्थल-गगनचराः क्रूरजन्तवोऽपि मैत्रीमया जायन्ते ।**

**અર્થ :** આ સ્તવના જાપ, ગુણન, ચિંતનથી જલચર, સ્થલચર અને ખેચર જીવોમાં જે ક્રૂર જન્તુઓ-પ્રાણીઓ છે તે પણ મૈત્રીવાળા બની જાય છે.

**રહસ્યાર્થ :** આ સ્તવ મંત્રોથી ભરેલું છે અને અનેક ગુણોથી યુક્ત છે માટે તેને ગણનારને ક્રૂર એવા પશુ કે પક્ષીઓ ક્રૂરતાને બદલે મિત્રતા બતાવે છે.

**(८) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं,**

सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, अधमवस्तून्यपि उत्तमवस्तूभावं प्रपद्यन्ते ।

**અર્થ :** આ સ્તવના જાપ, ગુણન, ચિંતનથી અધમ વસ્તુઓ પણ ઉત્તમ વસ્તુ સ્વભાવને પામે છે.

**રહસ્યાર્થ :** આ સ્તવનો પ્રભાવ એવો છે કે તેને ગણનારની પાસે અધમ વસ્તુ પણ ઉત્તમ બની જાય છે.

**(९) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, धर्मार्थकामा गुणाभिरामा जायन्ते ।**

**અર્થ :** આ સ્તવને ગણવાથી ધર્મ, અર્થ, કામ, પુરુષાર્થ ગુણથી મનોહર થઈ જાય છે.

**રહસ્યાર્થ :** આ સ્તવના પ્રભાવથી ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરુષાર્થો આત્માને નુકસાન કરનારા બનતા નથી કિન્તુ ગુણકારી બને છે અર્થાત્ મોક્ષસાધક બને છે.

**(१०) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-**

सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, ऐहिक्यः सर्वा अपि शुद्धगोत्र-कलत्र-पुत्र-मित्र-धन-धान्य-जीवित-यौवन-रुपाऽऽरोग्य-यशः-पुरस्सराः सर्वजनानां संपदः परभाव-जीवित-शालिन्यः सदुदर्काः सुसंमुखीभवन्ति । किं बहुना ?

**અર્થ :** આ સ્તવના જાપ, ગુણન, ચિંતનથી આ લોકમાં શુદ્ધ ગોત્રવાળી પત્ની, પુત્ર, મિત્ર મળે છે. ધન, ધાન્ય મળે છે, જીવિત યૌવન રૂપ, આરોગ્ય મળે છે. યશપૂર્વકની સર્વ મનુષ્યોની સંપત્તિઓ પરભાગ (પ્રધાન-ઉત્કર્ષવાળા) જીવિતથી શોભતી સારા ઉદયવાળી સન્મુખ થાય છે.

**રહસ્યાર્થ :** આ શક્રસ્તવનો જે ભવ્યાત્માઓ જાપ કરે છે, પઠન કરે છે, ગણે છે, અનુપ્રેક્ષા કરે છે તેઓને શુદ્ધ ગોત્રવાળી પત્ની મળે છે, પુત્રની પ્રાપ્તિ થાય છે, ધન ધાન્યથી ભરપૂર બને છે, જીવિત અખંડિત રહે છે, યૌવન, રૂપ, આરોગ્યની પ્રાપ્તિ થાય છે અને પરોપકારથી શોભતી એવી જેનું પરિણામ ફળ સુંદર છે એવી યશ બોલાવે એવી સર્વ મનુષ્યોની સંપત્તિઓ પ્રાપ્ત થાય છે.

( ११ ) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, आमुष्मिक्यः सर्वमहिमास्वर्गापवर्गश्रियोऽपि क्रमेण यथेष्ठं ( च्छं ) स्वयं स्वयंवरणोत्सव समुत्सुका भवन्तीति । सिद्धिः ( दः ) श्रेयः समुदयः ।

**અર્થ :** પરલોકમાં સર્વ મહિમાવાળી સ્વર્ગ અને અપવર્ગની લક્ષ્મીઓ પણ અનુક્રમે ઈચ્છા પ્રમાણે સ્વયં સ્વયંવરના ઉત્સવ માટે સારી રીતે ઉત્સુક થાય છે.

આ પ્રમાણે સિદ્ધિ કલ્યાણ સમ્યક્ પ્રકારનો ઉદય થાય છે.

**રહસ્યાર્થ :** આ સ્તવનો જપ, પઠન, ગુણન અને ચિંતન કરનાર ભવ્યાત્માઓને ફક્ત આ ભવમાં જ પ્રભાવ દેખાય છે એમ નહી અર્થાત્ આ લોકના ફળ મળે છે એમ નહિ પરભવમાં પણ સ્વર્ગ, મનુષ્ય ભવ પ્રાપ્ત કરતાં અનુક્રમે મોક્ષ લક્ષ્મી પણ પોતાની મેળે સ્વયંવર ઉત્સવ (વરવાનો ઉત્સવ) કરવા માટે ઉત્સુક થાય છે. પછી તેને મોક્ષ પ્રાપ્તિ માટે મહેનત કરવી પડતી નથી. આ પ્રમાણે સિદ્ધિ અને સર્વ શ્રેયસ્કર વસ્તુનો સમુદાય આવીને પ્રાપ્ત થાય.

**यथेन्द्रेण प्रसन्नेन, समादिष्टोऽर्हतां स्तवः ।**
**तथाऽयं सिद्धसेनेन, प्रपेदे संपदां पदम् ॥ १ ॥**

**इति - अर्थ-रहस्यार्थ संपूर्ण**

**शुभं भवतु कल्याणमस्तु सुखं भवतु**

**અર્થ :** જેવી રીતે પ્રસન્ન થયેલા ઈન્દ્રે અરિહંત પરમાત્માઓનું સ્તવ બતાવ્યું તે પ્રમાણે સંપત્તિઓનું સ્થાન એવું આ સ્તવ સિદ્ધસેન દિવાકરજીએ ગ્રહણ કર્યું. અંગીકાર કર્યું.

જગતના સર્વ જીવોનું શુભ થાઓ, કલ્યાણ થાઓ, સુખ થાઓ,

સંવત ૨૦૪૬ જૂનાગઢ ચાતુર્માસમાં આસો સુદ પાંચમ

• • •

सिद्धसेनदिवाकरसूरि विरचित

# वर्धमान शक्रस्तव

सर्वे जीवा उपादेया, शक्तिरुपाः शिवात्मकाः ।
व्यक्तिरुपोल्लसन् मोक्षाः पञ्चभिः परमेष्ठिनः ॥

ॐ नमोऽर्हते भगवते परमात्मने परमज्योतिषे परमपरमेष्ठिने परमवेधसे परमयोगिने परमेश्वराय तमसःपरस्तात् सदोदितादित्यवर्णाय समूलोन्मूलिता-नादि-सकल-क्लेशाय ॥ १ ॥

ॐ नमोऽर्हते भूर्भुवःस्वस्त्रयी-नाथ-मौलि-मन्दारमाला-र्चित-क्रमाय सकल-पुरुषार्थ-योनिनिरवद्य-विद्याप्रवर्तनैक-वीरायनमःस्वस्ति-स्वधास्वाहा-वषऽथैं-कान्त-शान्त-मूर्त्तये भवद्भावि-भूत-भावावभासिने कालपाश-नाशिने सत्त्व-रजस्तमो-गुणातीताय अनन्तगुणाय वाङ्मनोऽगोचर-चरित्राय पवित्राय करण-कारणाय तरण-तारणाय सात्त्विक-दैवताय तात्त्विक-जीविताय निर्ग्रन्थ-परम-ब्रह्म-हृदयाय योगीन्द्रप्राणनाथाय त्रिभुवन-भव्य-कुलनित्योत्सवाय विज्ञाना-नन्द-परब्रह्मै-कात्म्यसात्म्य-समाधये हरि-हर-हिरण्यगर्भादि-देवता-परिकलित-स्वरूपाय सम्यक्-श्रद्धेयाय सम्यग्ध्येयाय सम्यक्-शरण्याय सुसमाहित-सम्यक्-स्पृहणीयाय ॥ २ ॥

मूल - ॐ नमोऽर्हते भगवते आदिकराय तीर्थंकराय स्वयंसंबुद्धाय पुरुषोत्तमाय पुरुषसिंहाय पुरुषवरपुण्डरीकाय पुरुषवर-गन्धहस्तिने लोकोत्तमाय लोकनाथाय लोकहिताय लोकप्रदीपाय लोकप्रद्योतकारिणे अभयदाय दृष्टिदाय मुक्तिदाय मार्गदाय बोधिदाय जीवदाय शरणदाय धर्मदाय धर्मदेशकाय धर्मनायकाय

धर्मसारथये धर्म-वर-चातुरन्तचक्रवर्तिने व्यावृत्तच्छद्मने अप्रतिहत-सम्यग्ज्ञान-दर्शन-सद्मने ॥ ३ ॥

मूल - ॐ नमोऽर्हते जिनाय जापकाय तीर्णाय तारकाय बुद्धाय बोधकाय मुक्ताय मोचकाय त्रिकालविदे पारङ्गताय कर्माष्टक-निषूदनाय अधीश्वराय शम्भवे जगत्प्रभवे स्वयम्भुवे जिनेश्वराय स्याद्वादवादिने सार्वाय सर्वज्ञाय सर्वदर्शिने सर्वतीर्थोपनिषदे सर्वपाषण्डमोचिने सर्वयज्ञफलात्मने सर्वज्ञकलात्मने सर्वयोग-रहस्याय केवलिने देवादिदेवाय वीतरागाय ॥ ४ ॥

मूल - ॐ नमोऽर्हते परमात्मने परमाप्ताय परमकारुणिकाय सुगताय तथागताय महाहंसाय हंसराजाय महासत्त्वाय महाशिवाय महाबोधाय महामैत्राय सुनिश्चिताय विगत-द्वन्द्वाय गुणाब्धये लोकनाथाय जित-मार-बलाय ॥ ५ ॥

मूल - ॐ नमोऽर्हते सनातनाय उत्तम-श्लोकाय मुकुन्दाय गोविन्दाय विष्णवे जिष्णवे अनन्ताय अच्युताय श्रीपतये विश्वरूपाय हृषीकेशाय जगन्नाथाय भूर्भुवः-स्वः-समुत्ताराय मानंजराय कालंजराय ध्रुवाय अजाय अजेयाय अजराय अचलाय अव्ययाय विभवे अचिन्त्याय असंख्येयाय आदि-संख्याय आदि-केशवाय आदि-शिवाय महाब्रह्मणे परमशिवाय एका-नेका-नन्त-स्वरूपिणे भावा-भाव-विवर्जिताय अस्ति-नास्ति-द्वयातीताय पुण्य-पाप-विरहिताय सुख-दुःख-विविक्ताय व्यक्ता-व्यक्त-स्वरूपाय अनादि-मध्य-निधनाय नमोऽस्तु मुक्तीश्वराय मुक्ति-स्वरूपाय ॥ ६ ॥

मूल - ॐ नमोऽर्हते निरातङ्काय निःसङ्गाय निःशङ्काय निर्मलाय निर्द्वन्द्वाय निस्तरङ्गाय निरुर्मये निरामयाय निष्कलङ्काय परमदैवताय सदाशिवाय महादेवाय शङ्कराय महेश्वराय महाव्रतिने महायोगिने महात्मने पञ्चमुखाय मृत्युञ्जयाय अष्टमूर्त्तये भूतनाथाय जगदानन्दाय जगत्पितामहाय जगत्देवाधिदेवाय जगदी-श्वराय

जगदादिकन्दाय जगद्भास्वते जगत्-कर्मसाक्षिणे जगच्चक्षुषे त्रयीतनवे अमृतकराय शीतकराय ज्योतिश्चक्र-चक्रिणे महाज्योति-र्द्योतिताय महातमः-पारेसुप्रतिष्ठिताय स्वयंकर्त्रे स्वयंहर्त्रे स्वयंपालकाय आत्मेश्वराय नमो विश्वात्मने ॥ ७ ॥

मूल - ॐ नमोऽर्हते सर्वदेवमयाय सर्वध्यानमयाय सर्वज्ञानमयाय सर्वतेजोमयाय सर्वमंत्रमयाय सर्वरहस्यमयाय सर्व-भावाभाव-जीवाजीवेश्वराय अरहस्य-रहस्याय अस्पृह-स्पृहणीयाय अचिन्त्य-चिन्तनीयाय अकामकामधेनवे असङ्कल्पित-कल्पद्रुमाय अचिन्त्य-चिन्तामणये चतुर्दश-रज्ज्वात्मक-जीवलोक-चूडामणये चतुरशीति-लक्ष-जीवयोनि-प्राणिनाथाय पुरुषार्थनाथाय परमार्थनाथाय अनाथनाथाय जीवनाथाय देव-दानव-मानव-सिद्धसेनाधि-नाथाय ॥ ८ ॥

मूल - ॐ नमोऽर्हते निरञ्जनाय अनन्त-कल्याण निकेतन-कीर्तनाय सुगृहीत-नामधेयाय महिमामयाय धीरोदात्त-धीरोद्धत-धीरशान्त-धीरललित-पुरुषोत्तमपुण्यश्लोक-शत-सहस्त्र-लक्ष-कोटि-वन्दितपादारविन्दाय सर्वगताय ॥ ९ ॥

मूल - सर्वसमर्थाय सर्वप्रदाय सर्वहिताय सर्वाधिनाथाय कस्मैचन क्षेत्राय पात्राय तीर्थाय पावनाय पवित्राय अनुत्तराय उत्तराय योगाचार्याय संप्रक्षालनाय प्रवराय आग्रेयाय वाचस्पतये मांगल्याय सर्वात्मनीनाय सर्वार्थाय अमृताय सदोदिताय ब्रह्मचारिणे तायिने दक्षिणीयाय निर्विकाराय वज्रर्षभ-नाराच-मूर्त्तये तत्त्वदर्शिने पारदर्शिने परमदर्शिने निरुपमज्ञान-बल-वीर्यतेजः-शक्त्यैश्वर्यमयाय आदिपुरुषाय आदि-परमेष्ठिने आदिमहेशाय महाज्योतिःसत्त्वाय महार्चिर्धनेश्वराय महा-मोह-संहारिणे महासत्त्वाय महाज्ञामहेन्द्राय महालयाय महा-शान्ताय महायोगीन्द्राय अयोगिने महामहीयसे महाहंसाय हंसराजाय

महासिद्धाय शिव-मचल-मरुज-मनंत-मक्षय-मव्याबाध-मपुनरा-वृत्ति-महानन्दं महोदयं सर्वदुःखक्षयं कैवल्यममृतं निर्वाणमक्षरं परब्रह्म निःश्रेयसमपुनर्भवं सिद्धिगति-नामधेयं-स्थानंसंप्राप्तवते चराचर-मवते नमोऽस्तु श्री महावीराय त्रिजगत्स्वामिने श्री वर्धमानाय ॥१०॥

मूल - ॐ नमोऽर्हते केवलिने परमयोगिने ( भक्तिमार्गयोगिने ) विशाल-शासनाय सर्वलब्धिसम्पन्नाय निर्विकल्पाय कल्पनातीताय कलाकलाप-कलिताय विस्फुर-दुरु-शुक्ल-ध्यानाग्नि-निर्दग्ध कर्म-बीजाय प्राप्तानन्त-चतुष्टयाय सौम्याय शान्ताय मङ्गल-वरदाय अष्टादश-दोष-रहिताय संसृत-विश्व-समीहिताय स्वाहा ॥ ११ ॥

मूल -

लोकोत्तमो निष्प्रतिमस्त्वमेव, त्वं शाश्वतं मंगलमप्यधीश !
त्वामेकमर्हन् ! शरणं प्रपद्ये, सिद्धर्षिसद्धर्ममयस्त्वमेव ॥ १॥

मूल -

त्वं मे माता पिता नेता, देवो धर्मो गुरुः परः
प्राणाः स्वर्गोऽपवर्गश्च, सत्त्वं तत्त्वं गतिर्मतिः ॥ २ ॥

मूल -

जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत् ।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च ॥ ३ ॥

मूल -

यत्किञ्चित्कुर्महे देव, सदा सुकृतदुष्कृतम् ।
तन्मे निजपदस्थस्य, हुं क्षः क्षपय त्वं जिन ! ॥ ४ ॥

मूल -

गुह्यातिगुह्य गोप्ता त्वं, गृहाणास्मत्कृतं जपम् ।
सिद्धिः श्रयति मां येन, त्वत्प्रसादात्त्वयि स्थितम् ॥ ५॥

(१) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, चराचरेऽपि जीवलोके सद्वस्तु तन्नास्ति यत्करतलप्रणयि न भवतीति । किं च

(२) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य-पुण्य-प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां भव्यजीवानां भवनपति-व्यंतर-ज्योतिष्क-वैमानिकवासिनो देवाः सदा प्रसीदन्ति व्याधयो विलीयन्ते ।

(३) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, पृथिव्यप्-तेजो-वायु-गगनानि भवन्त्यनुकुलानि ।

(४) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, सर्वसंपदां मूलं जायते जिनानुरागः ।

(५) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, साधवः सौमनस्येनानुग्रहपरा जायन्ते ।

(६) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, खलाः क्षीयन्ते ।

(७) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, जल-स्थल-गगनचराः क्रूरजन्तवोऽपि मैत्रीमया जायन्ते ।

(८) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्त्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, अधमवस्तून्यपि उत्तमवस्तूभावं प्रपद्यन्ते ।

(९) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं,

सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, धर्मार्थकामा गुणाभिरामा जायन्ते ।

(१०) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां ऐहिक्यः सर्वा अपि शुद्धगोत्र-कलत्र-पुत्र-मित्र-धन-धान्य-जीवित-यौवन-रुपाऽऽरोग्य-यशः-पुरस्सराः सर्वजनानां संपदः परभाव-जीवित-शालिन्यः सदुदर्काः सुसंमुखीभवन्ति । किं बहुना ?

(११) इतीमं पूर्वोक्तमिन्द्रस्तवैकादश मंत्रराजोपनिषद्गर्भं, अष्टमहासिद्धिप्रदं, सर्वपापनिवारणं, सर्वपुण्यकारणं, सर्वदोषहरं, सर्वगुणाकरं, महाप्रभावं, अनेक-सम्यग्दृष्टि-भद्रक-देवता-शत-सहस्र-शुश्रूषितं, भवान्तरकृता-ऽसंख्य पुण्य प्राप्यं सम्यग् जपतां, पठतां, गुणयतां, श्रृण्वतां, समनुप्रेक्षमाणानां, भव्यजीवानां, आमुष्मिक्यः सर्वमहिमास्वर्गापवर्गश्रियोऽपि क्रमेण यथेष्टं (च्छं) स्वयं स्वयंवरणोत्सव समुत्सुका भवन्तीति । सिद्धिः (दः) श्रेयः समुदयः ।

यथेन्द्रेण प्रसन्नेन, समादिष्टोऽर्हतां स्तवः ।
तथाऽयं सिद्धसेनेन, प्रपेदे संपदां पदम् ॥ १ ॥

इति - अर्थ-रहस्यार्थ संपूर्ण

शुभं भवतु कल्याणमस्तु सुखं भवतु

• • •



સર્વનું ભદ્ર ઈચ્છતા, સર્વનું કલ્યાણ
કામતા,
સર્વનું શુભ ઝંખતા અને સર્વનો
મોક્ષ માગતા,
આત્મ સાધનાના અનુપમ સાધક,
વાત્સલ્યમૂર્તિ, ક્ષમા ધર્મના
મહાન આરાધક
તેજસ્વી તપોમૂર્તિ,
પૂ. પન્યાસપ્રવર શ્રી ભદ્રંકર
વિજયજી મહારાજ

આપ અમારા સર્વનું ભદ્ર કરનારા થાઓ!



૨-૫-૭

આતમ દેવને સમરતાં, તેહ હુએ સુપ્રસન્ન;
પરભાવે રાચે યદા, પાય એહ ખિન્ન ખિન્ન. ૧
જેહ સ્વરૂપ નિજનું નહિ, તેહમાં રમતાં એહ.
આનંદ ન પામે લેશ એક, સુખ કણ નવિ લહે તેહ. ૨
નિજ મસ્તીમાં મ્હાલતો, રહે જે ક્ષણ એક,
ક્ષણ ક્ષણ સમરે સુખ તેહ, વિસરે નહિ ઘડી એક. ૩
સત્ ચિત્ આનંદમય પ્રભુ, અકલ સ્વરૂપી તુંહી.
ઋદ્ધિ અનંત અનંત હુઇ, જો નિરખે નિજ માંહી. ૪
સ્પૃહા ટળે જડ વસ્તુની, મન ધરે તસ વૈરાગ;
ચેતનને ઝંખે સદા, તસ [illegible] પર ધરી બહુ રાગ. ૫

સા. પદ્મલતાશ્રી

## સાધકના પૂર્વસર્જન

